Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉક્ટર જમાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... ६४ ग / ४३

पञ्जिका संख्या २६४२६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२६४५६

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

डाकृ जमाई

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CH 1973
Initial .....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ડૉકટર જમાઈ

અનુક્રમ

વાર્તા ક્રમ		પાના નંબર
૧	ડૉકટર જમાઇ	૪
૨	જાત્રા ફળી	૧૪
૩	અમે બે	૨૩
૪	વાંઝણી	૩૨
૫	૧૯૫૧ ની વાર્તા	૩૮
૬	દાદા	૪૫
૭	બાપુજીનો ખાટલો	૫૦
૮	બંધ તૂટયો	૫૪
૯	સનેપાતની રાત	૬૦
૧૦	વાદવિવાદનું દર્દ	૬૭
૧૧	હૃદય પલટો	૭૨
૧૨	ગુરુ	૭૯
૧૩	શુભ અકસ્માત	૮૬
૧૪	આખરે આજ અન્ત	૯૨
૧૫	શરાબીનું ખૂન	૯૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તા ક્રમ		પાના નંબર
૧૬	ભૂતનાં પગલાં	૧૦૨
૧૭	બાપાજીની ગાડી	૧૦૮
૧૮	એરોપ્લેન	૧૧૩
૧૯	કરૂણ કહાણી	૧૨૦
૨૦	વક્તા	૧૨૪
૨૧	અવેતન ફોટોગ્રાફર	૧૨૯
૨૨	ઉઘાડું બારણું	૧૩૬
૨૩	ટૂંકો રસ્તો	૧૪૨
૨૪	અકસ્માત–કે–ઇશ્વરી સંકેત ?...	૧૪૯
૨૫	હાંકતાં હાંકતાં	૧૫૪
૨૬	પંડિતજીની છબી	૧૫૮
૨૭	કમબખ્તી	૧૬૩
૨૮	લેખિકાનો પતિ	૬૬૮
૨૯	ભૂલકણી...	૧૭૪
૩૦	ખોટો ગભરાટ	૧૮૦
૩૧	કશોક ઉપાય	૧૮૫
૩૨	કરણી તેવી પાર ઉતરણી	૧૯૧



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉક્ટર જમાઇ

⊙

:: લેખક ::

દિનકરરાય મ. ત્રિવેદી

⊙

કિંમત રૂ. ૩-૮-૦

——: મનોરંજન કાર્યાલય :——

એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ : પબ્લિશર્સ

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ૧૯૫૧ *

બે બોલ

આમાંની જાત્રાફળી, અમે બે, વાંઝણી, વાદવિવાદનું દર્દ, હૃદય પલટો, ગુરૂ, શુભ અકસ્માત, આખરે આજઅંત, વકતા, અવેતન ફોટોગ્રાફર અને શરાબીનું ખૂન એટલી મૌલિક કૃતિઓ છે. બાકીની રૂપાંતર છે.

આ સંગ્રહ તૈયાર કરવામાં જૂના દોસ્ત મસ્તફકીરે અને પ્રસિદ્ધ કરવામાં મેસર્સ એન. એમ. ઠકકર કું. વાળા ભાઇ નંદલાલે મને જે મદદ કરી છે તે બદલ હું એમનો આભારી છુ.

૬૧-૨, ટાગોરરોડ,
સાંતાક્રુઝ
મુંબઇ નં. ૨૩

ધનસુખલાલ મહેતા

તંત્રી, મુદ્રક, પ્રકાશક : નંદલાલ મોહનલાલ ઠક્કર, એન. એમ. ઠક્કરની કંપની,
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨.
મુદ્રણસ્થાન : ઉષા પ્રિન્ટરી લીમીટેડ દેવકરણ મેનશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મું ૫૬, ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અર્પણ

શ્રી રામપ્રસાદ બક્ષી
અને
શ્રી કંચનબહેન બક્ષી
એમને સસ્નેહ અર્પણ

ધનસુખલાલ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧—

ડૉક્ટર જમાઈ

દાક્તરની પરીક્ષામાં તરતના પાસ થઇને ડૉ. ધનરાજ મહેતાએ દવાખાનું ખોલવાની તૈયાર કરી દીધી. એક સારા લતામાં, સારા રૂમ્સ ભાડે લઇ લીધા. તેમને નવેસરથી રંગવામાં આવ્યા. બહાર પીત્તળની નામની પ્લેટ 'ડૉ. ધનરાજ મહેતા, એમ. બી. બી. એસ.'ની ટીંગાડી દેવામાં આવી. મિત્રોમાં અને સ્નેહીઓમાં લાંબી ચર્ચા અને બહુ વાદવિવાદ પછી એવું નક્કી કરવામાં આવ્યું કે આરંભમાં કમ્પાઉન્ડરની જરૂર નથી. એક બૉય રાખવામાં આવે તો કામ ચાલી રહે. બૉય જરા સ્માર્ટ હોય, હાજરજવાબી હોય તો હજાર કામ કરી છૂટે અને પાછી દાકતરની સારી જાહેરાત પણ થતી રહે. સુભાગ્યે એક એવો હોંસીલો છોકરો મળી ગયો. કેટલાક મિત્રોએ સૂચના કરી કે પહેલે દિવસે મેવાવાળાં દૂધ બધાંને પાવાં પણ પછી એવી રીતે દૂધ પાનાર બેએક દાકતરોના દવાખાને બબ્બે વરસ સુધી એકેય દર્દી આવ્યું નહિ અને પરિણામે એ દવાખાનાં બંધ કરવાં પડયાં હતાં એવો કોઇએ વહેમ ઘાલ્યો એટલે એ સૂચના પડતી મૂકવામાં આવી.

ઉદ્ઘાટનને આગલે દિવસે પેલા પોરિયાને બોલાવવામાં આવ્યો હતો. દાકતર મહેતાએ એને પોતાના દવાખાનાની વ્યવસ્થા બતાવી. આગળ દર્દીઓને બેસવાનો ખંડ હતો. ત્યાં અપ-ટુ-ડેટ ફરનીચર ગોઠવવામાં આવ્યું હતું. ઘણા દાંતના દાકતરોને ત્યાં પાંચ સાત વર્ષ જૂનાં સચિત્ર ચોપાનીઆં રાખવામાં આવે છે એવું નહિ કરતાં ડૉ. મહેતાએ નવાં અઠવાડિકો અને માસિકો ટેબલ ઉપર ગોઠવ્યાં હતાં. ઉપર વિજળીનો પંખો પણ હતો. બાજુમાં દવા આપવાનો રૂમ હતો અને આગલા ખંડમાંથી જ જવાય એવી રીતે દર્દીને તપાસવાનો સુંદર રૂમ હતો. એ રૂમમાં પણ નાનું ટેબલ, ખુરશી, સોફા અને દર્દીને તપાસવાનું સ્પેશ્યલ ટેબલ હતું. પાસે એક કબાટ પણ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મગન !' દાકતરે કહ્યું.

'હાજી' મગન બોલ્યો.

'હંઅ,' એમ 'હાજી' કહેવાની ટેવ તારી સારી છે. એ પ્રમાણે 'હાજી' બોલ્યા કરજે. પણ તને આખો વખત આવા પોરિયા તરીકે રહેવાની ઇચ્છા નથી ને ?' દાકતરે પૂછ્યું.

'હા જી.' શો જવાબ દેવો તેની સમજણ નહિ પડવાથી મગને કહ્યું.

'ભલા, એમાં હાજી શું ?' દાકતરે ખડખડાટ હસીને કહ્યું. 'હું તો એમ કહું છું કે તને અંગ્રેજી વાંચતાં તો આવડે છે ને ?'

'હાજી, આવડે છે. હું સિકસ્થ લગી ભણ્યો છું.' ઉત્તર મળ્યો.

'તો પછી જો તું બરાબર ધ્યાન આપ્યા કરશે તો મારે કમ્પાઉન્ડરની જરૂર પડશે ત્યારથી તું જ તેનું કામ કરી શકીશ. તે વખતે આપણે એક બીજો પોરિયો રાખી લઇશું. કેમ, બરાબર છેને ?' દાકતરે પૂછ્યું.

'હાજી, તમે ખુશ થશો એવું કામ કરીશ.' મગને કહ્યું.

'હં, જો ત્યારે, પહેલાં પહેલાં તો આપણું ગાડું જરા ધીમું જ ગબડવાનું,' દર્દીઓ પહેલે દિવસથી જ આ દવાખાના ઉપર ધસારો નહિ કરે.' દાકતરે વાસ્તવવાદીની દ્રષ્ટિથી કહ્યું.

'તે તો હું સમજું છું. એક દાકતરને ત્યાં હું છ મહિના હતો તે દરમ્યાન એમનાં પાંચસાત સગાંવહાલાં સિવાય કોઇ દર્દી આવ્યું નહતું.' મગને કહ્યું.

'અને તે સગાંવહાલાંમાંથી કોઇ પાઈ પરખાવે તેવું નહતું, ખરૂંને ?'

'હાજી.'

'ત્યારે તો તને અનુભવ સારો છે પણ તારા પગલાં એટલાં સબકતાં નહિ ગણાય. પણ એવા વહેમમાં પડીને હું બીજો પોરિયો શોધવા માગતો નથી. હાં, પણ મગન ! હું દવાખાનામાં નહિ હોઉં તો—'

'તો મારે એમ જ કહેવાનું કે 'અરન્ટ' કેસ ઉપર દાકતર સાહેબ ગયા છે, તમે બેસો.' મગને પૂર્તિ કરી આપી.

દાકતર ફરીથી સારી પેઠે હસ્યા કારણકે દાકતરના પિતા પૈસાદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, વર્ષો સુધી એક પણ દર્દી નહિ આવે તોયે દવાખાનાનું ભાડું અને ચોરિયાનો પગાર ચાલુ રાખી શકાય એમ હતું. તે ઉપરાંત દાકતર અચ્છા ક્રીકેટર, બેડમીન્ટન પ્લેયર, કુશળ તરનાર, ટુંકમાં કહો તો ખરા ખેલાડી હતા અને ખેલાદિલી કરી જાણનાર હતા એટલે દર્દીઓની ગેરહાજરીના ભણકારાથી એ ગભરાઇ જાય અથવા તો દુઃખી થઇ જાય તેવા નહતા. 'મગન, તને પેલા દર્દી વગરના દાકતરે તાલીમ તો સારી આપી જણાય છે. હું, પણ ધાર કે હું અંદરના રૂમમાં બેઠો બેઠો નોવેલ વાંચતો હોઉં કે કોઇ મિત્રો સાથે ગપ્પાં મારતો હોઉં અને ચાહપાણી પીતો હોઉં તો તારે શું કહેવાનું ?' દાકતરે મગનની પરીક્ષા કરી.

'અંદર સ્ત્રી દર્દી છે, જરા અટપટો કેસ છે એટલે વાર લાગશે." મગને તરત જવાબ આપ્યો.

'શાબાશ. બરાબર, એમજ કહેવાનું. પણ મગન, તું જરાક વધુ પડતો ચાલાક જણાય છે એટલે પરિણામે કાંઇક છબરડો નહિ થાય તો ઠીક.' દાકતરે કહ્યું.

'ના રે ના, સાહેબ, તમે જરાય ફિકર કરશો નહિ. જેવો વખત તેવી વાત.' મગને આત્મશ્રદ્ધાથી જવાબ વાળ્યો.

આ ઐતિહાસિક વાત થયાને ત્રણચાર દિવસ થઈ ગયા હશે. એ દરમ્યાન થોડા ઘણા મિત્રો આવી ગયા. દાકતર સાહેબે એમને અંદરના રૂમમાં લઇ જવાની પણ જરૂર જોઇ નહિ. એ બધાઓએ તો ત્યાંજ ચા પાણી, નાસ્તો અને સિગરેટોની આપલે કરી. પણ પછીને દિવસે, એક સાંજે, મગન એક સારી ખુરસી ઉપર બેસીને નીરાંતે સાંજનું છાપું વાંચતો હતો તેવામાં એક ભાડાની ટૅકસી ઘરરર કરતી આવીને ત્યાં ઊભી રહી. મગને છાપું ગડી વાળીને ટેબલ ઉપર મૂકયું અને સફાળા ઊઠીને આવકાર આપવા તેઓટલે ગયો. મોટરમાંથી દાકતર અને એક અતિશય ફેશનેબલ જુવાન યુવતી ઉતર્યાં બન્ને ખુબ આનંદમાં હતા. ધડધડાટ બન્ને અંદરના રૂમમાં ચાલ્યાં ગયાં. પણ જતાં જતાં દાકતરે મગનને કહ્યું, 'મગન, જો કોઇ આવે તો કહેજે કે દાકતર સાહેબ બહુ કામમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, હોં કે.' મગને 'હાજી,' કહીને જવાબ આપ્યો એટલે યુવતીએ પ્રચંડ અટ્ટહાસ્ય કર્યું અને અંદરના રૂમનું બારણું દેવાઈ ગયું. સાધારણ રીતે અંદરના રૂમમાંથી બહાર બહુ અવાજ આવતો નહતો પણ આ બંને એટલાં મોટેથી, થોડી થોડી વારે હસતાં હતાં કે એનો અવાજ તો એ બંધ બારણાંને ભેદીને પણ બહાર આવતો હતો.

મગન બહાર સ્ટૂલ ઉપર બેસીને આ યુવતી કોણ હશે એ કોયડો ઉકેલવા પોતાની સર્વશકિતનો ઉપયોગ કરવા લાગ્યો. દર્દીનો આનંદ અને તરવરાટ જોતાં એ કોઇ પીડાજનક દર્દથી પીડાતું હશે એમ માની શકાય તેમ ન હતું. મગન દાકતરના કોઈ પણ સ્નેહીઓ કે સગાંઓ કે મિત્રોને ઓળખતો ન હતો છતાં એટલું તો ચોકકસ કે પોતે ત્યાં રહ્યો એને આજે ચાર દિવસ થયા હતા તે દરમ્યાન આ યુવતી ત્યાં નહોતી આવી. એ યુવતીની ખૂબસૂરતી, એનાં આકર્ષક વસ્ત્રાભૂષણો, એની ચાલવાની છટા વગેરેથી મગન એટલો અંજાઈ ગયો હતો કે એની શકિતઓ જાણે બહેર મારી ગઇ હતી. મગનને આ ચાર દિવસમાં આ એક નવો અનુભવ હતો. પણ એમાંથી એ સ્વસ્થ થવાનો યત્ન કરે અને તેમાં એ સફળ થાય એટલામાં એને બીજા પ્રસંગનો સામનો કરવાનો સમય આવી પડયો.

એક પ્રચંડ મોટરકાર ધમધમાટ કરતી ત્યાં આવીને ઉભી રહી. ઉભી રહેતાંની સાથે જ ડ્રાઈવરે ઊતરીને અતિશય અદાથી પાછલું બારણું ઊઘાડયું. એમાંથી એક આધેડ વયની અને એક યુવાન એમ બે સ્ત્રી ઊતર્યાં. કોઇ ઘણાં પસાદાર અને ખાનદાન કુટુંબનાં તે હોય એમ તો તરત જ મગનને જણાઇ ગયું. એ બંનેએ પણ ખૂબ આકર્ષક વસ્ત્રાભૂષણો સજ્યાં હતાં અને પેલી યુવતી તો ઘણી સુન્દર હતી જ પણ પેલી આધેડ સ્ત્રી પણ સારા પ્રમાણમાં સ્વરૂપવાન હતી.

"પોરિયા! દાકતર સાહેબ નથી?" ઓટલાનાં પગથીઆં ચડતા પેલી યુવતી બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાજી, અંઅંનાજી, એટલે કે દાકતર સાહેબ અંદર કન્સલટિંગ રૂમમાં છે." મગને આવાં દર્દીઓ અગાઉના શેઠને ત્યાં જોયેલાં જ નહિ એટલે જરા ગભરાઇને જવાબ આપ્યો.

"કન્સલટિંગ રૂમમાં? એકલા જ છે કેની?" યુવતીએ જરા આશ્ચર્યચકિત થઇને પુછયું.

"નાજી, એક બાનુ દર્દી છે કેસ જરા અટપટો છે એટલે એમને વાર લાગશે." એટલી વારમાં મગને સ્વાસ્થ મેળવી લીધું હતું એથી હિંમતથી અને ગંભીરાઇથી જવાબ વાળ્યો.

"બાનુ દર્દી અને કેસ જરા અટપટો!" હસવું કે ગુસ્સે થવું એનો નિર્ણય નહિ કરી શકવાથી યુવતીએ ધીમેથી પેલી આધેડ વયની સ્ત્રીને કહ્યું.

"એસોને," મગને વિનય દાખવ્યો અને બંને બેઠાં પણ ખરાં. પણ અંદરના આનંદના ઓઘનાં ચિહ્ન બહાર સંભળાયા વગર રહ્યાં નહિ એવું તો મગનને પણ લાગવા માંડયું.

"દર્દીનું નામ?" યુવતીએ પૂછ્યું.

"નામ તો ખબર નથી. રોજનાં ઘણાં દર્દી આવે એટલે બધાનાં નામ તો કયાંથી યાદ રહે?" મગને પોતાની હોંશિયારી બતાવી.

"મમ્મા! સાંભળ્યું?" યુવતીએ હસવું દબાવી કહ્યું.

"સાંભળ્યું. હમ્બગ, પણ–પણ એ કોણ હશે?" માએ હસવાને બદલે ક્રોધની ભિર્મિ વ્યકત કરતા કહ્યું.

"અંદર જઇને દાકતરને કહે કે મેનાબાઇ અને એમની છોકરી લતા આવ્યાં છે," મેનાબાઇએ કહ્યું.

"દાકતર સાહેબે મને એવી રીતે અંદર જવાની ના પાડી છે. એસોને, હમણાં બહાર નીકળશે." મગને જવાબ વાળ્યો.

વીસ–પચીસ મીનીટ વીતી ગઈ. મા–દીકરીનો ઉદ્વેગ વધ્યો. અંદરના રૂમનાં આનંદના અવાજ અને હાસ્યનાં મોજાં બહાર અસ્પષ્ટ છતાં સંભળાતાં તો હતાં જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દાક્તરને અંદર જઈને કહે તો ખરો કે બહાર કોઇ મળવા આવ્યું છે." આખરે પુત્રીએ મગનને કહ્યું.

'પણ સાહેબે ના પાડી છે. દર્દી અંદર છે એટલે–' મગન બોલવા ગયો.

'શું ધૂળ દર્દી છે? કયાંનો દર્દી? શેનો દર્દી?' મેનાબાઇએ કાબૂ ગૂમાવીને કહી નાખ્યું.

'હં હં, મમ્મા!' લતાએ માને વાર્યાં.

'સમજી એ તો! અંદર છે કોણ એ જાણવું તો જોઇએ કેની?' મેનાએ કહ્યું.

'કદાચ દર્દી હોય પણ ખરૂં.' લતા શંકા ઉત્પન્ન કરતાં બોલી.

'તારી અક્કલ ગઈ છે, મારી નથી ગઇ, સમજી? આ દાક્તરને ત્યાં અત્યારમાં દર્દી આવ્યું! અને તે પણ કન્સલટિંગ રૂમમાં જઇને આમ હાહાઠીકી કરે એવું દર્દી! બધું હમ્બગ છે હમ્બગ. મને તો શક જ પડતો હતો.' મેના બોલી.

'નહિ નહિ, મમ્મા, તમે નાહકનાં ઉતાવળાં થાઓ છો.' લતાએ કહ્યું.

'બસ કર, તું મને શિખામણ આપવાનો યત્ન ન કર.' આટલું કહીને મેના ખીજવાઈને ઊઠી અને તેણે બારણાં જોરથી ખખડાવ્યાં. પણ બારણાં બંધ જ નહતાં અને એ ખખડાવવા ગઇ એટલે તરત ઉઘડી ગયાં! અંદર જોયું તો સિગારેટનાં ઠૂંઠાં આમતેમ પડયાં હતાં. કોઈ માણસ ન હતું.

'કેમ રે પોરિયા! આ છે શું?' મેનાએ પૂછ્યું.

'સાહેબ ઉતાવળમાં હશે એટલે પાછલે બારણેથી જ વિઝીટ પર ગયા હશે.' બાજી હાથથી ગઈ હતી છતાં નિમકહલાલ મગને તે સુધારવાનો યત્ન કર્યો.

'હંઅં એમ? પાછલે બારણે વિઝિટ પર ગયા! એમનો બધો વહેવાર જ એમ પાછલે બારણે ચાલતો લાગે છે! જોયું? લતા! દર્દી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવો અને દાકતર કેવા ?' મેનાએ હવે મિજાજ ખોયો હતો. 'વારૂ, પણ પોરિયા, એ દર્દી કેવી હતી ?'

'સરસ દેખાવની અને જુવાન હતી. બંને સાથે ટૅક્સીમાં આવ્યાં હતાં.' મગને હવે નિરાશ થઇને સાચું જ કહ્યું

'તે તો સરસ દેખાવની અને જુવાન જ હોય ને.' મેના બોલી.

'મમ્મા, પહેલાં આપણે તપાસ તો કરવી જોઇએ. ધનરાજ એવો માણસ નથી.' લતાએ કહ્યું.

'હારે હા. હજી તપાસ કરવી બાકી હશે, ખરૂં ને ? છેલ્લાં અઠવાડિયાં થયાં ધૂવડ માફક ગંભીર થઇને ફરતો હતો ત્યારનોજ મને તો શક પડયો હતો.' મેનાએ કહ્યું.

'નહિ, મમ્મા, એ તો—' લતાએ બોલવાનો યત્ન કર્યો.

'મારે તારું કહ્યું સાંભળવું નથી. ચાલો ઘેર. પોરિયા ! તારા એ દાકતરને કહેજે કે મેનાબાઇ આવી ગયાં હતાં 'અને કહી ગયાં હતાં કે હવે તમારે અમારે ત્યાં આવવાની તસ્દી લેવી નહિ. એમના દર્દીનેજ ભલે સાચવી રાખે.' એટલું બોલી મેના લતાનો હાથ પકડી મોટર આગળ લઇ ગઇ. મોટરે પણ તિરસ્કારયુકત બેએક અવાજ કર્યા અને પાણીના રેલા પેઠે સરરર ચાલી ગઇ.

મગન એટલું તો સમજ્યો કે દાકતર સાહેબને માથે મોટું સંકટ આવી પડયું છે. પણ એ સંકટ શું છે તે એને સમજાયું નહિ. વળી પેલી યુવતીને લઇને દાકતર આવ્યા ત્યારે એ બે તો બહુજ આનંદમાં હતાં એનું કારણ પણ એને નહિ સમજાયું. આથી મૂંઝાઇને મગન દાકતર સાહેબના આગમનની રાહ જોતો બેઠો.

થોડીજ વારમાં ટૅક્સી આવી અને દાકતર એવાજ ખુશમિજાજમાં એક ફિલ્મી તર્જની સિસોટી મારતા એમાંથી ઊતરીને ઓટલા ઉપર ધસી આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દાકતર સાહેબ, મગનને આ આનંદમાં વિઘ્ન પાડવાનું ગમ્યું તો નહિ પણ જેમ સમય જાય છે તેમ મામલો બગડતો જાય છે એટલું તો એને જણાયું હતું એટલે એણે કહેવા માંડ્યું.

'વળી શું છે? આટલો ગંભીર કેમ થઇ ગયો. તારા દાદાનો દાદો અચાનક મરણ પામ્યો? તારે રજા જોઇએ છે? જા જા એવા કામમાં ઢીલ નહિ કરવી. લે એક રૂપિયો દાદાના દાદા સ્વર્ગમાં ગયા એની ખુશાલીમાં સિનેમા જોઈ આવ. કાલે આવજે.' દાકતરે આનંદમાં મગનનો વાંસો થાબડતાં કહ્યું.

'નહિ સાહેબ, મારું પૂરૂં સાંભળો તો ખરા. તમે પેલાં જુવાન બાઈ દર્દીને લઇને કન્સલટિંગ રૂમમાં ગયા પછી તરત જ એક બાઇ પોતાની છોકરીને લઇને મોટી કારમાં આવ્યાં હતાં અને–' મગને કહેવા માંડ્યું.

'હેં! તું શું કહે છે? એમનું નામઠામ કાંઇ તેં પૂછ્યું કે નહિ?' દાકતરનો ટૅમ્પો એકદમ બદલાયો, તેમણે મગનનો ખભો હલાવીને પૂછ્યું.

'હાજી હા, મને કહી લેવા દોને.' મગને કહ્યું. 'એમનું નામ મેનાબાઇ અને છોકરીનું નામ લતા.'

'પછી શું થયું? તેં મને એકદમ ખબર કેમ ન આપી?' દાકતરે ઘાંટો પાડ્યો.

'પણ સાહેબ, તમે તો મને ના પાડી હતી ને એટલે મેં તો કહી નાંખ્યું કે દર્દીને લઇને અંદર ગયા છે અને કેસ જરા અટપટો છે.' મગન બોલ્યો.

'પછી?'

'પછી શું સાહેબ! બાઇ તો બહુજ ગુસ્સે થઇ ગયાં અને નહિ કહેવાનું કહી નાંખ્યું. છેવટે એમણે બારણાં ખૂબ ખખડાવ્યાં પણ બારણાં તો ઊઘડી ગયાં અને તમે બન્ને ત્યાં નહોતાં!' મગને કહ્યું.

'માર્યા ઠાર! સજ્જડ બફાયું! પણ–પછી?' દાકતરની હાસ્યવૃત્તિ ગમે તેવા સંજોગોમાં પણ બહાર નીકળી જ આવતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પછી તો સાહેબ મેં કહ્યું કે સાહેબને ઉતાવળ હશે એટલે પાછલે બારણેથી જ વિઝિટ પર ગયા હશે.' મગન બોલ્યો.

'ઓહ! માઇ ગૉડ! હંઅં, પછી?'

'એટલે તે બાઇ ખૂબ ગુસ્સે થઇ ગયાં અને બોલી ઊઠયાં કે એ દાકતરને બધો વહેવાર પાછલે બારણે જ ચાલતો લાગે છે! પછી જતાં જતાં કહેતાં ગયાં કે "તારા સાહેબને કહેજે હવેથી એમણે અમારે ત્યાં આવવાની તસ્દી લેવી નહિ. એમના દર્દીને જ સાચવી રાખે." મગને સંદેશો પૂરો કહી સંભળાવ્યો

'ભગવાન, ભગવાન! ગજબ થઇ ગયો. પણ કંઇ નહિ. અલ્યા મગન! તેં કહ્યું પણ નહિ કે એ દર્દી કોણ હતી?" દાકતરે પૂછ્યું,

'હું એમને નહોતો ઓળખતો તો કેવી રીતે કહું?' જવાબ મળ્યો.

'હા, એ પણ સાચું. હશે-ચાલ-દવાખાનું બંધ કરીને ઘેર ફૂંચી આપી જજે. હું જાઉં છું." આટલું કહી દાકતર પાછા ઝપાટાભેર ટેકસીની શોધમાં દોડયા.

ચાર દિવસના પોતાના અનુભવમાં મગને કોઇ પણ દિવસ દાકતરને ટેકસીમાં બેઠેલા જોયેલા નહિ અને આજે ટેકસીમાં જ એ દોડાદોડ કરે છે એ જોઇને મગનના ગૂંચવાડામાં સારા પ્રમાણમાં વધારો થયો, પણ એનો ઉકેલ આવશે જ ને એમ વિચારીને મગને દવાખાનું બંધ કર્યું.

દાકતર ધનરાજ અને પેલી દર્દી યુવતી ટેકસીમાંથી ઉતરી મેનાના આલિશાન બંગલામાં દાખલ થયાં. દાખલ થતાં જ બંનેએ ગમગીન મુખમુદ્રા ધારણ કરીને બેઠેલી લતાને જોઇ. 'ઓહોહો! લતા! કયા ભારે દુઃખમાં ડૂબી ગઇ છે, હેં?" કહીને પેલી યુવતી લતાને બાઝી પડી. એટલામાંજ "કોણ આવ્યું છે?' બોલતાં મેના એ ખંડમાં આવી અને આ બંનેને જોઇને જરા ચમકી પણ પછી બોલી: 'પૂર્ણિમા! તમારા ભાઇને અહીં આવવાની સાફ ના કહી છે છતાં શા માટે આવ્યા? અને તું-તું ક્યારે અહીં આવી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે જવા દોને એ બધો મરડાટ, મેનામાસી, તમે મારા ભાઇને અહીં આવવાની ના કહી છે! હા હા હા! તો લતાનું શું થાય?' હસી પડીને પેલી યુવતી–પૂર્ણિમા બોલી.

પણ જવાબમાં મેના પીગળી જણાઇ નહિ 'પૂર્ણિમા, તારા ભાઇને પહેલાં પૂછ અને પછી આ પ્રકારની વાત કર.' એ બોલી.

'હવે પૂછયાં એ મારા ભાઇને–તમે પણ મેના માસી. બધું પૂછીને જ આવી છું. બકાટ થઈ ગયો એ પણ જાણું છું. એ દર્દી બર્દી બીજું કોઇ નહિ પણ હું જ હતી. બિચારો પોરિયો દાકતર સાહેબની આબરૂ રાખવા અને મને કે તમને ઓળખે નહિ એટલે એણે એવો ગોટાળો કરી નાખ્યો.'' પૂર્ણિમાએ કહ્યું.

'પણ–પણ ધારો કે તું હતી તો આટલો હાહાકીકી અને તોફાનનું કાંઈ કારણ?'' મેનાને હજી સમજાતું ન હતું એથી પૂછયું.

'કારણમાં એટલું કે બાપાજીએ આખરે ધનરાજને લતા જોડે પરણવાની સંમતિ આપી તે ખબર આપવા હું ભાઇ પાસે ગઈ હતી. બોલો, મેનામાસી, હવે ખુશ થવાનું, હાહાકીકી કરવાનું, અરે નાચવાનું પણ કારણ વાજબી હતું કે નહિ?'' પૂર્ણિમા બોલી, બોલીને પાછી લતાને બાઝી પડી. મેનાએ પણ ફકફક હસતાં હસતાં એક સોફા ઉપર બેસીને કહી નાખ્યું: 'ધનરાજ, જમાઇ થયો એમાં માન માગે છે? એસને, કયારનો ઉભો રહ્યો છે તે.''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૨—

જાત્રા ફળી

મુંબઇની એક ધર્મશાળા કહો કે એક સેનેટોરિયમ કહો. એના એક રૂમમાં લગભગ બાસઠ-ત્રેસઠ વર્ષનો મણિશંકર અને તેની પંચાવન-સત્તાવન વર્ષની વહુ ગંગાબા બેઠાં હતાં. રૂમનો ઉપયોગ એમને થોડા કલાક માટે જ કરવાનો હતો. રાતની ટ્રેનમાં તો એ બન્ને સચીન પાસે સનોદરા નામના ગામડે જવાનાં હતાં; એટલે એ રૂમના ફરનીચરમાં ખાસ કશું ન હતું અને હતું એનો ઉપયોગ પેલાં બે કરવા માગતાં ન હતાં. ખૂણામાં એક મોટી ટ્રંક, એકાદ બે પોટલાં અને બે બિસ્તરા છોડીને તે ઉપર બંને બેઠાં હતાં. કાચુંકારું ખાઇને, ઉપર શિરોઇનું પાણી પી, તંબાકુવાળું પાન મોમાં નાંખીને બંને તકિયે અઢેલી અઢેલીને જુદાજુદા બિસ્તરા ઉપર અર્ધ બેઠેલી, અર્ધ સૂતેલી સ્થિતિમાં હતાં.

'કેમ આખરે જિંદગીની મોટી મુરાદ પાર પાડી ને? હવે સંતોષ થયો?' મણિશંકર બોલ્યા : 'લગભગ બધાં જાત્રાના સ્થળ જોઇ કાઢયાં.'

'સંતોષ તો થાય જ ને,' ગંગાબા બોલ્યાં : 'એકવાર ગામડાગામમાં દરીકામ થયા પછી થોડું નીકળાવાનું હતું!'

મણિશંકર મુંબઇના એક મોટા જૂની ઢબના શેઠિયાને ત્યાં મહેતાજી હતા. મોટા બાબુસાહેબ હતા ત્યાંસુધી નાનાબાબુને રમાડવાથી માંડીને પછી સ્કૂલ લઇ જવા-લાવવામાં અને પછી ભણીગણીને મોટા થયા ત્યારે દેશીનામું શીખવવામાં મણિશંકરે પોતાની જાત ખરચી નાખી હતી. મણિશંકર મહેતાજીનો માનમરતબો સાચવવામાં કમી નહોતી રાખી. મોટાં બાસાહેબને તો મહેતાજી વગર ચેન પડે નહિ, પણ નાના બાસાહેબને પણ છોકરાંના મંદવાડમાં, સોનીઓ અને ઝવેરીઓને ત્યાં ધક્કા ખાવામાં અને બીજાં અનેક નાનાંમોટાં કામમાં મણિકાકા વગર ચાલતું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાં બાસાહેબ, નાના બાબુસાહેબ તેમજ નાના બાસાહેબે મહેતાજીને મુંબઇમાં જ રહેવા ઘણું સમજાવ્યા, પણ જુવાનીમાં એક નાની વિદ્યા નામની છોકરી થઇ અને પાંચ વર્ષની થતાં અચાનક ગુજરી ગઈ, પછી કશું સંતાન ન હતું, તેમજ નજદિકનાં કોઈ સગાસ્નેહી પણ વરવહુ બંનેમાંથી કોઇને હતાં નહિ, એટલે અમુક પ્રકારની શાંતિ સાધવા બંને વરવહુ મથ્યા કરતાં હતાં. સચીન પાસે સનોદરા નામના ગામડામાં થોડી બાપિકી જમીન હતી અને પહું પહું થઇ રહેલું એક નાનું ખોરડું હતું. એના ઉપર બંનેની નજર ઠરી હતી. બાબુસાહેબે આખરે જ્યારે જાણ્યું કે તરતમાં તો મણિકાકા કે ગંગાકાકી કોઇ રીતે મુંબઈમાં રહેવા તૈયાર થાય એમ નથી, ત્યારે એ ભલા શેઠે બંનેને લાંબી જાત્રા કરવાની જોગવાઇ કરી આપી. તે ઉપરાંત સનોદરામાં પોતાને ખરચે ખોરડું સરસ કરાવી આપ્યું; અને આસપાસના નાના જમીનના ટુકડા લઇને ખોરડાંની આસપાસ ફળિયું પણ મોટું કરાવી આપ્યું. પિસ્તાળીસ વર્ષનું મુંબઇમાં ભેગુ કરેલું રાચરચીલું ત્યાં મોકલાવી આપ્યું; અને મહિને સારૂં જેવું પેન્શન પણ બાંધી આપ્યું. તે ઉપરાંત, વર્ષમાં એકાદ બે વખત મણિકાકાએ ઓછામાં ઓછું આવી જવું એવી શરત પણ કરી દીધી; અને જ્યારે પણ સનોદરાથી કંટાળે ત્યારે શેઠના કમ્પાઉન્ડમાં એ ઘણીવણિયાણી માટે બે રૂમ તૈયાર છે જ એમ સમજી લેવાનું પણ કહી દીધું.

મણિકાકા અને ગંગાકાકી ઉભયને બધી રીત સંતોષ હતો, માત્ર હૈયાના એક ઊંડા ખૂણામાં પોતાની પાંચ વર્ષની પુત્રી વિદ્યા વર્ષો પહેલાં ગુજરી ગઇ હતી તેનો જખમ વણરુઝાયેલો કોઇ કોઇ વાર સાલ્યા કરતો હતો.

'કહો ન કહો પણ તમને જાત્રા ગયાનો સંતોષ થવો જોઇએ એટલો થયો દેખાતો નથી.' વર્ષોથી સાથે રહેલાં વૃદ્ધોને કોઇ વાર મૌન ગમે છે તો કોઇકવાર એવું મૌન સહન ન થવાથી ગમે તે વિષય સાધીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કરવાની આદત પડી ગઇ હોય છે. મણિશંકરે અત્યારે મૌનભંગ કરી કહ્યું.

'સંતોષ નથી થયો એમ તો કેમ કહેવાય ? પણ–પણ...' જવાબ દેતાં ગંગાકાકી અટકી ગયાં.

'તમે આ બાબતમાં હજી નાદાન રહી ગયાં ! ભલાં ! સંતાનની ઉણપ હવે પૂરી થવાની હતી ?' મણિશંકરે કહ્યું.

'તે તો હુંય જાણું છું, પણ આખી જિંદગીમાં કોઇનું ભૂંડું તાકયું નથી. એક પૈસો હરામનો ખાધો નથી, છતાં મારી ઉમેદ કેમ નહિ ફળી હોય ?' ગંગાકાકી ઊંડો નિઃશ્વાસ નાખતાં બોલ્યાં.

'ભગવાનની રમત કોણ જાણે છે ? પણ હા, હું બધો સામાન સનોદરા મૂકવા ગયો હતો, ત્યારે જ મને ખ્યાલ આવ્યો, કે આપણે ત્યાં લગભગ ચાલીસ વરસ પછી જઇએ છીએ.' મણિશંકર વાત પલટતાં બોલ્યાં.

'હા, એ પણ ખરૂં. આપણા કંદોઇ, મોદી વગેરેમાંથી કોઇ નહિ હોય !' ગંગાકાકી બોલ્યાં.

'નારે, કંદોઇના છોકરાનો છોકરો દુકાન ચલાવે છે અને મોદીનો ભાણેજ બુઢ્ઢો ડોસો થઇ ગયેલો મેં જોયો એનો છોકરો જ બધું કામકાજ કરે છે.' મણિશંકરે કહ્યું: 'અને હા. પેલી નન્દી સોયાણીના છોકરાની વહુનન્દી તો ઘણાં વરસ થયાં મરી ગઇ છે–ગલબી પણ એવી ઘરડી થઇ ગઇ કે ના પૂછો વાત.'

'ગલબી મળી હતી ?' ગંગાબાએ અજબ થઇને પૂછ્યું.

'હારે, પહેલાં તો તમે જાણો છો ને કે આપણાં ઘરની અને એનાં ઘરની વચ્ચે ત્રણ બીજાં ઘર હતાં, પણ આ નાના બાબુસાહેબે એ ત્રણે નાનાં ઘર લઇ લઇને આપણું ફળિયું મોટું બનાવી દીધું છે એટલે હવે તો આપણું ફળિયું પૂરું થાય એટલે ગલબીનું ઘર. એ મારી સાથે વાતે વળગી'તી. હવે તો બધે સુવાવડ કરાવવા એની છોકરી જાય છે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજી બે-ત્રણ ઘર એવાં રહેલાં છે કે જ્યાં પ્રસંગ આવે તો ત્યાં ગલબીને એ દિવસ અગાઉ ઘરમાં રાખી જ લે છે.' મણિશંકર બોલ્યા.

'હું એ, મેં'ય મુંબઈમાં કાંઇ કેટલાનાં છૂટાછેડા કરાવી આપ્યા છે તે કયાં ભૂલી જાઓ છો ? પણ પેટની જણીનું એવું કરવાનો પ્રસંગ ન આવ્યો !' ગંગાબાએ વળી પાછો ઊંડો નિશ્વાસ મૂકયો અને પાછાં ગણગણ્યાઃ 'તમે મને ગાંડી ગણો કે ગમે તે ગણો પણ હજી મને એમ છે કે ભલો ભગવાન મારી જાત્રા અફળ નહિ જવા દે. કેવી રીતે ફળશે એ તો એ જ જાણે !'

*

બૉંબે સેન્ટ્રલ પર કોઈ દિવસ નહિ ને તે જ દિવસે ભીડ જરા પણ ન હતી. મુહૂર્ત કાંઇક સારું નહિ હોય કે પછી કોણ જાણે પણ જ્યાં જુઓ ત્યાં ડબા ખાલી. ગુજરાત મેલ સ્ટેશન પર આવ્યો અને મણિશંકર અને ગંગાબાએ આસાનીથી એક છેવટનો બે સામસામી સીટ વાળો ડબો હાથ કરી લીધો અને સામસામા બિસ્તરા છોડીને ધણી-ધણિયાણી બારીએ બેસી ગયાં. ઉતાવળ કરવાની તેમને જરા પણ જરૂર ન હતી; કારણકે બીજાં બધાં કંપાર્ટમેંટ પણ લગભગ ખાલી હતા. નાના બાબુસાહેબ અચાનક બહારગામ ગયા હતા એટલે એ આવી શકયા નહિ, પણ નાનાં બા સાહેબ, બે છોકરાં, એક ઘાટી અને એક આયા ડબા શોધતા મણિશંકર બેઠા હતા ત્યાં આવી પહોંચ્યાં. તેમને જોઇને વૃદ્ધ વરવહુને હર્ષનાં આંસુ આવી ગયાં. ઘાટીએ ફૂટનો મોટો કંડિયો અને મીઠાઈનો ગંજાવર ટોપલી ડબામાં મૂકી દીધાં અને ઘડીભર તો છોકરાંઓ પણ 'મણિકાકા-ગંગાકાકી'ની બૂમો મારતાં ડબામાં ચડી ગયાં.

બહુ સામાન્ય સ્થિતિનાં વૃદ્ધ સ્ત્રી-પુરુષને મૂકવા આવનારમાં, સહેજે વરતાઇ જાય તેવાં લક્ષાધિપતિનાં બે છોકરાં અને બુટ્ટી, જડ અને અને ગળામાં હીરાના કંઠાતી ઝળકઝળક થતી જુવાન શેઠાણીને જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસપાસનાં માણસોમાં સહજ આશ્ચર્યની ઝણઝણાટી પસાર થઇ ગઈ. વર્ષમાં બેવાર તો મુંબઇ આવવાનું જ એવું વચન પાછું લેવાયું. ગંગાકાકીએ પોતાની કોથળી છોડીને બંને છોકરાંને બબ્બે રૂપિયા અને ઘાટી તેમ જ આયાને એકેક રૂપિયો આપ્યો. આ જોઈને નાના બાસાહેબ પણ આગળ આવીને પગે લાગ્યાં અને બોલ્યાં: 'ગંગાકાકી, બાકીમાં તો મને જ રાખીને ?'

જવાબમાં ગંગાબાની આંખમાંથી ઊર્મિનાં ડળકડળક આંસુ ખરી પડયાં. વળી પાછી જરાક ઝુંજતે હાથે કોથળી ઉઘાડવામાં આવી અને પાંચ ખણખણતા રુપિયા નાના બાસાહેબના હાથમાં મુકાયા. 'નાના બાસાહેબ, મારી ભૂલ તમે બરાબર બતાવી હોં ?'

છલકાતી આંખે યુવતીએ સામો જવાબ વાળ્યો: 'નાના બાસાહેબ કહેવું હોય તો રૂપિયા પાછા આપું.'

'અરે ભાઇસાબ, પાછી ભૂલ થઇ. જસુ ભાભી ! પેલું નામ પાછું ખેંચી લઉં છું, બસ !' ગંગાબાએ કહ્યું.

આ દૃશ્ય જોઇને અને સંવાદ સાંભળીને મણિકાકા પણ ઉશ્કેરાઈ ગયા અને ગજવામાંથી નાનાં હોલ્ડ-ઓલના કદનો વાટવો કાઢીને પાસે સ્ટૉલ ઉપરથી ચૉકલેટ અને પીપરમિન્ટ લઇ આવ્યા અને વ્યગ્ર હોવા છતાં આનંદી દેખાવાનો ડોળ કરીને તેમણે તે પાંચે જણને વહેંચી આપ્યા.

ગાડીએ વીસલ મારી. મણિકાકાએ ઘાટી અને આયાને બૂમ મારીને એકેક છોકરાંનો હાથ પકડાવી આઘે ઊભાં રખાવ્યા. 'જસુ ભાભી, તમે પણ જરા છેટે ઊભાં રહો, દીકરા ! ગાડીનું કાંઈ કહેવાય નહિ,' એમ કહીને એમને પણ દૂર કર્યાં અને ગાડી લગભગ ઊપડવા માંડતી હતી અને મણિશંકર પોતાના એ નાના થર્ડક્લાસના ડબ્બાનું બારણું દેવા જતાં હતા ત્યાં એક જુવાન બાઇ હાંફળીફાંફળી આવીને તે જ ડબ્બામાં ચડી ગઇ અને તેમનાથી બીજા છેડા ઉપર આવેલી એક બારી આગળ ઠુંટિયું વાળીને ફસડાઇ પડી. ગાડી ઊપડી.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડબાના ઝાંખા અજવાળામાં વૃદ્ધ જોડાંની આંખ ટેવાઇ. ડબામાં એક તરફની બે બારીએ, બિસ્તરા પાથરીને બેઠેલાં વૃદ્ધ પતિ–પત્ની અને બીજી તરફથી એક બારીએ ટુંટિયું વળીને બેઠેલી પેલી યુવાન સ્ત્રી. બે વૃદ્ધની નજર સહજ પેલી યુવતીનું નિરક્ષણ કરવામાં રોકાઇ. અરધોએક કલાક થવા આવ્યો હતો; છતાં યુવતીની છાતીનો કંપ નરમ પડયો જણાતો ન હતો. સામાનમાં સાથે કશું જ ન હતું, એ નવાઇ જેવું તો હતું જ; કારણકે સ્ત્રી નિઃશંક ખાનદાન કુટુંબની જણાતી હતી અને ઘણી ખૂબસૂરત હતી, પણ એ યુવતીને પોતાના ખાનદાન કુટુંબનો મોહ હોય એમ લાગતું ન હતું. તેમ જ પોતાની એ આગળ પડતી ખૂબસૂરતીને ઢાંકવાના એના પ્રયાસ પણ નવાઇ ઉત્પન્ન કરે તેમ હતા. કમ્મર સુધી પહોંચે તેવા તેના કાળા ભમર વાળ પણ કેવળ વિખરાયેલ સ્થિતિમાં હતા. નાકે અને કાને કાંઇ આભુષણ હોય એમ પણ જણાતું ન હતું.

'બહેન, ક્યાં જવું ?' ગંગાબાએ સ્નેહથી પૂછ્યું.

'આ...આ...આમ,' જવાબ દેતાં અવાજ ધ્રુજતો હોય એમ લાગ્યું. વધુ બોલાશે તો રડી પડશે એમ જાણીને હોઠ દબાવ્યા હોય તેમ સ્ત્રીનું વાકય અધુરૂં રહ્યું.

'પુરૂષવર્ગમાં કોઈ સાથે હશે ને ?' ગંગાબાએ પાછું કુમળાશથી પૂછ્યું.

'ના, છે, ના, કોઇ નથી–મારે કોઇ નથી.' જવાબ પાછો થડકાતો મળ્યો. ગંગાબાની વૃદ્ધ આંખે પેલી સ્ત્રીના એક હાથમાં ત્રણેક કાચની બંગડી જોઇ, પણ બીજો હાથ અડવો લાગ્યો અને કપાળ તદ્દન કોરૂં હતું. કોઇક વ્યગ્રતાથી, ચિંતાથી ગંગાબાએ મણિશંકર સામે જોયું. મણિશંકરે પણ વસ્તુસ્થિતિ જોઇ હતી અને જોવાથી એમનાં શાંત ચહેરા પર અશાંતિની કરચલી પડી હતી.

ગાડી નિયમિત અને ત્વરિત ગતિથી ચાલ્યા કરતી હતી. થોડીવાર સુધી ડબામાં મૌન પ્રસર્યું. એટલામાં પેલી યુવતીએ સહેજ લથડિયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાધું હોય એમ પેલાં એને જણાયું. 'દીકરા, આમ કેમ કરે છે?' શરીર સારૂં નથી? ભુખ લાગી છે?' વાત્સલ્યથી આટલું ગંગાબાએ કહ્યું અને પોતે ઊઠીને પેલી યુવતી પાસે જવાનું કરતાં હતાં એટલાંમાં યુવતીનું મોં તરડાયું. એહદ યત્નથી રડવાનું દબાવીને બોલતી હોય તેમ તે બોલી: 'માજી, નાહકની પીડા શીદ ધરો છો? સુખે મરવા તો દેશો કે નહિ?' હૈયાના ઊંડાણમાંથી ધીમેથી આટલી કિકિયારી નીકળી અને યુવતી આવેશમાં આવી ગઇ. પોતાની તરફનું બારણું તેણે ઉઘાડયું અને ઊભી થઇને તે બહાર કૂદવા જતી હતી ત્યાં મણિશંકરે એને કમ્મરમાંથી પકડી લીધી. યુવતીના મોંના ભાવ બદલાયે જતા હતા; એટલા અલ્પ સમયમાં મણિશંકરની બુદ્ધિ વસ્તુસ્થિતિ પારખી ગઇ હતી અને વ્યવહારકુશળ મણિશંકરે એક પણ પળ ગુમાવિ નહિ. એકાદ પળ ગઇ હોત તો પછી પેલી યુવતીને પડવા જતાં અટકાવવી મુશ્કેલ થઈ પડત. ગંગાબાએ સફાળાં બારણું બંધ કરી દીધું. બંનેએ મળીને યુવતીને ગંગાબાના પાથરેલા બિસ્તરા ઉપર બેસાડી અર્ધ સુવાડી દીધી.

'મેં તમારું એનું શું બગાડયું છે? હજી મને છોડો, ભાઇસાબ હું તમારે પગે પડું છું' ધીમી કિકિયારી પાડતા, ભયંકર દુઃખથી છલકાતા અવાજે યુવતી બોલી. ગંગાબાએ એને બળ કરીને પોતાના બિસ્તરા ઉપર સુવાડી દીધી અને એમ કરવામાં અકસ્માતથી યુવતિનું માથું ગંગાબાના ખોળામાં આવી ગયું. યુવતી અસહ્ય માનસિક વેદનાથી પીડાતી હતી અને શરીર પણ તેનો પડઘો પાડી રહ્યું હતું. આ અસહ્ય વેદનાથી પીડાતાં અંગ અને આત્માને ગંગાબાના ખોળાનો સ્પર્શ થતાં એ અંગ અને એ આત્માથી લજ્જાની માઝા મુકાઇ ગઇ અને જાણે યુવતીનાં એ ઉભય આત્મા અને અંગના કકડેકકડા થઇ જતા હોય તેમ તે મુકત કંઠે રોતી ગઇ, ગંગાબાને બાઝતી ગઈ અને વચમાંવચમાં બોલતી ગઈ.

'તમને ખબર નથી, મા, નહિ તો આમ ન કરો. મને જીવતી જોવા કોઇ રાજી નથી,' હૃદય પિગળાવતા રુદનમાંથી અવાજ નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું સધવા નથી.'

'દીકરી, બેટા ! શાંત થા, હિંમત રાખ. અમે બ્રાહ્મણ છીએ. અમે તો એટલું જાણી શકીએ ના !' ગંગાબા એના વાંસા ઉપર વાત્સલ્યથી હાથ ફેરવતાં બોલ્યાં.

ગાડી કહરવાની પાકી લેહથી, ત્વરિત ગતિથી, ગાઢ અંધકારને ભેદીને આગળ ચાલી જતી હતી

થોડીવારે પાછી યુવતી બોલી: 'તો યે મા, પૂરું નથી જાણતાં. મા, હું તો પાપી...'

'ખબરદાર, દીકરી ! એક શબ્દ પણ વધુ બોલી છે તો !' સ્નેહથી અને અનુકંપાથી નીતરતો છતાં પ્રભાવશાળી મણિશંકરનો અવાજ યુવતીનાં ડૂસકાં અને ગાડીના એક-સરખા નિયમિત ધ્વનિના ટુકડામાંથી ગાજી ઊઠયો: 'પાપનો હિસાબ કરનાર હું કોણ ? એની શિક્ષા માગનાર કે પ્રાયશ્ચિત કરાવનાર અમે કોણ ? પણ બસ બેટા, એક વાત સાંભળી લે. મારું નામ મણિશંકર ત્રિપાઠી અને આનું નામ ગંગા. હું તારો બાપ છું અને આ તારી મા ! સમજી ? નહિ સમજી હોય તો સમજી લે કે તું અમારી બંનેની લાડકવાયી એકની એક છોકરી વિદ્યા.' ઊર્મિથી આટલું બોલ્યા પછી શ્વાસ ખાઈને તેમણે પાછું કહ્યું: 'તમે કેમ બોલતાં નથી ? હું ખોટું કહું છું ?'

'શું બોલું ? મારા પેટની વાત તમે કહી નાખી, પછી મારે બોલવાપણું ક્યાં રહ્યું ?' ગંગામાનો અવાજ ધીમેથી કંપતો છતાં સ્પષ્ટ નીકળ્યો: 'પણ હવે હું યે મોઇ ! વાતમાં ને વાતમાં ભૂલી જાઉં છું તો બેટા વિદ્યા ! ભૂખ લાગી છે, દીકરી ?'

'ના, ના, ના.' યુવતીનો જવાબ મળ્યો.

'વિદ્યા, દીકરા, તને ખબર નહિ હોય. મણિશંકરના ઘરમાં કોઇ દી' કોઇ જૂઠું બોલતું નથી. બોલવાની જરૂર પણ રહેતી નથી. કેટલા ટંકથી આવું નથી ?' મણિશંકર ભાતાનું પોટલું છોડતાં બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બાપાજી, હવે જૂઠું નહિ બોલું, ત્રણ ચાર ટંક નીકળી ગયા હશે.' દીકરી વિદ્યા બોલી.

મણિશંકરે પોટલામાંથી બાજરીનાં ત્રણચાર ઢેબરાં કાઢયાં, એક કાગળના કકડામાં મૂકીને પોતે કાગળ ધરી રાખ્યો. બનતા જતા પ્રસંગની પરંપરાથી વિહ્વળ થયેલી અને પોતાના હૈયાના તોફાનમાં લગભગ ડૂબી જતી યુવતી બાળાત્કારે બેઠી થઇ. ગંગાબાએ પોતાના શરીર સાથે એને ટેકવી રાખી. બેએક કોળિયા મોંમાં ગયા એટલે યુવતીને ઊલટીના ઊબકા જેવું થયું.

'એ પોટલામાં પેલી નાની દાબડીમાં સંભાર છે તે જરા કાઢોને, પેટમાં ભૂખથી કાયલી પડી ગઇ છે તે એકલાં ઢેબરાં મોંમાં નહિ જાય.' ગંગામા બોલ્યાં. મણિશંકરે ફંફોસીને સંભારની દાબડી કાઢી, તેમાંથી થોડો કાગળમાં ઢેબરાં જોડે મૂક્યો.

'જો ધીમેધીમે ખા, બેટા, હોં!' મણિશંકર બોલ્યા. 'બેએક ઢેબરાંથી વધુ ન ખવાયાં!'

'કાંઈ નહિ રાતે વધારે નહિ ખવાય તેજ સારું. આવે વખતે પેટ જરા હલકું રહેને એ જ ઠીક. લે દીકરી, પાણી પીલે અને પછી નિરાંતે સૂઇ જા; અને તમે પણ થોડી ઊંઘ કાઢી લ્યો.' ગંગાબાએ કહ્યું.

'તમે સાચું કહ્યું. બે વાગ્યા સુધી હું ઊંઘી લઉં પછી આપણે રાજા. પછી હું બેસીશ અને તમે ઊંઘ કાઢજો,' મણિશંકરે કહ્યું અને પોતાના બિસ્તરા ઉપર લંબાવ્યું. વિદ્યાને પણ ગંગામાએ સુવડાવી દીધી અને એક શાલ તેને ઓઢાડી. બેપાંચ ક્ષણમાં તો વિદ્યા ભરનિદ્રામાં પડી. માત્ર કોઈ કોઈવાર ડૂસકાંથી એનું આખું અંગ કંપી ઉઠતું હતું. ઊંઘમાં પણ તેના એક હાથે ગંગાબાનો હાથ જોરથી પકડી રાખ્યો હતો.

ગંગાબાએ યુવતી જાગે નહિ એવી રીતે એક હાથમાં પહેરેલી કાચની બંગડી કાઢી બારીમાંથી બહાર ફેંકી દીધી: અને પછી નિદ્રાવશ થતા મણિશંકરને ધીમેથી કહ્યું: 'મેં નહોતું કહ્યું! ભલા ભગવાને મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામું–આપણી સામું જોયું ખરૂં. સંતાન મળ્યું અને ઠાકરજીની મહેર હશે તો ત્રણ–ચાર મહિનામાં સંતાનને ઘેર સંતાન પણ આવશે. જાત્રા ફળી કે નહિ?'

'હવે તો કેમ કહેવાય કે જાત્રા ફળી નહિ? ભગવાન, તારી કૃપા છે એટલીને એટલી રાખજે મારા નાથ!' આટલું કહેતાં કહેતાં મણિશંકરની આંખ પણ નિદ્રાથી મિચાઇ ગઈ અને મોં ઉપર સંપૂર્ણ સંતોષની રેખાઓ સ્થિર થઈ ગઈ. ગંગામા ભગવાનના નામનું રટણ કરતાં કરતાં સૂતેલી દીકરી સામે માત્ર જનની જ જોઇ શકે તેવી ઊંડીઊંડી વાત્સલ્યભરી નજરથી જોયાં કરતાં હતાં.

અને ગાડી કહરવાની પાછી લેહથી ત્વરિત ગતિથી, ગાઢ અંધકારને ભેદીને આગળ ચાલી જતી હતી!

—૩—

અમે બે

સાંજનાં સાત સાડાસાત થયા હશે. સાંતાક્રુઝના મોજીલાં પરાંએ મધ્યાહ્નની શાંતિ ખસેડી નાખી, સાંજનો સળવળાટ અપનાવ્યો હતો. સવારનાં આઠ સાડાઆઠથી લગભગ બાર સુધી નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનિઓ વગેરે સાંતાક્રુઝનો ત્યાગ કરી મોહમયી મુંબઇના વિશાળ ઉદરમાં છૂપાઇ જતાં હતાં પણ સાંજનાં પાંચ સાડાપાંચથી એ જ મનુષ્યો મુંબઇનો મોહ છોડી સાંતાક્રુઝની શાંતિમાં ભળવા આતૂર થતાં હતાં. આને પરિણામે મધ્યાહ્ને એ પરાંમાં લગભગ પૂર્ણ શાંતિનું સામ્રાજ્ય સ્થપાતું અને સાયંકાળે તેમાં વિઘ્ન પડતું.

જુહુને માર્ગે એક નાના કંપાઉંડમાં એક નાનો બંગલો. બંગલામાં ભાડે રહેનાર કુટુંબે પરાંવાસીઓમાં સ્વભાવિક ગણાતી ઊર્મિથી પ્રેરાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂટું તૂટું થઇ રહેલ દરવાજાના થાંભલા ઉપર એક સોંઘું પાટિયું લટકાવ્યું હતું તેના ઉપર

કમળકાંત પોપટલાલ દેસાઇ,
એમ. એ.
સુધા સદન

લખેલું જણાતું હતું. પરાંવાસીઓ આથી ભ્રમમાં પડે જ નહિ. એઓ તો તરત જ સમજી જાય કે જે જે સ્થાને કં. પો. દે. રહે તે સ્થાન તેટલો તેટલો સમય 'સુધા સદન' તરીકે ઓળખાય. ટપાલવાળાને દિવાળીની બહોણીનું આકર્ષણ હોય એટલે એ પણ આવી યોજના વાંધા વિના સ્વીકારતા. કંપાઉંડમાં ચોમાસામાં લીલોતરી જણાતી; બાકીના આઠ માસ ખાસ કશું જણાતું નહિ. માત્ર કંપાઉંડને એક ખુણે મોટું લીમડાનું ઝાડ હતું અને તેની આસપાસ ભાંગેલો ઓટલો હતો.

બંગલામાં આગળ નાની ગેલેરી, પાછળ હોલ, એના પાછળ અરધા અરધા બે સૂવાના ઓરડા અને તેની પાછળ નાનો ચોક. તેની પાસે રસોડું, કોઠાર, પાસે નાવાની ઓરડી અને સહેજ છેટે સંડાસ, પશ્ચિમના સાહિત્યમાં જેમ દરેક ખંડના ફરનીચરનું બારિકાઇથી વર્ણન થાય છે અને એ ફરનીચર લુઇ ૧૪માં ના વખતનું કે શીપેનડેલનું કે એલીઝાબેથના વખતનું હતું એ પ્રમાણે સાફ કહેવામાં આવે છે તે પ્રમાણે આ સુધા સદનના ઓરડાઓમાં રહેલ ફરનીચર માટે થઇ શકે તેમ નથી. છતાં એ દિશામાં પ્રયત્ન કર્યો છે.

આગલી ગેલેરી કહો કે છજું કહો એમા બેત્રણ જીર્ણાવસ્થામાં આવેલ, નેતરની કહેવામાં આવતી પણ સાચું કહીએ તો બરૂની ખુરશીઓ હતી જેમને મુડા તરીકે પણ ઓળખાવવામાં આવે છે. એવી જ સ્થિતિનો એક નાનો લોઢાની ફ્રેમવાળો અને લાકડાંની પટીવાળો બાંક પણ ત્યાં હતો. ભીંત ઉપર મહાત્માજીની છબી ઘણી વાંકી દશામાં એક બાજુ લટકતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એક તરફ અંગ્રેજી-ગુજરાતી તારીખીયું લટકતું હતું એક બાજુ ટપાલ પેટી ટીંગાડેલી હતી. એ પેટીમાં ટપાલી કાગળો કવચિત જ નાખતો એમાં ઘણું ખરું ઘાટી રામની ટોપી, થોડાં કરોળીઆનાં જાળાં વગેરે રહેતા. અંદરના હોલમાં લાકડાંની બેત્રણ ખુરશીઓ ઉપરાંત, ચેસ્ટરફીલ્ડનો સેટ હતો, એક બાજુ જાજમ અને બે તકીયા હતા. ખૂણામાં, ગોકળ આઠમને દિવસે વાપરવામાં આવતાં રમકડાંથી ભરેલું ખૂણિયું હતું.

કમળકાંતના સૂવાના ઓરડામાં એક સરસ ડબલબેડનો મચ્છરદાનીવાળો પલંગ, એક આરસીનું કબાટ, ટેબલ, બેએક ખુરશી, ચોપડીઓનું બુકકેસ, ખીટી, નાની સાદડી વગેરે હતાં. એક ખૂણામાં કમળ તેમજ તેની પત્ની સુધાના બુટ અને ચંપલો, છત્રીઓ અને લાકડી હતા. કમળની વિધવા મા અંબાગૌરી અને બહેન લતાના ભેગા ઓરડામાં લતાનું ટેબલ, ખુરશી, એક ખાટલો, બે કબાટ ખીટી વગેરે હતાં. રસોડું, કોઠાર વગેરેનું વર્ણન કરવાની આવશ્યકતા નથી. સાધારણ મધ્યમ વર્ગનાં કુટુંબોનાં જેવાં રસોડાં, કોઠાર હોય તેવાં આ પણ હતાં.

રસોઈ લગભગ તૈયાર થઇ ગઈ હતી. સુધા બહાર ગેલેરીમાં કઠેરાને ટેકવીને ઊભી હતી. બ્લાંય વગરનું બ્લાઉઝ, લાલ કિનારીનું ધોળું ગવન, કાનમાં આધુનિક ફેશનને અનુસરતાં લટકતાં ઝુમ્મર અને હાથમાં પણ તે જ પ્રમાણે બહુ જ પહોળી બંગડી પહેરીને ઉભેલી સુધા રસ્તા ઉપર નજર નાખ્યા કરતી હતી. માર્ગમાં અંધારૂં થઈ ગયું હતું અને વીજળીની રોશની ચાલુ થઇ ગઇ હતી. જેમ જેમ લોકલટ્રેનો આવતી જતી તેમ તેમ તેમાંથી ઉતરેલા ઉતારૂઓ ઝડપબંધ પોતાપોતાના ગૃહ તરફ જતા માર્ગ ઉપર પ્રયાણ કરતા દૃષ્ટિગોચર થતા હતા અને વચમાં માર્ગ ઉપર પાછી શાંતિ જામી જતી હતી.

સુધાનું વય બાવીસેકનું હતું. કોલેજમાં એકાદ વર્ષ જઇ આવી હતી પણ લગ્ન પછી સાસરિયાંની ઇચ્છા જણાઈ નહિ એટલે ભણતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતું મેલાયું. સાસરામાં પતિ કમળકાંત મુંબઈની એક સ્કૂલમાં માસ્તર હતો. તે એમ. એ. હતો. તે સિવાય ઘરમાં વિધવા સાસુ અંબાગવરી પચાસેક વર્ષના હતાં પણ હજી બીજા વીસ વર્ષ સુધી એમની હયાતીની ગેરંટી હતી. નણંદ લતા પંદરેક વર્ષની હતી અને અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરથી હતી. આ ઉપરાંત ઘરમાં જુનો ઘાટી રામો હતો.

સવારે છ–સવા છએ ઊઠવું, સગડી સળગાવવી અને ચાહ પાણી કરવાં. તે પછી એક બાજુ રસોઇ થતી જાય અને બીજી બાજુ ચોટલા ચાંદલા, નાવા ધોવાનું અને સાસુ પૂજામાં બેઠાં હોય તેમની થોડી વારે છૂટતી જતી આજ્ઞાઓનું પાલન કરવાનું. આ ઉપરાંત નણંદને સંસ્કૃત, અંગ્રેજી, ગણિત વગેરે વિષયોમાં મુશ્કેલીઓ ઊભી થાય તેનો ઉકેલ લાવવામાં મદદ કરવી. આ બધાંમાંથી સમય બચે તો અને કમળકાંત પોતાની જંજાળોમાંથી તે સમયે મુક્ત હોય તો પાંચ દસ મિનિટ પતિપત્ની અલપઝલપ મળે ! રવિવાર અને રજાના દિવસો સિવાય સુધાનો સવારનો કાર્યક્રમ આ પ્રમાણેનો હતો.

બરાબર નવ વાગ્યે કમળકાંત જમવા બેસે એટલે સુધાને બદલે અંબાગવરી રસોડાનો કબજો લે. પુત્રને જમાડવાના ફરજ, હક્ક તેમ જ લહાવો માના જ હોય–એમાં પુત્રપત્ની ચિત્રમાં હોવી જ જોઈએ નહિ, એ રિવાજ ગુજરાતમાં લગભગ સર્વત્ર જ હોય છે. એટલે એ વિશે વધુ ઉહાપોહ નકામો છે. કમળકાંત જમ્યા પછી ટ્રેન પકડવા ત્વરિત ગતિએ જાય તે વખતે તક મળે તો બારીના સળિયામાંથી કે ગેલેરીમાંથી આછું સ્મિત ફરકે અને ટ્રેન ખોવાનો બહુ ભય ન હોય તો એ સ્મિતનો જવાબ હાથના રૂમાલથી મળે.

પતિના ગયા પછી નણંદ જમીને સ્કુલ જાય. પછી સાસુ વહુ જમે. ઢાંકણુ ઢુંબણુ થઇ રહે અને ઘાટીને જમાડી લેવાય એટલે રસોડાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા કલાકની વિશ્રાંતિ. તે પછીનો સમય જેની જેની મોસમ હોય તે તે કઠોળ અને અનાજની સાફસુફ કરવામાં, ઘરની વ્યવસ્થામાં, પોતાનું કબાટ ગોઠવવામાં, કોઇ મળવા આવ્યું હોય તેની સરભરામાં, બપોરના ચાહખાવાના તૈયાર કરવામાં, પોણો કલાક–કલાકની નિદ્રામાં અને તેમ કરતાં પણ વખત ફાજલ પડે તો કોઈ પુસ્તક વાંચવામાં ગાળવામાં આવે; આમ સાંજ પડી રહે એટલે પાછી રસોઈની તૈયારી, સાસુ શાક લેવા બજાર નહિ ગયાં હોય તો પોતે શાક લેવા જાય અને એ બહાને એચાર બહેનપણીઓને મળતી આવે. કોઇક દિવસ બપોરે જમીને મુંબઈ જવાનું હોય તો તે તો તહેવારનોજ દિવસ લાગે !

વર્ષમાં ત્રણેક સિનેમા, એકાદ નાટક એએક કોન્સર્ટો જોવાના મળે. લગ્નસરામાં સુરત જવાનું અને ત્યાં પિયરમાં થોડો વખત રહેવાનું મળે. સાસરામાં પાંજરામાં પુરાયેલ પક્ષી પિયરમાં સ્વચ્છંદે ઊડે અને પાછું સાસરામાં આવતાં પાંજરામાં પુરાઇ જાય ! સુધાના જીવનની ટૂકમાં આ કહાણી. કમળકાંત પાસે પિતાનો પૈસો ઠીક ઠીક હતો એટલે માત્ર પગાર ઉપર જ એમનો આધાર ન હતો. કમળ નરમ, ભલો, ભોળો હતો. મા, બહેન પત્ની સૌને બહુ સ્નેહથી ચાહતો અને દુનિયામાં બધાં જ મનુષ્યો એજ પ્રમાણે એકેક પ્રત્યે સ્નેહ બતાવતાં હશે એવી માન્યતામાં એ સુખી અને સંતોષી હતો.

સુધા રસ્તા ઉપર જોતી ઉભી હતી એટલામાં સાસુ અને નચુંદ આવ્યાં. તેમને જોઇને સુધા અંદર જવાનું કરતી હતી એટલે તેમ અંબાગવરી ઓટલે ચડતાં ચડતાં બોલી: 'ઓટલે ક્યારનાં ઊભા છો ?'

'ના અં, આ હમણાંજ આવી' તતપપ થઈ જતાં સુધા બોલી.

'તમારો જવાબ તો હું પહેલેથીજ જાણતી'તી,' સાસુએ કહ્યું– 'તમે આખો વખત ઓટલે ઊંભાં રહો તોય મારે વાંધો નથી, પણ અ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પછી ત્રીજે દિવસે શાક બળી જાય છે કે સગડી હોલવાઇ જાય છે એટલે કહેવું પડે છે.'

'હું હમણાંજ જોઈ આવી હતી,' ગભરાઈને ઉત્તર આપતાં સુધાએ છમરડો વાળ્યો અને વળી ઉમેર્યું: 'બાકી અહીં ઓટલા ઉપર શું જોવાનું હોય ?'

'તે તો હું જાણું છું,' સાસુએ જવાબ દીધો. 'બાકી હું કાંઈ નાની કીકી નથી કે કોઇ પટાવે તો સમજી જાઉં ! પતિજી આવે ત્યારે સામસામા રૂમાલ ફડફડાવવાના હોય ને !'

'બા, હવે એવી વાત મૂકી દોને,' નણંદે ભાભીનો બચાવ કરતાં કહ્યું. 'હવેના જમાનામાં કઈ બૈરી એમ નહિ કરતી હોય ?'

'શું ? બધી નાચેણ થઇ જાય તેથી આપણે પણ થવું ?' અંબાગવરી બોલી.

'હાસ્તો, તેમાં કાંઇ ફૂટકો છે ! જમાના પ્રમાણે બધું જ થાય,' લતા પોતાના બેડમીન્ટનના રેકેટને ખીટી ઉપર ભેરવતી બોલી. 'ભાભી તો હજી નાહકના ગભરાયા કરે છે. હું તો પરણીને બધું છડેચોક જ કરવાની.'

એટલામાં સુધા રસોડામાં ચાલી ગઇ. તેના ગયા પછી આ ચર્ચા સંકેલી લેતી હોય તેમ અંબાગવરીએ કહ્યું. 'ખુશામત કર ભાઇ–ભાભીની, ગાંસડો બંધાવી દેવાનાં હતાં તે ! જરાક કહીએ એટલામાં માને જ હલકી પાડે છે !'

'ભાભી ! કંઇ ખાવાનું છે ?' આમ બોલતી લતા ઠેકડા મારતી રસોડા ભણી ગઇ એટલે અંબાગવરી બોલતી અટકી ગઇ પણ એના મનમાં વિચાર થયો જ કે આ વહુએ જ આ છોકરીને બગાડી છે.

પા અરધો કલાક થયો એટલામાં કમળ આવી પહોંચ્યો. 'કેમ બા ! રસોઈને કેટલીવાર છે? આજ તો ભૂખ બહુ લાગી છે.' તે બોલ્યો; અને બોલીને લુગડાં બદલવા પોતાની રૂમમાં ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાએ રસોડામાં જઇને વહુને કહ્યું: 'લ્યો હવે જવાબ આપો. એને તો ભૂખ બહુ લાગી છે અને અહીં તો રસોઇના કાંઇ ઠેકાણાં પણ નથી! ક્યાંથી હોય? સાંજના બે કલાક ઓટલે ઊભાં રહીએ તો રસોઇ થાય ક્યાંથી!" એટલામાં કમળ જ રસોડા તરફ આવ્યો એટલે અંબાગવરી બોલતાં અટકી ગઇ.

'કેમ? હજી વાર છે?' કમળે પૂછ્યું.

'નારે, હમણા થઇ જશે,' અંબાગવરી બહુજ મીઠું સ્મિત કરીને બોલી. 'અને વળી કોઇવાર મોડું પણ થાય. કેમ કરીએ? સુધા બિચારી નભાવે છે એટલું કહોને. બાકી પિયરમાં કાંઈ એને આવાં કામની ટેવ હતી જે!'

કમળ આ જવાબ સાંભળી બહાર ગયો અને ગેલેરીમાં બેઠો. રામાને પાટલા માંડવાની ભુમો પડાઇ. પાટલા મંડાયા પણ ખરા.

'લ્યો, હવે ઊઠો, ભાઇ હમણાં આવશે,' રસોઇનો કબજો લેતાં અંબાગવરી બોલી.' 'લતા, જા, ભાઇને કહે અને ભાઇ બહેન જમવા બેસી જાઓ. આ સગડી કેવી ભડ ભડ બળે છે! વહુ! તમને કેટલી વાર કહ્યું કે એમ ઉતાવળે રસોઇ કરવાની લાહ્યમાં રસોઇ બગડે છે અને કોલસાનો ઘાણ નીકળી જાય છે. પણ સાંભળે છે કોણ મારી બલા!' એટલામાં કમળભાઈ જમવા આવ્યો એટલે અંબાગવરી પાછી બોલતાં અટકી ગઇ. ભાઇ અને બહેન જમવા બેઠાં અને માએ ઊની ઉતરતી રોટલી પીરસવા માંડી.

'સુધાને કેટલીવાર કહું છું કે પીરસવા પણ તું જ બેસને!' પણ હજી શરમ છૂટતી નથી, હા હા હા!' અંબાગવરીએ પીરસતાં પીરસતાં આ પણ પીરસ્યું. દર ટંકે, જમતી વેળા આવી મીઠી વાનીઓ પીરસવાની એને ટેવ હતી. એનાથી કમળને બહુ શાંતિ અને સંતોષ થતાં.

જમી રહ્યા પછી અને સાસુએ વહુને જમવાની બૂબ પાડી તે પહેલાં જે સમય મળ્યો તેમાં સુધાએ પાનની બીડી, સોપારી અને એલચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમળને આપી દીધાં. તે ખાઈને સ્કૂલમાંથી લઇ આવેલ જવાબપત્રકો તપાસવા કમળ પોતાના ખંડમાં પેઠો અને સુધા જમવા ગઇ.

જમી રહ્યા એટલે ઢાંકણ ઢુંબણમાં થોડો વખત ગયો. ત્યાર કેડે સાસુ ભાગવત લઇ ને બેઠાં, લતા ભણવા બેઠી અને સુધા નણંદના ઘાઘરાની કોર ભરવાની હતી તે ભરતાં ભરતાં અવારનવાર ચોરી છૂપીથી ઘડિયાળ સામું જોયા કરતી હતી. એમ કરતાં દસ થયા એટલે જે જે બારીબારણાં દેવાં હતાં તે દઇને, સવારે કેટલું દૂધ લેવાનું છે તે સાસુને પૂછી, રામાને કહી, સુધા પતિના ખંડમાં ગઇ.

સુધા અંદર ગઇ ત્યારે કમળ પોતાનું શાળાનું કામ પુરૂં કરી રહ્યો હતો અને એક અંગ્રેજી માસિક વાંચતો હતો. સુધાએ દાખલ થઇને, અવાજ થાય નહિ એ પ્રમાણે બારણાં બંધ કર્યાં એટલે કમળે માસિક મૂકી દીધું અને પોતે જે સોફા ઉપર બેસીને વાંચતો હતો તે સોફા ઉપર સુધાને હાથ ખેંચીને બેસાડી અને પછી પોતે એની સોડયમાં બેઠો.

'કેમ, પરવાર્યાં ?' કમળે વહાલથી પુછ્યું.

'હાજી, પરવાર્યાં, 'સુધાએ સ્મિતથી જવાબ વાળ્યો અને સામું પુછ્યું. 'અને તમે ?'

'હાજી અમે પણ પરવાર્યા,' કમળે પણ સ્મિત કરીને જ જવાબ આપ્યો. 'સાળું નોકરિયાતનું તે કાંઈ જીવન છે!'

'તે તમને શા ઘા પડયા ? શું પ્રિન્સિપાલે ખસડાં માર્યાં કે પછી છોકરાછોકરીઓએ પજવ્યા ?' સુધાએ પુછ્યું.

'ના રે ના, પ્રિન્સીપાલ તો સારો માણસ છે અને છોકરાછોકરીઓમાં તો હું માનીતો છું.' કમળે કહ્યું.

'ત્યારે પછી આવા નિસાસા શાના નાખો છો ?' સુધા બોલી.

'એ તો એમ કે જોની, આ સવારથી ઘોડા ઉપર પલાણ ચઢાવેલું તે બારણે દશ વાગ્યા ત્યારે છૂટયું. આ ઊંઘતા પહેલાં જે અરધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોણો કલાક મળે તેટલામાં હૃદયરાણી સાથે પ્રેમાલાપ કરી લેવાનો.' કમળે કહ્યું.

'તે ત્યારે હૃદયરાણીને તો ચોવીસે કલાક પ્રેમલાપ કરવાના મળતા હશે જ!' સુધા બોલી, 'અમારે ય આ અરધો પોણો કલાક જ મળે છે ને.'

'તે તો જાણે ખરૂં, પણ જવાબદારી થોડી તમારે લેવાની છે!' આખો દિવસ તમે તમારાં રાજા' કમળ બોલ્યો. 'અમારે તો કાંઈને કાંઈ ખાસડાં ખાવાના તો ખરાંજને!, અને એક ટ્રેન ચૂકી જઇએ તો ભોગ લાગે.'

'અને અમારે તો કોઇના ખાસડાં ખાવાનાં જ નથી હોતાં, ખરૂંને?' સુધાએ કહ્યું, 'તમને વાત કરતાં નથી એથી એમ ધારતા હશો.'

'તને આવો અસંતોષ રહે છે તો તું મરદ બની જાય તો તને ગમે ખરું? એકવાર એમ થાય તો જ ખબર પડે કે મરદની જિંદગી એ ફૂલશય્યા નથી.' કમળે સુધાના ગાલ ઉપર ટાપલી મારતાં કહ્યું.

'હા, આજે મને કોઈ મરદ બનાવી દેતું હોય તો હું હા પાડું,' સુધા બોલી.

'પણ તું મરદ થાય પછી મારું શું?' કમળે પૂછ્યું.

'તે કેમ? તમને મરદની જિંદગીમાં કંટાળો આવે છે ને?' સુધાએ સામું પૂછ્યું. 'તે તમે બૈરી બની જાઓ.'

'હાહાહા! એ વાત ખરી. મને મરદની જિંદગીથી તો કંટાળો આવે જ છે. એટલે બૈરી બની જવા હું પણ તઇયાર છું. અને તેમાં પણ સુધાચંદ્રની બૈરી થવામાં તો હું ઘણો જ આનંદ માનું. બસ પછી, આખો ય દિવસ ચોપડીઓ વાંચ્યા કરું અને ઊંઘ્યા કરું.' અને મારા પતિ સુધાચંદ્ર આખો દિવસ નિશાળમાં ટીચાતા હોય એનો વિચાર કર્યા કરૂં.' કમળ બોલ્યો.

'એ પછી બધી ય ખબર પડશે કે આખો દિવસ કેમ વંચાય છે અને ઉંઘાય છે!' સુધા બોલી. 'બાકી આપણે તો નિશાળમાં મોજ કરીએ. કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટુંકારો કહેનાર નહિ. નોકરીએથી છૂટીને ઘેર આવીને મા ઉપર, બહેન ઉપર અને અમારાં કમળ વહુ ઉપર ખાસ્સો રોફ બજાવીએ.'

'આવી આવી વાતો કરવાથી આપણા બંનેનાં ભેજાં ખસી જશે; જો અગિયાર થવા આવ્યા.' વાર્તાલાપનો અંત લાવવા કમળે સહસા સુધાને ચુંબન આપ્યું, અને ઊઠીને વીજળીની બત્તી હોલવી નાખી.

સુધા સદનમાં રાત્રીએ સામ્રાજ્ય સ્થાપ્યું.

—૪—

વાંઝણી

ધીમી એકધારી ગતિએ 'હિલમૅન-મિંક્સ' કાર રસ્તા પર ચાલી જતી હતી. એક ચાળીસેક વર્ષની સ્ત્રી હાંકતી હતી. કારમાં સાથે કોઈ બીજું માનવી ન હતું. ટેવ પડી ગઇ હતી એટલે સ્ત્રી કાર ચલાવ્યે જતી હતી, બાકી એનું મન જુદા જ વિચારમાં ડૂબી ગયું હતું. આને પરિણામે કારની ગતિ ધીમી જ હતી, પણ કોઇ કોઈ વાર તો ઘણી ધીમી થઇ જતી હતી.

'આમાં મારે માટે હવે બીજો માર્ગ રહ્યો જ ન હતો.' સ્ત્રીના હૈયામાં વિચારમાળા ચાલવા માંડી. 'લાંબા સમય સુધી મેં મનોમન્થન અનુભવ્યું. લાંબા કાળ સુધી મેં હૃદયની અકથ્ય વેદના અનુભવી અને સહન કરી. આમને આમ શું મારે આખી જીંદગી ભોગવ્યા જ કરવું ? અને હું ક્યાં એમને બિચારાને જરા જેટલો પણ દોષ દઉં છું ! એમના જેવાં શાંત પ્રકૃતિવાળા, માયાળુ, બીજાંની ઊર્મિઓ સમજવા યત્ન કરનાર મેં થોડા જ પુરુષો જોયા છે. પરણ્યાને આજે બરાબર વીસ વર્ષ થયાં એમાં મને એમણે એકપણ વખત અન્યાય કર્યો નથી, એક પણ વેળા તેમણે ક્રૂર વર્તન બતાવ્યું નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વાંક બધો જ મારો. મેં એમની જોડે પરણવાની હા પાડી અને માબાપે પરણાવી. તે વખતે પણ મારું હૈયું તો બિહારીને જ સોંપ્યું હતું, પણ હું કશું બોલી શકી નહિ. બિહારી ગરીબ હતો એટલે મેં માબાપને કહેવાની પણ જરૂર જોઇ નહિ. એવા ગરીબને પરણવાની માબાપ હા પાડે નહિ એમ મેં ધારી લીધું. મારી એ નિર્બળતાને લઇને મેં મારું જીવન તો વેડફ્યું પણ સાથે સાથે એમનું અને બિહારીનું પણ વેડફી માર્યું. એમનું બહુ નહિ કહેવાય પણ એટલું તો ખરું ને કે જેટલા પ્રેમથી મારે એમને ચાહવા જોઇએ તેટલા પ્રેમથી મેં કદી એમને ચાહ્યા નથી; એટલે એ ભલે પૂરી વાત નહિ જાણતા હોય તો પણ મેં એમને અન્યાય કર્યો છે એની તો મારાથી ના નહિ જ પડાય ને!'

'પણ થયું તે થયું. વીસ વર્ષ સુધી એ મારી નિર્બળતાને લઇને કેટલું માનસિક દુઃખ સહન કર્યાજ કર્યું છે! એ મૂંગી યાતના કેવી મારા સંસારને ભડકે બાળી રહી છે! તો શું મારે મૃત્યુ સુધી એમાંથી પાછાં ડગ ભરવાંજ નહી? અને મેં એમને અન્યાય કર્યો છે એ જેમ સાચું છે તેમ એ પણ સાચું જ છે ને કે મેં એમનો વિશ્વાસઘાત કર્યો નથી? મેં મારા શરીરને અન્ય પુરૂષનો સ્પર્શ પણ થવા દીધો નથી?'

'અને એમના સર્વ સદ્ગુણોનો સ્વીકાર કર્યા પછી પણ બિહારીના ત્યાગનો પણ મારે વિચાર કરવાનો રહ્યો ને? મેં એને આશા આપ્યા પછી તરછોડયો-એની ગરીબાઇને લઇને તરછોડયો, ત્યારે એ માત્ર બાવીશ વર્ષનો યુવાન. હું તો એમને પરણી અને મેં મારો સંસાર માંડયો; ત્યારે એ બિહારી આજ વીસ-વીસ વર્ષ થયાં એકલો અટૂલો માનવ મેદનીમાં પણ એકલતાથી મૂંઝાતો કોઇ તપસ્વી જેવું જીવન ગાળ્યા કરે છે. આજ વીસ-વીસ વર્ષ થયાં એની આંખે તો માત્ર એકજ સ્ત્રીને જોઇ છે અને તે હું. અને પાછી બીજાને પરણેલી. વર્ષો થયાં એનો મારા પ્રત્યેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ એવો ને એવો અખંડિત વહ્યા કરે છે છતાં એ કદી પણ પોતાની ગૃહસ્થાઇ ચૂકયો નથી. એ વર્ષો દરમ્યાન અસંખ્ય વેળા મળ્યાં હોઇશું, એમાં અસંખ્ય વેળા એકાન્ત પણ અનુભવ્યું હશે અને એવે પ્રસંગે કદી કદી મેં નિર્બળતા પણ અનુભવી હશે છતાં...છતાં બિહારીએ એ નબળાઇનો લાભ લીધો નથી–લાભ લેવાની વૃત્તિ પણ બતાવી નથી!'

'વર્ષો સુધી બિહારી ગરીબ રહ્યો. એને કોઇ આશા ન હતી, કોઇ અભિલાષ ન હતો, છતાં અવિરત પુરુષાર્થ કરીને એણે પૈસા મેળવ્યા, કીર્તિ મેળવી, અને એ મેળવ્યા પછી એણે મને મેળવવાની માગણી વ્યક્ત કરી. તે પણ લાલચ આપીને નહિ, દગાફટકાથી નહિ, વિશ્વાસઘાત કરવાની સલાહ આપીને પણ નહિ. જો એના આવા પ્રેમનું મને કાંઇ પણ મૂલ્ય હોય તો સમાજને જાહેર પડકાર કરીને મારે ગૃહત્યાગ કરવો અને એની જોડે ચાલ્યા જવું એ જ સાફ સાફ વાત. એમ નહિ બને તો જે રીતે આટલાં વર્ષો જીવ્યો છે તે રીતે એ બાકીનાં વર્ષો જીવી જશે. એણે દયાની યાચના કરી નથી; કોઈ ખ્હીક બતાવી નથી. આ પગલાંની ન્યાયા-ન્યાયતાની ચર્ચા કરવાને બદલે એનું એટલું જ કહેવાનું છે કે વીસ વર્ષ પહેલા મેં જે નિર્બળતા બતાવી હતી તે નિર્બળતા હવે મારે પાછી ખેંચી લેવી. અને હું એમ શા માટે નહિ કરૂં?'

'આ વીસ વર્ષના સંસારમાં ત્રણ સંતાન થયાં–બે પુત્ર અને એક પુત્રી. મોટો પુત્ર બાલ્યાવસ્થામાંજ મૃત્યુ પામ્યો. પુત્રી અત્યારે નવ વર્ષની છે, અને પુત્ર તો હજી માંડ પાંચ પૂરાં કરી રહ્યો છે. આ બંને સંતાનોનો હું ત્યાગ કરી શકીશ? એ આટલા બધા ભલા છે છતાં એ બે સંતાનોને તો એ મને નહી જ સોંપે. નીતિપથમાંથી ચ્યુત થયેલ સ્ત્રીને એ સોંપે પણ કઈ રીતે? અને સોંપે-પોતાના હૃદયના ઔદાર્યને લઇને સોંપે તો પાછું એમનું જીવન પણ અત્યારે બિહારીનું જીવન છે તેવું જ કે કદાચ તેથી પણ વધુ ભયાનક, એકલવાયું થઇ જાયને! બિહારીનાં વેઠેલાં વીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારવા જાઉં છું અને એમનાં હવેનાં વીસ વર્ષ વેડફી મારૂં છું! પણ એકલા બિહારીનાં જ શા માટે કહું છું? મારાં ય ખરાંને? પણ હવે આ બધા વિચાર શા માટે કરવા? પૂરેપૂરો વિચાર કરીને તો આ ગૃહત્યાગ કરવાનો નિશ્ચય કર્યો છે.'

'પણ–મારાં બે સંતાનો મારા વગર કેમ રહી શકશે? એકાદ–બે કલાક પણ ઘર બહાર રહું છું તો એ બે જણાં અને તેમાંય બાબો કેવો ઓશિયાળા જેવો થઇ જાય છે! પણ આ બધા વિચાર તો મેં હજારો વાર કર્યા અને હજારો વાર તે સમાવી દીધા. પુત્રી અઢાર–ઓગણીસ વર્ષની થઈ એટલે તો પોતાની નવી સૃષ્ટિ રચશે; તેમાં મારૂં સ્થાન કેટલું અને કયું? અને પુત્રો તો પરણ્યા પછી—

'નહિ, નહિ, મારે હવે વિચાર કરવા જ નથી. બહુ વિચાર કર્યા. વીસ વર્ષ પહેલાં, કશો પણ વિચાર કર્યા વિના, માત્ર પાંચ મિનિટમાં મેં એમની જોડે પરણવાની હા પાડી હતી; તે કાર્યને નકારવા આજે મેં દિવસોના દિવસો, મહિનાઓના મહિના વિચાર કર્યા છે. હવે બહુ થયું. આ વીસ વર્ષ પ્રેમને બદલે સ્નેહ અને શાંતિ અનુભવ્યાં. હવે પ્રેમ અનુભવીશ. તેમાં અશાંતિ હોય તો પણ બસ, હવે આવા વિચાર નથી જ કરવા–નહિ જ કરૂં.' સ્ત્રીનો નિશ્ચય થયો.

વિચારમાળા બળાત્કારે બંધ કરી એટલે સ્ત્રીનું ચિત્ત કારને ચલાવવામાં પરોવાયું. એકદમ ગતિ વધારી. ગતિ વધતાં પ્રાતઃકાળના વાતા ઠંડા પવને એના તંદુરસ્ત શરીરમાં નવું ચેતન સ્ફુરાવ્યું, નવો ઉત્સાહ રેડયો. એની નસોમાં લોહી વધુ વેગથી દોડવા લાગ્યું. હૈયું કાંઇ અવનવીન આનંદ માણવા ઉત્સુક થયું. તેણે ફરીથી ગતિ વધારી. માર્ગ નિર્જન હતો. બંગલાઓ તો કમારના પૂરા થઈ ગયા હતા, હવે તો માર્ગે કોઇ કોઇ ઝુંપડાં–બબ્બે ચારચારના જુથમાં આવતાં અને કારની ત્વરિત ગતિને લઈને ત્વરાથી અદૃશ્ય થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં હતાં. વળી પાછાં દૂર ઝૂંપડાં જણાયાં, એક ક્ષણમાં તો એ ઝુંપડાંને પાછળ મૂકી કાર આગળ વધત એટલામાં એક નાનું પાંચેક વર્ષનું બાળક, ઝૂંપડાંને બારણે ઊભેલ માનો હાથ છોડાવી કારનાં માર્ગમાં આવ્યું. વિચારમાળા બંધ થઇ ગઈ હતી અને સ્ત્રીનું ધ્યાન કારને ચલાવવામાં જ હતું એટલે તેણે આ જોયું. કુશળ હાંકનારની કારીગીરીથી તેણે બ્રેક દાબી. એની પ્રક્રિયામાં પોતે પોતાની સીટ પર જોરથી અફળાઇ. ગવર્નિંગ વ્હીલ તેની છાતી સાથે જોરથી ભીંસાયું પણ બાળકથી ત્રણ-ચાર ઇંચ દૂર કાર ઘુઘુઘુ અવાજ કરીને ઊભી રહી ગઇ.

તે દરમ્યાન માએ એક હૃદયદ્રાવક ચીસ પાડી હતી. કાર ઊભી રહેલી જોઇને માને વસ્તુસ્થિતિનું ભાન થયું અને છલંગ મારીને આવીને તેણે પોતાના છોકરાંને ઊંચકી લીધું. પેલી સ્ત્રીએ પોતાને લાગેલ આંચકાની અસરમાંથી બળ કરીને મુકત થઇને ત્રુટક અવાજે પેલી માની માફી માગવાનું કર્યું. પાસે પડેલી મોટી પર્સ ધ્રૂજતે હાથે ઉઘાડીને જે પહેલી નોટ હાથમાં આવી તે લીધી-દશ રૂપિયાની નોટ લઇને પેલી સ્ત્રીના હાથમાં ખોસવા યત્ન કર્યો.

'મોઇ વાંઝણી!' ક્રોધથી, તિરસ્કારથી, છોકરૂં હમણાં ચગદાઇ જાત એવા વિચારથી ત્રાસતી મા લગભગ ચીસ પાડતા અવાજે પેલી નોટને હાથમાં નહિ લેતાં બોલી ઊઠી: 'આવી વાંઝણીઓ કોણ જાણે કયાંથી આમ ઉભરાઇ જાય છે! પેટે જણ્યાં હોય તો જાણેને! અને ગભરૂ છોકરાંના જાન લેતાં ડરને!'

બીજું ઘણું બબડતી મા છોકરાને જોરથી છાતી સાથે દબાવતી, જાણે ઊભી રહેશે તો હજી કદાચ કાર એના છૈયાને છૂંદી નાંખશે એવા ડરથી ઝુંપડામાં ભરાઇ ગઈ. એ ત્રણેક ઝુંપડાના જૂથમાંથી બીજું માનવી કોઈ બહાર હતું નહિ એટલે સ્ત્રીના જતાં, માર્ગ પાછો નિર્જન થઇ ગયો. તરત તે સ્ત્રીએ પેલી નોટ ઉઘાડી પર્સમાં દાબી, કારને ગતિ આપી-ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતિ આપી. પણ થોડે દુર જતાં એણે ગતિ ધીમી કરી–ઘણી ધીમી કરી. સ્ત્રીના કાનમાં 'વાંઝણી' શબ્દ વિંઝાયા કરતો હતો, વિંઝાઇને સ્ત્રીના આખા શરીર અને મનને પ્રચંડ તોફાને ચડાવી રહ્યો હતો.

'હું વાંઝણી ! ત્રણ–ત્રણ સંતાને–બબ્બે સંતાને હું વાંઝણી ! હું માનું હૈયું સમજુ નહિ ? પેટ જણ્યાં છે ય ખરાંને અને માના હેત એમના પ્રત્યે દાખવ્યાં છે પણ ખરાં ? પણ–પણ ત્યારે હું અત્યારે–મારામાં અને વાંઝણીમાં શો ફેર ? કદાચ હુ વાંઝણી કરતાં પણ વધુ નિષ્ઠુર, વધુ ક્રૂર, વધુ કઠણ હૈયાની !' પુનઃ સ્ત્રીના હૈયામાં વિચાર તરંગો ઊઠયા. આ તરંગો શમાવ્યા શમે તેમ નહોતા. 'કેટલા વાગ્યા હશે ! હાય હાય, સાડા-સાત થવા આવ્યા !' રિસ્ટ વૉચ ઉપર નજર કરતાં સ્ત્રીથી બોલી જવાયું. 'બાબો ઉઠવાની તૈયારીમાં હશે કે ઉઠયો પણ હશે ! રાધાબાઇએ એને દાંત ઘસવા મંજન આપ્યું હશે. આમ તો એ હોતાળ બાઇ છે પણ હવે એની પણ ઉમ્મર થવા આવી એટલે જરાક ઉતાવળી થઈ જાય છે. બાબાને પણ કોઇ કોઇ વાર મારૂં ટૂથ પાઉડર લેવાનું જ મન થઇ જાય છે. રાધાબાઇએ એમ લેવાની ના પાડી હશે ? 'બાબા ! બાબા ! હાય હાય !'

કાર ધીમી થતા થતાં અટકી ગઈ. સ્ત્રીની આંખ શૂન્ય લાગતા નિર્જન માર્ગને તાકી રહી હતી. પણ હૈયાનાં તોફાન વધુ ઉગ્ર થતાં ગયાં. આખરે સહન ન થયું. સ્ત્રીનું આખું શરીર ફસકાંથી ચરથરી ઊઠયું. એણે પોતાનું માથું બે–ચાર ક્ષણ વ્હીલ ઉપર મૂકયું. આંખમાંથી પડતાં આસું સ્ત્રીની સાડી ઉપર ડાઘ પાડવા માંડયાં.

અચાનક કારનાં એન્જીને ફૂંકાર કર્યો, ગીઅર બદલાયાં, કાર કોઇ મહાસંકટમાંથી બચવા કરતી હોય તેમ વેગથી પાછી હઠી અને કારે પોતાનું મોં ફેરવી દીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નહિ, નહિ, હું નહિ જઇ શકું. બિહારી! વીસ વીસ વર્ષનાં બંધન અને માયા મારા જેવી નિર્બળ સ્ત્રીથી નહિ તૂટે! માફ કરજે તું તો વીસ વર્ષથી સહન કરતો આવ્યો છે એટલે તને ભારે નહિ પડે, પણ મારાથી–નહિ નહિ–મારાથી મારાં સંતાનો અને મારા એને નહિજ છોડાય–નહિ જ છોડાય–નહિ જ છોડાય.'

કાર મોં ફેરવીને ક્ષણભર અટકી. પછી સહસા તેણે ગતિ પકડી. ત્રીસ–ચાલીસ–પચાસ–સાઠ માઈલની ગતિથી કાર જે માર્ગે આવી હતી તે માગે પાછી જઈ રહી!

—૫—

૧૯૫૧ ની વાર્તા

મિ. ટેબિકની ગુસ્સો, તિરસ્કાર, નિરાશાભરી આકૃતિ ખંડમાં આમતેમ આંટા મારતી પોતાના નાના પુત્ર જીમ્મીને તતડાવી રહી હતી. જીમ્મી અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં નપાસ થયો હતો. 'માત્ર બેદરકારીથી–બીજું કશું નહિ માત્ર બેદરકારીથી જ આ પરિણામ તું લઇ આવ્યો છે,' પિતાએ કહ્યું 'તને આગળ ઉપર કાંઇ કરવાનો વિચાર પણ નથી? મોટો અભિલાષ પણ નથી?'

'છે તો ખરો,' જીમ્મીએ ગભરાતાં–ગભરાતાં કહ્યું.

'શું કરવાનો મનસૂબો છે?' પિતાએ ત્રાડ પાડી.

જીમ્મી જવાબ નહિ વાળતાં મૂગો જ રહ્યો.

'ભલા, બોલ તો ખરો, શો તારો વિચાર છે?' મિ. ટેબિક બોલ્યા. 'આટલી બેદરકારી રાખીને ભણવામાં જીવ નથી રાખતો તો પછી મોટો થઈને શું કરવા માંગે છે? પણ પુત્રે જવાબ ન આપ્યો.

'જીમ્મી દીકરા! બોલ તો ખરો,' માએ હેતથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરાની બોલવાની જિદ્દ તૂટતી જતી હતી, પણ એને ખાસ જવાબ દેવાની જરૂર લાગી નહી; કારણકે એને ખાસ મહત્વનું કશું જણાવવાનું જણાતું ન હતું.

'બોલબોલ, તારી કાંઈક ઇચ્છા તો હશે ને!' માએ ફરીથી કહ્યું.

'હા, મા, મને સ્વપ્નું આવ્યું હતું, કે મેં દુનિયાને બચાવી.' અકળાઈને જીમ્મીએ જવાબ વાળી દીધો.

'સ્વપ્નું આવ્યું!' પતિએ દાંત પીસીને કહ્યું. 'તારે સ્વપ્નાં સેવવાની જરૂર નથી, કામ કરવાની જરૂર છે.'

'શું સ્વપ્નું આવ્યું તે તો કહે,' મા બોલી, પણ પતિના ક્રોધ આગળ એ સ્વપ્નું કહેવાની ઇચ્છા સુકાઈ ગઇ. જીમ્મી બોલી જ ન શકયો. પાછું થોડીવાર મૌન પ્રસરી રહ્યું.

'કામ કરો, સ્વપ્નાં લાવો તેમાં શું વળ્યું?' પતિએ પાછું ક્રોધમાં કહ્યું. 'પેલા નાના આલ્ફ્રેડ આર્નોલ્ડનો વિચાર કર. અલબત્ત, હવે તે નાનો રહ્યો નથી, પણ આપણી બાજુમાં રહેતો હતો ત્યારે તે તારા જેવડો જ નાનો હતો. તને જેટલી સગવડો હમણાં મળે છે તેટલાથી વધારે સગવડ એને નહોતી મળતી. તે પણ તારી જ સ્કૂલમાં ભણતો હતો અને અત્યારે એણે શું કર્યું છે તે સંભાર. એણે કેવીકેવી અદ્ભુત શોધો કરી છે અને તે ઉપર પેટંટ મળ્યાં છે! તું પણ એજ પ્રમાણે કરી શકત, પણ તારી બેદરકારીથી તું એમાંનું કશું કરવાનો નથી–કરી શકવાનો નથી. જોડણીમાં, ગણિતમાં ઇતિહાસમાં, વિજ્ઞાનમાં–બધામાં જ–સવાલપત્રક વાંચવામાં પણ બેદરકારીથી જ તું નિષ્ફળ નીવડયો છે. તારા દાદા સરકારી નોકર હતા. હું આખી જિંદગી એક મોટી બૅંકમાં ખાસ હોદ્દેદાર તો નહિ પણ કલાર્કોમાં ઊંચે દરજ્જે પહોંચ્યો હતો, અને તું તું તો ભાડાની ટેક્સી ફેરવશે એમ મને લાગે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતા અટકી ગયો. એને એમ હતું, કે એ અટકશે એટલે પુત્ર જીમ્મી કોઇક પણ રીતે દિલગીરી જાહેર કરશે–પશ્ચાત્તાપ કરશે, પણ એ તો સાવ સ્તબ્ધ ઉભો રહ્યો એટલે પિતાએ આગળ ચલાવ્યું :

'અરે! હું જ્યારે તારા કરતાં પાંચ–સાત વર્ષ જ મોટો હતો ત્યારે ભાડૂતી ગાડી હાંકનારાઓ મને સલામ ભરતા. ત્યારે તું એવો વિક્ટોરિયાવાળો નહિ થાય તો ટેક્સીવાળો થશે! મેં તારી પાછળ પૈસા ખરચ્યા એ નકામા જવાના!'

પણ પુત્ર શું બોલે? ખરેખર, એના જીવનમાં અત્યારસુધીમાં એક જ મહેચ્છા હતી. ટેક્સીના ડ્રાઈવર થવાની, એટલે આ વાતાવરણમાં તે મહેચ્છા જેમ વધારે છુપાવી શકાય તેમ સારૂં એમ તેને લાગ્યું. અને બીજાં પાંચ–સાત વર્ષ જતાં જીમ્મી ટેક્સી ડ્રાઇવર થયો પણ ખરો.

પણ આ કથા મુખ્યત્વે જીમ્મી કે એનો પિતા ટેબિકની નથી. એ તો છે આલ્ફ્રેડ આર્નોલ્ડના વિજયોની પરંપરા વર્ણવતી કથા. એ આલ્ફ્રેડ અર્નોલ્ડે જીમ્મી જેવી જ રીતે થોડાં વર્ષો પહેલાં પોતાની જિંદગીનો આરંભ કર્યો હતો અને હવે તો એ બહુજ આગળ વધી ગયો હતો. આ કથા આલ્ફ્રેડ આર્નોલ્ડના વિચારો અને એના વડે એને મળેલી ફતેહની કથા છે.

મુંબઇમાં એક મોટા માર્ગ ઉપર આલ્ફ્રેડ આર્નોલ્ડ ચાલતો હતો, પૂરાં ચાલીસ વર્ષનો પણ તે ન હતો. એ માર્ગ ઉપર આવતાં જતાં અસંખ્ય માનવીઓમાંથી કોઇ તેને ઓળખતું ન હતું. તેનું નામ સુદ્ધાં જાણતું ન હતું. એ માનવીઓમાંથી કોઈને પણ આલ્ફ્રેડ આર્નોલ્ડના નામની એ બદામની પણ કિંમત નહોતી અને છતાં પોતે કેવો મહાન છે એનું એને પૂરેપૂરૂં ભાન હતું એ એક મહાન વિજ્ઞાનશાસ્ત્રી હતો અને એણે હમણાં જ પોતાની છેલ્લામાં છેલ્લી શોધ શાસ્ત્રીય રીતે સંપૂર્ણ કરી હતી. જેમ એક મોટા કીડિયારા ઉપર થઇને નાળવાળા બૂટ સાથે એક પુરુષ ચાલતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેમ એ આલ્ફ્રેડ આ અસંખ્ય નિર્બળ, અનાથ માનવીઓની વચમાં ચાલતો હતો એમ તેને જણાતું હતું.

અને તેમાં એ ખાલી ગર્વ નહોતો કરતો, તેમ એમ ધારવામાં એ અતિશયોકિત પણ નહોતો કરતો. એને એની છેલ્લી શોધની શકિતનો સાચો ખ્યાલ હતો, હજી એ શોધ એણે કાગળ ઉપર પણ ઉતારી ન હતી; પણ એના મગજમાં, એના વિચારોમાં એ શોધ દૃઢ રીતે કોતરાઇ રહી હતી. એ શોધ એણે એટમબોંબ ઉપરથી કરી હતી. નેપોલિયનનાં યુધ્ધમાં વપરાતા ઘોડાઓ કરતાં જેટલા પ્રમાણમાં ૧૯૪૦ના બોંબગોળા વધારે નાશકારક હતા અને એ ૧૯૪૦ના બોંબગોળા કરતાં નાગાસાકી અને હિરોશીમાના એટમબોંબ વધારે નાશકારક હતા તેટલા પ્રમાણમાં એ એટમબોંબો કરતાં આલ્ફ્રેડ આર્નોલ્ડે શોધી કાઢેલ બોંબો વધારે નાશકારક અને શકિતશાળી થનાર હતા. એ વિષે કશો સંદેહ રાખવાનું કોઇ કારણ ન હતું; કારણકે વિજ્ઞાન હમેશાં આગળ જ કદમ ભરે છે.

તેણે માત્ર પોતાની શોધની ફોરમ્યુલા કાગળ ઉપર ઉતારવાની બોટી હતી પછી અલ્પ સમયમાં જ કોઇક માનવી એ રીત પ્રમાણે બતાવેલ બોંબોનો ઉપયોગ કરવાનો જ. કયો માનવી એનો ઉપયોગ કરશે એ જાણવાની કે વિચારવાની આ મહાન વિજ્ઞાન–શાસ્ત્રીને દરકાર ન હતી. એને દરકાર હતી માત્ર વિજ્ઞાનશાસ્ત્રની અને પોતે કરેલી શોધની. એ શોધ એણે આજે જ સવારે સંપૂર્ણ રીતે પૂરી કરી હતી, અને એનાથી એને એવી ખુમારી આવી ગઇ હતી, કે જોકે આ અસંખ્ય માનવીઓમાંથી કોઈ એને ઓળખતું ન હતું છતાં પોતે જાણે કોઇ વિરાટકાય માનવદેહમાં કોઈ અદમનીય દૈવીશકિત હોય અને તે પોતાના પગ નીચે અસંખ્ય કીડીઓનાં કીડિયારાંઓને છૂંદતો જતો હોય તેમ એને લાગી આવ્યું. એ ચાહે તો આ અસંખ્ય માનવીઓનાં કે પછી એમનાં દુશ્મને માંના અસંખ્ય માણસોના જાનને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખના પલકારામાં નાશ કરી શકે એમ હતું. શિવના ત્રિલોચન જેવી ભયાનક ડારતી શકિત અત્યારે એનામાં હતી. એણે તો માત્ર કયા માનવજૂથનો નાશ કરવો છે એટલાનો જ નિર્ણય કરવાનો રહ્યો હતો!

એની વિચારમાળા આગળ ચાલી નહિ, માત્ર એક પક્ષ નહિ પણ બંને પક્ષનો નાશ એનાથી થઈ શકશે. આખી દુનિયામાં આ બોંબના ધડાકા પછી એક પણ ઘર સલામત ઊભું નહિ હોય–કદાચ એક જાન પણ સલામત નહિ રહેવા પામ્યો હોય. તૈમૂર, જંઘીસખાન હિટલર વગેરે સમ્રાટોને આવી શકિત ધરાવવાનો શોખ હતો–મહત્ત્વાકાંક્ષા હતી, પણ પોતાનામાં તો એ શકિત અત્યારે છે એ વિચારથી એ મદોન્મત્ત થઈ ગયો.

અને પેલા સમ્રાટોનાં તો એવાં ગાંડાં સપનાં હતાં. પોતાનું સપનું ગાંડું ન હતું. એણે શોધેલ બોંબ ધાર્યું કામ કરવાનો એમાં કશો શક ન હતો. વિજ્ઞાનના ક્ષેત્રમાં આ માણસ બડાઇખોર ગણાતો ન હતો. કહેલું કરી બતાવે એવો નિષ્ણાત હતો.

અને છતાં પેલાં અસંખ્ય માનવીઓમાંથી કોઇ એની સામે પણ જોતું ન હતું, કોઈ એને ઓળખતું પણ ન હતું, પણ એની આને શા માટે દરકાર હોય? દરકાર તો પેલાં અસંખ્ય માનવીઓને આ માણસની સાક્ષાત્ વિજ્ઞાનમૂર્તિની રાખવાની હતી. દુનિયાનું કોઇ પણ શહેર આ બોંબની શકિતની મર્યાદાની બહાર ન હતું. જમીન ઉપર બાંધવામાં આવેલાં એકેએક ઘર કાગળના મહેલ જેટલા આ બોંબ આગળ શકિતશાળી હતાં!

અને આ બધું કોને લીધે? શાને લીધે? પોતાને લીધે! પોતાની અદ્‌ભુત વૈજ્ઞાનિક શોધને લીધે! પોતાનામાં જેટલી અત્યારે સત્તા હતી તેટલી સત્તા 'ન ભૂતો ન ભવિષ્યતિ' કોઇ પણ માણસ પાસે ન હતી. એની હિમાલયથી પણ વધુ પ્રચંડ શકિત આગળ કોઇ ઘર સલામત ન હતું, કોઈ શહેર સલામત ન હતું એટલું જ નહિ પણ મોટીમોટી નદીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચાનક ઘોડાપૂર આવી એ બધી નદીઓ પોતપોતાના પ્રવાહ બદલાવી નાખશે અને સમુદ્રો પણ કેટલાય ખંડને પાણીમાં ઝબોળી પોતાના ઉદરમાંથી નવા ખંડો બહાર લાવશે એની તેને ખાતરી હતી. ચન્દ્રની ગતિને પણ એનાથી પ્રચંડ અસર થશે એવું તેનું ગણતરી ભર્યું અનુમાન હતું. આલ્ફ્રેડ આર્નોલ્ડ ગ્રહોનો પણ ગ્રહ હતો! અને છતાં અત્યારે જ્યારે તે એ માર્ગ ઉપરથી ચાલ્યો જતો હતો, ત્યારે કોઇ માનવી એને ઓળખતું પણ ન હતું એક સામાન્ય માણસ કરતાં કોઈ પણ રીતે એ ચડિયાતો છે એમ આમાંનું કોઇ માનવી જાણતું ન હતું. એની શકિતની ભયંકરતા અને અમર્યાદિતતાનો કોઇને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. પણ કદાચ, એણે જતાં જતાં વિચાર કર્યો, આમ જ નાના ક્ષુદ્ર જંતુંઓ પાસેથી એક ગજરાજ જતો હોય ત્યારે વિચારતો હશે! મૂર્ખ માનવીઓ!

એણે જતાંજતાં વિચાર કર્યો: 'ઘેર પહોંચીને પહેલું કાર્ય એ કરૂં કે આ પ્રચંડ વિનાશ અર્પતા અણુબોંબની ફોર્મ્યુલા કાગળ ઉપર ઉતારી લઉં.' પણ સાથેસાથે એણે એટલો પણ વિચાર કર્યો, કે પોતાના જીવન દરમ્યાન એ હકીકત બહાર પાડવી નહિ; કારણ કે જ્યારે પણ તેનો ઉપયોગ થાય ત્યારે પોતે પણ બીજાંઓની પેઠે મૃત્યુશરણ જ થાય. એ બોંબ ફૂટે તે પહેલાં એને થોડીઘણી કીર્તિ મળે તેટલાથી જ પોતાને સંતોષ માનવાનો રહે. ના ના, એના કરતાં તો પોતાની બીજી શોધોથી જેટલી કીર્તિ મળે તેટલાથી સંતોષ માનીને આ બોંબની ફોર્મ્યુલા તો પોતના મરણ પછીજ બધાને જણાવવામાં આવે તો સારૂં. પણ આખી દુનિયાનું જીવન પોતાની મુઠ્ઠીમાં છે તે વિચારથી જ તેને પરમ સંતોષ થતો હતો. જ્યારે પોતે મૃત્યુ પામે, ત્યારે અથવા તો તેનો થોડો સમય અગાઉ આ અદ્‌ભુત શોધ બહાર પાડવી જોઇએ, એટલે પછી પોતે મરણ પામે તેજ વખતે અથવા તો તે પછી અલ્પ સમયમાં આખી દુનિયા પણ એજ માર્ગે જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સર્વ નાશ પછી જે દુનિયા રહેશે તે હમણાંની દુનિયાથી તદ્દન જુદી જ હશે અને તે ભયાનક, અકલ્પ્ય, અવર્ણનીય ફેરફારનો ઉત્પાદક પોતે જ હશે. અને માત્ર દુનિયા કેમ ? ચંદ્રની પણ શી સ્થિતિ થશે ? પોતે ચંદ્રને પણ હાનિ પહોંચાડી શકે એ ખ્યાલ માત્રથી તેની છાતી ગર્વથી ફુલાઇ ગઇ. ચંદ્ર ઉપરના જ્વાલામુખીઓ શાંત થઇ ગયા ત્યાર કેડે ત્યાં નહિ જણાયેલ શકિતની પ્રબળ અસર ત્યાં થશે અને એ અસર કરનાર પોતે આલ્ફ્રેડ આર્નોલ્ડ હશે એ વિચારથી તેનું મસ્તક નમાવી, જે ફૂટપાથ ઉપર અસંખ્ય માનવીઓ એની પાસે થઇને જતાં હતાં છતાં એને પિછાનતાં ન હતાં તે ફુટપાથ ઉપરથી તે નીચે ઊતર્યો સામી બાજુએ જવા ઉતર્યો.

અને તેજ ક્ષણે પેલો જીમ્મી ટેબિક કોઇ ભાડાની શોધમાં ટેકસી દોડાવતો ત્યાં આવી પહોંચ્યો, બંને પક્ષે થોડી બેદરકારી હતી–અલબત્ત, કોર્ટે પાછળથી જીમ્મીને છોડી મૂકયો હતો. આલ્ફ્રેડ આર્નોલ્ડના મગજમાં જે પ્રચંડ વિચાર ઘૂમતો હતો તેને લઇને તેને આલ્ફ્રેડ આર્નોલ્ડને આવતી ટેકસીનો ખ્યાલ નહિ રહ્યો હોય એ સમજાય તેવી વાત છે. અને જીમ્મીને હજી પણ પેલું વિચિત્ર સ્વપ્નું સતાવ્યા કરતું હતું કે તેને વિધાતાએ એક અતિ મહત્ત્વના કાર્ય માટે જ આ દુનિયામાં મોકલ્યો હતો અને તે કાર્ય તે આ દુનિયાને કોઇ અભૂતપૂર્વ આફતમાંથી બચાવવાનું: તે સ્વપ્નાના વિચારમાં ને વિચારમાં તેણે ટેવ પ્રમાણે મૂંગળું તો વગાડયું પણ એથી વચમાં આવતો પુરુષ અટકયો કે નહિ એ તેણે જોયું નહિ. પરિણામે આલ્ફ્રેડ આર્નોલ્ડ નામનો એક વિજ્ઞાનશાસ્ત્રી ચગદાઇ મુઓ.

ગમે તે હો, પણ જીમ્મીએ વિધાતાએ સોંપેલું કાર્ય સંપૂર્ણ રીતે સફળ તો કર્યું, તેણે દુનિયાને બચાવી લીધી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદા

આ દુનિયા રંગભૂમિ છે એટલે કે રંગમંચ છે એમ વિદ્વાનો કહી ગયા છે. એ પ્રમાણે જોતાં આપણે માનવીઓ નટ–નટીઓ છીએ. મહાન પણ અદૃશ્ય સૂત્રધાર જેમ આજ્ઞા આપે તેમ આપણને નટ–નટીઓને એ જીવન–નાટક કરવું પડે છે. એજ પ્રમાણે બીજી રીતે કહીએ તો, એજ મહાન સૂત્રધાર રમત રમે છે તેમાં આપણે એનાં સોગઠાં છીએ. એ સોગઠાં આખા જગતમાં લગભગ સરખાં જ છે. અને એનાથી તે દિવ્ય ખેલાડી લગભગ એકસરખી રમત રમે છે. એ રમતના ખરા નિયમો શા છે તે આપણે જાણતા નથી. આપણામાંના અતિ વિદ્વાન માનવીઓ કદાચ એ નિયમોમાંથી થોડાઘણાં વિષે અસ્પષ્ટ ખ્યાલ ધરાવતા હશે; પણ એ એટલું જ. એથી વિશેષ નહિ, એ સોગઠાંમાં 'દાદા' નામનું સોગઠું પણ આવી જાય છે.

સમયના વહન સાથે, સંયોગોના પરિવર્તન સાથે આવાં નટ–નટીઓ કે સોગઠાંની પ્રકૃતિ પણ અમુક પ્રમાણમાં બદલાતી જણાય છે. ઉપર કહેવામાં આવ્યું તેમ લગભગ સારી જહાંમાં માનવીઓનાં હૃદય એક જ પ્રકારનાં હોય છે. એ હૃદયો અમુક લગભગ એકસરખી ભાવનાઓથી, ઉર્મિઓથી ધડકે છે. ફડકે છે, વ્યગ્ર બને છે, શાંતિ અનુભવે છે. પણ આપણે તો આપણી આસપાસની નાની દુનિયાને સ્પર્શતાં સોગઠાંનો વિચાર કરીએ છીએ એટલે એમાં મુખ્યત્વે આપણાં પ્રતીકો જ લાગે. બાકી એમાં જરા વધારો–ઘટાડો કરીએ તો દુનિયાના કોઇ પણ ભાગના સોગઠાં તરીકે એ ચાલી શકે ખરા.

માત્ર અલ્પ સમય પહેલાં 'દાદા' આપણા નાના જગતમાં બહુ અગત્યનો ભાગ ભજવતા હતા. પાંચ–સાત માણસોથી માંડીને પચાસ–પંચાવન માણસોનાં બનેલ એક સંયુક્ત કુટુંબનાં એ દાદા ડિકટેટર હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકહથ્થુ સત્તા ચલાવનાર રાજા-મહારાજા હતા. એમના હાથમાં અનર્ગળ સત્તા હતી. તે પોતાના નાના રાજ્યમાં ચાહે તો રામરાજ્ય સ્થાપી શકતા, ચાહે તો અંધાધૂંધીવાળો કારભાર ચલાવતા, ચાહે તો નર્યું નર્કાગાર ઊભું કરી શકતા. એ નાનાં કે મોટાં સંયુક્ત કુટુંબરૂપી રાજ્યનું ભાવિનિર્માણ આ દાદાના હાથમાં હતું.

તે વખતે દાદા બહુ નાની વયમાં થવાતું. ત્રીસ-બત્રીસ વર્ષના ઉંમરે દાદા થઇને એ બહુ જવાબદારીની પદવી શોભાવવા પણ માણસો ભાગ્યશાળી થતા. ચાળીસની ઉંમર તો તે જમાનામાં બહુ પાકટ ગણાતી અને એ ઉંમરનાં માણસો મૃત્યુની વાતો, તે માટેની તૈયારી વગેરે બાબતોમાં રચ્યાપચ્યા રહેતાં; પચાસે તો એઓ બહુ બુઢ્ઢા ગણાતા. પણ એમ કરતાં કરતાં એએ આસાનીથી સિત્તેર-એંસીવર્ષ સુધી પણ જીવન ટકાવી રાખતા. પણ પંચાવન-સાઠ વર્ષ પછી દાદાની દાદાગીરી લગભગ અદૃશ્ય થઇ જતી અને રફેતેરફેતે તો એ એક વખતના પ્રતાપી દાદા માત્ર પરિહાસ કે ઉપહાસની વસ્તુ બની જતા.

એક વખતના એમના એક હાકોટાથી એમનું નાનું જગત લગભગ સ્થંભી જતું. પણ ધીમેધીમે વૃદ્ધાવસ્થાની ક્રૂરતાથી એ દાદાને પોતાની વાતો સંભળાવવા બે એક છોકરાંને પણ દીર્ઘ સમય સુધી પકડી રાખવામાં મુશ્કેલી જણાતી.

ભકતકવિ તુલસીદાસ જેમ ગાઇ ગયા છે તેમ 'તુલસી, આ સંસારમેં ભાતભાતકે લોક' તેમ એવા અસંખ્ય પ્રકારના દાદા થઇ ગયા અને થશે. પણ એ અસંખ્ય પ્રકારને વણવતાં શેષનાગની સહસ્ત્ર જિહ્વા પણ અસમર્થ નીવડે તો પછી આપણું શું ગજું ? એટલે એવા બધા જ પ્રકાર વર્ણવવાનો આશય આ લેખમાં કદી રાખ્યો જ નથી એટલું આ સ્થાને કહી દેવું અમને ઉચિત લાગે છે.

ન્યાયી દાદા પોતાની પ્રજામાં ઘણું સુખ અને શાંતિ સ્થાપી શકતા. એ સંબંધે અનેકાનેક દૃષ્ટાંતો જડી આવે એમ છે પણ અહીં એકાદ બે બસ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સંયુક્ત કુટુંબમાં, લગભગ સિત્તેર વર્ષનાં દાદી ગુજરી ગયાં. દુનિયાના રંગઢંગથી અનુભવી બનેલ માણસોએ જોયું કે, દાદાને ખુશ કરવાનો આ સારો પ્રસંગ હાથ આવ્યો છે. એમણે ઘરમાં સંપૂર્ણ શોક દાખલ કરી દીધો. પંચોતેર વર્ષના છતાં ગુલાબી ડોસાને આ વાતની તરત જાણ નહિ થઇ. પણ અચાનક પતંગની મોસમ આવી અને એક પાત્રે પતંગ ચગાવવા બેચાર આના માગ્યા. તે ઉપરથી દાદાને ખુશ કરવા યત્ન કરનાર પક્ષકારો તે નાના અજ્ઞાન બાળક અને તેની મા ઉપર તૂટી પડ્યાં. દાદાએ વસ્તુસ્થિતિ સમજી લીધી અને પેલા નાના છોકરાને બેચાર આનાને બદલે બેચાર રૂપીઆના પતંગ અપાવ્યા–એટલું જ નહિ પણ તે મોસમની સંક્રાંત પોતે પણ અગાસી અને છાજલી ઉપર ડેકડા મારી, પતંગ ચડાવી, પેચ લડાવી, ઘાંટાઘાંટ અને બૂમાબૂમ કરી આનંદ માણ્યો, એટલુંજ નહિ પણ સંક્રાંતને દિવસે સારૂં જમવાનું પણ કરાવ્યું!

બીજા એક કુટુંબમાં દાદા લાંબા સમયથી વિધુર હતા. રાજ્ય પોતાના મોટા પુત્રની વહુ ચલાવતી હતી. દીવાળી ઉપર ઘરમાં બધાંને વરસ ચાલે તેટલા લૂગડાં લઇ લેવાની પ્રથા હતી. એ પુત્રવધૂએ એક દેરાણી ઉપર વેર રાખ્યું. બે દીવાળી લાગલાગટ એ દેરાણી અને તેનાં છોકરાં માટે સૌથી ઓછું કાપડ લેવાયું. દેરાણીના પતિશ્રી બળવો ઉઠાવે એવી પ્રકૃતિના ન હતા એટલે એમણે તો પત્નીને 'સહન કરવું એય છે એક લહાણું'નો સિદ્ધાંત સમજાવી દીધો. પણ દેરાણી સહન કરી લે તેમ નહોતી. એણે કુટુંબના કાપડિયાને ત્યાં જઇને બીજાને આપવામાં આવ્યું હતું એટલું કાપડ લઈ આવીને તેનું જુદું બીલ કરાવ્યું. દાદાજી રોજ સાંજે બેચાર મિત્રોને લઇને બીઝીકની પત્તાની રમત કે સોગઠાંબાજી રમવા બેસે. એક વેળા એમ બેઠા હતા તે વેળા જઇને દેરાણીએ–નાની પુત્રવધૂએ જઇને દાદાજીને પેલું બીલ ધરી દીધું. અનુભવી દાદાએ તે વખતે કશું પૂછ્યું નહિ અને 'દીકરી, મૂકી જા. પછી વાત કરીશ' કહીને તે બીલ ગજવામાં મૂક્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંડળી વિખરાઈ ગયા કેડે દાદાજીએ પુત્રવધૂને બોલાવીને બધી પરિસ્થિતિ જાણી લીધી અને સંતોષ થવાથી એવો હુકમ આપી દીધો કે ભવિષ્યમાં દીવાળી ઉપર દરેક પુત્ર અને પુત્રવધૂ જુદાંજુદાં બીલ કરાવે અને તે દાદાજીને આપે. આવા પણ દાદા હતા !

દાદા વધારે પ્રતિભાશાળી હોય, તો એક કુટુંબના દાદા બન્યા ઉપરાંત આખી ન્યાતના અને ઓળખાણ પાળખાણવાળામાં પણ દાદા થઇ જતા-થઈ શકતા. ગમે તેવાં શકિતશાળી સ્ત્રી-પુરુષો આવા દાદાથી ડરતાં ફરતાં પણ નાનાં છોકરાં બેધડક એમને પોતાના મિત્ર ગણી શકતાં.

આવા દાદા ન હોય તો ઘડપણ આવ્યા પહેલાં જ એમનાં હાથમાંની સત્તા સરી જતી અને જેમ આગળ કહેવામાં આવ્યું છે, તેમ માત્ર એક હાસ્યાસ્પદ વ્યકિત તરીકે એ વૃદ્ધ મૃત્યુના આગમનની વાટ જોતો દિવસ નિર્ગમન કરતો.

સમય અને સંયોગ બદલાતાં, હવેના જમાનામાં દાદા થતાં જ માણસ સહેજે પંચાવન-સાઠ વરસનો થઇ જાય છે. સંયુકત કુટુંબ જેવી સંસ્થા તો પોતે પિસ્તાળીસેકની આસપાસનો હોય તે વારે કે તે પહેલાં તૂટી ગઈ હોય છે; એટલે પોતે એકાદ દીકરા ભેગો રહેતો હોય છે. અને પોતાને નામે પૈસા ન હોય, તો તો લગભગ દયા ઉત્પન્ન કરાવે તેવી સ્થિતિ અનુભવતો હોય છે. અલબત્ત, પોતાનામાં કમાવાની શકિત હોય અથવા બેંકમાં અને પોતાની મિલકત હોય તો તે એ દાદાની સ્થિતિ જુદી જ હોય એ સમજી શકાય તેમ છે.

આવા એક વૃદ્ધ પણ સશકત દાદાજી મેં જોયેલા. એમના ચારે છોકરા જુદાજુદા રહી ગયેલા. પોતે જાથુકના એક દીકરાને ત્યાં રહેતા પણ થોડેથોડે વખતે બીજા છોકરાઓને ત્યાં પણ જઈ આવતા. મેં એકવાર ગર્ભિત રીતે આ પ્રશ્ન છેડયો. વૃદ્ધે અટ્ટહાસ્ય કરીને કહ્યું. 'ભાઇ ! મને પુત્રો, પૌત્રો, પુત્રવધૂઓ વગેરે દુઃખ તો શું આપે પણ એકેકમાં મને વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ માન આપે છે તેની સરસાઇ કરે છે અને મારી જિંદગીનું જતન કરવામાં તેઓ હદથી પણ વધારે કાળજી બતાવે છે. પણ એનું કારણ પણ હું સમજું છું. એક મહિનો વધુ જીવ્યો એટલે ડોસો ઘરમાં પાંચસાત હજાર રૂપિયા વધારે લાવ્યો! આવા ડોસાને દુઃખ તો શું પણ નાની જેવી અગવડ આપવા કોણ તૈયાર થાય?'

પણ આવા કે કોઈ પણ પ્રકારના દાદાને વખત જતાં અનેક કલા શીખી લેવી પડે છે. પોતાના સમવયસ્ક મિત્રો એક પછી એક મૃત્યુશરણ થતાં, પોતે મિત્રવિહોણા થતા જાય છે એટલે પોતાને પ્રમાણમાં નાની વયના મિત્રો શોધવા પડે છે. અને ગમે તેવા મિત્રોને પણ નભાવી લેવા પડે છે. જુવાનીની વાત જુદી: એક મિત્ર જોડે કજિયો થતાં બીજા ચાર મિત્રો કરી શકાય. પણ વૃદ્ધોને તો એક જતાં એનું સ્થાન ખાલી જ રહેવાનું. એ ઉપરાંત, બદલાતા જતા જમાના પ્રમાણે પોતાને પણ થોડું ઘણું બદલાવું પડે, નહિ તો 'ગોળ કાણામાં ચોરસ ખીંટી' જેવી પોતાની સ્થિતિ થઈ જાય કારણ કે હમણાંના જમાનામાં સંસારનાં સર્વ સોગઠાંના વર્તનમાં કેવી ઝડપથી પરિવર્તન થતું જાય છે! જે કુટુંબમાં માત્ર ત્રીસ વરસ ઉપર, પાંચ વરસની છોકરીના અને સાતઆઠ વરસના છોકરાના વિવાહ થઇ જતા અને લગ્ન પણ થઇ જતાં તે કુટુંબમાં આજે પરન્યાતિલા અને પરકોમોમાંથી છોકરા-છોકરી જોડે સિવિલ મેરેજ કાયદા પ્રમાણે પરણીને પૌત્રો અને પૌત્રીઓ આશીર્વાદ માગવા દાદા કને આવે, ત્યારે હસતે મુખડે દાદાજીએ એ આશીર્વાદ આપવાના રહે છે!

આમ સમય-સંયોગો સાથે બદલાતા જતા દાદા આજે પણ ભૂતકાળની ભવ્યતાની ઝાંખીઝાંખી પણ બતાવી શકે છે એમ ન કરનાર વ્યક્તિઓ પોતે દુઃખી થાય છે, અને અનેકને દુઃખી કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૭—

બાપુજીનો ખાટલો

મારી જુવાનીના ઘણા પ્રસંગો અત્યારે મારાં ચિત્તમાંથી ખસી ગયા છે પણ એક પ્રસંગ હજી એવો ને એવો તાજો રમ્યા કરે છે. એક રાતે બે વાગ્યે એ પ્રસંગ બન્યો હતો. એમાં બાપાજીના ખાટલાએ ખાસ ભાગ ભજવ્યો નહતો છતાં કોણ જાણે શાથી મા તો હજી પણ તે રાતને એવી રીતે ઓળખાવે છે કે 'જે રાતે તારા બાપાજીનો ખાટલો ભાંગી ગયો હતો તે રાત!' પણ એમ આડું અવળું બોલ્યા કરતાં હું તમને સૌને સમજણ પડે તેવું સીધેસીધું કહી નાખું:

અલબત, ગમે તેવી સિફતથી કહીએ પણ જે રીતે પ્રસંગ બન્યો હતો તે રીતનું યથાર્થ ભાન તો કોઈ બીજાંને આવી શકે જ નહિ; કારણ કે એ પ્રસંગ બનતો હતો તે વેળા તો ફરતીચરતું પડવું, બારણાં અફળાવાં, જુદાંજુદાં માણસોની જુદાજુદા પ્રકારની ચીસ વગેરેનું આહેહૂબ વર્ણન તો કોઇથી કરી શકાય જ નહિ. પણ હશે હું એ પ્રસંગ મને આવડે તેવી રીતે વર્ણવી જાઉં.

એક રાતે અમારા દાદાજી ક્યાંક બે ત્રણ દિવસ માટે બહારગામ ગયા હતા એવે વખતે બાપાજીએ કહ્યું કે 'દાદાજી સુએ છે તે કાતરિયામાં હું એમના ખાટલા પર સુઇશ.'

માએ તરત વિરોધ કર્યો. 'નહિ નહિ, તમે એવા એવા વિચાર શા માટે કરો છો? એ ખાટલો લેલેમજનુન જેવો તો થઈ ગયો છે. તમે આમતેમ આળોટયા અને ખાટલો ઊંધો થઇ ગયો તો એ તૂટી જશે અને એમનું માથું તૂટી જશે.' પણ બાપાજીએ એકવાર નિશ્ચય કર્યો એટલે એ ફરવાનો જ નહિ. એટલે આખરે માના સખત વિરોધ છતાં, સાડાદસ થયા એટલે બાપાજી નાનાસાંકડા દાદર ઉપર ચઢીને કાતરિયામાં સુવા ગયા. એ સુતા ત્યાં સુધી અમે બધાંએ પેલા ખાટલાના કાંઈ કાંઈ વિચિત્ર અવાજ સાંભળ્યા અને દરેક વખતે માને એમ થયું કે ખાટલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂટયો અને બાપાજી મર્યા. પણ આખરે બાપાજી સુતા અને ખાટલો પણ અવાજ કરતો બંધ થયો.

આ બનાવ બન્યો તે વેળા મારો મામાનો છોકરો અમારે ત્યાં થોડા દિવસ માટે રહેવા આવ્યો હતો. હવે એના ભેજાંમાં કોણ જાણે શાથી કાંઇક એવો જ ધખારો પેસી ગયેલો કે કોઇક દિવસ એ જ્યારે ઊંઘતો હશે ત્યારે એનો શ્વાસ અટકી જશે! એ મારા ઓરડામાં સુતો હતો એટલે પહેલે દિવસે એણે મને કહ્યું કે 'મારી પાસે એક એલાર્મ કલૉક છે જે કલાકે કલાકે વાગશે માટે તું ગભરાતો કે અકળાતો નહિ.' મેં એને સમજાવીને કહ્યું કે 'તું જરા પણ ડરતો નહિ. હું જરા પણ અવાજથી જાગી ઉઠું છું એટલે જેવો તારો શ્વાસ બંધ થતો લાગશે કે તરત હું જાગી જઇશ.!'

એણે માન્યું તો ખરૂં પણ વિશ્વાસ બેઠો નહિ. એટલે પહેલી રાતે જ એણે શ્વાસ બંધ કરવાનો ઢોંગ કર્યો પણ હું તૈયારજ હતો એટલે ખોટાં નરકોરાં બોલાવતો હતો તેમાંથી છલંગ મારીને બેઠો થઈ ગયો! આથી તેને મારામાં વિશ્વાસ હતો પણ એના બાપ અને ફોઇઓ બધાંજ અમુક અમુક વિચિત્રતા ધરાવે છે. તેની એક ફોઈ અને અમારી ગંગામાસીને મનમાં એવું જ લાગી ગયું હતું કે પોતે દીવાન ફળિયામાં જ જન્મી હતી અને પરણ્યા પછી દીવાન ફળિયામાંજ રહેતી હતી એટલે એ દીવાન ફળિયામાં જ મરવાની. બીજી અમારી જમનામાશીને એવું જ થઇ ગયું હતું કે રાતે ચોરો આવીને તેને કલોરોફોર્મ સુંઘાડીને તેની દોલત લૂંટી જવાના છે. આથી, રોજ રાતે, જમનામાસી પોતાના દરદાગીના અને રોકડનું પોટલું કરીને સુવાના ઓરડામાં બારણા આગળ મૂકતાં અને સાથે એક ચીઠ્ઠી લખી રાખતાં કે 'મારી પાસે આટલું જ છે માટે તે લેવું હોય તો લઇ જજો પણ મને શીશી સુંઘાડતા નહિ!'

ત્રીજાં ગોદાવરીમાસીને છેલ્લાં ચૌદ વર્ષથી એમજ હતું કે રોજ રાતે એને ત્યાં ચોરો આવે છે પણ પોતે ચાલાકીથી તેને નમાડી મૂકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજ રાત પડે કે ઘરમાંના બધા જોડા એકઠા કરીને પોતાના ખાટલા નીચે મૂકે. પછી અગીઆરેક વાગે પોતે ઉઠે અને પોતાના ધણીને ઉઠાડવા યત્ન કરે પણ પેલો ઉઠે જ નહિ એટલે આખરે પોતાના ઓરડાનું બારણું ધીમે રહીને ઉઘાડે અને પછી ત્યાં ઊભાં ઊભાં એક પછી એક ચાર-પાંચ જોડા ઘઘર ઉપરથી નીચે ફેંકે અને પછી સુઇ જાય!

પણ આ તો હું આડી વાતે ચડી ગયો. સાડા અગીઆરેકે તે દિવસે અમે બધાં સુતાં. જે કાતરિયામાં બાપાજી તે દિવસે સુતા હતા તે કાતરિયાંની બરાબર નીચે મારાં માનો ઓરડો હતો. એ પહેલે માળે હતો એટલે એની બરાબર નીચે હૉલમાં અમારો મોટો ડાઘીઓ કૂતરો સુતો હતો તેની એક બાજુના ઓરડામાં હું અને મારો પેલો મામાનો છોકરો જેનો શ્વાસ અટકી જાય એવી તેને બ્હીક હતી તે સુતા હતા. અને બીજી બાજુએ મારો એક ભાઇ મંગળ સુતો હતો. માના ઓરડામાં મારો સૌથી નાનો ભાઇ તુષાર સુતો હતો.

મારો ખાટલો ફોલ્ડીંગ હતો, એટલે કે એની ઘડી વળાઇ જાય અને પછી મુસાફરીમાં હાથમાં ઉંચકીને લઇ જઈ શકાય. આમ ખાટલો સારો હતો પણ વરસમાં ત્રણેક વાર તે ઉથલાઈ પડતો એ ઉથલાઇ પડતો ત્યારે અવાજ ઘણો મોટો થતો અને એમાં પાછી મારા ઓરડાની જમીન લાકડાંની હતી એટલે એ અવાજ કેવડો થતો હશે તેનો ખ્યાલ સૌ કોઇ કરી શકશે.

હવે થયું એવું કે તે રાતે, બરાબર બે વાગે, મારો ખાટલો એવી રીતે પ્રચંડ ધડાકા સાથે ઉથલાઇ પડયો. મારી ઉંઘ રાતે બે વાગે જરા ભારે હોય છે એટલે ખાટલો મોટા અવાજ સાથે ઉંધો પડયો છતાં હું જાગ્યો નહિ. ખાટલો મારા ઉપર સારી રીતે ગોઠવાઈ ગયો હતો એટલે મને તો ખાસ અડચણ પડી નહતી કે વાગ્યું નહતું. પણ મારી મા તરત જાગી ઉઠી અને એણે એમ માની લીધું કે બાપાજીનો ખાટલો પડયો અને બાપાજી એનાથી થયેલી ઇજાથી મરણ પામ્યા! આથી તેણે ઉઠીને એમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીસ મારવા માંડી કે 'ચાલો ચાલો, તમારા બાપાજી પાસે ચાલો.' મારો નાનો ભાઇ તુષાર એમ સમજ્યો કે ગમે તે કારણને લઈને મા ગાંડી થઈ ગઇ છે એટલે એણે જોરથી માને કહેવા માંડ્યું કે 'મા કાંઈ નથી, તમે સુઇ જાઓ.'

આ બધી બૂમરાણથી પણ હું જાગ્યો નહિ પણ મારો મામાનો છોકરો જાગી ઉઠ્યો અને તેણે માની લીધું કે એનો શ્વાસ અટકી જાય છે અને એથી બધાં લોકો ગભરાઇને બૂમો મારે છે? એટલે એણે પણ બૂમો મારવા માંડી કે 'આવો આવો, હું મરી ચાલ્યો! મારો શ્વાસ અટકી જવાની અણી ઉપર છે!' પણ કોઇ એની પાસે આવ્યું નહિ એથી ગભરાઇને અને અકળાઇને એ ઉઠ્યો અને બારણામાંથી બહાર ધસવાને બદલે કાચની બંધ બારી ઉપરજ એણે મૂકકીઓ મારી. તડાકા અને ધડાકા સાથે કાચ તૂટયા એના અવાજથી હું જાગ્યો અને જ્યારે મેં જોયું કે હું ખાટલા ઉપર નથી પણ ખાટલો મારા ઉપર છે ત્યારે મારી ખાતરી થઇ કે આ બધો ઘોંઘાટ અને બૂમાબૂમ મારે માટેજ છે! ખાટલો પડયાથી મને બહુ ઈજા થઇ હોવી જોઈએ અને લોહી-લુહાણ થઇ ગયો હોઇશ. આથી મેં પણ ખૂબ ઘોંઘાટ કરી મૂકી.

આ બધાં તોફાન દરમ્યાન, મા ઉપર કાતરિયામાં જઇને બાપાજીનું શબ બહાર કાઢવા માગતી હતી અને નાનો ભાઈ તુષાર એનો હાથ પકડીને તેને ઉપર જવા દેતો ન હતો. એટલામાં મારો બીજો ભાઈ મંગળ ઉઠીને 'બધાંએ સુવા દેવા છે કે નહિ? આ તમે લોકોએ માડ્યું છે શું!' એવી ઘર ગજવનારી બૂમો મારવા માંડી અને તેની સાથે સૂર પૂરાવતો હોય તેમ ડાઘીયા કૂતરાએ જોરથી ભસવા માંડ્યું!

બાપાજી એકવાર ઊંઘ્યા પછી ગમે તે કરો પણ જાગે નહિ તે પણ હવે જાગી ઊઠયા. એમણે તરત કલ્પના કરી લીધી કે 'કહો કે ના કહો પણ ઘરને આગ લાગી છે!' એટલે 'તમે ગભરાઓ નહિ, જરા ગભરાઓ નહિ, હું હમણાં આવી પહોંચીને બધો બંદોબસ્ત કરી દઉં છું'ની ગર્જના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા ખાટલા પરથી ઉઠયા. ખાટલો ખૂબ ચેંચું ચેંચુ બોલવા લાગ્યો એટલે માએ ફરીથી ચીસો પાડવા માંડી 'બિચારા ! કોઇ હવે તો જાઓ ! એ તો સ્વર્ગે ગયા !'

આની તરફ હું, મંગળ, ડાઘીઓ કુતરો અને મારા મામાનો છોકરો માના ઓરડામાં આવી પહોંચ્યા હતા. મારા મામાનો છોકરો માનો હાથ પકડીને કહેવા લાગ્યો કે 'હું તદ્દન સારો છું. જરા પણ ફિકર નહિ કરો !' એ બિચારો એમજ ખ્યાલમાં હતો કે એ મરી જતો હતો એથી મા બૂમ મારતી હતી.

એટલામાં મંગળે સ્વિચ શોધીને દીવો કર્યો. બાપાજી ધીમે ધીમે સાંકડો દાદર ઊતરીને નીચે આવ્યા. એમણે આગની પૂછપરછ કરી માએ એમને જીવતા જોઇને આનંદથી રડવાનું શરુ કર્યું મંગળે તુષારને પુછવા માંડયું. ને મને વાગ્યું નથી છતાં બધા બૂમો શા માટે મારતા હતાં એ વિશે બધાંને તતડાવવા માંડયાં મામાના છોકરાએ પોતાનો શ્વાસ અટકી નથી ગયો એવી બધાંને ખાતરી આપવા માંડી સવારે પાંચ વાગે બધાં શાંત થયાં. અલબત, ખરૂં શું થયું તેની પૂરી વાત તો કદાચ મારા સિવાય બીજું કોઇજ જાણતું નહિ હોય ! પણ મા તો હજી પણ એ વાત નીકળે છે ત્યારે કહે છે કે "તે દિવસે તમારાં બધાંના પૂણ્ય આડે નહિ આવ્યાં હોત તો તમારા બાપાજી બચત નહિ."

—૮—

બંધ તૂટયો

મારી જીંદગીમાં અસાધારણ પ્રસંગો કહી શકાય એવા બનાવો બહુ થોડા બન્યા છે-નથી જ બન્યા એમ કહીએ તો પણ ચાલે એમ હું ઘણીવાર કહી ચૂકયો છું. છતાં અનેક નાના પ્રસંગો મોટું સ્વરૂપ ધારણ કરીને મને આજે પણ એમના સ્મરણોથી સતાવ્યા કરે છે. એમાંનો એક પ્રસંગ જે દિવસે અમારા ગામથી સહેજ છેટે આવેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો નદીનો બંધ તૂટયો, અથવા તો સાચું કહેવા જઇએ તો જ્યારે અમે એમ ધારી લીધું કે બંધ તૂટયો–તે પ્રસંગ મને હજી ગઇ કાલેજ જ બન્યો હોય એમ સાંભર્યા કરે છે.

તે દિવસે મારા અતિવૃદ્ધ અને બહેરા ખૂંટ દાદાજીએ પોતાની નેવું વર્ષની વયે પણ જે શૂરાતન બતાવ્યું હતું તે હું કદી ભૂલી શકું એમ નથી. પણ હું પ્રસંગનું જ વર્ણન કરૂં એટલે આપોઆપ દાદાજીના શૌર્યની કથા પણ એમાં આવી જશે.

વચમાં એટલું પણ કહી દઉં કે અમારૂં ગામ ઘણી ઊંચી જગ્યાએ આવેલું છે. નદી અને એનો બંધ અમારા ગામથી દસ–પંદર માઇલ દૂર છે, પણ એ નદીમાં મોટામાં મોટું પૂર આવેલું ત્યારે ત્રીસ ફીટ ઊંચે ચઢેલું અને અમારા ગામને જો એને પહોંચવું હોય તો પંચાણું ફીટ તો એણે ચઢવું જ જોઇએ. જો એટલું ચઢે તો અમારૂં ગામ માત્ર નહિ પણ કદાચ આસપાસ પાંચસો માઇલનો વિસ્તાર પાણીથી ઢંકાઇ જાય. બંધ તૂટવાથી આ પરિસ્થિતિમાં ફેર પડે તેમ હતું જ નહિ. પણ આ બધું કહેવાથી કશો ફાયદો નથી. જે બન્યું તે લખવાનો મારો આશય છે.

એક દિવસ રવિવારના બપોરનો સમય હતો. ભૂરાં આકાશમાંથી સૂર્યનો તાપ એકધારો નીતરતો હતો. ગામમાંથી લગભગ બધાં જમી કરીને પરવારી રહ્યાં હતાં, અને ગામગપાટાં મારતાં મારતાં બપોરની ઊંઘ કાઢવા આતુર હતાં. ત્યાં અચાનક જાણે આભમાંથી અણધોમ્બ પડયો હોય તેમ સર્વત્ર હાહાકાર થઇ ગયો. અમારૂં ઘર ગામના મધ્ય-ભાગમાં લગભગ છે; ત્યાં અમને દૂરથી ભયાનક ચિચિયારીઓ સંભળાઇ નાનાં છોકરાંની ચીસો અને રડવાના અવાજ, સ્ત્રીઓની દુઃખભરી બૂમો અને પુરૂષોના ભયથી વ્યાકુળ બની ગયેલા હાકોટા કૂતરાં–અનેક કૂતરાંના ભસવાના અને રડવાના અવાજ. તેમાં થોડાં ઢોરનો ભાંભરવાનો અવાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે અમને સંભળાયાં. હજી તો અમે આશ્ચર્યથી અને કુતૂહલથી 'શુ હશે? શું હશે?' કરતા ઓટલા ઉપર આવ્યા ત્યાં તો પુરૂષો, ઓરાં, છોકરાં, કૂતરાં, ઢોર વગેરે પૂરપારીએ અમારા ઘર આગળ આવતાં જણાયાં અને ક્ષણવારમાં તો તેમાંની આગલી હરોલ તો ઘર વટાવીને આગળ દોડતી ચાલી ગઇ.

અમે કારણ પૂછવા ઓટલેથી કમ્પાઉન્ડના દરવાજે ગયા ત્યાં અચ્છડની બૂમો સાંભળી: 'ઊભાં શું રહ્યાં છો? મરી જવું છે? પ્રલયકાળ આવી લાગ્યો છે. બંધ તૂટયો છે અને પાછળ પાણી ભયંકર અવાજથી અને ભયાનક ગતિથી આપણને ગળી જવા ધસી રહ્યું છે. નાસો નાસો મારા બાપલા, મરી ગયા રે! મૂઆ રે! કોના પાપ નડયા!' વગેરે વાકયો અમને ભયભીત કરતાં અમે સાંભળ્યાં અને માણસો, કૂતરાં અને ઢોર આગળ દોડતાં ગયાં. પાછળ અમે નજર ફેરવી તો જ્યાં નજર પહોંચે ત્યાં સુધી માણસો, કૂતરા, ઢોર વગેરેની હારમાળા ત્વરિત ગતિથી આવતી જણાઇ રહી. કોઇ કોઇએ હાથમાં લેવાય તેટલો સામાન પણ લીધો હતો.

પણ એ સામાનના પ્રકાર જૂદા જૂદા હતા અને જો શાંતિનો સમય હોત તો એ જૂદા જૂદા પ્રકારની ઉપરથી કોઇ માનસશાસ્ત્રીએ એ માણસોના માનસ વિશે બહુ લાંબો લેખ પણ લખી નાખ્યો હોત. કોઇએ ખાવાનાં–રાંધવાનાં વાસણો લીધાં હતાં, કોઇએ ત્રણ ચાર તકિયા અને એકાદ બે જાજમ ખાંધે નાખ્યાં હતાં, કોઇએ ઘરેણાંનો દાબડો બગલમાં માર્યો હતો. તો વળી કોઈકે ત્રણેક છત્રી અને એચાર લાકડી ઊંચકી લીધી હતી. દોડનાર બધાંજ વ્યગ્ર હતાં. પાછળ ધસી આવતું પાણીનું પ્રચંડ પૂર તેમને આવરી લે નહિ એટલા માટે જેટલી ત્વરાથી નસાય તેટલી ત્વરાથી નાસી છુટવાની દરેકની ઉત્કંઠા દેખાતી હતી. કોઇપણ માણસ ક્ષણ પણ ઉભું રહીને અમને પૂરી વાત કરવા ઇંતેજાર જણાતું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા ઘરમાંથી તમામ માણસો–નોકર, ચાકરો સુદ્ધાં અને અમારા બે મોટા કૂતરા આ દોડતાં–કરામણાં મોતથી દૂર ભાગતાં માણસોને જોઇ રહ્યાં અને અમે પણ એ ઘસ્યાં આવતાં અદમનીય મૃત્યુના પ્રવાહમાંથી છટકવા બધા માણસોની સાથેજ દોડવાનો નિશ્ચય કરી લીધો. ઘરમાંથી કશી પણ વસ્તુ લઇ લેવાનો સમય અમને નથી. એમ અમને સાફ જણાયું એટલે જે હાથમાં હતું તે હાથમાં જ રાખીને અમે એ જીવનદોડમાં સામેલ થવાનું યોગ્ય માન્યું. પણ અમારી એ માન્યતા તાબડતોબ અમલમાં મુકી શકાઇ નહિ.

અમારા દાદાજી પણ એટલી વારમાં હાથમાં મોટી ડાંગ લઇને કમ્પાઉન્ડના દરવાજા સુધી આવી પહોંચ્યા હતા. લોકો શું કહેતા હતા તે તો તેમણે સાંભળ્યું જ નહિ–સાંભળવાની એમણે દરકાર પણ કરી નહિ એમને સમયના વહનનો સાફ ખ્યાલ હવે રહેતો ન હતો, એટલે પચાસ–સાઠ વર્ષ પહેલાંનો મામલો ધારી લીધો. તે વેળા કોઈ કોઇવાર બહારવટિયાઓ ધાડ પાડતા હતા અને તેમનો સામનો પણ એમણે તે વખતે એમની જુવાનીમાં ખૂબ કરેલો. એટલે દાદાજીની આંખ ફાટી. દોડતાં ટોળાંની વચમાં એઓ ઘુસ્યા અને પોતાની મોટી ડાંગ તેમણે ઘુમાવીને ત્રાડ પાડી. 'ખબરદાર! બાપલાઓ! ઘર છોડી છોડીને આમ નાસી જતાં શરમાતા નથી? બહારવટિયા પણ આખરે તો માણસ જ છે ને! કાંતો એઓ નહિ અને કાંતો આપણે નહિ. રણે ચડયો રજપૂત હઠે નહિ! બહાદુરો! આવા તો કાંઈ કેટલા બહારવટિયાઓને આપણે ભૂંજી નાખ્યા છે. માટે ઊભા રહો, એમનો સામનો કરો–કેશરિયાં કરો. ઔરાંઓ પણ સાંબેલાં લાવો. છોકરાંઓ ગલોલથી લડો. જય બજરંગ!'

પાછળથી આવતાં ભયાનક ઘોડાપૂરમાંથી બચવા નાસતા માણસોના અનહદ કોલાહલમાં પણ દાદાજીની આ રણહાક ઠીક ઠીક ગાજી ઊઠી અને કાંઇ નહિ તો પાંચ–પચીસ માણસો તો ક્ષણભર ચમકયાં પણ ખરાં અને તેમણે પૂછયું પણ ખરૂંઃ 'હે! શું ખરી વાત છે? પૂર આવે છે કે બહાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટિયા?'પણ બહુમતી પૂર તરફ પડી અને થાકેલાં માણસો પણ 'ડોસો ભયથી દિવાનો થઇ ગયો લાગે છે!' કહેતાં કહેતા દોડમાં સામેલ થઇ ગયાં.

દાદાજીને અમે ખરી વસ્તુસ્થિતિ સમજાવવા ઘણાં ધાંટા પાડયા પણ એ એકના બે થયા નહિ. એમણે અમને પણ ધૂતકારી કાઢયા અને બાપાજીને તો એમણે ત્યાં સુધીનું કહી નાખ્યું કે 'તું મારે પેટે પથ્થર પાકયો હોત તો અત્યારે મારે લાજવાનું ન થાત!'

આમ કયાં સુધી ચાલત એતો કેમ કહી શકાય? પણ એટલામાં વધારે ઝડપથી દોડતાં આવતાં માણસોના ધકકા વાગવાથી દાદાજી પડી ગયા અને પડતાં પડતાં પણ તેમણે ગર્જના કરી કે 'જય બજરંગ.' તે પછી એ ક્ષણભર બેભાન થયા. એ તકનો લાભ લઇ અમારા ત્રણ નોકરોએ એમને જેમ તેમ ઉપાડયા એમને ઉપાડવાનું કાર્ય સહેલું તો નહોતું જ કારણ કે ઉંચાઇમાં છ ફીટ, પહોળાઇમાં ચાર ફીટ અને વજનમાં બસો ઉપરનું વજન ધરાવનાર દાદાજી હલકા ફુલ જેવા ન હતા. અને અમે પણ દોડવા માંડયું.

જેમ જેમ અમે દોડતા ગયા તેમ તેમ દોડનારાંની સંખ્યા વધવા માંડી. 'નાસો, નાસો, જીવ બચાવવો હોય તો નાસો બંધ તૂટયો ત્રણ ત્રણ મથોડા પુર પાણીના મોજાની કતાર પાછળ હાલી આવે છે.' આ વાકયોમાંથી છુટક છુટક શબ્દો બધાં બોલતાં જતાં હતાં અને ઓટલે ઊભેલાં બારીએથી જોતાં નીરાંતે બેઠેલાં બધાં માણસો અમારી દોડમાં સામેલ થતાં જતાં હતાં અને એઓ પણ બૂમો મારવામાં ભાગ લેતા થઈ જતાં હતાં. અમારા સઈન્યમાં પૈસાદાર, ગરીબ, વૃદ્ધ જુવાન પુરૂષ-સ્ત્રી, શેઠ-નોકર કશાનો ભેદ રહ્યો ન હતો સિપાઇઓ, જમાદારો અને ફોજદારો પણ પોતાની ફરજ છોડી છોડીને નાસવામાં અને 'નાસો નાસો'ની બુમો મારવામાં ભેગા મળ્યા હતા. ભાડાની ગાડીવાળાઓએ ગાડીઓ છોડીને અમને સાથ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરીઆઓએ પોતાની હાથગાડી છોડી, દુકાનદારોએ દુકાનો ત્યાગી, માર્ગમાં એક સ્કુલના અમુક ભાગનું કે અમુક વર્ષનું ઉદ્ઘાટન હતું તે સમારંભ એમનો એમ રહ્યો. સ્કુલનાં પંદરસો છોકરાં, તેના માતપિતા અને સગાં વહાલાં શિક્ષકો તેમજ ખુદ ઉદઘાટન વિધિ કરનાર એક પ્રતિભાશાળી વ્યકિત પણ અમારી દોડતી ફોજમાં જોડાઈ ગયાં.

તે દરમ્યાન અમારા દાદાજી પાછા હોંશિયાર થઇ ગયા હતા અને બહારવટિયાઓથી ડરીને બધાં નાસે છે એને બદલે પાસેના ગામમાં ધાડ પડી છે એની વ્હારે બધાં જોઈએ છીએ એવી વાત તેમણે સ્વીકારી લીધી. આથી તેમના ક્ષત્રિયત્વને સંતોષ થયો અને પેઢી ડાંગ પાછી લઇને પ્રચંડ અવાજે 'આજે તો કાં આપણે નહિ કાં બહારવટિયા નહિ. પાસેના પાડોશીઓને બચાવવા એ આપણી ફરજ છે. માટે ધસો. બહાદૂરો આગળ ધસો. પાછો પગ દે તે બાયલો છે. જય બજરંગ !' ની ગર્જના કરતા આગળ વધ્યે જતા હતા.

આ 'બંધ તૂટયો'ની વાત પહેલાં કોણે કાઢી અને પછી કેવી રીતે બધાં લોકોઓ એ અપનાવી લીધી એ વિશેની સત્ય હકીકત તો આજે પણ કોઈના જાણવામાં આવી નથી શકી. પણ આ દોડ ક્યારે અને કેવી રીતે પૂરી થાત એ પણ આજે કહી શકાય તેમ નથી. ગમે તે હો પણ દોઢેક કલાકની આ પ્રચંડ આગેકૂચ પછી કોણ જાણે કેમ પણ એક લશ્કરી ટુકડી જે તે ગામને પાદરે પડાવ નાખીને પડી હતી તેની જાણમાં આ બધું આવ્યું અને તેમણે પગપાળા અને ઘોડાઓ ઉપરથી નાસતા જતા લોકોને મોટાં મોટાં ભુંગળાંમાંથી બધાંને સમજાવવા માંડયું કે 'બંધ તૂટયો જ નથી.

પહેલાં પહેલાં તો આનાથી ઉશ્કેરણી વધી ગઇ હતી કારણ કે નાસતાં માણસોએ આ બુમનો અર્થ એવો જ કર્યો કે 'બંધ ખરેખર તૂટયો છે.' પણ પેલા લશ્કરી માણસોએ દોડતાં માણસોને આગળ જવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધાં જ નહિ એટલે આખરે ધીમે ધીમે બધાના જાણવામાં આવ્યું કે બંધ તુટયો નથી અને બંધ તુટયો ન હતો એટલે પાણીનું ઘોડાપૂર પાછળ આવતું નહોતું.

પણ આટઆટલા માણસોને ખરી વાત સમજાય. દોઢ-દોઢ કલાકની ત્વરિત કુચ પછી થાકેલાં પાકેલાં, આ ભયાનક પ્રસંગ વિશે ચર્ચા કરતાં ઘેર પાછાં જાય એમાં પણ વખત તો લાગેજ ને! પાંચેક કલાકે અમારૂં ગામ પાછું ઠેકાણે આવ્યું. પોતાનાં પ્રચંડ લશ્કરથી ગભરાઈ જઇને બહારવટિયાઓ નાસી ગયા એવો સંતોષ હવે દાદાજીને થશે એમ અમે ધારતાં હતાં પણ એને બદલે દાદાજી તો એમજ માનવા લાગ્યા કે દશેરાના દિવસે શમીપૂજન કરીને બધાં માણસો પાછાં સ્વગૃહે જતાં હતાં!

આ અવર્ણનીય અને વિરલ દોડમાં અમારી સાથે જ પેલા ઉદ્ઘાટન વિધિ કરનાર આગેવાન વ્યકિત હતા. પાંચેક વર્ષ સુધી તો આ પ્રસંગની વાત એમની આગળ કરવાની કોઇ હિંમત કરી શકતું નહોતું.

—૯—

સનેપાતની રાત.

અમારા કુટુંબમાં, કોણ જાણે શું છે તે કાંઇ ને કાંઈ ગોટાળા ચાલ્યા જ કરતા હતા. અમારાં ગામને પણ કાંઇક એવું જ વરદાન લાગતું હતું. ઘણાં વર્ષની વાત છે. તે વખતે બાપાજીના પાસેના સુવાના ઓરડામાં મારો નાનો ભાઈ સૂતો હતો. એક દિવસ લગભગ મધરાત હતી. ઘરમાં બધા ઘસઘસાટ ઊંઘતાં હતાં. માત્ર નાનોભાઇ જાગતો હતો. એને ત્રણચાર દિવસ થોડો થોડો તાવ આવેલો, અને આખો દિવસ સૂઇ રહેવાથી તેને તે દિવસે ઊંઘ આવતી નહોતી. એનો સ્વભાવ પ્રથમથી જરા ટીખળી તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો. એમાં એને ઊંઘ આવતી નહોતી, એટલે એને એક વિચાર સૂઝી આવ્યો.

વિચાર આવે પછી એને અમલમાં તરત જ મૂકવો, એ તો નાનાભાઇની ખાસ ખાસિયત હતી. એટલે એ તો તરત ઊઠયો અને ધીમે પગલે બાપાજીના ઓરડામાં જઇ ખાટલા આગળ ઊભો. પછી થોડો ખૂંખારો ખાધો એટલે બાપાજી જાગી ઊઠયા. નાનભાઇને નાટકી ચાળા પણ સારા આવડતા હતા; એટલે તેણે પોતાની આંખો ચડાવી અને માથાના વાળ તો પીંખીને જ ગયેલો. આવું આનું સ્વરૂપ જોઇને બાપાજીને તરત વહેમ પડયો કે નાનાભાઇને જરૂર સનેપાત થયો હોવો જોઇએ. તાવના ઘેનમાં ને ઘેનમાં એ આ પ્રમાણે ઊઠીને પોતાની પાસે ચાલ્યો આવ્યો છે એમ તેમને લાગ્યું. તેમણે ધીરેથી કહ્યું. 'નાનાભાઈ, જા જઇને સુઇ જા હું તને સુવાડી આવું ?'

એના જવાબમાં નાનાભાઇએ દાંત કચકચાવ્યા અને ભયંકર પણ ધીમે અવાજે કહ્યું. 'ઝાઝી લાયફા ન કરો. તમે બુઢ્ઢા બાલુ છો અને તમારે માટે મોતનો પયગામ આવી ગયો છે. ચાલો, વહેલા થાઓ. જમરાજા ખોટી થાય છે !'

બાપાજી આથી ઘણા ગભરાઈ ગયા અને નાનોભાઇ જે બાજુ હતો એની સામી બાજુથી ખાટલા ઉપરથી નીચે ઊતર્યા અને પછી પાછા એકવાર બોલ્યા. 'નાના, એમ નહિ કરીએ. ચાલ, હું તને સુવડાવી દઉં.'

જવાબમાં ભયાનક હાસ્ય અને દાંત પીસીને પેલાએ કહ્યું. 'વિવેકથી નહિ માનશો તો અપમાન ખમવું પડશે, જમરાજાનું કહેણ મિથ્યા થવાનું નથી. ચાલો, ગુપચુપ મારી સાથે ચાલો.'

'પણ–પણ' બાપાજી કહેવાનો યત્ન કરવા લાગ્યા.

'પણ ને બણ ! બુઢ્ઢા બાલુ ! આવે છે કે નહિ ? કે અહીં જ બાળીને ભસ્મ કરી દઉં ?' નાનોભાઇ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપાજીએ ફરીથી વાટાઘાટમાં ઉતરવાની જરૂર જોઇ નહિ. તેમજ તેમાં તેમને ડહાપણ પણ નહિ જણાયું. તેમણે છલંગ મારીને રૂમમાંથી લપાટો મારી અને એક ક્ષણમાં જ્યાં મા સૂતી હતી ત્યાં જઇને બૂમો મારવા લાગ્યા

બાપાજીની બૂમાબૂમથી મા, હું, મોટાભાઇ અને બહેન દોડીને બાપાજીની આસપાસ વીંટળાઈ વળ્યાં. તેમણે બધી હકીકત કહી. સામાન્ય રીતે, જ્યારે પણ તાવ આવે છે ત્યારે નાનોભાઇ બહુ શાંત પડી રહે છે. એટલે આવી વાત અમારે ગળે ઊતરી નહિ.

'તમારી કાંઇ ભૂલ હશે,' માએ કહ્યું. 'નાનો એમ કરે એવો નથી'

'ત્યારે શું હું જુઠું બોલું છું ?' બાપાજીનો મિજાસ ગયો. 'એને ચોખ્ખો સનેપાત થયો છે. એનો ચહેરો જોઇને કોઇ પણ કહી શકે.'

'પણ બાપાજી,' મોટાભાઈએ વચમાં ઝુકાવ્યું. 'નાનાને એટલો તાવ નથી કે જેથી એને સનેપાત થાય.'

'તો શું મને સનેપાત થયો ?' હવે બાપાજીનો ગુસ્સો ખરેખર ફાટયો. 'હું મધરાતે, કકડતી ઠંડીમાં અહીં આવીને તમને કહેવા આવ્યો તે સનેપાતમાં, ખરૂં કેની ?'

'તમને સનેપાત થયો એમ કોણ કહે છે ? આ તો તમને કદાચ એવું સ્વપ્નું આવ્યું હોય !' મા બોલી.

'અને તમને 'બુઢ્ઢો બાલુ' તરીકે કોણ બોલાવે છે ?' હું વળી વચમાં બોલ્યો.

'કદાચ નાનપણમાં તમને તમારા કલાસના છોકરા એવું કહીને બોલાવતાં હોય !' બહેને શંકા બતાવી.

આથી બાપાજી વધારે ગુસ્સે થયા અને ખૂબ મોટા ઘાંટા પાડીને, પોતે સાચેસાચ નાનાભાઈ જોડે વાત કરી એમ કહેવા લાગ્યા. એટલામાં ઉપરથી દાદાજીએ ગર્જના કરી: 'કોણ છે ? ઘાડપાડુઓ મારે ઘેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા ? બચ્ચાજી જાણતા નથી કે સિંહની ખોડમાંતેમણે માથું ઘલ્યું છે, આવવા દો એમને ઉપર.'

આ ગર્જના સાંભળી અમે બધાં શાંત થઇ ગયાં. આવા પહેલાંના ગોટાળા વખતે એ ત્રણ વખત દાદાજીએ બધુંકથી માણસોને ઝખમી કરેલા એ સંભારી અમે બધાંએ વિચાર કર્યો કે ત્યાં ઊભા રહેવામાં સહીસલામતી નથી. તેમ બાપાજીનું કહેવું અમે કોઇએ માન્યું નહોતું એટલે નાનાભાઇની રૂમમાં જઇને ખાતરી કરી લેવી એમ પણ બધાંને લાગ્યું. વખતે નાનાને ખરેખર તાવ વધારે ચઢી ગયો હોય તો ચાંપતા ઉપાય લેવાય એમ ધારીને અમે બધાં નાનાભાઇની રૂમમાં ધીમે પગલે ગયાં ત્યાં અમે ધારતાં હતાં તેમ નાનોભાઇ શાંત રીતે, ઘસઘસાટ ઊંઘતો હતો. (અલબત, મને પાછળથી ખબર પડી તે પ્રમાણે એ ઢોંગ જ કરતો હતો.)

માએ તેના ખાટલા પાસે જઇને માથે હાથ ફેરવી જોયો. મોટાભાઇએ પેટપર હાથ મૂકયો તાવ તો જરા પણ ન હતો. એથી માએ એને હેતથી ઢંઢોળ્યો અને પેલાંએ ઊંઘમાંથી જાગવાનો દેખાવ કર્યો અને કહ્યું. 'કેમ કેમ ? શું છે? દાદાજીને કાંઈ થઇ ગયું ? બોલો તો ખરા.'

બાપાજીએ પોતાની વાત કહેવા માંડી. માએ તેની વિરૂદ્ધમાં કહેવા માંડયું. નાનાભાઇએ તો બહુ આશ્ચર્ય બતાવીને જણાવી દીધું કે સૂતા પછી તે ઉઠયો જ નથી !

પરિણામે બાપાજી એક પક્ષમાં અને બીજા પક્ષમાં અમે બધાં એમ મળીને ઠરાવ્યું કે બાપાજીને માત્ર સપનું જ આવેલું. બાપાજી વિરોધ કરતા રહ્યા પણ અમે તે માન્યું નહિ. નાનોભાઇ ધારત તો બાપાજીના પક્ષમાં કહી શકત પણ તેનાથી તે થઈ શકે એમ હતું નહિ; કારણ કે એ કબુલાતથી તો એને બાપાજીનો માર અને અમારાં તરફથી ખાસડા આવાં પડત. એથી એણે તો મૌન જ સેવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદાજીએ કાંઇ આગળ પગલાં લીધાં નહિ અને અમે આશરે બે-અઢી કલાકની ચર્ચા પછી પાછા સૌ-સૌને ઠેકાણે સુવા ચાલ્યાં ગયા. બાપાજી હજી પણ આ રાતને નાનાભાઇના સનેપાતની રાત તરીકે ઓળખાવે છે.

આ વાતને છ-એક મહિના થઇ ગયા હશે. તે વખતે બાપાજીનો રૂમ મારા રૂમની પાસે હતો. મને કોણ જાણે શાથી ઊંઘ નહિ આવી. વિચારમાં ને વિચારમાં સુરતથી પાસે જ હજીરા જતાં વચમાં 'અડાજણ' નામે ગામ આવે છે ત્યાં અમે-હું અને મારા દોસ્તો ઉજાણીએ ગયા હતા. તે વાત મને સાંભરી. ત્યાં કોણ કોણ હાજર હતા તે મને યાદ આવ્યું. પણ કોણ જાણે શાથી 'અડાજણ' ગામનું નામ મને યાદ નહિ આવે. મેં ઘણાં ઘણાં નામો યાદ કર્યાઃ કતારગામ, ઈચ્છાપોર, મોટા, કાંકરાખાડી, પાલેજ, ઉંધના, રાંદેર એ બધાં નામ યાદ આવ્યાં; પણ પેલું અડાજણ નામ જ યાદ આવે નહિ.

વાંચનારમાં ઘણાંને આવો અનુભવ કોઇ વાર તો થયો હશે. આવી રીતે ગામનું, મિત્રનું, સગાનું નામ યાદ આવે નહિ તો તે યાદ આવે ત્યાં સુધી આપણે ખૂબ અકળાયેલા રહીએ. તેમ બનવું સાધારણ છે. મને પણ તેમજ બન્યું મારી ઊંઘ ઊડી ગઇ અને સાથે સાથે હું ખૂબ બહેબા-બાકળો બનતો ગયો. અને મને લાગવા માંડયું કે આમને આમ, જો લાંબો વખત ચાલ્યા કરશે તો કદાચ ગાંડો થઇ જઇશ.

ક થી માંડીને જ્ઞ સુધીનાં મને યાદ આવતાં નામો હું બોલ્યો, પણ પેલું નામ મને યાદ ન આવ્યું તે નજ આવ્યું. આખરે મને એવો વિચાર આવ્યો કે બાપાજી અસલ બહુ મુસાફરી કરતા હતા અને સુરતની આસપાસ પણ ખૂબ રખડેલા એટલે એમને પૂછું તો કદાચ તરત સાચો જવાબ મળી જશે. વળી તે વેળા બાપાજી મારી પાસેનાજ રૂમમાં હતા એટલે બીજાંની ઊંઘમાં ખલેલ પણ નહિ પડે. માત્ર છ જ મહિના પહેલાં મારા નાનાભાઇએ બાપાજી પાસે જઇને જે નાટક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું હતું તે હું તેજ વખતે ભૂલી જ ગયો હતો, એટલું મારે આ સ્થળે કહી દેવું જોઇએ...

હું તો મારી પથારીમાંથી ઊઠયો અને સીધો ગયો બાપાજીના રૂમમાં તેમના ખાટલા પાસે અને ધીમે રહીને તેમને ઊઠાડયા. મારા વાળ જરા લાંબા અને આળોટવાથી જરા પીંખાઈ ગયેલા હતા જ. ઉજાગરાથી આંખ પણ લાલચોળ થઈ ગઇ હશે એમ હું માનું છું. બાપાજી ઊઠયા અને મારી સામે જૂએ છે એટલામાં તો મેં એમને પૂછયું. 'બાપાજી, બાપાજી મને જલ્દી કહો,–સુરત પાસેના ગામોનાં નામો મને કહો. બાપાજી, મને એકદમ કહો, નહિ તો હું ગાંડો થઇ જઈશ.'

'હા, હું જરૂર બોલી જાઉં,–જોની પલસાણા, મઢી, બારડોલી,' બાપાજીએ બેઠા થઈને બોલવા માંડયું.

'નહિ નહિ એ નહિ બીજાં' હું ઉશ્કેરાઇ બોલ્યો. 'જે ગામ હું મારા ઇસ્કોલના દોસ્ત જોડે જયાફત ઉપર ગયો હતો તે ગામનું નામ.'

'હાં રે દીકરા તેજ હું કહું છું ને, જો સાંભળ,' બાપાજી ખાટલાની બીજી બાજુએ નીચે ઉતરી પડીને બોલ્યા. 'પાલેજ, બારેજડી, ઓરપાડ દહેગામ ભરૂચ, અશ્વનિકુમાર.'

'નહિ, નહિ, બાપાજી, નહિ એ બધાં નહિ તમે મને જલ્દી કહો, નહિ તો હું ગાંડો થઇ જઈશ.' મેં કહ્યું.

'હા, હા, તને નહિ કહું તો કોને કહેવાનો હતો, દીકરા ?' બાપાજી હું ગાંડો થઇ ગયો હતો એમ ધારતા હતા એટલે આમ બોલતા બોલતા અચાનક બારણા તરફ ધસ્યા અને બહાર નીકળી ગયા. હું મારી મૂઝવણમાં એમજ ધારી બેઠો કે બાપાજી પૂરેપૂરા જાગ્રત નથી અને ઊંઘમાં જ દોડયા છે એટલે હું પણ એમની પાછળ દોડયો અને માના રૂમ આગળ મેં એમને પકડી પાડયા. હું એમને બાઝી પડયો બાપાજીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગભરાઇને બૂમો પાડવા માંડી, મા એકદમ બહાર નીકળી પડી. અમને એકેકને બાઝેલા જોઇ તેણે મારા બે ભાઇ અને બહેનને બૂમો પાડી અને પછી બાપાજીને પૂછ્યું 'શું છે શું ?' અમારે ત્યાં આવા અસામાન્ય અને અદ્‌ભુત પ્રસંગોમાં પણ મા જરા પણ ગભરાતી નહિ એ બહુ સારૂં હતું.

'શું છે ? તારા દીકરાને પૂછ !' બાપાજીએ કહ્યું.

'દીકરા, શું છે ?' માએ મને પૂછ્યું.

'હું નથી જાણતો. હું એમના ઓરડામાં ગયો એટલે બાપાજી અચાનક ગભરાઇને ઊઠયા અને બહાર દોડવા લાગ્યા. એટલે હું પાછળ પડયો અને મેં એમને પકડયા.' મેં જવાબ વાળ્યો.

'તું નથી જાણતો ? સૂરત પાસેના ગામોનાં નામો શા માટે પૂછવા આવેલો આટલો વહેલો સવારે ત્રણ વાગે ?' બાપાજી બોલ્યા.

'મને એક ગામનું નામ યાદ નહોતું આવતું તેથી.' હું બોલ્યો.

'બસ. આ વખતે તો પાછો મને ખોટો ઠેરવવો નથીને ?' બાપાજીએ માને પૂછ્યું.

આટલામાં તો મારા બે ભાઇ અને બહેન આવી પહોંચ્યાં હતાં અને 'શું છે ? શું છે ?' ના પ્રશ્નોની પરંપરા તેમના મોંમાં છૂટવા માંડી હતી.

'હં અં, યાદ આવ્યું. માફ કરજો બાપાજી, હંકે અડાજણ–અડાજણ–અડાજણ–હા એજ.' કહીને હું મારા રૂમ ભણી નાઠો, અને ત્યાં જઇને પાંચ મિનિટમાં ઘસઘસાટ ઊંઘી ગયો. બાપાજીએ લગભગ પોણો કલાક ત્યાં ઉભા રહીને બધાંને સમજણ પાડી શકાય તેટલી સમજણ પાડી અને આશરે ચારેક વાગે બધાં સૂઇ ગયાં.

બીજે દિવસે સવારે કાંઇક બીજો પ્રસંગ બન્યો હતો એટલે મને ફરીથી કોઇએ આ વિશે પૂછેલું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧૦—

વાદવિવાદનું દર્દ

આ સંસારમાં અનેક રોગો છે, અનેક દર્દો છે કેટલાંકના ઉપાય જડયા છે જ્યારે કેટલાંક અસાધ્ય પણ ગણાઈ ગયાં છે. જો કે તેને મટાડવાના ઉપાયની શોધો તો ચાલુ જ છે. આવાં દર્દમાંનું એક દર્દ ગણાય છે—હું તો જાણું છું. ઘણાં માણસો એ દર્દને અસાધ્ય ગણી કાઢે છે અને એ દર્દ જે માણસને લાગુ પડયું છે તે તેથી નાસતા ફરે છે.

લાંબા સમય સુધી હું પણ એનાથી નાસતો ફરતો હતો. છતાં એ દર્દની સામા થવાના ઉપાય શોધવા પાછળ તો હું મંડયો જ હતો. ઘણાં વર્ષોની મહેનત પછી મને પોતાને લાગે છે કે મને એ દર્દ સામા ઝઝુમવાનો ઉપાય હાથ લાગ્યો છે. અને હું આપણા વૈદ કે હકીમો જેવો નથી કે હું મારી શોધ છુપી રાખું હું તો મને જે લાગ્યું છે તે જાહેરમાં મૂકીજ દઉં છું. બીજા એના વડે ફાયદો કરે અને સુખ પામે તો હું બહુ સંતોષ પામીશ.

આટલું પ્રાસ્તવિક લખ્યા પછી એ લખવાનુ પ્રાપ્ત થાય છે કે આ વાદવિવાદ કરવાની ટેવ જેને પડી હોય છે જેને આ રોગ લાગુ પડયો હોય છે તે પોતે જંપતો નથી જપંવા માગતો નથી અને બીજાને જંપવા દેતો નથી.

એવા માણસને તમે સાધારણ રીતે એમ કહો કે હાલમાં રૂતુ સારી ચાલે છે છે કે તરત જવાબ મળે 'હા, ભાઈ હા ! એમ મન મનાવો. લાંબો વિચાર કર્યા વગર જ જેને બોલવું હોય તેને કોઇ રોકી શકે તેમ નથી. બાકી આવી રૂતુ ચાલવા માંડે છે અને શીતળા, ઓરી, અછબડા વગેરે ફાટી નીકળે છે. મેલેરિયા પણ એની પાછળ પાછળ આવવાનો જ.' આપણે એ વાત પડતી મૂકીને કહીએ. કે હમણા હમણા લોકલ ટ્રેનોમાં ભીડ તો અસહ્ય છે, ભાઈ' એટલે તરત પ્રત્યુત્તર મળે જ: 'આને તમે અસહ્ય ભીડ કહો છો? ત્યારે તમારે તો એકેક માણસને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકક ડબો જોઈતો હતો, ખરૂંને? અરે ભલા ભાઈ, એ તો ઠીક છે કે આ હિન્દુસ્તાન છે. બીજા દેશોમાં જઈને જુઓ તો ખબર પડે!' વળી પછા આપણે બહાદુરીથી પીછેહઠ કરીને કહીએ 'એ વાત તો સાચી, ભાઇ, પણ રામરાજ્ય લઇને તો આપણે હેરાન થઇ ગયા!' એટલે ઉત્તરમાં પેલા ભાઇ ભભુકી ઉઠે:

'હા રે હા, તો પાછા બ્રિટીશોને બોલાવી લાવોને તમને આવું બોલતાં શરમ નથી આવતી? શું તમે હેરાન થયા? અત્યારે અંગ્રેજો હોત તો ભુખે તરસે તમે મરી ગયા હોત. જરમની અને ઈટલીમાં જઇને જરા જોઇ આવો. ભુખમરો કોને કહે છે તેની તમને જરા ખબર પડે ખબર! દુનિયામાં અત્યારે કદાચ અમેરિકાને બાદ કરી નાખો તો આપણા દેશ જેવું સુખ બીજા કોઇ દેશમાં નથી. અને અમેરિકાનું પણ કહી દઉં, મારા મહેરબાન, કે એ તો ડુંગરા દૂરથી રળિયામણા છે.'

આવા માણસોથી આપણે દૂર જઇ જઈને ક્યાં જઈ શકીએ? હાલતે ચાલતે, ઘરમાં કે ઘર બહાર, ઓફિસમાં કે ટ્રેનમાં, સિનેમામાં કે નાટકઘરમાં કે દરિયા કિનારે એવા માણસ અથડાવાનાજ. એટલે તો મેં એ વિશે ભારે વિચાર કરીને એક ઉપાય શોધી કાઢયો છે. એ ઉપાય એક માણસના સંબંધમાં ચાલુ રાખ્યા કરીએ તો મને લાગે છે કે એ રોગ એને મટી જાય અથવા તો નિરાશામાં અને નિરૂત્સાહમાં પેલો માણસ મૃત્યુ પામે. એ ઉપાય હું કેવી રીતે અજમાવું છું એજ હું જણાવી દઉં.

હું એક લોકલમાં ચર્ચગેટથી બેઠો. તે વખતે બીજું મહાયુદ્ધ ચાલતું હતું. ટ્રેનોમાં બહુ ભીડ થતી નહોતી ઓફિસથી પાછા ફરતાં ટ્રેનમાં સારો જેવો આરામ પણ મળી શકે એવી પરિસ્થિતિ હતી, મારાજ પરામાં રહેતા એક ગૃહસ્થ મારી પાસે આવીને બેઠા. એમના મોં ઉપરથી સાફ જણાતું હતું કે એની નસેનસમાં વાદવિવાદનો રોગ પ્રસરી ગયો હતો. મારા ડબામાં એમને ઓળખતા બે ત્રણ માણસો હતા, તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝડપથી એ ડબામાંથી ઉતરીને બીજા ડબામાં ચઢી બેઠા. તેમણે શા ઉપરથી આમ કર્યું તે હું જાણતો હતો પણ મારે તો મારો ઉપાય અજમાવી જોવો હતો એટલે હું તો હિંમતથી એમની પાસે બેસી રહ્યો એટલું જ નહિં પણ ગાડી ઉપડી કે તરત જ હું એમની સામે જોઇને મીઠાશથી હસ્યો.

પેલા ગૃહસ્થને આટલું આહવાન બસ હતું. તેમણે સારા જેવા મોટા અવાજે કહ્યું. 'ભાઈ, અંગ્રેજોના પૂરા હવે પરવારી રહ્યાં લાગે છે, હોં! પેલો હિટલરિયો એમનો ટોટો પીસી નાખવા બેઠો છે."

"એવું જ લાગે છે. હોય, એ તડકો છાંયડો આવ્યા જ કરે" હું બોલ્યો.

'રેડિયો સાંભળો છો? મેં તો હિટલરને રેડિયો ઉપરથી વારંવાર સાંભળ્યો છે. જાણે હમણા રેડિયો આખો તુટી જશે એવા અવાજથી એ બોલે છે. છે મરદનો બચ્ચો, તમારે જે બીજું કહેવું હોય તે ભલે કહો.' પેલો મને પડકારતો બોલ્યો.

બર્લીન લેતી વખતે રેડિયોમાં ખુબ અવાજો આવે છે એને હિટલરનો જુસ્સો કહીને પેલા ગૃહસ્થે વાત કરી એથી ઘણા માણસોને એમને સત્ય સમજાવવાની વૃત્તિ થઇ આવે. પણ તેવું કર્યું નહિ કરતાં મેં શાંતિથી કહ્યું: 'સાચું કહ્યું ભાઇ, આખી દુનિયામાં અત્યારે મરદ તો એ એકલો જ લાગે છે! બીજા બધા પોચસ!'

'તમારા ગાંધીને જ ગણતરીમાં લ્યોને. શાંતિ સ્નેહની વાતો કરી કરીને તમને બાયલા બનાવી દીધા છે. ત્યારે આ હિટલર તો જાણે સિંહ તડુકયો. આખી દુનિયાને મોંમાં પીણુ લાવી દીધાં છે.' ગાંધીજીને ગાળ દઇને મને જાળમાં લેવાની એણે યુક્તિ કરી.

'હિટલર આગળ ગાંધીજીના શા હિસાબ!' હું બોલ્યો.

'પણ—પણ સ્ટેલિનકાકાને છંછેડવામાં એ હિટલરિયાએ ગંભીર ભૂલ કરી છે. તમે ગમે તે કહો પણ એ રશિયન રીંછ એને આગળ જતાં ભારે પડવાનું છે હોં!' પેલા ગૃહસ્થે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ તો દેખીતું જ છે." હું બોલ્યો.

આટલી વારમાં ટ્રેન ચર્ચગેટથી દાદર સુધી આવી પહોંચી હતી.

'હમણા હમણા ઘણાને ટેવ પડી ગઈ છે રૂઝવેલ્ટ અને અમેરિકનોને ગાળો પાડવાની. પણ તમે જાણતા નથી કે રૂઝવેલ્ટ પણ વાઘનું બચ્ચું છે! અને અમેરિકનો 'તો કીડી કાળા નાગનો પ્રાણજ લે આ પેર' એવા અસંખ્ય છે. અને તમને કયાં ખબર છે કે એ અમેરિકનો રોજનાં પાંચસો લડાયક વિમાનો બનાવતા ચાલ્યા જાય છે!' ગૃહસ્થે કહ્યું.

"આખરે એ અમેરિકનો જ એ હિટલરને ભારે પડશે." હું બોલ્યો.

"તમે ભૂલો છો. હિટલરને પડખે જાપડા છે તે કેમ વિસરી જાઓ છો? પર્લ હારબરમાં અમેરિકનોનું નાક કાપી નાખ્યું એ જાપડાઓએ, અને આ તરફ અંગ્રેજ સિંહની પૂંછડી કાપી આસામની સરહદ ઉપર આવી પહોંચ્યા છે? તમે ભલે ખાંડ ખાતા હો પણ એ જાપડા દિલ્હીમાં અને હિટલર લંડનમાં આંખના પલકારામાં આવી પહોંચ્યા સમજો." ગૃહસ્થે છાતી ટટાર કરી કહ્યું.

"તમારા કહેવામાં જરા પણ ફેર પડવાનો નથી એમ હાલ તો લાગે છે.' હું નમ્રતાથી બોલ્યો.

ટ્રેને વાંદરા છોડીને ખાર તરફનો માર્ગ લઇ લીધો હતો.

'તમે ભલેને એ વિન્સ્ટન ચર્ચીલને કોડીનો ગણો કે પછી હિંદુસ્તાનનો દુશ્મન ગણો પણ એ નાખી દેવા જેવો નથી.' ગૃહસ્થે કહ્યું.

'ભારે ઉસ્તાદ છે.' હું બોલ્યો.

'આમ હિટલરને હંફાવી રહ્યો છે અને આમ ગાંધીને ગભરાવી રહ્યો છે. તમે માનો યા ન માનો પણ આખરે જય તો એ ચર્ચીલનો થવાનો. પછી ભલે તમારે 'ઇન્કીલાબ ઝીંદાબાદ'ની ગર્જના કરી કરીને ગળામાંથી લોહી પાડવું હોય તો પાડો.' ગૃહસ્થે કહ્યું.

'પરિસ્થિતિ એજ છે.' હું બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારૂં પરૂં આવ્યું. હું અને એ ગૃહસ્થ લોકલમાંથી ઉતર્યા. મારે ઘેર જતાં જતાં વચમાં પેલા ગૃહસ્થનું ઘર આવતું હતું. મેં એ સ્ટેશનેથી ઘેર જવા ઉપડયા.

'આખરે પણ આ લડાઈમાં તમે લોકો શો નતીજો મેળવવાના છો? આમને આમ ચાલ્યા કરશે તો આખી દુનિયા નાશ પામશે!' ગૃહસ્થ બોલ્યા.

'હાસ્તો, બીજું શું થવાનું છે?' મેં કહ્યું.

પેલા ગૃહસ્થ ફિક્કા પડી ગયા હતા. એમના શરીરનો જુસ્સો નરમ પડતો જતો હતો. રેડિયોમાંથી ગાજતા હિટલરિયાના અવાજ જેવો હવે એમનો અવાજ રહ્યો ન હતો. એ અવાજ ઘણો મંદ થઇ ગયો હતો છતાં જ્યારે એમનું ઘર લગભગ આવી ગયું ત્યારે એમણે મને ઉભો રાખીને મારા ખભા હલાવીને કહ્યું. 'તમે બધા હજી કેમ સમજતા નથી? આખરે એ પોરબંદરી વાણીઆનાં અહિંસા અને સત્ય, સત્ય અને અહિંસાથી જ આ દુનિયાનું નવું સ્વર્ગ રચાશે. એ માણસ નથી પણ માણસના રૂપમાં દેવ છે—સાક્ષાત ભગવાન છે. હજી સમજો.'

'એ માન્યા વગર હવે કોઈનો છુટકો જ નથી તે, લ્યો જે જે' હું બોલ્યો.

'હજી 'જે જે' કહેવાનું રહ્યું? હવે તો ઇન્કીલાબ ઝીન્દાબાદ'નીજ ગર્જના કરવાની રહી અને 'ગાંધીજી કી જય'ની ઘોષણા જ આપણા મોંમાં શોભે.' પોતાના કમ્પાઉન્ડમાં જતાં જતાં ગૃહસ્થે કહ્યું.

'બરાબર છે. ઇન્કીલાબ ઝીન્દાબાદ, મહાત્મા ગાંધીજી કી જય.' કહી હું આગળ ચાલ્યો.

આ એકજ પ્રયોગથી એ ગૃહસ્થનો રોગ મટયો એમ કહેવા હું તૈયાર નથી પણ આ પ્રમાણે આવાં દર્દથી પીડાતા માણસો જેમ કહે તેમ હા કહેવાથી એ દર્દ ઓછું થઇ જાય છે એમ તો મને લાગે છે. પછી તો કોણ જાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧૧—

હૃદય પલટો

સામાજિક કાર્યની પ્રવૃત્તિને અંગે મારે અનેક ગામડાંઓમાં જવું પડતું હતું. એવા એક ગામમાં હું પહેલાં ઘણીવાર જતો પણ અચાનક મારે કાર્યનાં સ્થળ બદલવાં પડયાં હતાં એથી એ ગામમાં પાછો બરાબર છ-સાત વર્ષે પગ મૂક્યો હતો. હું એ કામને અંગે ત્યાંના માણસોને મળતો ગયો તેમ તેમ તેમાંનાં પાંચ-સાત માણસોએ પાવરી શેઠનું નામ લીધું અને દાનવીર, પરોપકારી, ખુદાના ખાસ બંદા વગેરેની ઉપાધિઓ તેમની આગળ મૂકી આટલું જ નહિ પણ બેચાર માણસોએ તો તેમને મહાત્મા પાવરીજી પણ કહી નાખેલા! મેં આ પાવરી શેઠ વિશે તપાસ કરવા માંડી તો જણાયું કે એ એક પારસી ગૃહસ્થ છે ને આધેડ વયના છે. ગામમાં ગામડીઆઓને પોષાય તેટલી રકમ લઇને તેમને આયુર્વેદિક, યુનાની તેમજ હોમિઓપેથિક દવાઓ આપે છે. બેચાર પૈસા પણ ન આપી શકે તેવાઓને તદ્દન મફત દવા પણ આપી છૂટે છે. બહુ માંદા માણસ હોય તેમને ત્યાં પણ જાય છે. ગામનાં છોકરાં-છોકરીઓને ભેગાં કરી તેમને નિયમિત પોતે અને પોતાનાં ઘણીઆણી વ્યાયામ શીખવે છે. તે સિવાય બીજી રમતગમતો પણ રમાડે છે. દારૂબંધીનો ઉપદેશ આપે છે. બીડી અને તમાકુનું વ્યસન છોડવાની સલાહ આપે છે. પ્રમાણિકતા સચ્ચાઇ, પવિત્રતા વગેરેના પાઠ બધાંને આપે છે. પતિ-પત્ની અતિશય સાદાઇથી રહે છે અને નમુનેદાર જીવન ગાળે છે અને બીજાંને તેમ કરવા ઉત્તેજે છે; અને તે પણ બહુ મીઠાશથી, સ્નેહથી કશી પણ જાતના દંભ વગર!

મને આ પાવરી શેઠને મળવાની ઇચ્છા થઈ આવી. તે ગામનો ચહેરો જોતાં મને એવું લાગેલું તો ખરૂં કે એ ગામડું તદ્દન બદલાઈ ગયું છે. પણ એવો સરસ પલટો શાથી આવેલો તે હું સમજી શકયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. એ પ્રકારનો પલટો લાવનાર માણસ વ્યકિતત્વશાળી હોવો જ જોઇએ એમ ધારીને હું વખત કાઢીને તેમને મળવા ગયો.

તેમની નાની બંગલી, તેની આસપાસનો કમ્પાઉન્ડ અને તે કમ્પાઉન્ડમાં આવેલ નાનકડું દવાખાનું ઘણાંજ સ્વચ્છ હતા. માણસોની અવરજવર ઘણી રહેતી, છતાં ખૂબ શાંતિ પ્રસરેલી જણાઇ.

એક છોકરા સાથે મેં મારા નામની ચીઠ્ઠી મોકલી એટલે મને પોતાની બંગલીમાં બેસવાનું કહેવડાવ્યું. હું ત્યાં જઇને એક નાના ખંડમાં બેઠો ત્યાં પા કલાક પછી એક ઊંચો, કદાવર, પ્રભાવશાળી પુરુષ દાખલ થયો. તેની રંગરૂપમાં તંદુરસ્તી હતી. મોંયે મોટી દાઢી હતી જેથી તે પુરુષના પ્રભાવમાં વધારો થતો હતો. મને જોઇને તેણે આછું સ્મિત કર્યું હોય તેમ મને લાગ્યું—ક્ષણભર મને એમ થયું કે આ માણસ મારી સામે હસી રહ્યો છે. પણ મારી સાથે ગામનાં બેત્રણ માણસ હતાં એટલે હું કાંઈ બોલ્યો નહિ. થોડીકવાર આમ તેમ વાતો કરી અને હું ઉઠવા જતો હતો એટલે પેલા પાવરી શેઠે મને બહુ આગ્રહ કરીને બેસાડયો અને મારી સાથેનાં માણસોને કહી દીધું કે આ મંગળદાસ શેઠ મારે ત્યાં નાસ્તો લઇને પછી ઉતારે આવશે. હું અજબ તો થયો પણ પેલાં માણસો વિનયથી ચાલ્યાં ગયાં એટલે મારે માટે બીજો માર્ગ પણ નહતો.

એઓ ગયાં એટલે પાવરી શેઠે એક અટ્ટહાસ્ય કર્યું અને મોટી બૂમ મારી : 'દીના! દીના! અરે, આમ આવતો આ આપણા જરીપુરાણા દોસ્ત આવ્યા છે'

અને હું આ વાકયોથી આશ્ચર્યચકિત થઇને કાંઇ કહું તે પહેલાં તો પાવરી શેઠનો રાઠોડી ધબ્બો મારા વાંસામાં પડયો 'કેમ દોસ્ત મખીચુસ મંગળ!' તે બોલ્યો. 'અલ્યા! મનેજ ભૂલી ગયો! હું પેલો જાણીતો અવેતન એકટર અને પ્રસિદ્ધ દારૂડિયો પેસ્તનજી!'

'કોણ કોણ? પાઉંચોર પેસી! મારાથી બોલી જવાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એજ એજ દોસ્ત, પાઉંચોર પેસી પણ અત્યારનો પેસ્તનજી પાવરી ઉર્ફે પાવરી શેઠ!' તેણે ઉત્તર આપ્યો. 'પણ–પણ–' હું આગળ બોલું તે પહેલાં એની પત્ની દીના આવી પહોંચી અને 'અહોહો, મંગળભાઇ કાંઇ કેટલે વર્ષે આમ અચબ્બચ ફૂટી નીકળ્યા' એમ કહીને મને વાતોમાં નાંખ્યો.

હું દીનાબહેન જોડે વાતો કરતો હતો પણ સાથે સાથે હમણાંના પાવરીશેઠ–ધર્માત્મા પાવરી શેઠ અને આગળના પાઉંચોર પેસીના જીવનનાં પાનાં મનમાં ફેરવીને જોતો હતો.

કાંઇ કેટલાં વર્ષો ઉપર એ પેસ્તનજી મારો સ્કૂલનો અને પછીનો કોલેજનો મિત્ર. તે વેળા એ અદ્‌ભૂત અવેતન નટ હતો. એનો અભિનય ભલભલા ધંધાર્થી ઍક્ટરોના અભિનયને પણ ભૂલાવે તેવો હતો. સ્વભાવનો લાક્ષણિક પારસી–નિખાલસ, રમુજી, નિર્દોષ અને ઉદાર તે વેળા એને વ્યસનો પણ નહિ જેવાં. પણ પાછળથી દારૂનું ભયંકર વ્યસન એને વળગ્યું. એ વળગતાં પહેલાં એના માતાપિતા ગુજરી ગયાં હતાં. પત્નીએ વારવાનો ઘણો યત્ન કર્યો પણ તેમાં તેને વિજય મળ્યો નહિ.

ધીમેધીમે જામતી જતી વકીલાત પર પાણી ફર્યું. દારૂનો સંગાથી મિત્ર જુગાર પણ એને વળગ્યો. પાસે પૈસા હતો તે તો સપાટામાં ઊડી ગયો. આવકનાં સાધન બંધ થયાં. ખડતલ, કસરતી બદન તૂટવા માંડ્યું. એને અને એની પત્નીને સુભાગ્યે પિતાએ કરેલ ટ્રસ્ટ હતું તેમાંથી એ જણ સાદાઇથી, સુખથી રહી શકે તેટલું મળતું હતું. તે ઉપર જીવન નિર્વાહ ચાલતો.

મારા જેવા બે ત્રણ મિત્રોએ એને સાચા માર્ગ ઉપર લાવવાનો યત્ન કરી જોયો. છેલ્લે છેલ્લે, એની અભિનયકાર તરીકેની શકિતનાં વખાણ કરી, એની આત્મપ્રશંસાને ઉત્તેજીત કરી એને ફિલ્મ લાઇનમાં જોડાવા માટે પણ સગવડ કરી આપી અને આ ભયાનક વ્યસન એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોટે ન વળગ્યું હોત. તો એ ક્ષેત્રમાં પણ એ સહેલાઇથી આગળ આવ્યો હોત. અને સાથે સાથે સારા પૈસા પણ ભેગા કરી શકયો હોત પણ એ જીવલેણ વ્યસને અમારા સર્વ યત્ન મિથ્યા કર્યા અને ધીમેધીમે પેસ્તનજીએ અમને મળવાનું પણ ઓછું કરવા માંડ્યું. બીજા બધા મિત્રો તો છૂટી ગયા પણ કોણ જાણે શાથી મને છેક છોડયો નહિ. અને કોઈક વાર જરૂર મળતો–હું પણ ક્વચિત્ ક્વચિત્ એને ઘેર જતો.

મેં ગામડાં ગામમાં ફરવાનું શરુ કરી દીધું હતું. એ વેળા, એક વખત હું આજ ગામમાં, આજથી છ સાત વર્ષ ઉપર આવવા નીકળ્યો હતો ત્યારે હું પેસ્તનજીને ત્યાં જઇ ચઢયો....લગભગ અર્ધ નશામાં એ એક આરામખુરશી ઉપર પડયો હતો દીનાબહેન પાસે બેઠી બેઠી કાંઇ કરી રહી હતી. પેસ્તનજી તો ના પાડશેજ એવી મારી ખાતરી હતી છતાં મેં એને કહ્યું 'પેસી ! બિરાદર ! ચાલ, મારી સાથે...ગામડે. ત્યાં ચાર દિવસ રહીશું. તું સાથે આવશે તો મને પણ મઝા પડશે. અને તને પણ ઠીક લાગશે '

'અરે ભલા ! તારી સાથે હું ગામડેગામ મારાં હાડકાં ભંગાવવા કયાં આવું !'

'નહિ નહિ, એમ શું કરે છે ! એક વાર તો ચાલ આપણે અસલમાં કેટકેટલી ઉજાણીપર ગયેલા. યાદ છે ને ?' મેં કહ્યું.

'અરે યાર, તે જમાનો ગયો–સદાને માટે ગયો. તે વખતનો હું બધાંનો માનીતો. અત્યારનો હું બધાંને ભારરૂપ હવે તો આ ફાની દુનિયામાંથી છૂટો થઇ જાઉં એટલે જ બસ, આ બિચારી દીના ! મેં એને કેટલી દુઃખી કરી છે !'' આટલું બોલતાં બોલતાં એના અવાજમાં કંપ આવ્યો.

"મારૂં જીવન જો બધું બરાબર ચાલ્યું હોત તો બિરાદર આ દીના મોટા જજની બઇરી થઇને લેડી પાવરી થઇ હોત. પણ જવાદે યાર ! હવે કોઇપણ માગે આશા જેવું રહ્યું નથી.'' એ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મેં આગ્રહ ચાલુ રાખ્યો કબીર, નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરેના અનેકાઅનેક ભજનો લલકારનાર અને અસંખ્ય બોધ આપતી એનોને બહલાવનાર મને ગામડામાં ઘણો ઉપયોગી થઇ પડશે એમ કહીને આખરે મેં એને તઇયાર કર્યો. એની પત્નીને પણ એથી ઘણું સારૂં લાગ્યું.

આ પ્રમાણે હું અને પેસ્તનજી પાવરી આજ ગામમાં આવી પહોંચ્યા. એકાદ બે દિવસ પેસ્તનજી જરા અસ્વસ્થ રહ્યો અને એણે મને બે ત્રણ વાર તતડાવ્યો પણ ખરો કે આવાં ગામડામાં મને કયાં તે ઝાડયો ! પણ પછીથી એના અસલ સ્વભાવે ત્યાંનાં હવાપાણીથી અને સાદા છતાં સરસ ખોરાકથી દેખા દીધી ગામડીઆઓનાં મન એણે તરત જીતી લીધાં.

એટલામાં મને ખબર પડી કે ગામમાં ગંગાબાનો ચતુર ઘણો માંદો છે. એ સમાચાર મળ્યા કે હું તેમને ત્યાં ગયો. ગંગા વિધવા હતી. અને ચતુર તેનો એકનો એક પુત્ર–એકનું એક સંતાન–હતો. ચતુર વીસ–એકવીસનો જુવાન હતો, તરતનો પરણેલો હતો. સારા પ્રમાણમાં ગરીબ હતાં છતાં છેક મજૂર વર્ગનાં નહિ હોઇ, કોઈ આગળ હાથ ધર્યા વિના જીવન વીતાડતાં હતાં અને ગાલે તમાચો મારીને તેને લાલ રાખતાં હતાં. મેં જઇને બધી સ્થિતિ જોઈ. તાવ અને ઉધરસથી પીડાતો ચતુર દવાદારૂ કરતાં સાત્ત્વિક ખોરાક વિના મૃત્યુને માર્ગે જતો હતો. ગામડામાં–દાક્તર તો નહતો. પણ સારા વૈદ્ય જેવો પણ કોઈ નહતો. આઘેના ગામમાંથી દાક્તર આવે અને ચતુરની દવા કરે એ આશા રાખવી વ્યર્થ હતી. ચતુરના ખાટલા પાસે મા અને જુવાન વહુ બેઠાં બેઠાં છૂપાં આંસુ સારતાં હતાં.

મેં જઈને બંનેને આશ્વાસન આપ્યું. ચતુરને પણ થોડીઘણી હિંમત આપી. પણ ત્રણે જણના મનમાં એમ હતું કે એક વખત જો કોઈ દાક્તર અહીં આવે તોજ ચતુર બેઠો થાય. આ પ્રશ્ને પહેલાં તો મને મૂંઝવ્યો પણ પછી મને એની યુક્તિ સૂઝી આવી. મેં એમને કહ્યું કે થોડી વારમાં હું દાકતરને લઈ આવું છું, ત્યાં સુધીમાં એને ચોક શરૂ કરી દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં ઉતારે જઈને પેસ્તનજી પાવરીને બધી વાત કરી. એણે તે સાંભળી અને પછી ઉદાસીનવૃત્તિથી કહ્યું. 'સોરી બિરાદર! પણ એમાં આપણાથી શું થાય?'

'ઘણું થાય, જો તું કરવા ધારે તો!' મેં જવાબ આપ્યો.

'મારાથી થાય! તું પણ ભલા! મારી મસ્કરી કરવા નીકળ્યો છે! હું તો દુનિયામાં ભારરૂપ છું. દારૂ પીઉં છું અને પડી રહું છું. હાં, જો મારો જાન તારા જુવાનને અપાતો હોય તો આપી દઉં' આંખ ખોલીને એ થોડું ક હસ્યો-

"નહિ નહિ, પેસી, તું તો ઘણો કામ લાગે. તું ધારે તો આ ત્રણ જણના સંસારને સુધારી દે." મેં કહ્યું.

"હું સુધારવા તૈયાર છું" પાછો હસીને પેસી બોલ્યો.

"જો હું હસવા માટે નથી કહેતો. એ ત્રણ જણને એવી તીવ્ર ઇચ્છા છે કે એક વખત દાકતર આવી જાય તો ચતુર બચી જાય. તું દાકતર બની જા." મેં કહ્યું.

"હું દાકતર?" પેસીએ અજબ થઈને પૂછ્યું.

"હા, તું દાકતર! ડોકટર પેસ્તનજી પાવરી! તારે એવો અભિનય કરીને આ ચતુર અને એની મા તેમજ વહુને દિલાસો આપવાનો છે." હું બોલ્યો.

"અરે જવાદેને યાર! મારી પાસે એવી કયાં માથાજીક કરાવે છે." પેસીએ કહ્યું.

પણ હું એકનો બે ન થયો. આખરે એ તૈયાર થયો અને પોતાની અભિનય કલાને પુનઃપ્રકાશવાનો અવસર આવ્યો છે એમ તેની ખાતરી થતાં તે ઉત્સાહમાં આવી ગયો. આટલા ઉત્સાહમાં મેં તેને વર્ષોથી જોયો ન હતો. તે મારી સાથે આવ્યો. ભલ ભલા દાકતરોને આંટી મારે તેવી રીતે તેણે દર્દીને તપાસ્યો. અમારી સામાન્ય બુદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતી હતી કે ચતુરને ન્યુમોનિયા હતો. એથી દાકતરે ચોવીસ કલાક શેક કરવાની અને માત્ર પ્રવાહી ખોરાક ઉપર દર્દીને રાખવાની સલાહ આપી. એનું–આ ડાકતર પેસી પાવરીનું વર્તન જોઇ પેલાં ત્રણ–મા દીકરો વહુ ઉપકાર વશ થઇ રડી પડયાં. આ જોઇને પેસીનો પોરસ ખરો જાગ્રત થયો. તેણે પોતાનાં ગજવાં ફંફોસી તેમાંથી જેટલા નીકળ્યા તેટલા–આશરે ચોવીસેક રૂપીઆ માના હાથમાં મૂકી દીધા અને કહ્યું કે 'મેં તો મારૂં બનતું કર્યું છે. વધારે જેની જરૂર છે તે ચાકરી અને ભગવાનનું ભજન.' આમ કહીને દાકતરે તો એકાદ બે ભજનની ટૂંક લલકારી દીધી.

અમે બહાર નીકળતા હતા ત્યારે મા અને વહુ તો દાકતરના પગમાં લોટી પડયાં. એમને ઊઠાડીને પેસીએ ગંભીર સાદે કહ્યું. 'મને પગે લાગવા કરતાં તે સરજનહારને પગે લાગો. અને સવાર સાંજ ભજનની ધૂન મચાવો. તમારો ચતુર સારો થાય ત્યાંસુધી હું અહીં જ રહેવાનો છું અને રોજ એક આંટો મારી જઈશ. પણ યાદ રાખજો કે હું તો માત્ર સાધન છું. કરતા હરતા તો પેલો હજાર હાથવાળો ઉપર બેઠેલો છે.'

અમે પાછા ઉતારે ગયા અને મેં પેસીને એના અભિનય માટે ખૂબ શાબાશી આપી. હું તો એમજ માનતો હતો કે એ મારી સાથે, બીજેજ દિવસે મુંબઇ ચાલ્યો આવશે. પણ એણે તો હઠ લીધી કે 'ચતુર સારો થાય પછી જ મારાથી અહીંથી ખસાય. દીનાને એટલું કહેવડાવી દેજે.'

હું ત્યાંથી ગયો અને થોડો સમય પછી મેં ખબર કઢાવેલી તો દીનાબહેન પણ ત્યાં નહોતી. એ વાતને છ સાત વર્ષ થઇ ગયાં હતાં!

* * *

પેસી અને દીનાએ પછીની વાત મને ટૂંકમાં કહી. ગમે તે કારણે પણ ચતુર સારો થયો અને પેસ્તનજી પાવરીના હૃદયમાં એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીજળી જાણે પસાર થઈ ગઈ હોય તેમ તેનું વર્તન બદલાઇ ગયું. પેલા ચતુર પાસે તેણે દારૂ છોડાવ્યો-પોતે તો છોડ્યો જ. એટલુંજ નહી પણ એને એમ લાગ્યું કે પોતાની પણ હજી અમુક કિંમત રહેલી છે. એટલે એણે દીના સાથે વાત કરી. પત્નીને પતિના આ હૃદય પલટાની ખૂબ અસર થઇ અને તેને પણ પતિની યોજના ગમી ગઇ.

બંને ત્યાં રહ્યાં. બુદ્ધિશાળી અભિનયકાર પેસીએ આયુર્વેદિક, યુનાની અને હોમિયોપેથિક થોડું ઘણું કામચલાઉ જ્ઞાન મેળવી લીધું. અને મોતની વાટ જોતો, આશાવિહોણો પેસી તે ગામડાંનો અને તેની આસપાસનાં ગામડાંઓનો દાનવીર, પરોપકારી અને ખુદાનો ખાસ બંદો પાવરી શેઠ થઇ ગયો હતો. હૃદય પલટાતાં અંગ પણ નીરોગી સુદઢ થઇ ગયું હતું. એની જુવાનીમાં પેસી અનેકાનેક વેળાએ અર્ધગંભીર, અર્ધહાસ્યરસિક બોલ્યા કરતો એ વાકય મને યાદ આવ્યું: 'અરે યાર ! આય દુનિયા બી એક તખ્તો છે, આપણી જીંદગી એ એક નાટક છે. અને આપણે બધાં એમનાં પાત્રો છીએ.'

—૧૨—

ગુરુ

'કમુ ! તને આજે થયું છે શું ?' જગદીશે સિગરેટ સળગાવતાં પૂછ્યું.

'નહિ, કશું થયું નથી. કેમ, એમ પૂછો છો ?' કમુએ સામો સવાલ કર્યો.

'ન પૂછું ? આપણને પરણ્યાને પાંચ દિવસ નથી થયા-પાંચ વર્ષ થયાં ! તારા મોં ઉપર આજે આટલો વિષાદ કેમ છે ?' જગદીશે કહ્યું.

કમુની દૃષ્ટિ સહજ સામેના કબાટ ઉપર ગઈ. અનેક જાતના ચાઇન્સ અને લીકરના બાટલાઓ હારેદોર એમાં ગોઠવાયેલા હતા. થોડી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર કમુ ખંચાઈ. સાચું કહું કે નહિ એવી ભાંજગડ એના મનમાં થઈ. પછી દૃઢ નિશ્ચય કરીને કમુ બોલી. 'સાચું કહું ?'

'સાચું જ કહેવાનું હોય ને. જૂઠું કહેવાથી અને જૂઠું સાંભળવાથી શો ફાયદો ?' જરા હસીને જગદીશે કહ્યું.

આ કબાટ અને એમાંની શીશીઓ જોઉં છું અને મને અમંગળની આગાહી થાય છે હજી મારું માનો અને આ બધી ફેંકી દો.' કમુએ અચકાતાં અચકાતાં કહ્યું.

'તું ખરેખર ગાંડી થઇ ગઇ છે ? દુનિયામાં આટલા બધા માણસો દારૂ પીએ છે તેમને કાંઇ નહિ થાય ને મને જ થવાનું ? અને હું કયાં એટલો બધો પીઉં છું !' જગદીશ બોલ્યો.

'તમે આવા બુદ્ધિશાળી થઈને પોતાની જાતને છેતરો છો શા માટે ?' કમુ બોલી.

'આમાં મેં જાતને કયાં છેતરી ?' જગદીશે પૂછ્યું.

'ત્યારે બીજું શું કરો છો ? આપણે પરણ્યા તે વખતે તો તમે એક ટીપું ચાખ્યું પણ નહોતું. સસરાજી મરી ગયા અને તમે શેઠ થયા અને સ્વતંત્ર પણ થયા એટલે તમે આ શરૂ કર્યું. બે વરસ પહેલાં તમે પિતા હતા એટલો જ તમે આજે પીઓ છો એમ તમે કહી શકો છો ?' કમુએ પૂછ્યું.

'એમ ધાર કે હું ત્યારના કરતાં જરા વધારે પીતો હોઉં,' જગદીશે બોલવા માંડ્યું.

'આમાં ધારવાનું નથી. આતો નક્કર હકીકત છે.' કમુ બોલી.

'ઓહોહો, ભાઇસાબ, તું પણ જબરી છે ! ઘણા માણસો કહે છે એ ખોટું નથી કે ગ્રેજ્યુએટ ગૈરીઓ કોઈએ પરણવી નહિ. એમાં તું તો વળી સાથે સાથે વકીલ પણ થઈ છે.' આખો પ્રસંગ હસવામાં ઉડાડી નાખવાનો યત્ન કરતાં જગદીશ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે હસવામાં કાઢી નાખો છો એ ખોટું કરો છો હોં. હજી વખત છે. પછી કદાચ એવો સમય આવશે જ્યારે બાજી સુધારવાની તક હાથમાં નહિ રહે' કમુએ ગંભીરતાથી કહ્યું.

'પણ તને આજે થયું છે શું ? કાંઇક ભયાનક કામ હું કરી રહ્યો છું એમ કેમ તું બોલે છે ?' જગદીશે કહ્યું.

'અત્યારે તમે મારૂં માનવાના નથી એમ મને લાગે છે. મારો જીવ બળીને ખાખ થઇ જાય છે પણ ઉપાય નથી. તમે ઘણી બાબતમાં મારૂં માન્યું છે અને માનો છો. પણ આ વિષયમાંજ કોણ જાણે કેમ તમે મચક આપતા નથી.' કમુએ નિરાશ થતાં કહ્યું.

'આ બાબતમાં તું મારો ગુરૂ થઈ શકે એમ હું માનતો નથી. એવો ગુરૂ મળશે તો છોડી દઇશ, ત્યાં સુધી તો નહિ જ. પણ ચાલ, હવે મારે ઑફિસે જવાનો વખત થયો. હું જાઉં છું. સાહેબજી. અને જો, તને આ કબાટ સામે જોઇને દુઃખ થતું હોય તો જોતી જ નહિ. પછી બસને ?' આટલું હસતાં હસતાં બોલીને જગદીશ જઈને કારમાં બેસી ગયો. કાર ઉપડી ગઇ.

એકલી પડતાં કમુ પેલા કબાટને નિરખી રહી. જાણે કોઈ ભૂત પલીત પોતાના સુખી સંસારનો નાશ કરવા તત્પર થઇ રહ્યો હોય એમ તેને એ કબાટને જોઇને થયું. ઘણીવાર એને વિચાર આવતા કે પતિની ગેરહાજરીમાં આ કબાટના ચૂરેચૂરા કરી નાખું અને એમાંની બાટલીઓનો ભાંગીને ભૂકો કરી નાખું. પણ કમુ ભણેલી અને ગણેલી પણ હતી. એમ બલાત્કારે કબાટ અને શીશીનો નાશ કરવાથી સારૂં પરિણામ આવે એમ તેને નહોતું લાગતું. આ કબાટ અને શીશીઓનો નાશ કરવાથી અલ્પ સમયમાંજ, જેમ ભૂત અહીં ભડકો થઈને ચાલ્યું જાય અને બીજી જગ્યાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછું ઊભું થાય એમજ, એજ કબાટ અને એજ શીશીઓ બીજે ઠેકાણે ઊભાં થાય જ એની કમુને ખાતરી લાગતી હતી. એથી એવું કરવાની ઇચ્છાને એ રોકી રાખતી હતી. છતાં એને એટલું ચોક્કસ જણાતું હતું કે પતિ જો આ માર્ગમાંથી પાછો નહિ વળે તો આજે નહિ તો કાલે, થોડા સમય પછી એમના સંસારનો વિનાશ થવાનોજ. પતિ અતિશય બુદ્ધિશાળી હતો. તેને મ્હાત કરીને આ ભયંકર વ્યસન તેને છોડવે તેવો ગુરૂ ક્યાંથી મળે? એને શોધવા પણ ક્યાં જવો? આવા વિચારમાં નિરાશ થતી કમુએ પોતાનું ચિત્ત અન્ય વ્યવસાયમાં પરોવ્યું.

છ એક મહિના વીતી ગયા. પેલા કબાટ અને એમાંની શીશીઓની અસર નબળી થતી જતી નહોતી પણ દિનપ્રતિદિન બલવત્તર થતી જતી હતી. જગદીશનો સ્નેહાળ સ્વભાવ અમુક પ્રમાણમાં બગડતો જતો હતો. એના અતિ વિવેકી વર્તન નોકર ચાકરના સબંધમાં તો એ વિવેકનો ત્યાગ કરવા માંડયો. હતો. ઓફીસના નીચલા દરજ્જાના માણસોને પણ જગદીશ શેઠના માનસમાં ખરાબ પરિવર્તન જણાવા માંડયું હતું. પણ હજી સુધી કમુ પ્રત્યેના વર્તનમાં જગદીશ ફેરવાયો ન હતો. કમુને એટલું આશ્વાસન તો હતું એવામાં એક નાનો સરખો પ્રસંગ બની ગયો.

ઑફિસમાં મહત્વનું કામ હતું. અમુક સમયે પહોંચી જવું જોઈએ એમ હતું જગદીશ તૈયાર થઈને કારમાં બેસવા જતો હતો ત્યાં એને સાંભર્યું કે પાન-સોપારીની દાબડી અને સિગરેટ કેસ લેવાનાં રહી ગયાં છે! એણે ઘંટડી મારી પણ કોઇ નોકર આવ્યો નહિ. કમુને પણ આવતાં વાર થઇ. આવીને એણે જોયું તો પાનની બીડી તૈયાર ન હતી. એ કરી આપે ત્યાં સુધી થોભાય એમ હતું નહિ.

'હેં, ત્યારે હવે શું કરશો?' કમુએ પૂછયું. 'કપાળ મારૂં કરીશ! આખો દિવસ તમે લોકો કરો છો શું? આટલી પાનની બીડી તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થઇ શકે ? અને સિગરેટ કેસ યાદ રાખીને મને અપાય નહિ ?' જગદીશ ગુસ્સામાં ત્રાડયો

'રોજ કયાં રહી જાય છે. ? આજેજ રહી ગયું ને !' કમુએ શાંતિથી અને મૃદુતાથી જવાબ વાળ્યો.

'સામું ન બોલ. એક દિવસ પણ રહી કેમ જાય ?' આટલું બોલીને જગદીશે બે પગલાં કમુ તરફ ભર્યાં. સ્વપ્ને પણ મનાય નહિ એવું—જગદીશ પોતાના ઉપર હાથ ઉપાડશે એવું બનશે કે શું એવા વિચારથી કમુ ત્રાસી ઊઠી. છતાં તે પાછી હઠી નહિ. માત્ર અનિમિષ નયને કમુ પોતાના પતિને નિરખી રહી. જાણે કોઈ હિંસક પ્રાણીને નજર માત્રથી ડરાવવાનો યત્ન કરતી હોયને ! ક્ષણભર એને એમ લાગ્યું કે પતિનો હાથ મારવા ઉપડે છે. ઉપડયો હોતતો સંસારિક જીવનનું મૃત્યુ પરિણમત. પણ છેલ્લી ઘડીએ જગદીશ ખંચાયો. હજી તેનું એટલું પતન નહોતું થયું લાગતું. મહા મુશ્કેલીએ જગદીશે શાંતપણે બોલવાનો યત્ન કર્યો. 'ઓહ ! આઈ એમ સોરી ! ચાલો હું જાઉં છું. પાન અને સિગરેટની ડબીઓ પાછળથી કોઈ માણસ જોડે મોકલાવી આપજે.' આટલું કહીને જગદીશ જઇને કારમાં બેસી ગયો. કાર ઉપડી ગઈ.

પતિ ગયા પછી કમુ ગયેલી ઘાત વિશે વિચારતી ઉભી રહી. પણ આજે નહિ તો વળી કોઈ બીજીવાર એ ઘાત આવ્યા વગર રહેવાની નથી એમ તેને લાગ્યું. ઉચ્ચ પ્રકારના સંસ્કારો ઝીલી તૈયાર થએલ, વિવેકી વિનયી જગદીશ, પત્નીને મારવા હાથ ઉપાડે એવી વસ્તુસ્થિતિ શકય બનાવનાર કોણ, એવો પ્રશ્ન કમુના મનમાં ઊભો થયો અને પેલું કબાટ અને તેમાંની શીશીઓ પોતાનો ઉપહાસ કરતાં હોય તેમ કમુને જણાયું. કારણ પણ જણાયું. ચિકિત્સા સચોટ હતી છતાં એ કારણનું નિવારણ થઇ શકવું અશકય લાગ્યું. ચિકિત્સા થયા કેદે ઔષધ શું આપવું તેની એને સમજણ પડી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજના પતિનો ફોન આવ્યો: 'ફલાણા ચિત્રમાં જવું છે માટે ઓફીસે આવજે.' ના પાડવાથી કશો અર્થ સરવાનો નથી એમ ધારીને કમુ તૈયાર થઇ ગઇ. ફિલ્મ જોઇને પાછાં લગભગ પોણાનવે બંગલા આગળ આવી પહોંચ્યાં. ગુરખાએ દરવાજો ઉઘાડયો. અટકેલી કાર ધુંઉંઉંઉં કરતી આગળ વધીને દરવાજો વટાવી જઇને સરરર કરતી આંગણે ઊભી રહેવા જતી હતી તેવામાં એક સ્ત્રીની ચીસાચીસ અને એક પુરૂષના મોંમાંથી છૂટતા ગાલિ પ્રદાન તેમને ઉભયને કાને પડયાં. જગદીશે કાર ઊંભી રાખવાનું કહ્યું. ગુરખાએ દોડતા આવીને કારમાંથી ઉતરતા જગદીશને સમાચાર આપ્યા: 'એ તો માળી પોતાની બૈરીને મારઝુડ કરે છે.'

આ સાંભળી પતિ તેમજ પત્નીએ આઘાત અનુભવ્યો. કારમાંથી ઉતરીને માળીની ઓરડી તરફ જતા જગદીશને અટકાવવા જતી હતી એટલામાં કોણ જાણે શાથી કમુ એમ કરતાં અટકી ગઇ અને પોતે પણ પતિ પાછળ એ તરફ ગઈ. કાંઇક આશ્ચર્યથી ગુરખો પણ પાછળ પાછળ ગયો. જગદીશે અંદર જઇને માળીને ગળચીમાંથી પકડીને ઓરડીની બહાર કાઢયો. એટલામાં એણે જોઇ લીધું કે માળી દારૂથી ચિકાર છે અને એ શું કરે છે અને શું બોલે છે એનું ભાન પણ એને ભાગ્યેજ છે. છતાં, એને બહાર લાવીને જગદીશે કહ્યું. 'એવકુફ! આ તું શું કરે છે? બૈરીને મારે છે?'

'મારૂં નહિ તો શું કરૂં, શેઠ? આખા દિવસમાં બે વેળા ટેમસર રાંધે નહિ!' માળીએ દારૂડિયા બોલે તે પ્રમાણે તતપપ...થઇને કહ્યું.

'મૂરખા! તેં દારૂ પીધો છે. એના ઘેનમાં તું આમ કરે છે?' જગદીશ બોલ્યો.

'તે તું નથી પીતો, શેઠ? તો હું કેમ નહિં પીઉં?' મૂર્ખાઇભર્યું હસીને માળીએ જવાબ દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદીશને કોઈએ એક થપડાક લગાવી દીધી હોય તેમ તે લાલચોળ થઇ ગયો. છતાં ફરીથી તે બોલ્યો. 'પણ હું શેઠાણીને તારી પેઠે મારતો નથી ને!'

માળી પોતાના વર્તન માટે જવાબદાર ગણાય તેવી સ્થિતિમાં નહતો. બંદૂકમાંથી ગોળી છૂટે તેમ તેણે શેઠના શબ્દોને પડકાર્યા: 'મારતો નથી તો, શેઠ! તું હવે મારશે. હાહાહા! હું જાણું છું. તે' અત્યાર લગણ શેઠાણીને નહિ મારી એહે તો હવે મારવાનો! હાહાહા!'

માળીની બૈરીએ એને બદલે શેઠની માફી માગી. ગુરખાએ તો ચિકાર પીધેલા અને હસ્યા કરતા માળીને એકાદ બે અડબોથ લગાવી પણ દીધી. વધારે એ મારત પણ ખરો પણ શેઠે વાર્યો અને પોતે ધીમે પગલે બંગલા ભણી ચાલ્યો ગયો. પાછળ પાછળ કમુ પણ ગઇ.

આગલા જ ખંડમાં જગદીશ અને કમુ એકલાં રહ્યાં. વીજળીના ઝળહળતા પ્રકાશમાં જગદીશના મુખ ઉપર કારમી વેદનાની અસર છવાઈ રહી હતી. તે પૂતળાં માફક ઉભો રહ્યો. કમુ એનાથી થોડે છેટે જાણે એને ન જોતી હોય તેમ એક જગ્યાએ જડાઇ ગઇ. સમય તો માત્ર અરધી પોણી મિનીટ થયો હશે પણ કમુને તો લાગ્યું કે યુગના યુગ વહી ગયા. પણ ધીમે ધીમે વેદનાની અસર અદ્રશ્ય થઇ ગઈ. જગદીશના મોં ઉપર આછાં સ્મિતની રેખાઓ જણાઇ તે બે ડગલાં આગળ આવ્યો. આવીને બંને હાથ તેણે કમુના ખભા ઉપર મૂક્યા.

'કમુ! મને ગુરુ મળી ગયો. હવે ચિંતા નહિ કરીશ.' આટલું કહીને, જાણે વર્ષોનો પાપનો ભાર હળવો થઇ ગયો હોય અને એથી શરીર સહસા થાકી ગયું હોય તેમ ઢીલો થઇને જગદીશ પાસેના સોફા ઉપર ઢળી પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧૩—

શુભ અકસ્માત

ડિસેમ્બરની એકત્રીસમીની સાંજ હતી. યુવાન ચીમનનો દિવસ બગડી ગયો હતો. પોતાની નવીજ લીધેલી ભપકાબંધ કાર અચાનક તેજ દિવસે સવારથી બગડી ગઇ હતી. દશેરાને દિવસેજ ઘોડું દોડે નહિ ત્યારે એના ધણીને કેવું થાય ? એવુંજ કાંઈ ચીમનને થતું હતું. તે દિવસે એનો ફોન પણ ચાલતો નહતો. ટૅકસીની તપાસ પણ નિષ્ફળ ગઇ, અને પચાસ–પચાસ સાઠ–સાઠ માણસોની હારમાં ઊભા રહીને બસમાં જગ્યા મેળવવાનો પ્રયત્ન તો ચીમનથી થઇ જ કેવી રીતે શકે ? એ તો રહ્યો શેઠીઓ ! એટલેજ એ બબડતો ફફડતો કલબ તરફ ચાલતોજ જતો હતો.

સ્ટેશન આગળ આવ્યો ત્યારે એનો બબડાટ ફફડાટ કાંઇક શમ્યો હતો. તેનું મન અમુક પ્રકારનો આહલાદ્‌પણ અનુભવતું હતું. કસરતનું–લાંબી મજલનુંએ પરિણામ હશે. સ્ટેશન આગળથી એ વળવા જતો હતો ત્યાં એને એક નાનું બાળક અથડાયું. કાંઇક મારીના શબ્દો બોલતી હોય તેમ એક સ્ત્રીએ તે બાળકને—તે નાના છોકરાને ખેંચી લીધો. સ્ત્રીને કોઇ ધારી ધારીને જુએ તો જણાય કે એની કંગાલ અવસ્થામાં પણ ખૂબસૂરત હતી એનાં અને એના છોકરાનાં વસ્ત્રો કંગાલ હતાં છતાં એ ભિખારી ન હોતી એમ પણ શાંત પણે વિચાર કરનારને જણાય. પણ ચીમને ધારી ધારીને જોયું ન હતું તેમ શાંતપણે તેણે વિચાર પણ કર્યો ન હતો. એથી અને પોતે પ્રફુલ્લ થતો જતો હતો એટલે ગજવામાંથી એક રૂપિયો કાઢી તેણે પેલી સ્ત્રીના હાથમાં મૂકયો.

'ભાઇ ! અમે ભિખારી નથી !' પેલી સ્ત્રી તીવ્ર વેદનાભર્યા અવાજે બહુ ધીમેથી બોલી.

'માફ કરજો બ્હેન, મારી ભૂલ થઇ, શરમીંદો પડી જઇને ચીમન બોલ્યો અને રૂપિયો પાછો લેવો કે નહિ તેના વિચારમાં તે પડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ એ રૂપિયો પણ અત્યારે તો કેવો ખપમાં આવી જાત! મનના વિચાર સહજ જ પેલી સ્ત્રીથી મોટેથી બોલાઇ ગયા.

સ્વભાવે દયાળુ અને કોમળ હોવાથી, પ્રસંગને લઈને થવી જોઈએ તે કરતાં વધારે ઉર્મિ ચીમનને થઇ આવી અને એણે ગજવામાં ફરીથી હાથ નાખીને એક નોટ કાઢી પેલી સ્ત્રીના હાથમાં મૂકી અને પોતાને મોડું થતું હોવાથી તેમજ આ પ્રસંગથી તે ખિન્ન થઇ ગયો હોવાથી ચીમન ત્વરાથી ત્યાંથી ચાલ્યો ગયો.

ત્યાંથી વીસેક કદમ આગળ ચાલ્યો ત્યાં તેનો મિત્ર જમનાદાસ જેની સાથે જ એ કલબમાં ખાણું લેવા જવાનો હતો તે મળી થયો.

'અલ્યા ચીમન!' જમનાદાસે ઉત્કંઠાથી અને કુતૂહલથી પૂછ્યું:

'તું પેલા બાબુરાવ બાદશાહની બૈરીને ઓળખે છે?'

'બાબુ બાદશાહની બૈરીને? ના, ભાઈ, આમ નામથી તો એમને કોણ નહિ ઓળખે? પણ બાકી હું ઓળખતો નથી. કેમ પૂછવું પડ્યું? એ બાદશાહ તો બેએક વર્ષ પહેલાં મરી ગયો ને?' ચીમને સામો સવાલ પૂછ્યો.

'હા, મરી ગયો. પણ તું નથી ઓળખતો તો પછી એ બૈરી જોડે હમણા ગપાટા કેમ મારવા ઊભો હતો. તારા હાથમાં તો તેં એના છોકરાને પકડયો પણ હતો!' જમનાદાસે જરાક કટાક્ષમાં કહ્યું.

'કોણ? કોણ?' ચીમન લગભગ ભ્રમ મારી ઉઠયો. 'હું સ્ટેશન આગળ જે સ્ત્રી સાથે વાત કરતો હતો તે બાબુ બાદશાહની બૈરી! અરે પ્રભુ!'

'કેમ આમ કરે છે? ઓળખ વગર તું ગપાટા મારતો હતો?' વિસ્મયથી જમનાદાસે પૂછ્યું.

'તું કદાચ નહિ માને-પણ-પણ જ્યારે હું એની સાથે અકસ્માતથી વાત કરતો હતો ત્યારે મને એ કોણ છે એની જરા પણ ખબર નહતી.' ચીમને નિશ્વાસ મૂકી કહ્યું 'પણ જમુ! એ બાબુ બાદશાહ તો લખપતી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલેકે મારા તારા જેવા પાંચ સાત લાખ રૂપિયાવાળા તો એને ઘેર સલામ ભરવા જાય તેવો. તેની સ્ત્રી આવે વેશે ? તું કાંઇ જાણે છે ?'

'હું જાણું છું અને એથીજ મેં તને પૂછ્યું. પણ હવે વધુ વાત ક્લબમાં જઇને' આમ વાત તે વખતે પતાવીને જમનાદાસ બીજી વાતે વળગ્યો.

બંને જણ ક્લબમાં ગયા, પોતે રીઝર્વ કરેલ ટેબલ ઉપર બેઠા, ત્યાં તરત ચીમને કહ્યું. 'હવે પેલી વાત કહે '

એમાં ખાસ કહેવા જેવું પણ નથી તેમ સાંભળવા જેવું પણ નથી. છતાં કોણ જાણે શાથી તને એમાં રસ છે તો ટૂંકમાં કહી નાખું છું.' જમનાદાસ બોલ્યો. 'એ બાબુ બાદશાહનો બાપ સાઠથી સીત્તેર લાખ રૂપિયા એને આપી ગયેલો. અને એ પછી જે રીતે એ રહ્યો એથી એનું નામ બાદશાહ પડી ગયેલું. આટલા રૂપિયા અને કોઇની એને શેહ નહિ એટલે બાદશાહ ત્રણ બબ્બાને માર્ગેબીડી, બાટલી અને બૈરી-ચાલ્યા. એની બૈરીને તો તેં જોઇને ?'

'હા, જોઇ. આ અવસ્થામાં પણ કેવી ખાનદાન, કેવી ખૂબસૂરત અને કેવી કોઇ મહારાણી જેવી લાગતી હતી ?' ચીમને કહ્યું.

'તેં કહેવામાં જરા પણ અતિશયોક્તિ વાપરી નથી. દોસ્ત, બાદશાહની જાહોજલાલીમાં એ કેવી લાગતી હશે તેનો વિચાર કર. પણ છતાં બાદશાહને એના કરતાં બાટલી અને બીજી બૈરીઓ વધારે સારી લાગી. જોત જોતામાં એ સાઠ-સીત્તેર લાખ ગયા અને ઉપરથી દેવું થયું !' જમનાદાસ બોલ્યો.

'હાય હાય ! ગજબ થયો. પછી ?' ચીમનનું હૃદય દ્રવી ઉઠયું.

'પછી શું ? એ બાદશાહ ચકચૂર થઇને, સાથે બે ત્રણ ઓરતોને લઇને મોટર હાંકીને જતો હતો ત્યાં ભયંકર અકસ્માત થયો અને બાદશાહે પોતે જીંદગી ખોઈ. એની પત્નીએ કોઇનું પણ માન્યા વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો દરદાગીનો પાસે હતું તેટલું લેણદારોને આપીદીધું. પણ એવા ખાડા કાંઇ એમ પૂરાયા જાણ્યા છે !' જમનાદાસ બોલ્યો.

'પછી ? પછી ?' ચીમને પૂછ્યું.

'પછી એ સ્ત્રીના એક ગરીબભાઇએ એને પોતાના માળામાં બે રૂમ રાખી આપી. એ ત્યાં પોતાના આ એકના એક છોકરા સાથે રહે છે. ભાઇ પણ ગરીબ એટલે જેમ તેમ ગાડું ગબડતું હશે.' જમનાદાસ બોલ્યો.

'અરે ભગવાન ! ભૂંડું થયું !' ચીમનના હૈયામાંથી એક ચીસ નીકળી ગઇ.

ચીમન પોતે પહેલાં ઘણોજ ગરીબ. પછી એ ગરીબાઇમાંજ દાક્તર થયેલો અને માસિક ત્રણસો ચારસોની પ્રેકટીસ એણે મેળવી. એમાં લઢાઇમાં અમુક સોદાથી એનું નસીબ ખૂલી ગયું અને જોતજોતામાં ચીમન મટીને ચીમનલાલ શેઠ ગયા. એની પાસે પાંચ સાત લાખ રૂપિયા થઇ ગયા. કલબના સભાસદ થયા અને બાટલીની લતે ચડી ચુકયા હતા. પણ પોતે ગરીબાઈ જોયેલી અને સ્વભાવનો ઘણો જ સારો એટલે દાક્તર તરીકે તો એણે પરગજૂ અને ભલા દાકતર લેખે થોડી ઘણી નામના મેળવેલી. પણ લપસણે માર્ગે ચઢયો હતો એટલે એ સ્વભાવ પણ પીગળતો જતો હતો—બગડતો જતો હતો. એવામાં આ અકસ્માત એને નડયો !

'ચીમન, બિરાદર, શું લઈશું ?' જમનાદાસે ચીમનના મોં ઉપરની દિલગીરીની રેખાઓ નહિ રૂચવાથી પૂછ્યું.

જાણે કોઇ ઊંડા વિચારમાંથી જાગીને ચમકયો હોય તેમ ચીમને કહ્યું.

'શું લઇશું ? નહિ, નહિ, આજ તો કશું નહિ. માત્ર જીંજર.'

'માત્ર જીંજર ? તને થઈ શું ગયું ? સન્યાસ લેવાનો તો વિચાર નથી કર્યોને ?' જમનાદાસે પૂછ્યું.

'તું ગમે તે કહે પણ મારાથી આજ પેલી ચીજોમાંથી કોઇ જ નહિ લેવાય' ચીમને જવાબ આપ્યો. અને એ નિર્ણયમાં એ દ્રઢ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડિનર ગમે તેમ પૂરૂં થયું. જમનાદાસ પોતાની કારમાં એને ઘેર મૂકતો ગયો.

ચીમને, સદાના આનંદી, હસમુખા, નિખાલસ પણ ધીમે ધીમે પતનને માર્ગે ધસડાતા જતા ચીમને વીજળીનો આંચકો અનુભવ્યો હતો. એક સમયના લગભગ કરોડપતિની પત્નીને પોતે સામાન્ય ભિખારણ જાણીને રૂપિયો આપ્યો હતો અને જવાબમાં 'ભાઇ, અમે ભિખારી નથી.....પણ અત્યારે એ રૂપિયો પણ કેવો ખપમાં આવી જાય!' એ શબ્દો સાંભળ્યા હતા તે દૃશ્ય એની નજર આગળથી ખસતું નહોતું. પોતાને પણ ખૂબસૂરત પત્ની છે, નાનો પેલા છોકરા જેવડો જ પુત્ર છે એમની એવી દશા થાય...થવાનો સંભવ તો ખરોને, જો પોતે તે માર્ગે ચાલ્યા જ કરે તો! આ વિચારથી એનું હૈયું ત્રાસી ગયું.

સવાર પડી. વીજળીના એ આંચકાથી પોતે તો ઉગરી ગયો એમ તેને લાગ્યું પણ એ વીજળીનો આંચકો આપનાર ગુરુનું શું? પોતે જમનાદાસે આપેલ સિરનામાના ઠેકાણે જવા ઉપડયો. ત્યાં જઇને આમતેમ ફરતો હતો ત્યાં એક આધેડ વયના પુરૂષે પાસે આવીને તેને પૂછયું: 'ભાઇ! તમે તો ચીમનલાલ શેઠને? ગઇ કાલે તમે મારી બહેનને સ્ટેશન આગળ એક નોટ આપી હતી?'

'મારી ભૂલ થઇ ગઈ હતી, માફ કરજો, ભાઇસાહેબ. મારી માગવા તો હું અહીં સુધી આવ્યો છું.' ચીમને કહ્યું.

પેલો પુરૂષ તેને બહેનના ઘર આગળ લઇ આવ્યો. પેલીજ સ્ત્રી અને પેલો નાનો છોકરો ત્યાં હતાં, બંને અંદર ગયા અને બેઠા. પેલી સ્ત્રીએ ભીની આંખે એક નોટ ધરતાં કહ્યું. 'ભાઇ, ઉતાવળમાં તમે દસ રૂપિયાની નોટને બદલે સોની આપી દીધી લાગે છે. આ પાછી લો અને લાવો પેલો રૂપિયો.

'સોની નોટ હતી? બહેન, મેં ત્યાં તો માફી માગી લીધી હતી. પણ એટલાથી મને સંતોષ નહોતો થયો એથી અહીં માફી માગવા આવ્યો છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીમન બોલ્યો. 'પણ તે વખતે મેં તમને ઓળખ્યા નહતા. હવે ઓળખું છું. મને મારા એક મિત્રે તમારી જોડે વાત કરતાં જોયો એણે તમારી ઓળખાણ કરાવી હતી. પણ આ રહેવા દો ભાઇએ બહેનને આપી છે એમ ગણી લેજો.'

સ્ત્રી પોતાના ભાઈ સામે જોઇ રહી. ભાઇથી કાંઇ નિર્ણય કરી શકાયો નહિ અને મૌનનો સમય લંબાતો જતો હતો એટલે ફરીથી માફી માગીને ચીમન ઉઠવા જતો હતો ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું 'બહેન એક વચન માગે તે ભાઇ આપે તો પૈસા લેવામાં વાંધો નથી.'

પ્રસંગની મૂંઝવણ હળવી થતી જતી હતી એથી પ્રફુલ્લિત થઇને ચીમને કહ્યું 'હા હા, બોલોને. એકને બદલે બે વચન આપું.'

'ના ના, એમ અબી આપ્યાં અને અબી ફોક જેવાં વચન નથી જોઈતાં.' સ્ત્રીએ ગંભીર વદને કહ્યું.

'તમે કહો તેવું વચન આપું છું.' ચીમને પણ ગંભીર થઇને કહ્યું.

'તમે માફ કરજો પણ–તમે જો દારૂ નહિ પીતા હો તો કદી પણ પીશો નહિ અને જો પીતા હો તો હવેથી કદી નહિ પીઓ એટલું વચન આપો.' સ્ત્રી બોલી.

'સાવિત્રી – સાવિત્રી' – ભાઈ બોલી ઊઠ્યો.

'એમાં કોઇ પણ જાતની હરકત નથી, ભાઇ' ચીમને પેલા પુરુષને કહ્યું. 'આ વચન તો મેં ગઈ કાલે–રાતથી પાળ્યું છે. અને હું તમને ખાતરી આપું છું કે હવેથી કદી બી એ વસ્તુનો સ્પર્શ નહિ કરૂં. બહેન, સાવિત્રી બહેન, મારે પત્ની પણ છે અને પુત્ર પણ છે, હોં !' બોલતાં બોલતાં ભ્રમિલ ચીમન ગળગળો થઇ ગયો; પણ સ્વસ્થતા મેળવવાનો યત્ન કરતાં તેણે પાછું કહ્યું. 'બહેન, ગઈ કાલથીજ તમે માત્ર મારાં બહેન નથી પણ ગુરુ છો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે આજ અન્ત!

ઉધરસનો એક કાતીલ હુમલો શમ્યો એટલે હાંફતો હાંફતો દોલત સામે બેઠેલા પોતાના મિત્ર મગનલાલને ઉદ્દેશીને બોલ્યો 'આમ ક્યાં સુધી'

મગનલાલ બરાબર સમજ્યો નહિ. એટલે એણે કહ્યું 'ના રે, એ બાબતની ચિંતા ન કરીશ. એક માસનું કહ્યું છે પણ ચાર છ માસ પણ શંકરપ્રસાદ તમને જવાનું કહેશે નહિ. મેં એની સાથે વાત કરી લીધી છે.'

'હાહાહા' મગનભાઇ! મારે ચાર અને છ મહિનાને શું કરવા છે? એક મહિનો પણ વધારે છે.' ધીમે પણ સ્પષ્ટ અને દૃઢ અવાજે દોલત બોલ્યો. 'ફરીથી એને મળો તો ખુલાસો કરી દેજો કે આઠ દસ દિવસમાં કદાચ એથી પણ ઓછા સમયમાં દોલત તમને તમારી જગ્યા સોંપી દેશે.'

'નહિ, નહિ દોલતભાઇ! એમ શું બોલે છે! એક બે ચાર દિવસ સારા નીકળી જાય તો તો પછી કશીજ ગભરાવાની જરૂર નથી એમ દાકતરે સાફ તો કહ્યું છે.' મગનલાલે કહ્યું.

'પણ ભલાભાઇ! સારા કાઢવાની જરૂર ખરી!' દોલત બોલ્યો; બીજાઓને મળે છે એમ મને પણ પ્રભુએ જીવનની બક્ષીસ આપેલી. એ જીવન સરસ બને, સુંદર બને એવું કરવાની મારામાં તાકાત હતી. સંજોગો પણ પ્રતિકૂલ નહતા. છતાં એમ કરવાના માર્ગ છોડી મેં બીજા રસ્તાઓ લીધા અને આમાં આ પરિણામ આવ્યું. હવે છેક છેલ્લી ઘડીએ સંતાપ કરવાથી શો લાભ!' આટલું બોલી દોલત થાકીને બંધ થયો. તેની આંખ થાકથી અને ઊંઘથી જરા ઘેરાતી લાગી એટલે મગનલાલ પણ મૌન જાળવીને બેસી રહ્યો. શાંતિમાં મગનલાલે દોલતે વેડફેલા જીવન ઉપર ત્વરાથી નજર નાંખી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્ભશ્રીમંત માતાપિતાને ત્યાં જન્મી દોલતે બાલ્યાવસ્થામાંથીજ અનેક શકિતઓની આગાહી આપી હતી. રમતગમત, સંગીત, વકતૃત્વ વગેરે વિષયો ઉપરાંત વિદ્યાભ્યાસમાં પણ તે સરળતાથી પરિક્ષાઓ પસાર કર્યે જતો હતો. મેટ્રિકમાં પણ ત્રીસ હજાર વિદ્યાર્થીઓમાં પહેલા દસમાં આવીને તેણે શિષ્યવૃત્તિઓ મેળવી હતી. પોતાની સ્કુલને તેણે ક્રિકેટમાં શીલ્ડ અપાવી હતી. આટલે સુધી વિચાર કરતાં મગનલાલને મનમાંને મનમાં લાગી આવ્યું કે 'ઓહો ! કેવી ઉજવલ શરૂઆત !'

વિચાર પરંપરા આગળ ચાલી.

કોલેજમાં પહેલાં વર્ષમાં દોલતે વધુ કીર્તિ સંપાદન કરી. કોલેજની ક્રિકેટ અને બેડમિન્ટનની ટીમમાં ઉત્તમ ખેલાડી તરીકે તેણે પોતાનું સ્થાન લીધું. કૉલેજના કોન્સર્ટનો તે પ્રાણ થઈ પડયો. પણ મગનલાલના હૃદયે સહસા ચડકાટ અનુભવ્યો. પણ પછી અમુક વિદ્યાર્થીઓની સંગત તેને લાગી. મદિરાપાન કરવાનો એને આગ્રહ થયો અને એણે શરૂ કર્યું પણ ખરૂં. જે ક્ષેત્રમાં એ પ્રવેશે તે ક્ષેત્રમાં નિષ્ણાત ગણાય. એ ક્ષેત્રમાં અન્ય વિરહનારાં એના પ્રત્યે માનની બુદ્ધિથી જોઇ રહે એટલા આગળ વધવાની તમન્ના હંમેશ દોલતમાં રહેતી. આ માનસને લઇને જ વિદ્યાભ્યાસમાં, રમતગમતના મેદાનોમાં, સંગીતમાં તે આગળને આગળ વધ્યો જતો હતો. તેમાંજ એને વિજયનો સંતોષ થતો. એજ માનસે એને મદિરાપાનમાં આગળ વધાર્યો. જોતજોતામાં તો દોલત બીઅર પીવા માંડે તો ચાર બાટલી સહેલાઇથી ખાલી કરે. વ્હીસકીના આઠ આઠ પેગ પીએ તોએ રૂંવાડું ફરકે નહિ. જીન, બ્રેન્ડી, કોકટાઇલ વગેરેમાં પણ એ પાછો નહિ પડે. આથી પણ એ ધરાયેલો નહિ તે એક વેળા ભાંગ પીનારાની સાથે કડક ભાંગના બે લોટા ચડાવી જઇને પછી બારો બાર ક્રિકેટના મેદાનમાં એક સદી ઠોકી. દોલત પાછો આવ્યો ત્યારે એની દુનિયામાં સનસનાટી પ્રસરી રહી હતી. પણ પછી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગનલાલ–દોલતના છેક બાળપણાના સ્નેહીના મગજે જેમ જેમ એ કથા આગળ ચલાવી તેમતેમ એનાં મુખ ઉપર દુઃખની છાયા વધુ અને વધુ તીવ્ર બનતી ગઇ. દોલત માત્ર મદ્યપાનના ક્ષેત્રમાં નિષ્ણાત ગણાઇને સંતોષ નહિ માની શક્યો. તેના બીજા અને વધુ ભયંકર સોપાને ચઢી દોલત વ્યભિચારી થયો. આ એક અડગ, વફાદાર મિત્રે અનેક યત્નો આદર્યા અનેકાનેક વિનંતી કરી પણ આગળ ને આગળ ધપવાની આકાંક્ષા રાખવામાં જ રાચનાર દોલતે ડગ પાછાં ભર્યા નહિ. પછી ?

પછી–પછી દોલત પરણ્યો, વર્ષો જતાં બેએક બાળકો જન્મ્યાં એને બેત્રણ વર્ષના થઇ ગુજરી ગયાં. પુત્રના પતનની વાત જાણી દુઃખી થતાં માતપિતા પણ ગયાં. મિત્ર મગનલાલ અને પત્નીએ દોલતને વિનાશને માર્ગે જતા અટકાવવા પોતાનાથી બનતું કર્યું. પણ એ સર્વ પરિશ્રમ નિષ્ફળ નીવડ્યો. આવે માર્ગે પ્રયાણ કરનાર કરોડપતિ હોય તો પણ ટકી શકતો નથી તો દોલતની પાસ તો દોઢ બે લાખનો જીવ ! ક્યાં સુધી ટકે ? ધીમેધીમે પૂંજી ઘટતી ગઇ. ખરચ વધતો ગયો. પત્ની પણ શારીરિક અને માનસિક દર્દથી રીબાતી મૃત્યુ પામી.

મગનલાલના હૃદયે વળી આંચકો અનુભવ્યો. એ પત્ની 'મૃત્યુ પામી' કે એક નાનાં પડિકાંની મદદથી તેણે મૃત્યુને નોતર્યું ? કોણ જાણે ? અને અત્યારે હવે એ પ્રસંગનું પૃથકરણ કર્યાથી પણ શો ફાયદો ? પત્નીના મૃત્યુ પછી અલ્પ સમય મગનલાલને લાગ્યું કે દોલત છેક છેલ્લી ઘડીએ પણ ચેત્યો. પણ એ ભ્રમ હતો. વિનાશ કર્યો–હાથે કરીને કર્યો તો હવે પૂરો કેમ નહિ કરૂં ? અર્ધે રસ્તે–પોણે રસ્તે અટકીને પાછો ફરૂં ? સર્વસ્વ ગૂમાવ્યા પછી પાછા ફરીને શું કરવું ? આવા વિચારોની પરંપરાથી, સ્મશાન વૈરાગ્યે અલ્પ સમય અટકીને દોલતે પોતે પસંદ કરેલ વિનાશને માર્ગે પોતાની કુચની ગતિ વધારી.

થોડાજ સમયમાં બાકીની પૂંજી વેડફાઇ ગઇ અને ઘર પણ ગયું. ચોવીસે કલાક દારૂ, દારૂ અને દારૂમાં દોલત રચ્યો પચ્યો રહી, એ ક્ષેત્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવા શક્તિમાન થયો ! શારીરિક અને માનસિક પતનની પરાકાષ્ટા સાધી દોલત પોતાની અંતિમ પળો ગણતો હતો તે વેળા પણ દોલતની ઉદાસીનતા મગનલાલને સાલી.

દોલત આંખ ઉઘાડી મગનલાલ સામે જોઇ રહ્યો હતો એટલે મગનલાલ બોલ્યો 'દોલત ! દોલત !' પણ પછી આગળ બોલવાની હિંમત રહી નહિ એટલે એ અટકી ગયો.

'કેમ મગનલાલ ! કેમ અટકયો ? પૂછવું હોય તે પૂછી લે. પછી સમય નહિ રહે અને મનની મનમાં રહી જશે' બેદરકારી બતાવવાનો યત્ન કરતાં કરતાં પણ દોલત મગનલાલ પ્રત્યેનો ઊંડો સ્નેહ છુપાવી નહિ શકયો.

એથી મગનલાલનું હૈયું વધુ દ્રવ્યું છતાં એ બોલ્યો. 'બીજું તો શું પૂછું ! હવે પૂછવાપણું તે રાખ્યું છે પણ કયાં ? પણ પરિણામ, આ ભયંકર અને વિષમ પરિણામનાં કાંઈ કારણ ?'

થોડીવાર દોલત મુંગો રહ્યો. શરીરની શકિતને એણે જીવનભર ખૂબ ખૂબ ખરચી હતી. એમાં જરાપણ કૃપણતા એણે બતાવી નહતી. તે દોલતે અત્યારે એ ક્ષણે ક્ષણે ક્ષીણ થતી જતી શકિતને તોળી તોળીને વાપરવાના આશયથી શબ્દો પણ ધીરે ધીરે ઉચાર્યા. 'કારણ ન જાણ્યા ? હું કોઇ પણ ક્ષેત્રમાં બીજાઓથી પાછળ પડયો છું આમાં પણ મોખરે જ રહ્યો. આરંભમાં હું ખચકાતો હતો, વિમાસણમાંય પડતો હતો. તે વખતે અટકયો હોત તો અટકાત. પણ ન અટકયો અને પછી અટકી શકયો નહિ. પણ હવે' ઉધરસનો સખત હુમલો આવ્યો. હમણા જોય છે, હમણા જાય છે એમ જણાતો દોલત પાછો કાંઇક શાંત થતો જણાયો. તે બહુજ ધીમા અવાજે બોલ્યો. 'મગનલાલ, માફ કરજે, દોસ્ત.....'

અર્ધ ક્ષણમાં દોલતનો અશાંત આત્મા પરમશાંતિ ધારણ કરી શરીરને ત્યાગી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૧૫—

શરાબીનું ખૂન

કેમ, નવજુવાન ? મદ્ય, મદિરા, દારૂ, શરાબ પીઓ છો ? ગામડિયા ભાષામાં પૂછું તો છાંટો પાણી લો છો ? પણ હા હા હા ! તમે એ કરીજ કેવી રીતે શકો ? મેં એ શરાબરૂપી રાક્ષસનું ખૂન કર્યું છે; અને એથીસ્તો એ રાક્ષસને–એ પિશાચને મારવાનું, મારા જાનના જોખમે પણ મેં સાહસ કર્યું. તેથીસ્તો નામદાર સરકારે મને અહીં મફત રહેવા ખાવાંનો બંદોબસ્ત કરી આપ્યો છે. બધી જાતની અહીં સગવડ કરી આપી છે. ખાવાપીવાનું, રહેવા કરવાનું, લખવાનાં સાધન, નોકરચાકર, બધું મને મળે છે. તે એમને એમ તો નહિ હોયને ?' આસપાસના બીજા માનવીઓ કરતાં ઘણા સ્વચ્છ અને કેળવાયેલા લાગતા, પાંતરીસેક વર્ષના એક પુરૂષે મને કહ્યું.

મેં મારી પાસે ઉભેલા દરોગા સામે જોયું. પેલા પુરૂષે એ જોઇને પાછું કહ્યું 'દારૂ પીવાની લત પાડી છે ? ખુવાર થઈ જશો ખુવાર ! એના કરતાં તો ઝેર પી લેવું સારૂં કે ઝટ નિકાલ આવી જાય. પણ હા હા-હા હા !' ફરીથી એનું અટ્ટહાસ્ય ગાજી ઊઠ્યું 'તમે પીજ કેમ શકો ? એને તો મેં જાનથી પૂરો કરી નાખ્યો છે. પણ મારા એ સાહસ કર્મની કથની સાંભળવી છે ? બાકી તો હું મારાં લેખનકાર્યમાં એટલો પ્રવૃત્ત રહું છું કે મને જરા જેટલી પણ ફુરસદ નહિ મળે. પણ આ તો હમણાં જરા આરામ લઉં છું એટલે મરજી હોય તો સંભળાવું ?' પેલો પુરૂષ બોલ્યો.

મેડિકલ કોલેજના વિદ્યાર્થી તરીકે મારે ત્યાં અમુક ભાષણ સાંભળવાના હતાં એટલે ગાંડાની ઇસ્પીતાલમાં હું ગયો હતો. બીજા બધા અતિશય ગરીબ, ગંદા ભયાનક દેખાવવાળા ગાંડાઓનાં ભયંકર અટ્ટહાસ્ય, કરણ ચીસ, ક્રુર ધાંટા, વગેરેમાંથી આ પુરૂષની બોલવાની રીત જુદીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરી આવતી હતી. ભાષણ તો પૂરૂં થયું હતું અને મારે બીજું ખાસ કામ ન હતું તેમજ મને માનસશાસ્ત્રમાં ખાસ રસ પડતો હતો એટલે મેં પેલા દરોગા સામે જોયું. એણે નજરથીજ જવાબ વાળ્યો કે બેસવામાં વાંધો નથી. પેલો પુરૂષ એક પાટલી ઉપર રૂવાબદાર બેઠો હતો. સામેની પાટલી ઉપર હું બેઠો.

દરોગો જરા આઘો જઇને જમીન ઉપર બેઠો પેલા પુરુષે વાત ચલાવી. તે વાત દરમ્યાન થોડે થોડે વખતે બીજા માણસોની ચીસો, હાસ્ય, રૂદન, ગાળો ઘાંટા, ચીચીઆરીઓ, વગેરે સંભળાયાંજ કરતાં હતાં.

'બિરાદર ! સાંભળો' પેલા પુરૂષે અતિ ગંભીરતાથી કહેવા માંડયું. 'વીસ વર્ષે બી. એ. થયો ત્યાં સુધી દારૂ શું તે હું જાણતો નહતો. મોંએ દારૂ તો શું પણ બીડી પણ લાગી નહતી. શારીરિક સંપત્તિ એટલી સારી હતી અને રમતગમતમાં એટલો પાવરધો હતો કે સ્કૂલ અને કોલેજમાં ચેમ્પીયન ખેલાડી તરીકે નામ કાઢયું હતું અને અનેક ઇનામો જીત્યાં હતાં. પણ કોલેજ છોડી. પરણ્યો. બાપના ધંધામાં પડયો અને એકેક વર્ષમાં પિતા મરણ પામતાં હું શેઠ થયો અને સાથે સાથે એત્રણ કલબોનો સભાસદ પણ થયો. પેલા રાક્ષસ સાથેનો પહેલો પરિચય મને હજી યાદ છે ! ઓહ પ્રભુ !' આટલું કહીને ક્ષણભર પેલો પુરુષ અટકયો. એનાં મોં ઉપર તીવ્ર વિષાદની છાયા પ્રસરી રહી.

'અમે એત્રણ મિત્રો કલબમાં બેઠા બેઠા ગપ્પા મારતા હતા. અમારામાંથી કોઈ દારૂ પીતું નહતું. પણ એટલામાં અમારા એકેક બીજા ઓળખાણવાળા આવ્યા. તેઓ પીનારા હતા. અલ્પ સમયમાં અમારાં નિર્દોષ ગપ્પાંમાં પરિવર્તન આવ્યું. અને પેલા નવા આવનારમાંથી એકે દારૂ મંગાવ્યો. એટલું જ નહિ પણ અમને પણ લેવાનો ખૂબ આગ્રહ કર્યો. ફલાણી જાતનો લેશો તો જરા પણ નૂકસાન નહિ કરે એમ એમણે જણાવ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કોઇ કમનસીબ ચોઘડિયે મેં તે લેવાની હા પાડી. યાદ રાખજો, બિરાદર, માત્ર એકજ પ્યાલી–ઘણી નાની પ્યાલી ! મેં એટલાનીજ હા પાડી હતી. પણ ઝેર–એ કાતીલ ઝેરનું એક નાનામાં નાનું ટીપું પણ પોતાનો ભાવ ભજવ્યા વગર રહે કાંઇ ? પણ ભલા ! તમે દારૂ પીઓછો ? પીતા હો તો જૂઠું નહિ બોલતા,–સાચે સાચું કહી દેજો–પણ અરે ભાઇ ! વળી મેં તમને આ પ્રશ્ન પૂછયો ! હવે તમે પીજ કયાંથી શકો ? એ ભૂત–પલીતનું તો મેં મારા હાથે–આ હાથે નિકંદન કાઢયું છે. હા હા હા હા ! તમે બિલકુલ એફિકર રહો, તમે હવે એને ચાખીજ નહિ શકો એ તમને સ્પર્શી જ નહિ શકે !' આટલું બોલતાં કાંઇક ગર્વથી તે હસ્યો–ખૂબ હસ્યો–વિજયનું હાસ્ય હસ્યો. હું પીતોજ નથી એમ મેં કહ્યું એટલે સંતોષના ચિહ્ન એના મોં ઉપર જણાયાં અને પાછો બોલવા લાગ્યો ;

'એકજ પ્યાલી તે પણ નાની, બહુ નાની પ્યાલીમાં લીધેલી. પણ એમાંથી વાત ધીમે ધીમે વધી–ધીમે ધીમે શા માટે કહું ? ઝડપથી વાત વધી. આમ્રફળ આપતા આંબાને વધતાં વાર લાગે પણ ઝેરી ફળના ઝાડને વધતાં કાંઈ વાર થોડી લાગે છે ! ટેવ વધી તેમ માનસમાં પણ પરિવર્તન થવા માડયું. મિત્રો પણ બદલાયા. ધંધામાં ધ્યાન ઓછું જવા લાગ્યું. તેને બદલે બધું ધ્યાન કલબમાં જવામાં, ત્યાં ખાણીપીણી કરવામાં અને બીજાં કૃત્યો કરવામાં પરોવાવા માંડયું. પૈસા ઠીક ઠીક હતા. હાથ નીચેના વફાદાર માણસોએ પોતાનાથી બનતું કરીને એમાંથી થતી કમાણી ટકાવી રાખવા યત્ન કર્યો. પણ ફૂવામાંની આવકને ટકાવી રાખવા પણ કોશિશ કરવી પડે છે.– એમને એમ એ આવક ચાલુ નથી રહેતી. અને આવક કરતાં જાવકના આંકડા યાહોમ વધતા જાય ત્યાં આખરે શું થાય ?' પોતાના ભૂતકાળને પોતે જોઇ રહ્યો હોય તેમ તે થોડીવાર સ્તબ્ધ થઇ રહ્યો. પછી ઊંડો નિશ્વાસ મૂકીને તે બોલ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બીજું થાય પણ શું? બિરાદર! સૌંદર્યથી ભર્યાં ભર્યાં પર્વતના શૃંગપરથી એકાએક પગ લપસે અને ઊંડી, ઊંડી ખીણમાં આપણે ગબડતા નીચે નીચે જતા જઇએ તે વખતની ભયંકર, ત્રાસદાયક યાતના મેં તો સપનામાં અનેક વેળા અનુભવી હતી—તમે પણ અનુભવી હશે. જાગતી સૃષ્ટિમાં મેં તે યાતના અનુભવી. પણ નીચે જવાની ગતિને હું રોકી શકયો નહિ. નીચે ને નીચે, ઊંડે ને ઊંડે હું જતો જ ગયો. પણ બિરાદર! એ ભયાનકતાનો હું જ્યારે વિચાર કરૂં છું ત્યારે મને એકજ વાતનો સંતોષ થાય છે; મારી પત્ની આ યાતના અનુભવે ન અનુભવે એટલામાં મૃત્યુ પામી હતી. અને ફરીથી લગ્ન કરવા જેટલી ફુરસદ તો મને હતી જ નહિ! હા હા હા હા! બિરાદર! તું નહિ માને પણ લગ્નનો વિચાર કરવા જેટલી પણ મને ફુરસદ નહોતી. પેલા રાક્ષસની કાળચૂડમાં હું એટલો ભેરવાઈ પડયો હતો કે એનો વિચાર જ મને નહિ આવ્યો. બિરાદર! સાચું કહેજે; શરાબ પીને જહાન્નમની વેદના તેં કોઇપણ દિવસ અનુભવી નથી? હારે યાર! એ શરાબનું તો મેં ખૂન કર્યું છેને! નહિ તો સરકાર મને આવી સરસ જગ્યામાં આટલા ઠાઠમાઠથી રાખેજ શા માટે? એ સેવા માટે. હા હા હા હા!" એનું અટ્ટહાસ્ય પાછું વાતાવરણને ગજવી રહ્યું. 'પણ હા, અરે ભાઇ! જરા પાણીનું ગ્લાસ તો આપ' તેણે પેલા દરોગાને કહ્યું. 'પણ જોજે પાછો; સાકી બનીને તું શરાબ ન લાવતો, હોં! હા હા હા હા! બિરાદર, એ રાક્ષસને મેં હિંમતથી, મારા જીવનના જોખમે જહાન્નમમાં પહોંચાડી દીધો."

દરોગો પાણીનું ગ્લાસ લઇ આવ્યો. પેલા પુરુષે પીધું અને પછી આગળ ચલાવ્યું. 'એ રાક્ષસે મને વધુ અને વધુ જકડાવ્યો. પૈસા પાણીની પેઠે જતા ગયા. એ મેળવવા બીજા ધંધા કર્યા પણ ચિત્ત ઠેકાણે નહિ એટલે એમાં વધારે પૈસા ગયા. અલ્પ સમયમાં તો હું કેવળ ભિખારી બની ગયો. મારૂં સર્વસ્વ ગયું પૈસા. આબરૂ, તબિયત, સ્નેહી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓ, બધું ગયું. રહ્યું એ પેલું શરાબનું ભૂત ! ચોવીસે કલાક એ શીશીઓ અને એ પ્યાલીઓ ! મારે ત્યાં માણસોની અવર જવર પણ બંધ થઇ. એકલો પડયો પડયો હું વિચારવા લાગ્યો. મારી થયેલી સ્થિતિમાં ગૂનેહગાર કોણ એ શોધવા લાગ્યો અને બિરાદર ! મને એનો પત્તો લાગ્યો. અને એક વાર પત્તો લાગ્યા પછી હું એને જીવતો મૂકું કદી ? મારી એવી દુર્દશા કરનારને હું આ દુનિયામાં જીવતો રહેવા દઉં એવું બને કદી ? એ પેલો રાક્ષસ-શરાબના રૂપમાં એ ભયંકર ખવીસ જ ! બસ માનશે, બિરાદર ? માંહનાઓ થયાં મારું મગજ શૂન્યવત થઇ ગયું હતું. બહેદ મારી ગયું હતું તે ચોખ્ખું થઇ ગયું. મારા હૃદયમાં અશાંતિ થઇ હતી તેને બદલે શાંતિ વ્યાપી રહી. હું રાત દિવસ મારા બારણા આગળ પેલા રાક્ષસની રાહ જોતો સંતાઇ રહ્યો. કેટલા દિવસ અને કેટલી રાત એમ વીત્યાં હશે તેની મને ગણતરી નથી. પણ આખરે પેલો ખવીસ-પેલો રાક્ષસ-ત્યાંથી જતો જણાયો.

'મેં છલંગ મારી અને પેલા રાક્ષસને પકડયો. એણે છૂટવાના ઘણાં ફાંફાં માર્યા પણ મારું અને મારા જેવા અસંખ્ય માણસોનું જીવન વેડફી મારનારને, હાથમાં આવ્યા પછી, હું છોડું ? જતો કરૂં ? નહિ. મેં એને જહાન્નમમાં મોકલી દીધો ! એ બહાદુરીભર્યા કામના બદલામાં નામદાર સરકારે મને અહીં આટલી સાહ્યબીમાં રાખ્યો છે.' પેલા પુરુષે પોતાની વાત પૂરી કરી હોય એમ મને લાગ્યું. હું ઊઠયો. એને સલામ કરીને હું જતો હતો ત્યાં એ મને બોલ્યો, 'હું એક પુસ્તક લખું છું પેલા રાક્ષસની ઉત્પત્તિ, ધીમે ધીમે એણે આ જગત ઉપર ફેલાવેલું સામ્રાજ્ય અને આખરે મેં એનું કરેલું ખૂન એ બધું એમાં આવશે. પુસ્તકના ચાર પાંચ ભાગ થાય કે કદાચ એનાથી પણ વધારે થાય ! એટલે મને ફુરસદ તો નથી રહેતી પણ છતાં કોઈ વાર અહીં ફરીથી આવે તો મને મળજે, બિરાદર !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાજી, હું જરૂર મળીશ' મેં જવાબ દીધો.

'પણ બિરાદર ! તું સાચું કહે છે કે તું શરાબનું ટીપું પણ મોયે લગાડતો નથી ? જોજે હં ! એ રાક્ષસ માયાવી છે. એના એક એક ટીપામાંથી એક એક રાક્ષસ થઇ શકે છે. અને એ દરેકને મારવાનું મારાથી કેમ બને ? માટે એનાથી દૂરજ ભાગજે–પણ કાંઇ નહિ બચ્યા ? હા હા હા હા ! જરા પણ ફિકર કરતો નહિ. મેં એને જાનથી ઠાર કર્યો છે ! હા હા હા હા !'

એના આ છેલ્લા શબ્દો અને એનું અટ્ટહાસ્ય સાંભળતો હું પેલા દરોગા જોડે આગળ વધ્યો, મેં જતે જતે એ દરોગા સામે જોયું. એણે સમજી જઇને કહ્યું, 'ઘણો પૈસાદાર માણસ હતો. એ બધી વાત તદ્દન સાચી કહે છે પણ છેવટે એ ગાંડો થઈ ગયો હતો તેની કોઇને ખાસ ખબર નહિ. એટલે એક વખતે સાંજને સમયે એક નિર્દોષ માણસ હાથમાં મેથીલેટેડ સ્પિરિટનો શીશો લઇને તેના ઘર આગળથી જતો હતો તેના ઉપર આ માણસ કૂદી પડયો અને તેને શરાબરૂપી રાક્ષસ છે એમ માની લઈને, તેના હાથની બાટલી ઝુંટવી લઇને તેનાજ માથામાં તેણે મારી. માથું ચીરાઇ તો ગયું પણ સારે નસીબે તે બચી ગયો. પણ આના મગજમાં તો એમજ છે કે એ શરાબરૂપી રાક્ષસ હતો અને એણે એને મારી નાખ્યો. બધી રીતે એ ડાહ્યો છે પણ કોઇ માણસ બાટલી લઇને જતાં જુએ છે તો એના પર હૂમલો કરવા તૈયાર થઈ જાય છે. એના કાકાએ એને માટે ગોઠવણ કરી છે. એથી એ અહીં સુખશાંતિમાં રહે છે.'

અતિશય ગરીબ, ગંદા, ભયાનક દેખાવવાળા ગાંડાઓનાં ભયંકર અટ્ટહાસ્ય, કરુણ ચીસ, ક્રૂર ઘાંટા વગેરેથી ભર્યા વાતાવરણમાં સાંભળેલી આ વાતને ભૂલવા યત્ન કરતો હું ઇસ્પીતાલમાંથી ચાલ્યો આવ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતનાં પગલાં

અમારા ઘરમાં ભૂતનાં પગલાં સંભળાયાં તેનાથી જે ગોટાળો ઉભો થયો હતો તે એવો પ્રચંડ હતો કે મને પાછળથી એમ જ થયેલું કે મેં વળી એ પગલા ક્યાંથી સાંભળ્યાં અને મેં એ વાત બધાંને કરી જ શા માટે? આ પ્રસંગને લઇને મારી માએ મારા નવા જોડામાંનો એક જોડો જોરથી પડોશીની બંધ કાચની બારી તરફ ફેંકીને બારીનો કાચ તોડી નાખ્યો અને દાદાજીએ ઉશ્કેરણીમાં એક પોલીસને ડાંગથી ઘાયલ કર્યો. એટલાજ માટે મને હજી પણ થાય છે કે હું એ પગલાં સાંભળીને ઊઠયો ન હોત અને સૂઇ જ રહ્યો હોત તો સારું.

એક રાતે બરાબર સવા વાગે મેં નીચેના ચોકમાં કોઇનાં પગલાં પટ, પટ, પટ, નિયમિત ચાલતાં સાંભળ્યાં. મા એક ઓરડામાં ઉપર સૂતી હતી અને મારો ભાઈ છગન બીજા ઓરડામાં સૂતો હતો. દાદાજી ઉપર માળિયા ઉપર હતા. ઊંઘ આવતી નહતી એથી ઉઠીને ઊંઘની ટીકડી લેવા હું મારા ટેબલ આગળ ગયો ત્યારે મેં તે પગલાં સાંભળ્યાં ચોકનો અમુક ભાગ મારાથી જોઇ શકાય એમ હતો પણ ત્યાં તો કોઇ જણાતું ન હતું. એટલે મારાથી નહિ જોઇ શકાતા ભાગમાં કોઈ ચાલતું હશે એમ મને લાગ્યું.

પહેલાં તો મને લાગ્યું કે મારા બાપાજી અને મોટાભાઇ નાટક જોવા ગયા હતા તે આવ્યા હશે પણ એમ ન હતું. પછી મને એવો વિચાર આવ્યો કે કદાચ કોઇ ચોર હશે પણ એમ તે વખતે મને એવો ખ્યાલ તો આવ્યો જ ન્હોતો કે કદાચ એ ભૂતનાં પળલાં પણ હોય!

ત્રણેક મિનિટ મેં એ સાંભળ્યાં પછી હું મારા નાનાભાઇના ઓરડામાં ધીમે પગલે ગયો અને બોલ્યો: 'શ, શ, શ!' પણ એ ભાઈને ઘણાં વર્ષોથી મગજમાં એવું જ ભરાઇ ગયેલું છે કે એક રાતે કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂત આવીને એને કાચોને કાચો ખાઈ જશે! એથી મારો અવાજ સાંભળીને અને મારો આકાર જોઇને તેણે મને જ પેલો ભૂત ધારી લીધો અને મોટેથી ચીસો પાડવા લાગ્યો. મેં એને જેમ તેમ કરતાં શાંત પાડયો અને એનો હાથ પકડીને હું જ્યાંથી નીચલો ચોક અરધો જણાતો હતો ત્યાં લઇ ગયો. થોડીવારમાં પેલાં પગલાં પાછાં સંભળાયાં એટલું જ નહિ પણ અમે જ્યાં ઉભા હતા ત્યાંના દાદાર તરફ આવતાં સંભળાયાં. આથી ભાઈએ મારો હાથ છોડાવી પોતાના ઓરડા તરફ ગબરડી મારી, અંદર ભરાઇને એણે બારણાં ધબ દઇને જોરથી બંધ કરી દીધાં. આથી મારે પણ બીજો રસ્તો રહ્યો નહિ અને મેં પણ દાદરનાં બારણાં જોરથી વાસ્યાં અને ધડકતી છાતીએ હું ત્યાં ઊભો રહ્યો. પણ પેલાં પગલાંનો અવાજ બંધ થઈ ગયો. તે થઇ ગયો. ત્યારથી તે આજ સુધી મેં કે બીજા કોઈએ એ પગલાંનો અવાજ સાંભળ્યો નથી.

પણ એટલામાં મા ઉપર જાગી ગઇ હતી, તેણે પોતાના ઓરડાનું બારણું ઉઘાડીને અમને પૂછ્યું. 'તમે બે જણ શાની ધમાલ કરો છો?'

'નારે ના, કાંઈ નહિ,' મેં જવાબ આપ્યો. માનો અવાજ સાંભળી ભાઇ પાછો બારણું ઉઘાડીને બહાર આવ્યો, એટલામાં માએ પાછું પૂછ્યું. 'પણ ત્યારે નીચે કોણ ફરતું હતું.!

અમે હજી કાંઇક જવાબ આપવાનો વિચાર કરતા હતા તેટલામાં તો માએ બૂમ પાડી 'હું સમજી, ચોરો આવ્યા છે.' એટલે મેં ભાઇનો હાથ પકડીને કહ્યું. 'ચાલ, નીચે જઇને તપાસ કરી આવીએ,' પણ પેલાંએ તો રોકડું જ પરખાવી દીધું 'એમાં બે માણસની જરૂર નથી. તું જા, હું અહી મા પાસે ઊભો રહું છું. એની પાસે પણ કોઇ જોઇએ ને!'

'તમારામાંથી કોઈએ નીચે જવું નથી—નીચે જવામાં જોખમ છે;' માએ કહ્યું. 'પણ તમારામાંથી કોઈ ફોન કરી પોલિસને બોલાવો'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે, અમારો ટેલીફોન નીચે છે એટલે કોઇએ નીચે ઊતર્યા વગર ફોન થઈ શકે એમ હતું નહિ, અને ફોન નહિ થાય એટલે પોલિસને તો બોલાવાય જ કેમ? અને મારે પોલીસને તો કોઈ પણ સંજોગોમાં બોલાવવા જ ન હતા. એટલામાં મારે બીજો વિચાર સૂઝયો. એણે એક ક્ષણમાં પોતાના ઓરડાની બારી ઉઘાડી, ત્યાંથી પાસેના મકાનમાં અમારા પાડોશી અંબાલાલભાઇ અને તેમના વહુ રહેતાં હતાં અને તેમનો સૂવાનો ઓરડો મારા સૂવાની ઓરડાની બરાબર સામે હતો. માએ ઓશરિમાં બધાંના જોડા પડયા હતા તેમાંથી મારો એક નવો જોડો જોરથી અંબાલાલભાઈના ઓરડાની બારી તરફ તાંકીને ફેંકયો.

બારીનો કાચ મોટા અવાજ સાથે તૂટયો અને મારો જોડો અંબાલાલના ઓરડામાં કોઈક જગ્યાએ પડયો. અંબાલાલે 'એ સાલો હરામખોર છે કોણ?' કરીને બૂમ મારી, તેની સાથે 'મુઆં પીધેલાં રાત પડી પણ જંપવા દેતાં નથી!' કરીને અંબાલાલના વહુ ઊઠયાં. તેમણે તો લાગલા પોતાના ધણીને લેવા માંડયા. 'પરાંમાં રહેવાની બહુ ચળ હતી તે લો હવે એનાં ફળ ચાખો.'

પણ મારી માએ ખૂબ ઘોંટાઘોંટ કરીને એ બંનેને સમજાવ્યાં કે ચોર આવ્યા છે. પહેલાં તો એ લોકો સમજ્યાં કે એમનાં ઘરમાં ચોર પેઠા છે. પણ તેમાંથી પાછાં એમને માએ અને મેં ઠેકાણે આણ્યાં એટલે આખરે અંબાલાલે મેં ઘણી ના પાડી છતાં ફોન કરીને પોલીસને ખબર આપ્યા.

એટલામાં મા બીજા સામેના ઓરડામાં જઇને ત્યાંની બારી ઉઘાડી એ તરફનાં પડોશીની બારી સામે મારો બીજો જોડો ફેંકવાની તૈયારી કરતી હતી ત્યાં જઇને મેં તેને અટકાવી. સાધારણ રીતે પોલીસો બોલાવ્યા પછી ચારપાંચ કલાક સિવાય આવે જ નહિ, પણ તે દિવસે કોણ જાણે શાથી, કદાચ એઓ નવરા બેઠા બેઠા પાનાં રમતા હશે કે પછી કોણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે, પણ માત્ર પંદર-વીસ મિનિટમાં એક મોટરમાં છ કોન્સ્ટેબલો, બે કોન્સ્ટેબલ, મોટરસાઇકલ ઉપર અને એક પેટ્રોલવેગનમાં બીજા આઠ સીપાઈઓ આવી પહોંચ્યા. અમને તરત પછીથી જણાયું કે સાથે ત્રણેક રીપોર્ટરો પણ હતા. તેમણે અમારાં આગલાં બારણાં ધમધમાવા માંડયાં અને 'ખોલો, એકદમ ખોલો'ની ગર્જના કરવા માંડી. તેમની જબરી ટોર્ચો ગલીમાં આમથી તેમ પ્રકાશની સેરો પાડવા લાગી.

પોલીસ આખરે આવ્યા એટલે હું નીચે જઇને બારણું ઉઘાડવા જતો હતો, પણ માએ મને નહિ જવા દીધો અને કહ્યું. 'તારે દીકરા, કોણ જાણે ! 'પોલીસ છીએ 'પોલીસ છીએ' એમ કહીને કોઈ ખૂનીઓ હોય તો કેમ કહેવાય ?'

પોલીસોને પણ શું ઝનૂન ચડયું હતું તે ખૂબ આંચકા મારીને આગલું બારણું તોડીને તેઓ અંદર પેઠા. આ બધા કોલાહલમાં મને ઠંડી લાગવા માંડી હતી એટલે શાલ જેવું કાંઇક પડયું હતું તે મેં ઓઢી લીધું. પાછળથી મને જણાયેલું કે તે શાલ નહોતી પણ માનું ગરમ શાલપોત હતું ! પોલીસો ધડાધડ અંદર આવ્યા અને કોન્સ્ટેબલોની નજર મારા ઉપર પડી. વચમાં મા પડી ન હોત તો મને પૂછયા ગાછયા વગર જ ટીપી નાખત. પણ એમ તો નહિ થઇ શકયું એટલે એમણે મને ગાંડપણની શરૂઆત થઇ છે એમ માની લીધું.

મારા નાના ભાઇને ઉઘાડા સૂવાની ટેવ એટલે તે માત્ર લેંઘાં ઉપર હતો. તેણે જ્યારે આ પોલીસોનાં ધગડાં જોયાં ત્યારે પોતાના રૂમમાં જઇને કબાટ ઉઘાડી ખમીસ પહેરવાનું કર્યું પણ કબાટ ઉઘાડતાં એક ઉઘાડા માણસને જોયો એ પોલીસોથી કેમ ખમાય ? બેએક પોલીસોએ તેને બોચીમાંથી પકડયો અને ગર્જના કરીને પૂછયું. 'અહીં શું કરે છે ?' ભાઇએ જવાબ વાળ્યો. 'ખમીસ પહેરું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કોનું ખમીસ ?' પોલીસોએ પાછું પૂછ્યું. જવાબમાં ભાઇએ પાછું કહ્યું. 'મારું ! બીજા કોનું પહેરૂં ?'

આથી એક ઠોંસો વાંસામાં મારીને એક પોલીસે કહ્યું. 'સિફત જવા દે. કયાં રહે છે ?' જવાબમાં ભાઇએ કહ્યું, 'આ ઘરમાં જ રહું છું.' એટલામાં હું અને મા ત્યાં જઇ પહોંચ્યાં એટલે પોલીસો જરા શરમાઇ ગયા અને ઝડપથી એ રૂમમાંથી નીકળી બીજી રૂમમાં તપાસ માટે ચાલ્યા ગયાં.

આ સમય દરમ્યાન બીજા માણસોએ આખા ઘરમાં ખાંખાંખોળા કરી લીધાં. કબાટો આચકાં મારી મારીને ઉઘાડી નાંખ્યાં. પરદા ખેંચી ખેંચી તોડી નાખ્યાં. પલંગોની નીચે ટોર્ચ ફેંકી ફેંકીને જોયું. અને પછી તો એ લોકો એટલા ઉશ્કેરાઇ ગયા કે બાપાજીનું મોટું ટેબલ બંધ હતું તે એક આંચકાથી તોડીને ઉઘાડયું અને તેના દરેક દરેક ખાનામાંની વસ્તુઓ નીચે નાખીને ખાનાં પણ તપાસ્યાં. તે પછી તેમણે માને કહ્યું. 'કોઇ જણાતું તો નથી. કેટલા હતા ? કયાંથી આવ્યા ? હાથમાં શું શું હતું ?'

જવાબમાં માએ કહ્યું. 'ઓછામાં ઓછા ચાર પાંચ જણ હતા. બારીઓ તોડીને અંદર દાખલ થયેલા અને દરેકના હાથમાં મોટા છરા અને કુહાડીઓ હતી.'

બધી જ બારી તેમજ બારણાં અંદરથી બંધ હતાં એથી માના કહેવા ઉપર પોલીસોને વિશ્વાસ આવ્યો નહિ અને બધું હાઉસન–જાઉસન પાછું જવાની તૈયારી કરતું હતું ત્યાં માળીયા ઉપર ખડખડાટ થયો દાદાજી જાગ્યા લાગતા હતા, હું હજી તો પોલીસનાં માણસોને ખુલાસો કરૂં ત્યાં તો માળીયા ઉપર પાંચેક માણસો ધસ્યાં. હું ધારતો હતો તે જ પરિણામ આવ્યું. દાદાજીની 'જય બજરંગ બલી ! જેની માએ સવાશેર સૂંઠ ખાધી હોય તો આવી જાવ. ઘરડો ઘરડો તોયે ગરાશિયો. જય બજરંગ !' ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂમો ગર્જી ઊઠી. મહામહેનતે અમે વચમાં પડીને પોલીસનાં માણસોને બંધી સમજણ પાડી અને દાદાજીને પાછા સુવડાવ્યા. પણ તે દરમ્યાન તેમણે પોતાની ડાંગથી એક કોન્સ્ટેબલ તો ઘાયલ કરી દીધો હતો. દાદાજીને-એમને એમ જ લાગ્યુ હતું કે આખરે ચાલીસેક વર્ષ ઉપર એમણે એક બહારવટીયાને પકડયો હતો તેણે વેર લીધું અને ઘરનાં બધાને તેણે અને તેના સાથીઓને કાપી નાખ્યા. પછી છેવટે દાદાજીના પોતાના ઉપર એમણે હુમલો કર્યો હતો!

હજી તો પોલીસોએ આસપાસના પડોશીમાંથી કોઈને પણ ઘરમાં દાખલ થવા દીધા ન હતા. નહિ તો તો કોણ જાણે શું નું શું થાત. પોલીસોનાં બધા માણસોને ગરમા ગરમ ચહા પાઈને પછી છેવટના વિદાય કર્યા. ત્યારે ઘડિયાળમાં સાડાચાર થયા હતા ચાર વાગ્યા સુધી તો થોડે થોડે સમયે ખાટલામાં પડયા પડયા પણ દાદાજી જય બજરંગની બૂમો પાડતાં હતા તે અમે સાંભળતાં હતાં- બાપાજી અને મોટાભાઈ નાટક જોવા ગયા હતાં. તે ત્રણેક વાગ્યે આવી ગયા હતા પણ તેમને બંનેને બહાર પહેરો રાખવા ઊભેલા પોલિસોએ અટકમાં લીધા હતા. અમને એ વાતની ખબર, પણ જ્યારે બધાને ચાહ પીવા બોલાવ્યા ત્યારે જ પડી હતી અને ત્યારે જ અમે એમને પોલિસોના માણસોને ઓળખાણ આપી છોડાવ્યા હતા!

સવારે આઠ વાગે અમે ફરીથી ચાહ પીતાં હતાં ત્યારે દાદાજી અચાનક ખૂબ ખડખડાટ હસ્યા અને તેમણે અમને પૂછયું, 'અલ્યા! રાતે આટઆટલાં પોલિસનાં ધાડાં કેમ આવ્યાં હતાં? તમારામાંથી કોઈએ ખોટી નોટો બનાવવાનું કામ તો ઘરમાં નથી આદર્યું ને?

અમારામાંથી કોઈએ એમને જવાબ દીધો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપાજીની ગાડી

કોઇ કેટલાંય માણસો પોતાની આત્મકથા લખતાં પ્રચંડ, ભયાનક, સર્વત્ર વિનાશ પ્રસરાવતા ધરતીકંપોનું વર્ણન અને તે સંબંધમાં પોતાના અનુભવો લખે છે પણ હું તેમ કરી શકું તેમ નથી કારણ કે ધરતીકંપનો નાનામાં નાનો આંચકો મેં અનુભવ્યો નથી! પણ હા, એને મળતા આંચકાનો મેં અનુભવ જરૂર કર્યો છે. તે આંચકા અમારા બાપુજીની જુની ફોર્ડ ગાડીના. પહેલાં વહેલાં આઠ-દસ દિવસે એકાદ દિવસના પર્યટનમાં અમને એ ગાડીમાં આંચકાઓની પરંપરા લાગ્યા જ કરતી. પછી કોઇ કોઇ દિવસે તે પોતાની મેળે કે કૈંક કર્યાથી પણ ચાલતી નહિ એને પાછળથી ધક્કો મારીએ તો જ એ ચાલે અને ધીમે ધીમે તો એને એવું જ થઇ ગયું કે ઘરમાંથી બહાર નીકળતી વેળા તો ધક્કા પણ મારવાજ પડે. તે ધક્કા એકાદ બે માણસ મારે તો ચાલે નહિ. ખાસાં ચાર-પાંચ માણસો તો જોઇએ જ અને પેલા આંચકા તો પછી એ ગાડીની ખાસ લાક્ષણિક વિશિષ્ટતા થઇ પડી.

આ ધક્કાની જરૂરિયાત અને એના આંચકા એ બે લક્ષણોને લઇને માત્ર અમારા પરામાં નહિ પણ આસપાસનાં ત્રણ-ત્રણ ચાર-ચાર પરામાં અમારી ગાડી પ્રખ્યાત થઇ ગઈ. બાપુજીનું નામ ગમનલાલ એટલે તે નામે પણ એની ખ્યાતીમાં ઓર મદદ કરી. એના આંચકા અને એનો ઘરણી ધ્રુજાવતો અવાજ સાંભળે કે પરાંઓમાં 'ગમન કાકાની ગાડી આવી'ની ધુમ ગાજી ઊઠે. અને સવારે ઘેરથી બાપાજીને નીકળવાનો સમય થાય કે તરતજ આસપાસના ઘાટીઓ, નિશાળે જતા છોકરાઓ વગેરેની એક નાનકડી ફોજ ગમનકાકાની ગાડીને ધક્કા મારવા હાજર હોય જ. એટલું જ નહિ પણ આસપાસનાં કોઈ પણ પરાંમાંથી ગાડી હંકારવી હોય તો માણસો તરત જ ભેગાં થઇ જતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં પહેલાં આ પ્રમાણે ગાડીને ધક્કો મારવા માટે સ્વયંસેવકો નહોતા મળતા ત્યારે બાપાજી ખુદ ધક્કા મારતા, પણ એથી એમના પેટમાં એટલું દુઃખી આવતું કે કેટલીક વાર તો કામ ઉપર પણ નહોતું જઇ શકાતું. પણ પછી તો માણસોનો તોટો ન હતો. એટલે હરકત નહોતી આવતી.

આમ ગમનકાકાની ગાડી તો તરત પરખાઇજ આવતી પણ મારા જેવડા નાના નાના છોકરાઓ તો લગભગ દરેક દરેક ગાડીની જાત કહી આપતા–બ્યુક, શેવરોલેટ, હિલમેન. ઓલ્ડસમોબાઇલ, હોવર વગેરે. મને બાપાજીની ગાડી સિવાય બીજી એક ગાડી ઓળખાતી, તે સ્ટેશન વેગન જેવી હતી અને તેનો રંગ લાલતૂતી જેવો હતો, તેનો હાંકનાર ભગવાં કપડાં પહેરતો અને માથે મોટા વાળ તથા મોંઢે મોટી દાઢી રાખતો. વર્ણે ઘણો જ ગોરો હતો એટલે કેટલાક એને અંગ્રેજ ધારતા અને કાશ્મિરી કહેતા. જે હો તે હો પણ એ તો પોતાનાં એક કર્મમાં જ મશગૂલ રહેતો. જ્યારે પણ તે રસ્તા ઉપર ગાડી ચલાવતો હોય ત્યારે પણ મૂક્તિ ફોજનો માણસ છે એમ કહેતા. કેટલીકવાર એને બહુ ધીમી ચલાવતો અને થોડી થોડી વારે પોતે રાખેલાં મોટાં ભુંગળામાંથી મોટો અવાજ કાઢતોઃ 'ગઠરિયાં બાંધ લો, ભાઇઓ, દુનિયા કા અંત આ ગયા હય.'

માનવીઓને ચેતવનાર આ ઓલિયો માત્ર પોતાની ગાડીમાંથી જ બૂમ મારીને એસી રહેતો નહિ. ગમે તે સભામાં, કે કોન્સર્ટમાં કે નાટકમાં એ ઘૂસી જતો અને થોડી થોડી વારે ભુંગળાંમાંથી એનો પ્રચંડ અવાજ નીકળી પડતો. મને ઘણા પ્રસંગો યાદ છે. સભામાં શાંતિ હોય, સારો વકતા ભાષણ કરી રહ્યો હોય : 'બહેનો અને ભાઇઓ, વિધવા સ્ત્રીઓના વિલાપથી અને અસ્પૃશ્ય ગણતા હરિજનોના હૈયાની કારમી ચીસોથી આપણી–ગઠરિયાં બાંધ લો, ભાઇઓ, દુનિયા કા અંત આ ગયા હય–હરિજનોનાં હૈયાની કારમી અશક્તિ આપણી અત્યારે આ સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગઠરિયાં બાંધ લો, ભાઇઓ, સમય ચલ જાતા હય, દુનિયા કા અંત આ ગયા અંત આ ગયા હય!'

આ પ્રમાણે ભાષણ સંભળાય. કોન્સર્ટમાં કોઇ ગરબો ગવાતો હોય: 'મીઠડા મોર, મીઠડાં સખી! તારા હૈયાંના'–ત્યાં ભાઇઓ, ગઠરિયાં બાંધ કે તૈયાર હો જાઓ. સમકો જાનાહી હોગા. સમય આ ચુકા હય.' સંભળાય.

સરસ નાટક જામી પડયું હોય: નાયક નાયિકાને કહેતો હોય. 'પ્રિયે. સરી જતી રેતીની પેઠે જીવન સરી જતું જાય છે. પળનો પણ વિલંબ શીદ–' ત્યાં તો પાછળથી ગર્જના આવીજ હોય: 'ક્ષણ કા વિલંબ હોગા તો જીવન કા સત્યાનાશ હો જાયગા: ગઠરિયાં બાંધ લે ભૈયા, ગઠરિયાં બાંધ લે.'

પ્રેક્ષકોમાં હસાહસ થાય. સ્વયંસેવકો આઠા અવળા દોડે; એ અરાજકતાનો લાભ લઇ નીચલાવર્ગમાં બેઠેલ માણસોમાંથી ઘણા આગલા વર્ગમાં આવીને બેસી જાય. પેલા ઓલિયાને પકડીને, સમજાવીને બહાર કાઢવામાં આવે અને પાછો કાર્યક્રમ શરૂ થાય, પણ ગમનકાકાની ગાડીથી હું ઘણો દુર ચાલ્યો ગયો.

આ ગાડીને આઠ–નવ વર્ષ થયાં હશે ત્યારે મારા નાનાભાઇએ રસોડામાંથી અને બીજે ઠેકાણેથી ઘણી વસ્તુઓ એકઠી કરીને તે બધી એક ફાટેલાં ધોતિયામાં મૂકી અને તે ધોતિયાંની ગાંસડીને ગાડીના નીચે બાંધી દીધી. તેની સાથે એવી એક દોરી રાખવામા આવી હતી કે જે દોરી ગાડીમાં બેઠાં બેઠાં ખેંચે એટલે ગાંસડી ખૂલી જાય અને બધી ચીજો રસ્તામાં પડે! આમ કરવાથી નાનાભાઇને બાપજીના ચમકાવવા હતા કે જેથી એ નવી ગાડી લે. અને બન્યું પણ આબાદ તેમજ. તે પ્રસંગને આજે પચીસ વર્ષ થઇ ગયાં છે છતાં હજી પણ મને તેવો ને તેવો સાંભરે છે. માર્ગમાં સર્વત્ર શાંતિ હતી. નાનો ભાઇ ગાડી ચલાવતો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજી લગભગ અર્ધ મિચેલી આંખે પાસે બેઠા હતા. હું પાછળની સીટપર હતો. અચાનક મોટો અવાજ થયો–નાનાભાઇએ દોરી ખેંચી હતી. બાપાજીએ ચીસ પાડીઃ 'દીકરા, ગાડી અટકાવ. આપણે મૂઆ.'

'બાપાજી હું નથી અટકાવી શકતો.એન્જીન અંદરથી ઊડી પડયું લાગે છે.' ભાઇએ કહ્યું. પણ પછી થોડી વારમાં બાપાજીને પણ બધી વાતની સમજણ પડી. કારણ કે એમને ગાડી વિશે ઘણું ઓછું જ્ઞાન હતું છતાં ગાડીના જુદા જુદા ભાગ અને સાણસી, તવેથા, તાવી, બે ત્રણ તપેલી, એક તુટેલો સ્ટવ એ બધાં વચ્ચેનો ફેર તો એ જાણતા જ હતા. રસ્તામાંથી ધીમે ધીમે એ બધી ચીજો અમારે ભેગી કરવી પડી, અને ગાડીને કાઢવાનો તો બાપાજીએ વિચાર સુદ્ધાં કર્યો નહિ.

હા, કદાચ બાપાજીની જગ્યાએ મા હોત તો એને એ તફાવત જણાત નહિ, કારણ કે માને તો કાંઇ વિચિત્ર જ ખ્યાલો હતા; ગાડીના સંબંધમાં કોણ જાણે શાથી કાંઇક એવું જ એના મનમાં ઘુસી ગયું કે ગાડીમાં પેટ્રોલ નહિ હોય તો ગાડી બોંબની માફક ફૂટે! આથી જ્યારે ગાડી બ્હાર નીકળવા ી હોય-પાંચેક જણા એને ધક્કા મારતા હોય ત્યારે તે ગમે ત્યાંથી હાંફળી હાંફળી હાજર થઇ જતી અને કહેતી કે 'ભાઇ, એમાં પેટ્રોલ તો નાખ્યું છે ને? નહિ તો વગર મોતે મરી જશો! નહિ હોય તો હજી પણ ભરી દ્યો!'

પણ એમ તો મા ગ્રામોફોનથી પણ બીતી. એમાં પેટ્રોલ નહિ હોય છતાં એ ચાલે એથી એ વધુ ગભરાતી અને ગ્રામોફોન વાગતું હોય ત્યાં કદાપિ એ બેસતી નહિ. એને આવા વિચિત્ર ખ્યાલો એની મા એટલે મારી નાની તરફથી આવેલા. નાનીને ચોમાસું બેસતું ત્યારથી એમ જ લાગ્યા કરતું કે જો વિજળીને બલ્બ એની જગ્યાએ ન ભેરવ્યો હોય તો એ ખાલી જગ્યામાંથી વિજળી ટપકયા જ કરે અને જેના ઉપર પડે એને મારી નાખે. આ ઉપરાંત રોજ રાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુતા પહેલાં ટેલીફોનનું રીસીવર ઉતારીને તે ટેબલ પર જ મૂકી દેતાં; નહિતો એમને એમ ભય રહેતો કે એમાંથી રાતે વિજળી ટપકવા માંડે. ! એ સૂઇ જતાં પછી જ અમારાથી એ પાછું એની જગ્યાએ મૂકાતું પણ હશે.

અમારી એ ગાડીનો અંત અચાનક અને અણધાર્યો આવ્યો. અમે એને અમારા ઘર આગળના રસ્તા ઉપર એક બાજુએ મૂકી હતી અને અમે પાસેના ઘરવાળા જોડે ટોળું મળીને ગપ્પાં મારતા હતા ત્યાં એક પ્રચંડ લોરી આવીને તેની જોડે અથડાઇ, કાચા પાપડને કોઇ મૂકકી મારીને ભાંગી નાખે તેમ પેલી લોરીએ ગમનકાકાની ગાડીનો ભૂકકો કરી નાખ્યો. એના છુટા છુટા ભાગ હવામાં હવાઇ ઉછળે તેમ ઉંચ્ચયા અને છેવટે ગાડીને આગ લાગી અને આખી બળી ગઇ. વીમા કંપની તરફથી અમને સારા પૈસા મળ્યા પણ આ અકસ્માતના દ્રશ્યથી અમારામાંથી ચાર–પાંચેકને રડવું આવ્યું, અને અમને રડતા જોયા એટલે અમારા ઘરમાં નવો જ ગોટાળો શરૂ થયો.

અમારા બુઢ્ઢા દાદાજી તે વખતે નેવુંની આસપાસ હતા અને તે તદ્દન બહેરા ખુંટ હતા, તે સમજ્યા કે અમારે ત્યાં રહેતો એક દુરનો દારૂડિયો સગો મોટરના અકસ્માતથી મરણ પામ્યો, ત્રીસેક વખત બાપાજીએ તેમજ માએ ખૂબ ઘાંટા પાડીને દાદાજીને સમજાવ્યા કે એ સગાને નહિ પણ જુની ગાડીને અકસ્માત થયો ત્યારે દાદાજીએ નિશ્વાસ મૂકીને કહ્યું 'હું ધારતોજ હતો. મેં આજે ચાલીસ વર્ષ ઉપર એના બાપને કહેલું કે આ છોકરો દારૂની લતે ચઢયો છે તે કોઇક દિવસ કમોતે જ મરવાનો. અને થયું પણ તેમજ !'

ખરી વાત એમ હતી કે એ સગો અમારે ત્યાં રહેતો એ વાત સાચી પણ એને તાવની બિમારીમાં મરી ગયાને ખાસ્સાં વીસ વર્ષ થયાં હતાં, છતાં દાદાજીએ એનાં મોતને આ ગાડીના અકસ્માત સાથે જોડી દીધું. પછી તો અમને દાદાજીએ એ સગાનો શોક પાળવાનો ઠરાવ કર્યો એમાંથી છુટવાને અમે એક કિમિયો શોધ્યો. એક ઓળખીતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારો સગો વીસ વર્ષ પહેલાં જેવો દેખાતો હતો એવો પોષાક પહેરાવીને અમે લઇ આવ્યા. દાદાજીને એમ કહેવામાં આવ્યું કે આ પેલો સગો મરણ નથી પામ્યો પણ હજી જીવે છે અને એને તો બહારગામ નોકરી મળી છે એથી એ જણાતો નથી.

એના જવાબમાં દાદાજી પેટ પકડીને હસ્યા અને પછી બોલ્યા: 'કેમ બચ્ચાંઓ! દાદાને બનાવવા નીકળ્યા છો? એ પેલો તો આજે વીસ વર્ષ પહેલાં તાવથી મરી ગયેલો. ભર ચોમાસામાં મરણ પામેલો તે ચિતા સળગાવતાં સળગાવતાં તો આ બાવડાં રહી ગયેલાં, સમજ્યાં!' તે પછી એમને શું કહેવું? અમે કોઇ બોલ્યા નહી.

રાતે સુવા જતી વખતે દાદાજીએ કહ્યું કે 'હું ગમનને કહેતો આવ્યો કે ગાડી વાપરવી તો ફોર્ડ નહિ વાપરવી, પણ એનામાં અક્કલ જ ક્યાં છે! પહેલેથી મારૂં માનીને ઓસ્ટીન લીધી હોત તો આમ થાત નહિ! આપણી ગાડી ગઈ અને પેલા બિચારા લોરીવાળાનો જાન ગયો!'

અમારામાંથી કોઇએ દાદાજીને સમજાવવા તસ્દી લીધી નહિ કે લોરીવાળાના નખને પણ ઈજા થઇ નહોતી.

—૧૮—

એરોપ્લેન

અમારી બાલ્યવસ્થાનાં અને અમારાં ગામનાં અનેક મીઠા સ્મરણો અમને બધાંને છે—બધાંને હોય જ—પણ સાથે સાથે કેટલાંક મીઠાં નહિ કહી શકાય તેવાં સ્મરણો પણ મને રહી ગયાં છે—ઘણાંને રહી જાય તેમાંના એક પ્રસંગનું હું અહીં વર્ણન કરવા માગું છું. પણ એ પ્રસંગ એવો છે કે જે સમજવા માટે વાત જરા આગળથી કહેવી પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામમાં અમારૂં જુવાનીઆઓનું એક મંડળ હતું જેનો ઉદ્દેશ તો ગામના રહેવાસીઓના શારીરિક, માનસિક, આધ્યાત્મિક, આકસ્મિક, વગેરેનો વિકાસ સાધવાનો હતો, એટલું જ નહિ પણ ગામમાં હુન્નર ઉદ્યોગ વગેરેમાં પણ પ્રગતિ કરવાનો હતો. પણ ઉદ્દેશ શાનો હતો તે જાણવાનું બહુ મહત્વનું નથી, કારણ કે તે વખતે–એટલે કે આજથી ચાળીસેક વર્ષ ઉપર દરેક મંડળનો ઉદ્દેશ કાંઇક આવો જ હતો અને અમે બધા કરતા હતા માત્ર એક કાર્ય–વર્ષમાં એકાદ બે દિવસ રમત–ગમત અને કોન્સર્ટ. તેમાં ઇનામો વગેરે આપવા માટે ઉઘરાણું કરતા અને રમત ગમત તેમજ કોન્સર્ટ થઇ રહે પછી સભ્યોને માટે ખાનગીમાં ઉજાણી કરવાના પૈસા એકાદ પૈસાદાર માણસને શોધી કાઢી તેને પ્રમુખ નીમીને એકઠા કરતા.

આવી રીતે પૈસા આપીને પ્રમુખ થનાર ઘણા હતા અને કોઇ કોઇ વાર તો એમનામાં પણ રસાકસી ચાલતી. એક વખત દલુશેઠે એકાવન રૂપિયા આપીને પ્રમુખ થવાની ઇચ્છા બતાવેલી અને અમને રૂચેલી પણ ખરી. પણ એટલામાં ચમનશેઠે અમને એક નવી જ યોજના સૂચવી. પોતે ખાસ મુંબઇથી એક એરોપ્લેન મંગાવી તેમાં અમારાં મંડળના દરેકે દરેક સભાસદને પા–પા અરધાઅરધા કલાકની સહેલગાહ અપાવે. અમારામાંના એકેએકે આ યોજના વધાવી લીધી. અમે આનંદથી દિવાના જેવા થઈ ગયા. આવી રીતે ખાસ એરોપ્લેન મંગાવી અમને બધાને સહેલ અપાવવાળા કેટલા બધા રૂપિયા ખરચવા ચમનશેઠ તૈયાર થઇ ગયા છે એ વિચાર માત્રથી અમે અવાક્ થઇ જતા. અમારા વડીલોમાંથી બેત્રણ જણે આ બાબત શંકા બતાવી. 'ચમનશેઠ મુંબઇ જેવી મુંબઇને ઠગીને આવ્યો છે તો તમારા જેવા બબુચકોને બનાવવામાં એને શી મુશ્કેલી પડે!' એવો ધ્વનિ એમના કહેવાપરથી નીકળતો હતો. પણ અમે બધાએ એ બેત્રણ વડીલો માત્ર ઇર્ષ્યાથી આમ કહે છે તેમ માન્યું અને ચમનશેઠને પ્રમુખ નીમ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચમનશેઠ હજી જુવાન હતા. કાંઇ કાંઈ ધંધા તેમણે કર્યા હતા. આખા હિંદુસ્તાનમાં જ નહિ પણ દુનિયાના એકેએક દેશમાં તે ફરી આવ્યા હતા–અનેક વેળા ફરી આવ્યા હતા એમ અમે માનતા હતા. કેટલીય વાર એમણે લાહ લીધેલી એમ પણ બોલાતું. પણ અમને એમાં ચમનશેઠની ચાલાકી અને બહાદુરી જણાયેલી. ગમે તે હો પણ અમે અમારા નિર્ણયને વળગી રહ્યા. રોકડ રૂપિયા લેવાને બદલે આમ જીંદગીમાં અવનવો અનુભવ લેવાને અમે તલપાપડ થઇ રહેલા. તે વેળા સાદામાં સાદી જાતના બે માણસ બેસે એવાં એરોપ્લેન વપરાશમાં જોવામાં આવતાં અને અમે તો અમારામાંથી બહુ થોડાએ દુરથી–ઘણે દૂરથી જોયેલાં એટલું જ !

રમતગમતનો દિવસ પસાર થઇ ગયો. અમારો કોન્સર્ટ બીજે દિવસે સવારે રાખવામાં આવ્યો હતો. એરોપ્લેન બપોરે બારેક વાગ્યે ત્યાં આવી પહોંચવાનું હતું. અને પછી અમારે એમાં વારાફરતી બેસવાની ગોઠવણ કરી હતી. ચમનશેઠે અમને આમ કહ્યું હતું- કોન્સર્ટ ગમે તેમ પૂરો કર્યો, કારણ કે અમારૂં બધું ચિત્ત તો વિમાનમાં ઉડવા તરફ હતું. ચમનશેઠનાં છેવટનાં ભાષણને અમે તાળીઓના પ્રચંડ ગડગડાટે વધાવી લીધું. તેમનું ભાષણ પૂરું થયું. અમે તેમને હારતોરા પહેરાવવા જતા હતા એટલામાં એમને ત્યાંથી એક નોકરે દોડતા આવીને એમના હાથમાં એક તારનું પાકીટ મૂક્યું. ચમનશેઠે પાકીટ ઉઘાડી તાર વાંચ્યો. મોં ઉપરથી તેઓ દીલગીર થયા હોય એમ અમને જણાયું.

'હારતોરાનું જલદી પતાવી દો.' ચમનશેઠે કહ્યું. અને અમે એ કાર્ય પતાવી નાખીને પાછા તાળીઓના ગડગડાટ કર્યા. તે પછી અમને સૌને શાંત રાખીને ચમનશેઠે કહ્યું. 'નાના દોસ્તો! તમને નિરાશ કરતાં મને બહુ દુઃખ થાય છે. પણ એ એરોપ્લેનને અકસ્માત નડયો હોવાથી અરધે રસ્તે ઊતરી જવું પડયું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હવે અકાદ બે દિવસમાં આવી શકે એવાં ચિહ્ન નથી. બાકી તે વિમાન હાંકનાર આજે હિંદુસ્તાનમાં વિમાની કળામાં લાલબદામનો એક્કો ગણાય છે. (આ વેળા અમે પાછી ખૂબ તાળીઓ પાડી હતી.) પણ આવી નિરાશામાં પણ મને એક પ્રકારનો એટલો આનંદ થાય છે કે એ વિમાની લાલબદામના એક્કા દોનુ ઇરાની કે તેના તેવા જ કાબેલ આસિસ્ટંટ મીનુ પટેલને જરા પણ ઇજા થઇ નથી. (આ વેળા અમે વધારે જોરથી તાળીઓ પાડી.) સૌ સારું જેનું છેવટ સારું. અહીં વિમાન આવ્યું હોત અને પછી તમારામાંના કોઇ બેઠા પછી તૂટી પડયું હોત તો શું થાત એ સવાલ માત્રથી હું કંપી ઊઠું છું. (આ વખતે તો તાળી પાડતા પાડતા અમે લગભગ ગાંડા ગઇ ગયા.) ચાલો ત્યારે, તમને સૌને હું આવતું વર્ષ ભારે આબાદી ઇચ્છું છું.'

અમે ફરીથી તાળીઓથી સભા ગજાવી મૂકી. ચમનશેઠ ચાલ્યા ગયા અને અમે પણ મોડા મોડા ઘેર ગયા. ત્રણ ચાર દિવસ તો અમને કાંઇ નહિ લાગ્યું પણ પછીથી જ્યારે અમને પેલા બે ત્રણ વડીલોએ ટોણા મારવા માંડયા ત્યારે ધીમે ધીમે અમને ભાન થયું કે ઉજાણી માટે રોકડા રૂપિયા વિમાનની આવી મુસાફરી કરતાં ઘણા સારા થઇ પડત! પણ પછી ઉપાય ન હતો. આ એક વાત અહીં પૂરી થાય છે. પણ એમાંથી એનો ઉતરાર્ધ શરૂ થાય છે.

હોળીના દિવસો આવ્યા. અમારા મોહોલ્લાના છોકરાઓ અને એક દૂરની શેરીઓના છોકરાઓ વચ્ચે વર્ષોનું વેર ચાલ્યું આવતું હતું. કોની હોળી મોટી થાય છે, કોણ વધારે લાકડાં ચોરી લાવે છે વગેરે બાબતોમાં અમારી વચ્ચે મોટી સ્પર્ધા ચાલતી હતી. તે વેળા અમે ખૂબ લાકડાં ચોરી લાવ્યા હતા, અને અમારી હોળી બહુ મોટી થશે એવાં સ્પષ્ટ ચિન્હ જણાતાં હતા. પેલા હરીફ મોહોલ્લાના છોકરાઓ કોણ જાણે સાથી અમારી સાથે લડાઇમાં પણ ઉતરતા ન હતા. અને બહુ શાંત જણાતા હતા. હોળીનો આગલો દિવસ આવ્યો. એક નાનાં ફળિયામાં જ્યાં ચોરેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાકડાં, નાળીયેર, વગેરે રાખવામાં આવ્યાં હતાં ત્યાં અમે બારેક છોકરા ચૌદથી વીસ વર્ષની વયના, બેઠા બેઠા બીજા દિવસનો વ્યુહ ગોઠવતા હતા. રાતના સાડાઅગીયારેક વાગવા આવ્યા હતા. વડીલો તો બધા સૂઈ ગયાં હતાં. મોહોલ્લો તદ્દન શાંત હતો.

એટલામાં બે જુવાન તે જગ્યાએ આવી પહોંચ્યા. બંનેએ અંગ્રેજી ઢબનો પોષાક પહેર્યો હતો,–શોટર્સ અને બાંડિયાખમીશ ઉપર વાંકી લટણે સોફ્ટ હેટ પહેરી હતી. આંખે વિમાનીઓ ચડાવે તેવાં મોટા કદનાં કાળાં ચશ્મા પહેર્યાં હતાં. તેમણે આવીને અમારી સામે ટોર્ચલાઇટ ફેંકી અને પછી પૂછ્યું, 'તમારે થોડા પૈસા કમાવા છે? તે ઉપરાંત, જો કામ પાર ઊતરે તો આવતી કાલે તમને વિમાનમાં બેસવાનું પણ મળશે...'

ભાષા ઉપરથી તેઓ પારસી હતા એમ અમે જાણી શકયા. પૈસા અને વિમાનની સહેલ એ બે વાતોથી અમે તો ગમે તે કામ કરવા તૈયાર હતા. વધારે વાત ઉપરથી જણાયું કે બેમાંથી મોટો લાગતો દીનુ ઈરાની હતો અને નાનો તેનો આસિસ્ટંટ મીનુ પટેલ હતો. મેળાવડા વખતે નહિ આવી શકેલ વિમાનને આખરે મોડું મોડું ચમનશેઠે બોલાવ્યું એ જાણ્યાથી અમને ચમનશેઠ પ્રત્યે પાછું આદરમાન થયું.

પેલાઓએ અમને વધારામાં કહ્યું કે 'વિમાન ઊતર્યું તો છે પણ એને બરાબર બાંધી દેવાની જરૂર છે અને તે માટે કાબેલ છોકરાઓની જરૂર છે. પણ જેમ તમે વધારે માણસોને બોલાવશો તેમ પૈસા ઓછા મળશે માટે ગુપચુપ ચાલજો. એકેક બાજુ છ છ હશે તો બસ થશે, કારણ કે આજે પવન કાંઇ બહુ નથી.'

આવી ચેતવણી મળ્યા પછી અમે બીજા એક પણ છોકરાને કે મોટાને ખબર નહિ આપી અને ગુપચુપ તેમની સાથે ચાલવા માંડ્યું. રસ્તામાં અમને બારે જણને ધાણી–ચણાનાં પડીકાં તેમણે આપી દીધાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડે અવળે રસ્તે, કોલા અંધારામાં અમે ધાણી-ચણા ખાતા ખાતા જતા હતા એટલે ખાસ કયાં જતા હતા તેની પણ અમને ખબર પડી નહિ.

થોડી વારે, જ્યાં બે રસ્તા ફંટાતા હતા ત્યાં પેલા બે વિમાનીઓએ કહ્યું કે હવે તમે બંધા બે ભાગમાં વહેંચાઈ જાઓ. અમે છ છના ભાગમાં વહેંચાયા, એક ટૂકડી દીનુ ઠંરાની અને બીજી ટૂકડી મીનુ પટેલની સરદારી નીચે ચાલતી ચાલતી એક જગ્યાએ પહોંચી ગઇ. અમને બહુ શાંત રહેવાનું કહ્યું હતુ એટલે બે ટૂકડી કેટલી એકેકથી છેટે છે તે અમારાથી જણાયું નહિ. અમારી સાથેનો વિમાની અમારાથી જરા છૂટો પડીને થોડીવારમાં દોરડાંનો એક છેડો લઇને આવી પહોંચ્યો. અમે અમારી બાજુએ છ જણે તે મજબૂત પકડયો.

ત્યારબાદ થોડા વખત પછી પેલા વિમાનીએ અમને ધીમે સાદે કહ્યું. 'હોંશિયાર! હવે હું એક, બે, ત્રણ કહું એટલે ખેંચજો. જો જરા પણ ઢીલ મૂકી તો બધા ધસડાઇ જશો, વિમાનના ભૂક્કા ઊડી જશે, અને તમને પણ ઈજા થશે. પણ છોડી નહિ દો તો કશું નહિ થાય. અમે વિમાનને થોડા વખતમાં મજબૂત બાંધી દઈશું અને પછી તમને ખબર આપશું એટલે દોરડું છોડીને આ કઢણ ઉપર ચડીને વિમાન પાસે આવજો. ત્યાં આપણે મીજબાની ઉડાવશું. ચાલો, એક-બે-ત્રણ.'

અમે અમારી બાજુએ ખેંચવાનું શરુ કર્યું. પવન જરા પણ ન હતો છતાં દોરડાનું તાણ ઘણું હતું એથી અમને નવાઇ તો લાગી પણ વિમાનની બાબતમાં અમે કશું જાણીએ નહિ એટલે ચર્ચા કરવામાં કશો માલ ન હતો. વળી પેલા વિમાનીઓએ અમને શાંત રહેવાનું કહેલું એટલે અમે ચૂપચાપ ખેંચ્યા કરતા હતા.

આમ કયાં સુધી અમે કર્યું હશે તેની અમને તે વેળા તો કશી ખબર નહિ પડી. પાછળથી અમને જણાયેલું કે અમે આ પ્રમાણે લગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગ સવા દોઢ કલાક દોરડાને પકડીને ખેંચી રાખ્યું હશે. પછી અમારાથી નહિ જ ખમાયું ત્યારે અમારામાંથી બેત્રણે પહેલાં જરા ધીમેથી અને પાછળથી જરા મોટેથી કહ્યું. 'પટેલ સાહેબ હવે અમારાથી પકડી રખાતું નથી. જો વાર લાગશે તો છોડી દઇશું.' જવાબ નહિ મળ્યો એટલે અમે ઘણે મોટેથી કહ્યું. 'સાંભળો છો કે? હવે પાંચ મિનિટ પણ અમારાથી પકડી નહિ રખાય, અમે છોડી દઇશું.'

ત્યાં તો સામેથી પરિચિત અવાજ સંભળાયા, 'કોણ? તમે છગન, મનુ, નાનાભાઇ વગેરે આટલામાં જ છો?'

અમે હા પાડી. અમે પણ એમને અમારી બીજી ટુકડીના છ તરીકે ઓળખી લીધા. સામસામા થોડીવાર ઘાંટા પાડીને અમે દોરડાં છોડી દીધા. અમને તો એમ હતું કે દોરડું છોડીશું કે તરત એ ખેંચાઈ જશે અને વિમાનના કુચ્ચેકુચ્ચા ઉડી જશે. પણ એવું કશું થયું નહિ. દોરડું તો ત્યાંજ પડી રહ્યું. અમે છ જણા આ બાજુથી નાની કદણ ચડીને ઉપર ગયા ત્યાં અમારી બીજી ટુકડીના છ જણ પણ ઉપર બીજી બાજુથી આવ્યા. ઉપર અમે બારોબાર પહોંચ્યા તે વેળા આશરે બેએક વાગ્યા હશે. ત્યાં વિમાન પણ ન હતું તેમ વિમાનીઓ પણ ન હતા! અને દોરડું અમે ખેંચી જોયું તો એતો એમ ને એમ બંને તરફ પડી રહેલું!

પહેલાં વહેલાં તો અમને કશી સમજણ પડી નહિ, પણ પછી અમને શક પડવા માંડયો. તેમ છતાં અમે ફરીથી વિમાનીઓને થોડા ઘાંટા પાડયા અને પછી મહામુશ્કેલીથી રસ્તો શોધીને અમારા મહોલ્લામાં ગયા ત્યારે ખાસ્સા ત્રણેક થવા આવ્યા હતા. અમારો શક પૂરવાર થયો! પેલાં નાંનાં ફળિયાંમાંનાં લાકડાં, નાળીએર વગેરેમાંથી કશું પણ ન હતું!

અમારે ફરિયાદ પણ કોની આગળ કરવી? એમાં અમારી જ ફજેતી હતી. અમારી હોળી તે વર્ષે ઘણી જ નાની થઇ અને નાળીએર પણ નહિ જેવા જ વહેંચાયાં. પેલા અમારા દુશ્મનોના મોહોલ્લાંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે ઘણી મોટી હોળી થઇ, એટલું જ નહિ પણ જ્યારે ત્યાં નાળીએર છુટથી વહેંચાયાં ત્યારે અમને થોડી ઘણી ખબર પડી તો ગઇ. પછી લગભગ છ આઠ મહિના સુધી એ દુશ્મનોમાંના ઘણા અમે સાંભળીએ તેમ અમને કહેતા કે 'આ વખતે અમારી હોળીએ તો બે વિમાની આવ્યા હતા અને લાકડાં ને નાળીએર આપી ગયા.' એથી અમને બધું તરકટ સમજાઇ ગયું. પછી થાય પણ શું ?

—૧૯—

કરૂણ કહાણી :

દોલતરાય મહેતા લગભગ સાઠ વર્ષના હતા, પંદર વર્ષના હતા ત્યારથી એક અંગ્રેજી પેઢીમાં નોકરી કરતા હતા અને છેક ડીસ્પેચકલાર્કમાંથી વધીને હેડ-કલાર્ક સુધીની પદવીએ પહોંચ્યા હતા. જે જમાનામાં સો રૂપિયા હજારની તોલે હતા તે જમાનામાં તેમને રૂપિયા પાંચસોનો દરમાયો મળતો હતો. એમનું નિયમિતપણું, એમની વ્યવસ્થા, એમની ઓફિસમાં કામ પ્રત્યેની કાળજી વગેરે માત્ર તે ઓફિસમાં જ નહિ પણ એમની નાની દુનિયામાં બધે જ પ્રસિદ્ધ હતાં. એમના જીવનમાં કુદરતે પણ એવા પ્રતિકૂળ સંજોગો મૂક્યા નહતા જેથી એમની આ બધી ખાશિયતોમાં વાંધો આવે કે અડચણ પડે.

પણ એક દિવસ ન બન્યું હતું તે બની ગયું. આગલે દિવસથી જ એના ગણેશ મંડાયા હતા. પડોશીને ત્યાં લગ્ન પ્રસંગની સંગીતની મહેફિલ હતી. દોલતરાય મહેતા અથવા તો દોલાકાકા આવી મહેફિલમાં એક જાણીતી વ્યકિત હતા અને વય વધતાં જતાં એમણે આવી બેઠકમાં જવાનું ઓછું કરી નાખ્યું હતું છતાં પડોશીને ત્યાં એમનાથી બહાનું કઢાયું નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ બ્હાનું કાઢવાની તેમની ઇચ્છા પણ થઈ નહિ. બેઠકામાં બને છે તેમ આમાં પણ બન્યું. પૂરી થતાં મોડું થયું લગભગ સવારના ત્રણ વાગી ગયા. સૂતા કરતાં ચાર થયા અને ઊંઘ આવતા પોણાપાંચ! ઊઠાયું જરા મોડું. પછી ન્હાવાની ઓરડી ખાલી પડવામાં પણ જરા મોડું થયું અને બધાં જ મોડાં ઊઠેલાં એટલે રસોઈમાં પણ જરા મોડું થયું અને એ મહેફિલની વાત કરવામાં જમવાની ક્રિયામાં પણ જરા મોડું સ્વભાવિક રીતે જ થયું અને તે પછી થવા કાળ તે ઠેઠ શુઝ પહેરતી વેળા વાઘરી તૂટી. નવી વાઘરી ઘરમાં નિયમિત જગ્યાએ દોલાકાકાએ મૂકેલી પણ ઉતાવળમાં તે જગ્યાનું એમને વિસ્મરણ થયું. સ્મરણમાં તે જગ્યા આવી અને વાઘરી નવી નખાઇ તેમાં સમય તો જાય જ ને!

ઘરમાંથી નીકળ્યા પછી ઉમ્મરના પ્રમાણમાં શરીરનાં એકસો તે પંચોતેર જેટલાં રતલના વજનને લઇને જેટલું દોડી શકાય તેટલું તો દોલાકાકા ટ્રેનને પકડવા દોડયા. માર્ગમાં અનેક ઓળખીતાં મળ્યાં તેમાંથી કોઇએ બનાવટ કરી. કોઇએ સમભાવ દર્શાવ્યો, કોઈએ આ પ્રમાણે દોડવાથી હાર્ટને નુકસાન થશે એમ પણ કહ્યું. પણ આ બધાનું પરિણામ આખરે એ આવ્યું કે દોલાકાકાની હંમેશની ૯–૨૫ ની ટ્રેન માત્ર અરધી મિનિટ માટે એ ચૂકયા.

આ પ્રમાણે એક ટ્રેન ચૂકવાથી કાંઈ આમ મોડાં પડી જવાનાં હતાં? ઘણાં માણસો રોજની ટ્રેનો ચૂકતાં જ હશે. પણ દોલાકાકા એ ઘણાં માણસોના વર્ગમાં ન હતા. નિયમિતપણું તો તેમનું જીવન હતું. ચાલીસ–ચાલીસ વર્ષથી એઓ એકજ ઓફીસમાં નોકરી કરતા હતા એ ચાલીસ વર્ષમાં એઓ એક પણ દિવસ મોડા નહોતા પડયા. એમની ઓફીસમાં ટાઇમ સાડા–દસનો હતો. સાડાદસે બરાબર રજીસ્ટરમાં એક લાલ લીટી દોરવામાં આવતી હતી. ત્યાર પછી આવનારને એ લાલલીટીની નીચે સહી કરવી પડતી સામાન્ય પદવીના કલાર્કોને એમ લીટી નીચે સહી કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે સારી રીતે ઠપકો અને ખાસડાં મળતાં. પણ દોલાકાકાની હમણાની પદવી જોતાં એ પ્રમાણે એમને ઠપકો મળે એમ ન હતું. છતાં દોલાકાકાએ ચાલીસ ચાલીસ વર્ષની નોકરીમાં એક વખત પણ લીટી નીચે સહી કરી ન હતી એ વાત એમના અમલદારોએ અનેક વેળા ગૌરવથી ઓફીસના શુભ અવસરો પર ગાઈ વગાડીને કહી સંભળાવી હતી. એટલે આ વેળા દોલાકાકાને મન ખુબ ઉદ્વેગ થયો. આટલા લાંબા ગાળા પછી પહેલીવાર કલંક લાગવાનું એવું એમને થઈ આવ્યું. હવેના શુભ પ્રસંગોએ એ અમલદારો આ વાત નહિ કરશે એ સત્ય એમને સાંભરી આવ્યું...

બીજી ટ્રેનમાં જો પોતે એ જ સ્ટેશનેથી જાય તો ખાસ્સા દસ મિનીટ મોડા પહોંચે ! અને પેલી લાલ લીટી નીચે એમની સહી ચાલીસ વર્ષમાં પહેલીવાર શોભી રહે. પોતે આજનો દહાડો ઓફિસમાં નહિ જાય તો આ કલંકભર્યો પ્રસંગ ઉકલી જાય એમ ક્ષણભર એમને થયું. પણ કારણવગર આવી ગાપચી મારે એ દોલતરાયના સ્વભાવમાં નહતું. એટલે એ વિચાર તો જન્મ્યો તેવો જ મૃત્યુ પણ પામી ગયો. ત્યારે કરવું શું ? બીજી ક્ષણે એમને ભાન થયું કે પાસેનાં મોટાં સ્ટેશનેથી એક ગાડી ઉપડે છે તે હજી જો પોતે મોટરકારમાં જાય તો પકડાય. અને એ ટ્રેનમાં જાય તો પોતે વહેલા તો નહિ પણ ટાઈમસર તો જરૂર જઈ શકે ! આ ભાન આવતાં, સ્ટેશન ઉપરથી દોલાકાકા પાછા ફર્યા અને એક ટેકસી કરીને પેલાં મોટાં સ્ટેશને પહોંચ્યા. ત્યાં પેલી ટ્રેન પકડી પણ ખરી.

પણ આજે કિસ્મત એમની વિરૂદ્ધ કાવતરૂં રચી રહ્યું હતું. ચર્ચગેટ ઉપર એ ટ્રેન ૧૦–૧૬ ને ટાઇમે પહોંચવી જોઇએ. ત્યાંથી ઝડપથી ચાલતાં ઓફિસમાં બાર મિનિટમાં સહેલાઇથી પહોંચાય. પણ તે દિવસે ટ્રેન પહોંચી ૧૦–૨૧ ને ટાઇમે ! માત્ર નવ મિનિટ બાકી. ચર્ચગેટથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડી શકાય એમ તો હતું જ નહિ. પાછા દોલાકાકાએ દોટ મૂકીને ટેક્સી પકડી. તેને ગમે તેમ કરીને પણ ઝડપથી ઓફિસમાં પહોંચાડવાનું કહ્યું. ટેક્સી તે પ્રમાણે દોડી પણ ખરી. માર્ગમાં વિઘ્નો પણ આવ્યા, કોઇ વેળા ટેક્સીને ઊભા પણ રહેવું પડ્યું. આવા વિઘ્નો વેળા દોલાકાકાને પોતાનું મૃત્યુ થતું હોય અને વેદના થાય તેટલી વેદના પણ થઈ. પણ આખરે ટેક્સી ઓફિસને બારણે ૧૦–૨૮ વેળા પહોંચી. કાકાએ પૈસા તો તૈયાર રાખ્યા જ હતા આપીને કાકા ઓફિસની લિફ્ટ પાસે પહોંચ્યા. જ્યાં પાછી અરધીએક મિનિટ ગઈ. પણ તે પણ પત્યું અને કાકાએ રજીસ્ટર પાસે પહોંચીને પોતાની શ્રી કરી ત્યારે ઘડિયાળમાં સાડાદસનો ટકોરો પડયો. સહી કરી રહ્યા પછી, ઘેરથી નીકળ્યા ત્યારથી પડેલી તગડને પરિણામે એમને ખૂબ પરસેવો થયો હતો તે લૂછવા કાકા ત્યાંને ત્યાં ઊભા રહ્યાં. એમાં બેએક મિનીટ તેમણે કાઢી હશે એટલે એમનું ધ્યાન રજીસ્ટર પર ગયું.

રજીસ્ટર પાસે બેઠેલ કલાર્કે ટાઈમ ઉપર બે મિનિટ થઈ છતા લાલ લીટી દોરવાની તસ્દી લીધી નહિ. દોલાકાકાને તો એમ જ થયું કે દુનિયા થંભી ગઇ છે કે શું? તેમણે તરત કલાર્કને કહ્યું. 'મગજ ઠેકાણે નથી કે શું?'

'કેમ દોલાકાકા, આવો સવાલ પૂછો છો?' વિનયથી કલાર્કે પૂછ્યું.

'તો પછી ટાઈમ થઇ ગયો ને લાલ લીટી કેમ નથી દોરતો? આ ત્રણ ચાર જણ શ્રી કરવા આવ્યા છે!' દોલાકાકાએ કહ્યું.

'તે ભલે આવે, અને સહી કરે.' કલાર્કે કહ્યું.

'પણ લાલ લીટીનું શું? ભલા! તું જાણે છે? એ લીટીની નીચે હજી મેં ચાલીસ વર્ષમાં એક પણ વખત સહી નથી કરી. આજે નહિ કરવા માટે તો બબ્બે ઠેકાણે મેં ટેક્સી ભાડાં ખર્ચ્યાં! અને તું આમ બોલે છે?' દોલાકાકા બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, કાકા બરાબર છે, પણ ગઇ કાલે રાતે, મને આપણા મેનેજર મ્યુરસાહેબે જતી વખતે કહ્યું હતું કે 'હવેથી ટાઇમ પછી લાલ લીટી દોરવાનો નિયમ બંધ કરી દેજો; કારણ કે આપણે ત્યાં સ્ટાફ બહુ નિયમિત છે એટલે હવે એની જરૂર નથી !'

'લાલ લીટીનો નિયમ કાઢી નાખ્યો ?' દોલાકાકા તીવ્ર વેદના અનુભવતા બોલી ઊઠયા. 'પણ-પણ મારો ચાલીસ ચાલીસ વર્ષનો રેકર્ડ ત્યારે શું પાણીમાં !' આમ બોલતાં બોલતાં દોલતરાય મહેતાને ચક્કર આવી ગયાં અને જો મોડા આવનાર ત્રણ ચાર કલાર્કોએ એમને ટાઇમસર પકડી નહિ લીધા હોત તો દોલાકાકા જરૂર જમીન ઉપર ગબડી પડત.

—૨૦—

વક્તા

કોઈ પણ કલામાં પારંગત થવું, નિષ્ણાત થવું એ બહુ મુશ્કેલ છે. સંગીત, ચિત્ર, શિલ્પ, નૃત્ય, અભિનય વગરે કલાથી માંડીને સુથાર, લુહાર, વગેરેના દરેકના કામમાં ઉત્સાહી પ્રાપ્ત કરવી એ લાડુ ભજ્યાં ખાવા જેટલું સહેલું નથી. તેજ પ્રમાણે વકતૃત્વકળામાં ઉત્તમ પદ મેળવવું એ પણ કઠણ જ હોય એ સ્વાભાવિક જ છે. છતાં એ બાબતમાં ઊંડો વિચાર કરતાં મને લાગે છે કે બીજી બધી કલા કરતાં વકતૃત્વકલા વધારે કઠણ છે. આ મારી માન્યતા માટે અનેક કારણો મને જડયાં છે જેમાંના કેટલાક હું અહિં રજૂ કરૂં છું.

વકતૃત્વકલાના પિતા સમાન લેખાતો ડીમોસ્થનીસ તોતડો હતો અને સમુદ્ર કિનારે જઈને મોંમાં કાંકરા રાખી રાખીને એણે તોતડાપણું દૂર કર્યું અને મહાન વક્તા થયો એ વાત જાણીતી છે, પણ વક્તાના માર્ગમાં આવી મુશ્કેલીઓ આવી પડે છે એટલા માટે જ હું એ કલાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કીલ કહું છું એમ નથી; કારણ કે તોતડા માણસને માત્ર વક્તા થવામાંજ મુશ્કેલી આવે છે એમ નથી. એને તો સંગીતકાર થવામાં કે નટ થવામાં પણ એટલી જ મુશ્કેલી નડે છે એટલું જ નહિ પણ ઈસ્કોલ અને કોલેજના જીવનમાં પણ એને અનેક અડચણ આવી પડે છે. તેમજ કોઇ મીઠી મૃગાક્ષીનું મનહરણ કરવામાં પણ એને એટલી જ અડચણ આવી પડે છે. ટુંકામાં કહીએ તો આવી શારીરિક અને કુદરતી ખામીને લીધે કલા પ્રાપ્ત કરવામાં જે મુશ્કેલી પડે છે તે સમજી શકાય તેવી અને સ્વાભાવિક છે. હું કહું છું કે તે મુશ્કેલીના પ્રકાર જુદાજ છે.

છેક જન્મથીજ મનુષ્યને બીજાના અવાજ કરતાં પોતાનો અવાજ વધુ પ્રિય લાગે છે અને અન્ય મનુષ્યો પોતાને કશું કહે તેના કરતાં પોતે અન્ય મનુષ્યોને કાંઇક કહેવાને એ વધુ આતુર છે. આ પ્રકૃતિ–આ ટેવ તે જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ ઘટવાને બદલે વધતી જાય છે. અલબત્ત, આમાં અપવાદ હશે પણ તે બહુ જુજજ. આ પ્રકૃત્તિ–આ ટેવમાં ઉત્તરોત્તર વિકાસ સંધાતો જાય એવા સંજોગો પણ તેને આવી મળે છે. જ્યાંસુધી તે બહુ નાનું બાળક હોય ત્યાંસુધી તે પોતે બહુ બોલી શકતું નથી. આવી નિરૂપાય દશામાં વડીલો તેને પોતાના વિચારો સંભળાવ્યા જ કરે છે. જરા મોટું થાય એટલે તેને ઇસ્કોલમાં ધકેલવામાં આવે છે; જ્યાં માસ્તરો કોઇને બહુ બોલવા દેતા નથી અને પોતે જ આખો દિવસ બોલ્યા કરે છે.

સ્કુલજીવન પુરૂં થતાં કોલેજ જીવનનો આરંભ. અને કોલેજમાં તો પ્રોફેસરો રહ્યા. પરિણામે વિદ્યાર્થી તેમ વિદ્યાર્થીનીને જરા પણ બોલવાનો અધિકાર નહિ માત્ર પ્રોફેસરો જ બોલ્યા કરે. આ પ્રમાણે વર્ષો સુધી એક મનુષ્યને પોતાને બોલવાનો બેમુલો અવસર પ્રાપ્ત થતો જ નથી. તેને તો બીજાંના ભાષણો સાંભળવામાંજ જીવન વીતાડવાનું એટલે આ અનુભવને લક્ષમાં મનુષ્યને માત્ર એકજ લાગણી તીવ્ર દશામાં ઉદ્ભવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે એજ કે બને ત્યાંસુધી બીજા કોઇને પોતાની આગળ ભાષણ નહિ કરવા દેવું. આ લાગણી જે સંજોગોમાં એક બાળક કે બાળકી જન્મથી માંડીને પુખ્ત વયનું થાય છે ત્યાં સુધી ઉછરે છે તે સંજોગો જોતાં કેવળ સ્વાભાવિક છે એમ કોઇ પણ માનસશાસ્ત્રનો અભ્યાસી સરલતાથી કહી શકશે.

વક્તા આ વસ્તુ સ્થિતિથી કેવળ અજ્ઞાત છે એમ નથી પણ પોતે ભાષણ કરતો હોય તે વેળા એ બીજા કોઇને બોલવા દઇ શકે નહિ; કારણ કે જો એમ કરવા દે તો પોતે ભાષણ કરી શકે નહિ વળી પોતે બીજાંના ભાષણો સાંભળી સાંભળી કંટાળ્યો હોય એટલે એને તક મળતા એ પોતાનું વેર વાળવા જેમ બને તેમ લાંબુ ભાષણ કરવા ઉત્સુકજ હોય, અને જેમ ભાષણ લાંબું તેમ સાંભળનારાઓ વધુ કંટાળે એ પણ સ્વાભાવિક જ છે. આને પરિણામે સંભળાવનાર અને સાંભળનાર વચ્ચે સનાતન વૈરભાવ પરિણમે છે. વક્તાના માર્ગમાં આ મોટામાં મોટી મુશ્કેલી. તે સીવાય એક બીજી મુશ્કેલી પણ આપણા દેશમાં વક્તાના માર્ગમાં ઉભી છે.

યુરપ, અમેરિકા વગેરે દેશોમાં અમુક ભાષણો વેળા પ્રવેશક ફી રાખવામાં આવે છે. એવી રીતે પૈસા આપીને સાંભળનાર માણસો કંટાળે છતાં તોફાન કરતાં નથી–ઉઘાડો બળવો જગાવતાં નથી કારણ કે એમ કરે તો પોતાના પૈસાની બરબાદી થાય. આપણે નાટક જોવા કે કોઈ સીનેમામાં ફીલ્મ જોવા જઇએ, નાટક કે ફીલ્મ બહુ કચરા જેવી હોય છતાં આપણે પૈસા ખરચ્યા હોય એટલે ઉઠીને ચાલ્યા જતા નથી, કચવાતે હૃદયે પણ આપણે બેસી રહીએ છીએ અને તે ચાલતું હોય ત્યાં સુધી આપણે ઘોંઘાટ પણ કરતા નથી. પણ ભાષણ સાંભળવાનું મફત છે. આપણે કોઇ ભાષણકર્તાને આવી રીતે મફત સાંભળવા જઈએ એટલે આપણે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષણકર્તાને અથવા તો સંસ્થાએ એને બોલાવ્યો હોય તેને આભારી કરવાં જઇએ છીએ. આથી પણ આપણે કંટાળીએ કે તરત તે કંટાળો વ્યક્ત કરવાને આપણે તત્પર થઇ જઇએ છીએ. ભાષણ કર્તા એક અને ભાષણ સાંભળનારા અનેક એટલે જો યુદ્ધ થાય તો તે પણ એક તરફીજ થાય એ ભાનથી પણ સાંભળનારાઓ વધુ સ્વતંત્ર અને સાહસિક બને છે. જો સભામાં ગડબડ થાય તો સાંભળનારાઓને વિનોદ મળે છે પણ વકતાને પોતાનું ભાષણ પોતે નહિ બોલી શકયો એનો ખેદજ રહે છે. આ પ્રમાણે ભાષણ કરનાર અને ભાષણ સાંભળનાર એ બે પક્ષનાં હિત અને લાભ જુદાં જુદાં હોઇ ભાષણ કરનારના માર્ગમાં અનેક વિઘ્નો આવે છે અને જો કોઇ વ્યકિતને મહાન વકતા થવું હોય તો આ બધાંય વિઘ્નોની સામા થઇને વિજય પ્રાપ્ત કરવાની શકિત તેણે કેળવવી રહી.

એક પ્રસંગ યાદ આવે છેઃ વકતૃત્વશકિત ખીલાવવી એ ધ્યેયથી પ્રેરાઇ અમુક મંડળે ઇનામો કાઢયાં અને પરીક્ષકો નીમ્યા. આગળથી ચાર પાંચ વિષયો અપાયેલ તેમાંથી કોઇપણ વિષય ઉપર એ ઇનામો મેળવવા યત્ન કરનાર યુવક કે યુવતિ બોલે. સાંભળનારાંઓની બહુ મોટી સંખ્યા હાજર હતી-શા માટે ન હોય? વગર પૈસે આવો આનંદ બીજે ક્યાં મળે? હું પણ એ સાંભળનારાઓમાં એક હતો. યત્ન કરત તો પણ અમને એ ઈનામોમાંથી એક મળત નહિ એ સત્ય સ્વીકારી લઇને અમે ત્યાં હાજર રહ્યાં એટલે અમારે કશું નુકશાન નહતું. એ ઇનામ મેળવવા ઈચ્છનારની સ્થિતિ જુદી હતી અને એઓ વળી અલ્પ સંખ્યામાં એટલે વિજય અમનેજ મળે એ દેખીતું છે.

કાર્યક્રમ શરૂ થયો. એક પછી એક યુવક કે યુવતી બાજઠ ઉપર ચઢી અમને પોતાના ભાષણો સંભળાવતાં ગયાં. નિયત કરેલ પરીક્ષકો કરતાં અમારૂં પરીક્ષાનું ધોરણ જુદું હતું, અમારી કસોટી કપરી હતી. કરૂણ રસ આવે ત્યારે અમે ડુસકાં ખાતા, હાસ્યરસનો પ્રસંગ લાવવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વક્તા યત્ન કરે ત્યારે કોઇ હસે નહિ અને પછીથી 'ફટાકો ઘુઉઉસ ગયો' ની ધુમ ! કોઇ અભિનયના આવેશમાં ટેબલ અફાળે તો સાંભળનારાઓમાંથી ધ્વનિ નીકળે: 'સમાઆલો ! ટેબલ ભાંગી જશે તો પૈસા જોખી આપવા પડશે.'

કોઇએ હાલની કેળવણી વિરૂદ્ધ છટાદાર બોલવા માંડયું એટલે અમારામાંથી કોઈ બોલ્યું. 'હત્તારીની ! હવેજ ખબર પડી કે તમે ત્રણ ત્રણ વરસ થયાં નપાસ કેમ થાઓ છો !' આ પ્રમાણે વધસ્થાને એક પછી એક વ્યકિત આવતી ગઇ અને અમે તેનો ભોગ લેતા ગયા. પરીક્ષકો અકળાયા કરતા હતા પણ તેઓ શું કરે ? કોને રોકે ? આખરે એક યુવતી આવી; ગોખી રાખેલ ભાષણ દમામથી બોલવા માંડયું. અચાનક તેણે આવેશમાં આવીને કહ્યું, 'તમે જાણો છો ? અત્યારે આપણે ક્યાં છીએ ?'

ઉત્તરમાં પ્રચંડ અટ્ટહાસ્યનું મોજું ફરી વળ્યું અને એક અવાજ ઘ્યામણો, ડચકાં ખાતો નીકળ્યો: 'ઓ મોટી બ્હેન ! તું આટલું પણ જાણતી નથી તો ભાષણ કરવા શીદ આવી ? આપણે અત્યારે માણેકલાલ શેઠની વાડીમાં છીએ !' ફરી પાછું પ્રચંડ અટ્ટહાસ્ય.

એક બીજો પ્રસંગ યાદ આવે છે: મહાન વકતા થવાના કોડ સેવતી એક વ્યકિત એક જલસામાં વચમાં ભાષણ કરવા ઉભી થઈ. 'માત્ર બે શબ્દ બોલીશ' એમ આરંભ કરીને તે ભાષણકર્તાએ શરૂ કર્યું. દોઢ બે મીનીટ પ્રેક્ષકવર્ગમાં શાંતિ જળવાઈ તે પછી કોઈ ભયંકર સર્પ સુસવાટ કરે તેવો સુસવાટ સભામાંથી ઉત્પન્ન થઇ દર ક્ષણે વધુ ભયાનક થતો આખા થીએટરમાં ગાજી રહ્યો. ભાષણકર્તા ડગ્યો નહિ. એણે કહ્યું. 'તમે ગમે તેટલો અવાજ કરશો પણ હું તો મારું ભાષણ કરવાનોજ.'

સુસવાટ વધ્યો. સાથે સીસોટીઓ પડવા માંડી. ભાષણકર્તાએ નવો માર્ગ પકડયો: 'તમે શાંત નહિ થાઓ તો હું અહિં ઉભોજ રહીશ અને જલસો આગળ નહિ ચાલે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તરમાં પાછો ભયાનક સુસવાટ. તેને વીંધીને પ્રેક્ષકવર્ગમાંથી કોઇના રૂદનનો અવાજ સંભળાયો. તે રૂદનમાંથી ધ્વનિ નીકળ્યો. 'ભાઇઓ! આ બચારાને કોઇ સમજાવો. ભૂખ્યો તરસ્યો બચારો મરી જશે કારણ કે આ અવાજ કાંઇ અટકાવાનો નથી.'

જલસાના કાર્યવાહકોમાંથી બે ત્રણ આવીને પેલા સત્યાગ્રહી ભાષણ કરતાને વીંગમાં ખેંચી ગયા અને તે દુઃખદ પ્રકરણ પુરૂં થયું.

આ પ્રમાણે સંભળાવનાર અને સાંભનાર વચ્ચેજ સનાતન ઝગડો છે તે જોતાં અને વકતાના માર્ગમાં જે મુશ્કેલીઓ છે, જે વિઘ્નો છે તેનો વિચાર કરતાં મહાન વકતા થવું એ પણ બહુ મુશ્કીલ કાર્ય છે એવી મારી માન્યતા ખોટી છે એવું પુરવાર કરનાર પુરાવાઓ મને જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી હું એજ માન્યતાને વળગી રહીશ.

—૨૧—

અવેતન ફોટોગ્રાફર

લૉર્ડ હાકથી માંડીને ઘણા મોટા માણસોએ કહેલું છે કે જે દિવસે ઇંગ્લંડમાંથી અવેતન ક્રીકેટરો અદ્રષ્ય થશે તે દિવસ ઇંગ્લંડનો મોટામાં મોટો કમનસીબ ગણાશે—ગણાવો જોઇએ. ક્રીકેટની રમત અને તેની જરૂરિયાતો જુદી જ છે એટલે આ વાકય એ રમત પૂરતું ખરૂં પણ હોય, પણ જીવનની બધી જ દિશાઓના તેમ જ ક્ષેત્રોના સંબંધમાં આ વાકય ખરૂં નથી જ એમ હું મારા અનુભવ ઉપરથી કહું છું.

એક જ દાખલો લઇએ: અવેતન ફોટોગ્રાફરો. એ છબી પાડનારાઓનો વર્ગ આખો નાબૂદ થઇ જાય તો પણ દેશને કે પ્રજાને નુકશાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય ખરૂં ? છતાં સાથે એટલું પણ કહી દઉં કે જ્યાં સુધી મનુષ્યોમાં મનુષ્યસહજ નિર્બલતાઓ ભરી છે ત્યાં સુધી આ વર્ગ નાબૂદ થવાનો જ નથી એ પણ હું જાણું છું.

ગમે તે ગામમાં જાઓ, ગમે તે વર્ગમાં જુઓ, ગમે તે પ્રસંગ હ્યો: લગ્ન, વિવાહ, મુંડણ, ડીગ્રી મેળવવાના પ્રસંગ, ઉજાણી, નાટક, કોન્સર્ટ એટલું જ નહીં પણ સાધારણ પાંચ–છ મિત્રોનું સાથે ભોજન લેવાનું હોય તો પણ એકાદ યુવક કે નાનો છોકરો હાથમાં કેમેરા લઇને ફરતો જ હોય !

દરેકે દરેક ગુજરાતણને ગરબા ગાતાં અને ગવડાવતાં આવડે છે અને તે પણ નૃત્ય–અભિનય સાથે, એ વસ્તુ માત્ર અપવાદ તરીકે સ્વિકારી લઇએ તો એટલું તો ચોક્કસપણે કહી શકાય કે કોઇ પણ કલા તાલિમ, શ્રમ અને સતત્ પ્રેકટીસ વગર સિદ્ધ કરી શકાતી નથી. પણ છબી પાડનારાઓ, અલબત્ત, અવેતન છબી પાડનારાઓ એમ જ માની બેઠા છે કે છબી પાડવાની કલા હસ્તગત્ કરવામાં માત્ર એક જ સાધનની આવશ્યકતા છે, અને તે કેમેરાની. એ હાથમાં હોય તો માત્ર માણસ જ નહીં પણ કોઇ ચોપગું જનાવર પણ છબી પાડી શકે એવી એ લોકોની માન્યતા તેમ જ શ્રદ્ધા લાગે છે.

આ શ્રદ્ધા દૂર કરી શકાય, પણ તેમ ન થવાનું એક મોટું કારણ છે: કોણ જાણે શાથી નાનામાં નાનાં છોકરાંથી માંડીને વૃદ્ધમાં વૃદ્ધ માણસ, ગરિબ કે તવંગર છબી પડાવવાનો મોહ છોડી શકતાં નથી. આપણે જાણતાં હોઇએ કે પરિણામે શૂન્ય જ છે, છતાં પણ કોઇએ કેમેરા સામે ધર્યો કે તરત જ આપણે સાવધાન થઈ જઇએ છીએ અને આપણા હૃદયમાં કોઇ વિચિત્ર આનંદ ઉછળી રહે છે. એ આનંદ શા માટે થાય છે ? એમાંથી આપણે કયા પરિણામની આશા રાખીએ છીએ ? શું આવી છબી પડાવવાનાં પરિણામે આપણે અતિ સુંદર યુવક કે યુવતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની જઈશું ? આપણે કબૂલ નહીં કરીએ પણ મને તો લાગે છે કે આવીજ કૈં ઇચ્છા, આવો જ કૈં ભ્રમ આપણે સેવીએ છીએ, અને એ ભ્રમનો લાભ આ અવેતન ફોટોગ્રાફરો લે છે.

મારાં લગ્નનો પ્રસંગ મને હજી સાંભરે છે: લગ્નને પંદરેક દિવસ રહ્યા હશે એવામાં એક અવેતન ફોટોગ્રાફર જેમને હું સહેજસાજ ઓળખતો હતો તે ખાસ મુંબઇથી સુરત આવી પહોંચ્યા. પહેલાં તો એ કોઇ બીજાને ત્યાં ઉતર્યા હતા, પણ પોતાના કેમેરાનો પ્રભાવ એમણે અમારા કુટુંબીજનો ઉપર પાડવાનો શરૂ કરી દીધો, એટલે ત્રણેક દિવસમાં જ એ અમારા પરોણા થઇ પડયા. લગ્ન પછી દસબાર દિવસે એ અમારા ત્યાંથી ગયા હશે, એ દરમિયાન એમણે પોતાના કેમેરાથી અનેકને મુગ્ધ કરી નાખ્યા.

મને હજી યાદ છે: એ જેમને ત્યાં રહેતા હતા તેમને ત્યાંથી અમને સવારે મળવા આવ્યા. એકાદ કલાક બેસવાનો એમનો વિચાર હશે એમ તે વખતે મને લાગેલું. પા કલાકમાં મારાં બાપ, મા, ભાઇઓ અને બહેનોનાં નામ એણે જાણી લીધાં અને તરત એમણે મારા બાપને કહ્યું. 'આ હૉલમાં કાકા, તમારી અને કાકીની છબી કેમ જણાતી નથી ?'

'બહુ નાનપણમાં એકાદવાર છબી પડાવેલી, પછી કોણે પડાવી છે ?' બાપાજીએ કહ્યું.

'એમ તે ચાલે ?' મારા મિત્રે કહ્યું: 'અત્યારે જ તમારી અને કાકીની છબી પાડી લઉં. ત્રણ ચાર પાડીશું એટલે એમાંથી એકાદ તો 'એ વન' નીકળશે જ. એને બે ત્રણ રૂપીયા આપીને એન્લાર્જ કરાવી દઇશું તો ત્રણ દિવસમાં હૉલમાં તમારી છબી ! છોકરાનાં લગ્ન થાય અને હૉલમાં તમારી છબી જ નહીં હોય એ તે કેમ ચલાવી લેવાય ?'

'આ સાંભળ્યું ?' બાપાજીએ મારા કહ્યું: 'આ ચમનભાઇ આપણા બેની છબી પાડવા માંગેછ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે તમે ય શું ગાંડાં કઢાવો છો ?' માએ કહ્યું: 'આટલી ઉંમર સુધી છબી નહીં પડાવી ને હવે ?'

'કાકીમા, એ તે કેં ચાલે ?' ચમનભાઇએ કોથળીમાંથી કેમેરો કાઢતાં કહ્યું: 'શિરછત્રની છબી તો દરેકના ઘરમાં જોઇએ જ. મારા આલ્બમમાં મૂળ છબી જોશો તો તમારા જેવાં શિરછત્રનીજ. એમાં એનો આજે વધારો થવાનો.'

'વાઆઆરૂ ત્યારે, પડાવી નાખીએ, પણ ક્યાં ઠીક પડશે ?' બાપાજીએ પૂછ્યું.

'આગલા કંપાઉંડમાં, મજેનું લાઇટ છે.' આટલું કહીને ચમનભાઇએ ડગલો ઉતાર્યો, ટોપી ખીંટીએ ભેરવી દીધી અને નીચે કંપાઉંડમાં જવા માંડ્યું, એટલે એની સાથે મારા બે નાના ભાઇ, એક નાની બહેન અને પડોશીની એક નાની છોકરી પણ સાથે ગયાં. જતાં જતાં એક નોકરને પણ એમણે સાથે લીધો. થોડી જ વારમાં ચમનભાઇ જામી પડ્યા હોય એમ મને જણાયું. ઘડીકમાં ખુરશી મંગાવાતી, તો ઘડીકમાં સ્ટુલ મંગાવાતું. મોટા ગોળ આરસનાં ટેબલને પણ કંપાઉંડમાં ખસેડવાની સૂચના કોઇએ કરી, પણ એક ચાકરથી એ ખસે એમ ન હતું એટલે એ વાત પડતી મુકાઇ. લગ્નના ઘરમાં કામકાજ માટે આવનાર સગાંસબંધીઓ પણ જેમ જેમ આવતાં ગયાં તેમ તેમ એ કંપાઉંડમાં જ થંભી ગયાં. મારા એક ભાઇ અને એક પાડોશીની કોલેજ જતી છોકરી પોતાને કલાકાર કહેવડાવવાનાં ફાંફાં મારતાં હતાં તેમણે ચમનભાઇની સાથે લાઇટ, બેકગ્રાઉંડ, એક્સપોઝરનો ટાઇમ અને કેમેરાની જુદી જુદી જાતો વિષે ચર્ચા શરૂ કરી દીધી.

ઉપર પહેલાં તો બાપાજીએ એમ જ કહ્યું કે ઘરના લુગડાંથી જ છબી પડાવી લઇએ અને માએ લગભગ હા પણ કહી, પણ મોટી બ્હેને ના પાડી. સામાન્ય રીતે લગ્નપ્રસંગે પણ બાપાજી ભપકાદાર લુગડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેરવા તૈયાર નહીં થાય તે આ વખતે રેશમી ડગલો, પાઘડી, દુપટ્ટો વગેરે પહેરવા ઉત્સુક જણાયા. માએ કેટલીક ભાંજગડ પછી સાડી પસંદ કરી, પણ મારા નાના કલાકાર ભાઈને એનો રંગ બરાબર નહી લાગ્યાથી, એક પડોશીને ત્યાંથી સાડી મંગાવવામાં આવી. પણ એક વખત વહેમ આવેલો એટલે આ વેળા માએ નાના ભાઇ ઉપરાંત પેલી કોલેજીયન છોકરીને પણ પૂછી જોયું અને એની મક્કમ હા પડી નહીં એટલે મોસાળથી લુગડું મંગાવવા એકને દોડાવવામાં આવ્યો. લગભગ નવ વાગ્યાથી આ ક્રિયા શરૂ થયેલી તે સાડાબારે પતી. પરિણામે ચમનભાઇ અમારે ત્યાં જ જમવા બેઠા. ત્યારથી એમણે અમારે ત્યાં જ અડ્ડો જમાવ્યો તે, મેં જેમ આગળ જણાવ્યું તેમ, લગ્ન પછી દસેક દિવસ સુધી તે અમારે ત્યાં જ રહ્યા. તે દરમિયાન તેમણે દોઢેક ડઝન ફિલ્મ એકસપોઝ કરી હશે જેનો ખર્ચ કુદરતી રીતેજ 'શ્રી લગ્ન' ખાતે નાખવામાં આવ્યો હતો એમ મને પાછળથી જણાયું.

પણ ખર્ચનો સવાલ બાદ કરીએ તો પણ લગ્નની ક્રિયાના દરેક જુદા જુદા પ્રસંગે ચમનભાઇ કેમેરા સાથે હોય જ, એને લઇને માણસોને ગોઠવવામાં અને લાઇટ બરાબર આવે નહીં ત્યાં સુધી રાહ જોવામાં પુષ્કળ વખતની બરબાદી થઈ અને છબીમાં સારી જગ્યાએ ગોઠવાઇ જવાની ચડસાચડસીમાં અનેક સ્નેહીઓનાં હૈયાં દુભાયાં તે જુદાં.

માંડવા મુહૂર્તમાં રાતના નવેક વાગ્યે ચમનભાઇએ છબીઓ લીધી, ગ્રહશાંતિમાં પાડી. હું ઘોડે ચઢયો ત્યારે પાંતરીસ મીનીટ સુધી ઘોડાને એકની એક જગ્યાએ ઉભો રાખવો પડયો. માયરાંમાં એમણે પછી છબીઓ લીધી. તે વખતે કન્યાના કપાળે કોઈએ મોટો ચાંદલો કરેલો તેને ભૂંસવો નહીં એ બાબત લગભગ ગરમાગરમ તકરાર અને ચર્ચા પણ થઇ. વહુવર વિદાય થયાં તે વખતે, રાત્રે ત્રણ વાગ્યે ચમનભાઇ, મારો નાનો કલાકાર ભાઇ અને પેલી કોલેજીયન યુવતી છબી પાડવા હાજર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં જ. જમતી વખતે, વરવહુ સામસામા કંસાર ખવડાવે તે વખતે અને વરરાજા સ્નાન કરતો હોય તે વખતે આ ત્રિપુટીએ હાજર રહીને છબીઓ પાડી અને આવી 'કામીક' છબીઓ પણ પાડવી જ જોઇએ એ દલીલને મારા બાપ જેવા વડીલોનો પણ ટેકો મળ્યો. ટુંકમાં અમને બધાંને એમ જ લાગ્યું કે આ ત્રિપુટીના આનંદને ખાતર જ અને એમને છબી પાડવાની તાલિમ મળે એટલા માટે જ જાણેમારાં લગ્ન થયાં હોયને !

જ્યારે પરિણામ જણાયું ત્યારે મને જરા પણ આશ્ચર્ય થયું નહીં. લગભગ ૭૦ ટકા જેટલી છબીઓ તો બગડી જ ગઇ એમ જાહેર થયું. બાકીની ત્રીસ ટકા જેટલી, જેને પેલી કલાકાર ત્રિપુટી સારી છબીઓ કહેતી હતી, તેમાંની જેટલી છબીઓમાં સ્ત્રીઓ હતી તેટલી બધી છબીઓમાં સ્ત્રીઓ એટલી બદસુરત પડી હતી કે એ બધી છબીઓની નેગેટીવ નકામી જ પડી. મારા માબાપની છબી પાડવામાં આવી હતી તે છબીમાં ઉપલો ભાગ પડયોજ ન હતો. બંનેના નીચલાં અરધાં શરીર જ પડયાં હતાં ! હું ઘોડે ચઢયો તેમાં ઘોડાના ચાર પગ સરસ પડેલા. ઉપરનો ભાગ 'કટ' થયેલો. માયરાંની છબીમાં મારી અને મારી પત્નિની છબીને બદલે ત્રણ ગોરમહરાજ સાફ પડેલા જણાયા. વહુવરની છબીમાં વિકટોરિયાનાં પૈડાં અને એક મશાલચીની છબી સારી ઉઠી હતી.

આ પરિણામથી અમે બધાંજ નિરાશ થયાં હતાં, પણ પેલી ત્રિપુટી ખરેખર સંતોષ પામી હોય તેમ જણાતું હતું, એટલું જ નહીં પણ આખો વખત 'લાઇટ એંડ શેડ,' 'મેલો લાઇન્સ', 'કોન્ટ્રેકટ', 'મેલેન્સ', વગેરે શબ્દો આ છબીઓને માટે છૂટથી એ ત્રિપુટી વાપરતી હતી એ મેં સાંભળ્યા હતા.

પણ આ તો માત્ર મેં એકજ અવેતન ફોટોગ્રાફરનો દાખલો આપ્યો. એવા તો કૈંક આપણા સમાજમાં પડેલા છે. માથેરાન–મહાબળેશ્વર વગેરેથી માંડીને કાશ્મીર સુધી જનારા માણસો પોતે કુદરત તેમ જ એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણનારાં માણસોની છબીઓ પાડે છે અને પોતાનાં અલ્બમોમાં સંઘરી રાખે છે. પણ મારે એટલું તો કબૂલ કરવું જોઇએ કે કુદરત અને માણસો એ બે છબીમાંથી મને કુદરતની છબીઓ વધારે જોવી ગમે છે; કારણ કે કુદરતની આવા ફોટોગ્રાફરોએ પાડેલી છબીનાં વખાણ કરવાં સહેલાં છે. આવી કુદરતની છબીઓ માત્ર કાળાં ધાબાં જ હોય છે, પણ એમાં વાદળાંની 'ઇફેક્ટ' સમુદ્રના તરંગો ઉપર પડતા પ્રકાશની કુમળી છાયા વગેરે આપણે બોલીએ તો ફોટોગ્રાફર સંતોષાય છે, પણ માણસોની પાડેલી છબી જોવી અઘરી છે. આશરે દોઢ ઇંચ પહોળી અને અઢી ઇંચ લાંબી છબીમાં સત્તર માણસની છબી હોય, તેમાં દરેકે દરેકને આપણે ઓળખવાની મહેનત કરવી, અને જ્યારે આપણે ન જ ઓળખીએ ત્યારે પેલો ફોટોગ્રાફર આપણને ઓળખાવવાના યત્ન કરે; છબીમાં તો કશું જણાતું જ ન હોય અને છબી પાડયાને લાંબો વખત થઇ ગયો હોય એટલે એ પણ ન ઓળખાવી શકે: પરિણામે એ પોતાની પત્નિને બોલાવે; સાથે છોકરાંઓ અણબોલાવ્યાં આવે. એ બધાં વચ્ચે વાદવિવાદ થાય. કાશ્મીરમાં એ છબી પાડેલી કે દાર્જીલીંગમાં, એ ચર્ચા ઉપરથી આખરે એમ ઠરે કે પારલામાં એક બંગલાના કંપાઉંડમાં જ એ છબી પાડેલી. પરિણામે પેલો છબી પાડનાર કચવાઇ જાય: આવી આવી ક્રિયાઓ જ્યારે અઢી કલાક ચાલે ત્યારે મળવા આવનાર માણસની શી સ્થિતિ થાય એ કલ્પી શકાય તેમ છે. પણ એનો ઉપાય નથી. મોટાં તો શું પણ પાંચ પાંચ, છ છ વર્ષનાં બાળકોએ પાડેલ છબીઓ પણ આપણે ધ્યાનથી જોવી પડે છે. વધારે તો શું કહું? પણ દુનિયાની અનેક અનિવાર્ય ઉપાધિઓમાંની આ એક છે એમ હું તો ગણીને એ સંબંધી લાંબો વિચાર જ કરતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—૨૨—

ઉઘાડું બારણું

'કાકા હમણાં જ આવશે, બેસોને.' એક ચોદ પંદર વર્ષની પણ ખૂબ સ્વસ્થ બાલિકાએ આવનાર પરોણાને કહ્યું: 'તે દરમિયાન મારી ગમે તેવી વાતચીત તમારે નભાવી લેવી પડશે.'

પરોણામાં તો મનસુખલાલ નામનો એક આધેડ વયનો પુરુષ હતો. આ નાના પરામાં મનસુખલાલ પોતાની તબિયત સુધારવા આવ્યો હતો એકલો જ આવ્યો હતો અને એક નાની બંગલીમાં રહેતો હતો. પેલી નાની બાલિકા મંજરીના કાકા ધનવન્ત અને કાકી વિદ્યા પોતાના સ્વતંત્ર નાના બંગલામાં રહેતાં હતાં અને પોતે પૈસેટકે સુખી હતાં. એમને પોતાને બે મોટા વીસ અને બાવીસ વર્ષના બે પુત્ર હતા પણ એકેય પુત્રી ન હતી. એથી નાનાભાઇની આ પુત્રી મંજરીને પોતાને ત્યાં અવારનવાર ઘસડી લાવતા હતા. આ વખતે પણ મંજરી કાકાને ત્યાં જ હતી. મનસુખલાલ આરામ લેવા આવ્યો હતો અને એમ કરીને તબિયત સુધારવા માગતો હતો એટલે આસપાસના પાડોશીઓ સાથે ઓળખાણ કરવાનો પ્રયત્નો કરતો હતો.

પહેલું વાક્ય બોલ્યા પછી અમુક સમય મૌન સેવાયું એટલે મંજરી પાછી બોલી. 'તમે અહીં તદ્દન અજાણ્યા છો ?'

'હા, હું કોઇને જ ઓળખતો નથી. હજી ગઈ કાલે જ મારી બંગલીને જમણે હાથે બંગલો છે ત્યાં આ પ્રમાણે જ મળવા ગયેલો પણ ત્યાં કોઈ હતું નહિ. બધાં બહાર ગયેલાં.' મનસુખલાલ બોલ્યો.

'હંઅં, ત્યારે તો તમે મારી વિદ્યાકાકી વિષે પણ કશું નહિ જાણતા હો ?' નિર્દોષતાની મૂર્તિ સમી મુખમુદ્રા રાખીને મંજરી બોલી.

'ના રે ! ના, જરાય નહિ.' મનસુખલાલે જવાબ આપ્યો. 'તમારા બંગલાનું નામ 'વિદ્યામંદિર' છે અને માલિકનું નામ ધનવન્ત કે. શાહ છે એટલું જ જાણીને અહીં મળવા આવ્યો છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે તો તમે શાના જાણો ? બિચારાં વિદ્યાકાકીની કરુણ કથની !' બાલિકા બોલી.

'કરુણ કથની ?' આવનારે આશ્ચર્યથી પૂછ્યું. આવાં શાંત પરામાં અને આવી શાંત જગ્યાએ જાણે કરુણ કથની અસ્થાને જ હોયને !

'આ પાછલું બારણું અમે ઉઘાડું જ રાખ્યું છે. હંમેશ ઉઘાડું જ રાખીએ છીએ એથી પણ તમને નવાઈ તો લાગી જ હશે,' આર્દ્ર અવાજે મંજરી બોલી.

'હમણાં જરા ગરમી પડે છે એથી રાખ્યું હોય.' આવનારે કહ્યું, 'તમે એમ તો નથી કહેતાં ને કે આ ઉઘાડાં બારણાંને તમારી કાકીની કરુણ કથા સાથે કશો સંબંધ છે ?'

'એમ જ છે, બિચારાં-બિચારાં વિદ્યા કાકી !' મંજરી ગંભીરતાથી બોલી.

'વાંધો ન હોય તો એ શોક જનક કથા કહોને.' મનસુખલાલ બોલ્યો.

'એમાં વાંધો તો શો હોય ? એમાં ખાનગી જેવું શુ છે ? અહીં તો બધાં જાણે છે. તમે તો નવા આવેલા એટલે ન જાણો.' ગમગીન ચહેરે મંજરીએ વાત કહેવા માંડી.

'બરાબર ત્રણ વરસ પહેલાં, આ જ દિવસે આ જ બારણામાંથી મારા કાકા અને એમના બે છોકરા દરિયે નહાવા ગયા હતા. તેઓ પાછા જ આવ્યા નહિ. સાથે પાળેલો નાનો વાળવાળો કાળો કૂતરો પણ હતો. એમના શરિરનો પણ પત્તો લાગ્યો નહિ. દરિયામાં ડૂબી મૂઆ એ તો નક્કી પણ વિદ્યા કાકી બિચારાં એવી જ આશા રાખી બેઠાં છે કે કોઇક દિવસ એઓ પાછા આવશે અને તે પણ આ જ બારણે આવશે. તેથી જ આ બારણું હમેશ ઉઘાડું રાખવામાં આવે છે. ઠેઠ રાતે બંધ કરીએ છીએ. વિદ્યા કાકીએ બિચારાંએ મને ઘણી વાર આ વાત કહેલી છે કેવી રીતે એ ત્રણ જણ નહાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ગયાં હતાં. કાકાએ કેવો કાળો હાફ કોટ ધોતીયા ઉપર પહેર્યો હતો અને બે છોકરાઓ ખાખી શોટર્સ અને માથે હેટ પહેરીને ગયા હતા. નાનો છોકરો કેવો 'ભાભી, તમે થોડાં થોડાં થાઓ વરણાગી'નું ગાયન ગાતો ગાતો બિચારો ગયો હતો ! એ બિચારાં કાકી તો રોજ જ આમ રાહ જોયા કરે છે; પણ તમે માનશો ? આપનું નામ શું ?'

'મારૂં નામ મનસુખલાલ.' મનસુખલાલે જવાબ આપ્યો.

'હા, હા, મનસુખલાલભાઈ, તમે માનશો ? આવો દિવસ હોય, આકાશ વાદળાંથી ભર્યું ભર્યું હોય ત્યારે તો મને પણ એમ લાગી જાય છે કે પેલા ત્રણ જણ કદાચ આ પાછલે બારણેથી આવી પહોંચશે ! અને સાથે પેલો નાનો વાળવાળો કૂતરો પણ હશે !'

મનસુખલાલ પેલી બાલિકાની વાતથી બહુ ઠંડો થઈ ગયો હતો. એને એમ જ થતું હતુ કે મેં મારિ તબિયત સુધારવા દરિયે જવાને બદલે આવા પાડોશીને ત્યાં આવવાનું કયાંથી પસંદ કર્યું ? એટલામાં તો વિદ્યા આવી અને એણે મનસુખલાલને સારો આવકાર આપતાં પૂછ્યું: 'મંજરીએ, મારી ભત્રિજીએ, તમને વાતો કરીને કંટાળો તો નથી આપ્યોને ?'

'ના, ના, એણે તો સારી વાત કરી છે.' મનસુખલાલ બોલ્યો.

'તો તો સારું. ચાહબાહ લેશો ?' વિદ્યાએ પૂછ્યું, જેના જવાબમાં મનસુખલાલે ઉપકાર માન્યો અને ના પાડી. વિદ્યાએ પોતાનો પતિ અને બે પુત્રો કેવા સરસ તરનારા છે, દરિયાના શોખીન છે રજાનો એક પણ દિવસ નહાવા જવાનું ચૂકતા નથી એ વિશે જ વાતો કર્યા કરી અને એનું ધ્યાન એ વાત કરતાં કરતાં પણ પેલા ઉઘાડા બારણા ભણી જ ગયા કરતું હતું—જાણે જે સમય જાય છે તે દરમિયાન તે પેલા ત્રણના પાછા આવાની રાહ જોતી હોયને ! મનસુખલાલે આ ભયંકર કરણ કથા બદલવાનો ઘણો યત્ન કર્યો પણ વિદ્યા પાસે પોતાના પતિ અને બે પુત્રો સિવાય બીજો કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય વાત માટે હતો નહિ. પોતાનો પતિ પાડોશી તરીકે કેટલો મળતાવડો છે. અને એક તખત ઓળખાણ થયા પછી કેવા સ્નેહાળ મિત્ર તરીકે વર્તશે એ વિશે પણ વિદ્યાએ લંબાણથી કહ્યું. વિદ્યાના મગજની આવી દયાજનક સ્થિતિ ધ્યાનમાં લાવીને મનસુખલાલે એના પ્રત્યે સમભાવ બતાવવાની બહુ કાળજી રાખી. પણ સાથે સાથે વિદ્યાની પેલાં બારણા તરફ નજર ફેરવવાની ટેવથી એને કમકમાં પણ આવ્યા કરતાં હતાં, કારણ કે એ પોતે ભૂત–પ્રેતના વિષયથી બહુ ડરતો હતો અને પોતાના ઘરમાં તો કોઈને એ વિશે વાત પણ કરવા દેતો નહોતો. પોતે કોઈ દિવસ નહિ અને બરાબર પેલા ત્રણ જણ ગૂમ થાય હતા તેના ત્રણ વર્ષ પૂરાં થયાને દિવસે જ મળવા આવ્યો હતો એ એને બહુ સાલતું હતું. આજે એથી જ આ બાઈ વધારે ને વધારે આ ત્રણની જ વાતો કરતી હતી એમ એને લાગતું હતું. વાત બદલવા મનસુખલાલે પોતાની માંદગીની વાત કરવા માંડી.

'જુઓને, મને કોઈ કોઇ વાર એનિમિયા થઇ જાય છે એટલે દાક્તરોએ આ જગ્યાએ આરામ લેવાનું મને કહ્યું.' મનસુખલાલે કહ્યું. 'અહીંથી સ્કૂલે જવાનું ફાવે નહિ એટલે છોકરાં તથા મારી વાઇફ મુંબઇ જ રહ્યાં છે અને મને એકલાં ફાવે પણ છે.

'પણ હવે તમે દરિયે જવાનું શરુ કરોને.' વિદ્યા પાછો દરિયો લઈ આવી, 'તમે તો રોજ જઈ શકો એમ છો. કારણ કે તમે રજા ઉપર છો. અને તરતાં તો એ તમને તરત શીખવી દેશે કેમ મંજરી? તમને પણ કેટલા થોડા વખતમાં શીખવી દીધું હતું.'

'હા, કાકી!' મંજરીએ ટુંકમાં જ પતાવ્યું અને મનસુખલાલ સામે દુઃખભર્યો દૃષ્ટિપાત કર્યો.

મનસુખલાલ આ વિષમ સ્થિતિમાંથી કેમ છૂટવું એનો વિચાર કર્યા કરતો હતો. તેણે અચાનક કહ્યું: 'ત્યારે હવે હું જાઉં. વળી પાછો કોઈ વેળા આવીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ના, ના, બેસોને. પેલા હવે આવતા જ હશે. એમને ગયાને બહુ વાર થઇ. એમને મળીને જ જાઓને.' વિદ્યા બોલી. આ સાંભળીને મનસુખલાલની કરોડમાં કંપ છૂટયો. એટલામાં વિદ્યા ઉભી થઇ ગઇ. 'જોયું, હું નહોતી કહેતી કે હવે તેમના આવવાનો વખત થયો છે. જુઓ, પેલા ત્રણ આવે!' આમ કહીને પાછલા બારણાથી જણાતા માર્ગ ઉપર તેણે આંગળી કરી.

મનસુખલાલે ભત્રીજી તરફ નજર કરી. મંજરીની નજર જાણે ભયથી વિહ્વળ થઈ ગઇ હોય તેમ એ માર્ગ ઉપર ઠરી ગઈ હતી. મનસુખલાલને ભયથી ધ્રૂજારો આવી શરીરે પરસેવો વળી ગયો અને તેણે પણ એ માર્ગ તરફ નજર ફેરવી અને તેણે ભયથી ત્રાસ પામતી આંખે ત્રણ આકૃતિ આવતી જોઈ! તેમાંથી મોટા પુરુષે ધોતીયું અને કાળો હાફ કોટ અને બે યુવાનોએ ખાખી શટર્સ, ધોળાં ખમીશ અને માથે હેટ પહેરી હતી. સાથે એક નાનો વાળવાળો કૂતરો પણ હતો. મનસુખલાલ આ દૃશ્ય જોઇને બીકથી, ડરથી અધમૂઓ થઇ ગયો. એટલું જ જાણે અધૂરૂં હોય તેમ તેમાંના સૌથી નાના યુવાને મોટે અવાજે લલકાર્યું 'ભાભી, તમે થોડા થોડા થાઓ વરણાગી.'

બસ! મનસુખલાલની સહનશક્તિ ખૂટી ગઇ. તેણે ખૂણામાં મૂકેલી પોતાની લાકડી લઇને આગલા બારણામાંથી દોટ મૂકી. જીવ લઇને નાસતાં નાસતાં નાની સરખી ચીસ પડાઈ ગઇ.

પિતા અને બે પુત્રો અંદર આવ્યા. અંદર આવતાંજ પિતા સનવન્તરાયે પૂછ્યું, 'અરે! પેલો કોણ માણસ હતો? શા માટે આવ્યો હતો? અને અમે આવ્યા એટલે દોટ મૂકીને શા માટે એ નાઠો?'

'એનું નામ તો મનસુખલાલ છે એટલું હું જાણું,' વિદ્યા કાકીએ જરા સ્મિત કરતાં કહ્યું. 'બાકી વધુ એને વિશે હું કશું જાણતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ પણ એવો વિચિત્ર કે આપણે વાત કરીએ ત્યારે બાવા જેવો જોયા જ કરતો હોય અને વચમાં વચમાં પોતાના મંદવાડની વાતો કર્યા કરે. અને એ ગયો તે તો જાણે કેમ એણે કોઇ ભૂત જોયું હોય અને બીધો હોય તેવી રીતે નાઠો છે તો !'

'કદાચ આપણા આ નાનકડા કૂતરાને જોઇને એણે એમ કર્યું હશે !' નિર્દોષતાની પૂતળી સમી લાગતી મંજરી બોલી.

'કેમ ? કૂતરાએ એનું શું બગાડયું હતું ?' કાકાએ પૂછયું.

'એ તો એમણે મને વાત કહી હતી એથી હું કહું છું. એ નાના હતા ત્યારે એકવાર ઇસ્કોલેથી પાછા આવતાં તેની પાછળ કાળો કૂતરો પડયો હતો. આસપાસનાં લોકો 'એ હડકાયો છે, નાસો ભાગો.' વગેરે બૂમો મારતાં હતાં. એ તો જીવ લઇને નાઠા અને મહામુશીબતે એક ઝાડ ઉપર ચડી ગયા. પેલો કૂતરો એ ઝાડ નીચે ઊભો રહ્યો. હડકાયો એટલે લોકોની હિંમત પણ એને ખસેડવાની ચાલે નહિ. ત્રણચાર કલાક પછી એ કૂતરો ત્યાં ને ત્યાં મરી ગયો ત્યારે લોકોએ ઢેડાને બોલાવીને એને ત્યાંથી ખસેડાવ્યો અને આ પોતે ઝાડ ઉપરથી નીચે લગભગ બેહોશ હાલતમાં ઊતર્યા. ત્યારથી આટલાં વર્ષ થયાં પણ એમને કાળા કૂતરાનો ડર ઓછો થયો નથી !' મંજરીએ વાત કહી.

'બિચારા ! મેં તો એમને અરવા ગાંડા અને ઉલ્લુ જ ધારેલા.' સમભાવથી વિદ્યા કાકી બોલ્યાં.

મંજરીમાં શીઘ્ર કવિ પેઠે પ્રસંગ ઉપરથી તત્ક્ષણે રંગદર્શી કથા જોડી કાઢવાની અપ્રતીમ શક્તિ હતી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૂંકો રસ્તો

શિયાળાની સવારની ગુલાબી ઠંડીમા અમે–કોલેજના ક્વાર્ટર્સમાં રહેતા પ્રોફેસરો, લેકચરરો અને ડેમોન્સ્ટ્રેટરો લગભગ દરરોજ ફરવા જતા. અમારાં મકાનો તો સપાટ જમીન ઉપર હતાં. પણ અમારી એક બાજુ થોડે દૂર જતાં એકદમ ઊંડી ખીણ હતી. અને એ ખીણ પૂરી થતાં ઊંચાં ગિરિશૃંગો દૃષ્ટિગોચર થતાં હતાં. પણ દરરોજ સવારે જે દિશામાં અમે ફરવા જતા તે દિશા તો દૂર ને દૂર સુધી એક સરખી સપાટ જ હતી.

હું, મહેતા જહાંગીર પટેલ વગેરે અમે મુકરર કરેલે ઠેકાણે મળ્યા અને ત્યાં ફરવા જવા પગલાં ઊપાડયાં પણ લગભગ અમે બધાએ સાથે જ એકેકને પૂછ્યું કે 'નિરંજન આજે કેમ નથી?'

અમારા બધા કરતાં નિરંજન ફરવાનો વધુ શોખીન હતો એટલું જ નહિ પણ ઘણો વધુ નિયમિત હતો. અમે તો જરાક પણ બહાનું મળતાં ગોલી મારતાં અચકાતા નહિ. પણ નિરંજન જે ભર ચોમાસામાં એક દહાડો પાડે નહિ તે આવો દહાડો તો પાડે જ શાનો?

'હું આ તરફ આવતો હતો ત્યારે મેં એને બારણે તાળું જોયું એટલે મેં તો ધારીજ લીધું કે એ મારા કરતાં વહેલો નીકળી ગયો હશે.' જહાંગીરે કહ્યું.

'અને તેમ થાય એમાં નવાઇ પણ નહિ.' મહેતા બોલ્યો.

'નારે, એમાં નવાઇ શી! નિરંજનની ચોકસાઇ ક્યાં અને આપણી ક્યાં!' જહાંગીર હસીને બોલ્યો.

'શંકરપ્રસાદ દેસાઇને ત્યાં રહી પડયો હશે,' પટેલે કહ્યું.

'હા, એ ભઈ કાલે રાતે જમીને ત્યાં જવાનો હતો ખરો.' હું બોલ્યો.

'એ વળી શંકરપ્રસાદ દેસાઇ કોણ મૂઓ છે?' જહાંગીર અમારામાં સૌથી પછી આવેલો એટલે અમુક વાતોની એને ખબર નહિ હોય એ સ્વાભાવિક હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં એને ટૂંકમાં જ સમજણ પાડવા યત્ન કર્યો : 'અહીંથી ચારેક-પાંચેક માઇલ દૂર શંકરપ્રસાદ દેસાઇનું કુટુંબ એક મોટા આલીશાન બંગલામાં રહે છે. એ શંકરપ્રસાદ તો ગુજરી ગયા છે. એમનો એક પુત્ર મનહરલાલ અને એક પુત્રી શોભના. મનહરલાલ પાંત્રીસેકનો હશે અને હમણા જ પરણ્યો. શોભના પચીસની હશે. ગ્રેજ્યુએટ છે પણ હજી પરણી નથી.'

'અને-અને આપણો નિરંજન તેના હાથનો ઉમેદવાર છે!' જહાંગીરે પોતાની હોંશિયારી બતાવવા કહી નાખ્યું.

'હા, એમ લાગે છે તો ખરૂં.' મેં કહ્યું. 'પણ—'

'એમાં વળી પણ શું? છોકરી કેવી છે?' જહાંગીરે પ્રશ્ન પૂછ્યો.

'હીરા જેવી છે.' મહેતાએ કહ્યું.

'ત્યારે પછી શું ભલા! જુદી ન્યાતની હશે એટલું જ ને?' જહાંગીરે વળી સવાલ પૂછ્યો.

'ન્યાત-જાતની તો હવે કોને પડી છે?' હું બોલ્યો.

'તમે પણ બધા જાણે ડીટેકટીવ કથા કહેતા હો એમ શું કરો છો? કથા કરે કાજી જો મીયાં-બીબી રાજી? પછી તમારે વાંધો શો છે?' જહાંગીરે પૂછ્યું.

'એમાં એવું જાસુસી કથા બથા જેવું નથી. પણ જાણે વાત એમ છે કે એ મનહર છે કેની? તે બહુ મોટો ગીલીન્ડર છે. બાકી છોકરી તો ઘણી સારી છે.' મેં કહ્યું.

'અરે ભલા ભાઈ, પણ સાળો ગીલીન્ડર હોય તેમાં બનેવીને શું લાગેવળગે? અને વળી તમારા કહેવા ઉપરથી એમ લાગે છે કે એ કુટુંબ તો ઘણું પૈસાદાર છે!' જહાંગીરે ચલાવ્યું.

ફરવા જનારામાં સામાન્ય બે મોટા વર્ગ હોય છે: એક એવો કે દાંત પીસીને, મુંગા મુંગા એવો ઝપાટાબંધ ચાલ્યાજ કરે અને ફરી આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી જ મોં ઉઘાડે. જ્યારે બીજો વર્ગ અમારા જેવો કે જેમને ફરવા કરતાં ગપાટાનું મહત્ત્વ વધારે. રોજ કાંઇ ને કાંઇ વિષય આપોઆપ નિકળી પડતો. આજે વળી આજ નિકળ્યો એટલે અમે વિષય ઠુંકાવવા કરતાં લાંબો જ કરતા ગયા.

'જોને જહાંગીર, તારા ભેજાંમાં આપોઆપ કાંઇ સત્ય સર્જાય જ નહિ એ અમે જાણીએ છીએ. તું તો ગણિતશાસ્ત્રી રહ્યો એટલે બે ને બે ચાર રહે.' મહેતાએ હસીને કહ્યું.

'તેમાં મારી શંકાનું સમાધાન થયું નહિ.' જહાંગીરે કહ્યું.

'હું તારી શંકાનું સમાધાન પૂરેપૂરું કરી નાખું' હું બોલ્યો. 'પેલી છોકરી શોભના જ્યારે પરણે ત્યારે એને મિલકતમાંથી મોટો ભાગ મનહરે કાઢી આપવો પડે. આમતો એ કુટુંબમાં ત્રણેક મોટરકારો, બેએક ઘોડાગાડીઓ વગેરે છે અને અપ-ટુ-ડેટ સ્ટાઇલમાં મનહર રોજ ઘોડા ઉપર ફરવા નીકળે છે ત્યારે કોઇ એમ જ જાણે કે એ તો આખી દુનિયાનો માલિક છે. પણ લોકોમાં એવું કહેવાય છે કે એ બતાવે છે એટલી એની સારી સ્થિતિ નથી.'

'અહોહો ! હવે સમજ પડી ખરી. એટલે એ સ્કાઉન્ડ્રલ આપણા નિરંજનને પટ્ટી આપ્યા કરતો હશે !' જહાંગીર બોલ્યો.

'બસ, હવે તારું ભેજું આઇનસ્ટાઇન જેટલું ચાલવા માંડ્યું ખરું, છે તો મામલો એમ જ.' મેં કહ્યું.

આવા ગપાટા માર્યા કર્યા અને ફરીને પાછા આવતાં અમે ત્રણ હું, જહાંગીર પટેલ અને મહેતા નિરંજનના ક્વાર્ટર્સ આગળ ગયા, બારણે હજી પણ તાળું હતું એટલે અમે વિચારમાં પડ્યા. રજાનો દિવસ હતો એટલે અમે સાઇકલો લઇને દેસાઇને બંગલે જવાનો ઠરાવ કરી દીધો. અમારા મનમાં આછોપાતળો વિચાર એવો ખરો કે નિરંજનના વિવાહનું નક્કી થઇ ગયું હશે એટલે રાતે એને ત્યાં રોકાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડયો હશે. એ પણ સાયકલ ઉપર જ ગયો હતો એટલે પાછા આવતાં ત્રણને બદલે ચાર થઇશું એથી મજા પણ આવશે એવી પણ અમારી ગણતરી હતી.

અમારા મકાનથી દેસાઇનો બંગલો દૂર તો હતો પણ જવાનું વિકટ ન હોતું જો લાંબો માર્ગ પસંદ કરીએ તો, અને સામાન્ય રીતે લોકો એ લાંબો રસ્તો વાપરતા, પણ એક ટૂંકો રસ્તો પણ હતો. ખરો જાણકાર માણસ જો એ રસ્તે આવે તો સહેજે દોઢ માઇલ ફેર પડી જતો !

એ ટૂંકા રસ્તાનો ઇતિહાસ પણ ઘણાને અજાણ્યો હતો. નિરંજન પણ એ વિશે ખાસ માહિતી ધરાવતો નહોતો એની મને ખબર હતી. એથી મેં દેસાઇને બંગલે જતાં આ વાત જહાંગીર અને મહેતાને કહી:

'શંકરપ્રસાદ દેસાઇ તદ્દન ગરીબીમાંથી કરોડપતિ જેવા થઈ ગયા એથી એમને પોતાની ગમે તેવી વિચિત્ર ઇચ્છા પણ સંતોષવાની તીવ્ર વૃત્તિ હતી. એમણે ઘૂળને ભાવે પોતાના બંગલાની આસપાસની પુષ્કળ જમીન તે વખતે લઇ લીધેલી અને અને ત્યાર કેડે કાંઈક વિચિત્ર ઇચ્છા થઇ આવતાં, પોતાના બંગલાથી અરધા માઇલેક છેટે સાત રસ્તાની ભૂલભૂલામણી બનાવી દીધેલી. સામાન્ય માણસ એમાં ફર્યા જ કરે છતાં ત્યાંનો ત્યાંજ પાછો આવે એવી એની કરામત. તેમાંથી એક માર્ગ એવો હતો કે તે રસ્તે અમારા મકાનો તરફ આવતાં સહેલાઇથી દોઢેક માઇલનો ફેર પડી જતો.

શંકરપ્રસાદની આને થોડીક તેમના એકના એક પુત્ર મનહરની વિચિત્ર ખાસિયતોની વાતો કરતા કરતા અમે દેસાઇના બંગલાના અરધા માઇલ જેટલા વિસ્તારવાળા કમ્પાઉંડ પાસે આવી પહોંચ્યા ત્યાં અમને સામેથી શોભાના સાઇકલ ઉપર આવતી મળી. અમને જોઇને તે ઉતરી પડી અને અમે પણ ઉતરી પડયા. મેં તરતજ પૂછ્યું. 'નિરંજન તમારે ત્યાં છે ને ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નિરંજન! ના, એ તો ગઇ કાલે રાતે અગીઆરે પાછા વળી ગયા હતા. પણ–પણ કેમ પૂછો છો?' બોલતાં બોલતાં શોભનાના અવાજમાં ચિંતાની ઊર્મિ જણાઈ.

'એના મકાન ઉપર નથી એટલે સ્વાભાવિક રીતેજ અમે ધારી લીધું કે તમારે ત્યાં એ રહી પડયા હશે.' નિરંજનની પાસે રહેનાર મહેતાએ કહ્યું 'રાતના પાછા આવ્યા હોય તેમ જણાતું નથી' તેમણે ઉમેર્યું.

'પણ તો જાય ક્યાં? રાતે મોડું થયું હતું ખરૂં. પણ એથી શું? મનહરભાઇ બંગલામાંથી નીકળી શકે ત્યાં સુધી વળાવવા પણ ગયા હતા.' શોભનાના અવાજમાં ચિંતાનું પ્રમાણ વધતું જતું હતું.

'મનહરભાઇ છે?' મેં પૂછ્યું.

'ના, એ તો થોડીક વાર થયાં ઘોડા ઉપર ફરવા જવા નીકળ્યા છે.' શોભનાએ કહ્યું. 'હવે શું કરશો?'

'પેલી ભૂલભૂલામણીનો સારો જાણકાર કોઇ નોકર તમારે ત્યાં છે?'

'હા અમારો માળી ઘણો જુનો નોકર છે.' શોભના બોલી.

'એને અમારો જોડે મોકલશો?' મેં પૂછ્યું.

'હા જરૂર જરૂર, પણ તમે શું ધારે છો? બીજે ઠેકાણે નહિ ગયા હોય?' શોભનાએ કહ્યું. 'હું આવું છું તમારી સાથે.'

'માફ કરજો, પણ તમે સાથે શું કરવા આવો! અમે હમણા ખબર કાઢી લાવીએ છીએ' આટલું કહીને, એ પાછો જવાબ આપે તે પહેલાં તો પેલા માળીને લઇને અમે પાછા ફરતાં કહ્યું. 'મનહરભાઇ આવે તો એમને ભૂલભૂલામણી ઉપર મોકલજો.'

મોટો લાંબો પણ સહેલો માર્ગ મૂકીને અમે ત્રણ અને માળી પેલી ભૂલભૂલામણીને રસ્તે વળ્યા. ઋતુ એવી હતી અને માર્ગ પણ એવો નિર્જન હતો કે નિરંજનની સાઇકલના ટાયરની નિશાની સાફ જણાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, થોડી વારમાં અમે પેલી ભૂલભૂલામણી આગળ આવી પહોંચ્યા. ત્યાં અમે ચારે જણે એક માર્ગ ઉપર પેલી સાયકલના ટાયરની નિશાની સાફ જોઇ.

'આ રસ્તે પેલા ભાઈ ગયા લાગે છે! પણ એ રસ્તે...અને અહીં આ રસ્તો પૂરી નાખવાનો કોઇએ વિચાર કર્યો હશે? તો પછી એ રસ્તે કેમ કરીને એ ગયા હોય?' માળી બબડતો ઊભો રહ્યો.

'આ માર્ગમાં કોઇએ લાકડાં વગેરે ગોઠવ્યાં છે.'

'હા, કારણ કે આ લાકડાં, ઝાડની ડાળીઓ બધું પડયું છે છતાં ટાયરની નિશાની તો સળંગ આગળ જાય છે.' મહેતાએ કહ્યું.

'તો ચાલો એ રસ્તે.' જહાંગીર બોલ્યો.

'પણ એ રસ્તે કોઇ જાય જ શા માટે? મરવા?' પેલો માળી બોલી ઉઠયો.

'કેમ, અલ્યા! એમ બોલે છે? હવે હું પણ વ્યગ્ર થતો જતો હતો તે બોલી ઊઠયો.

'ત્યારે શું બીજું બોલું? આ રસ્તે થોડીવાર આગળ ચાલ્યા તો સીધા ઊંડી ખીણમાં જ જવાય.' માળીએ કહ્યું. 'પણ તમે કહો છો એ સાચું તો લાગે છે. બાઈસીકલ ગઇ છે તો એ તરફ જ.'

અમે બધા એકદમ મૂંગા થઈ ગયા. વાત કરવામાં અમને રસ રહ્યો નહિ. પેલે ટૂંકે માર્ગે અમે આગળ વધ્યા. માત્ર પાંચેક મિનીટમાંજ અમે અટકી ગયા. અમારા પગ આગળ ભયંકર, ઊંડી ખીણ હતી! અમારા પગ આગળની જમીન પણ તાજી જ ઊખડી ગઈ હોય એમ જણાતું હતું.

સાચવી સાચવીને અમે આમતેમ નીચે નજર ફેરવતા હતા ત્યાં અમારાથી જરા છેટે અને માત્ર પંદરેક ફુટ નીચે નિરંજનનો અવાજ સંભળાયો. અવાજ ધીમો તો હતો પણ એમાં ખાસ વેદના હોય એમ જણાતું ન હતું. 'કોણ તમે? જહાંગીર, છગનભાઈ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે તો એકદમ ધસતા હતા પણ માળીએ અમને અટકાવ્યા.

'સાહસ ન કરો. હજુય આ જમીન પોચી છે. ક્યારે નીચે સરી પડશે એનું કહેવાય નહિ. મને એકલાને જવા દો.' આટલું કહીને માળી ધીમે ધીમે નીચે ઊતર્યો.

જાણે યુગના યુગ વીતી ગયા હોય એમ અમને તો લાગ્યું. પણ વીસ–પચીસ મિનીટમાં માળી નિરંજનને લઇને ઉપર આવ્યો. એનું શરીર ઉઝરડાથી ભરાઈ ગયું હતું પણ તે સિવાય એને નુકશાન થયું હોય એવું જણાતું ન હતું. સાયકલનો તો સ્વાભાવિક રીતે જ પત્તો ન હતો.

નિરંજનને અમે અમારા કોટ પહેરાવ્યા. મહેતા પાસે સાલ હતી તે ઓઢાડી પછી મેં માળીને પૂછ્યું. 'મનહરભાઇ હજી કેમ આવ્યા નથી? ફરવામાં કેટલોક વખત લગાડે છે?'

માળી ઉત્તર દે તે પહેલાં નિરંજને ધીમેથી કહ્યું. 'કોણ? મનહર–ભાઇ? એ નહિ આવે–કદાપિ પણ નહિ આવે; અને એની શોધ કરવી પણ નકામી છે.'

'કેમ કેમ?' અમે બોલી ઉઠયા.

'હું બરાબર સ્વપ્નામે પહોંચી ગયો છું કે નહિ એ જોવા એ ઘોડા ઉપર બેસીને અહીં આવ્યો હતો. પણ તે વખતે ધૂમ્મસ જેવું હતું એટલે એણે મને જોયો નહિ. અને હજી તો એ ઘોડાને આમતેમ ફેરવે છે ત્યાં તો એ ઉભો હતો એ જગ્યા જ આખી સરી ગઇ અને મોટા ધડાકા સાથે તેમજ મનહરની ભયાનક ચીસ સાથે એ અને એનો ઘોડો મારાથી થોડેજ દૂર નીચે નીચે, ઊંડે, ઊંડે ખાબુમાં ગરક થઇ ગયા.

'રાતના મને સમજાવી પટાવીને એણે જ મને આ ટૂંકા રસ્તાની ખાસ માહિતી આપીને આ તરફ મોકલ્યો હતો. તે તો સારૂં થયું કે મને વચમાં એક ઝાડ અને જમીનનો પોચો ભાગ નડયો. એથી હું વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંડા નીચે સર્યો નહિ. એક તો રાતના અંધકારમાં ઉપર આવવા જાઉં અને જમીન સરી પડે તો જીવતો હતો તે મરી જ જાઉં એમ મને લાગ્યું અને તે ઉપરાંત, આ માળી તમને કહેશે કે મારા શરીરનો નીચલો ભાગ જમીનમાં દટાઇ ગયો હતો એટલે પણ મેં ઉપર આવવાનો યત્ન કર્યો નહિ.

'સવારે પેલો દુષ્ટ આટલો વહેલો આવ્યો નહોત તો હું જરૂર ઉપર આવવાને યત્ન કરત અને એમ કરવામાં એને ગમતી વાત હતી તે પ્રમાણે, હું જરૂર મારો પ્રાણ ગુમાવત. પણ એને ખાતરી હતી !' નિરંજનનાં ધીમાં ધીમાં અસ્પષ્ટ વાક્યો, તેમાં અમારા સામા પ્રશ્નો વગેરેને પરિણામે ઉપર પ્રમાણેની હકીકત નિરંજને અમને કહી.

'શોભનાને એના ભાઇની આ વાતની ખબર પડશે ત્યારે કેવું લાગશે ! એ તો એને બહુ જ ચાહતી હતી !' હું બોલ્યો.

'હમણાંને હમણાં ખબર પાડવાની જરૂર ક્યાં છે? હું આ તરફ અકસ્માત આવ્યો. સવારના મનહર સાઇકલના ટાયરની નિશાની જોઇને આ તરફ કુતૂહલ વૃત્તિથી આવ્યો હશે અને પરિણામે જમીન ખસી જતાં ખીણમાં ઘોડા સાથે પડી ગયો એટલો જ ખુલાસો હાલ તો જરૂરનો છે. આગે આગે ગોરખ જાગે.' ફીકકું હસીને, નબળાઇથી નિરંજન બોલ્યો.

—૨૩—

અકસ્માત–કે–ઈશ્વરી સંકેત ?

સત્ય ઘટના કલ્પના કરતાં પણ ચઢી જાય છે એ ઉક્તિ એટલી સામાન્ય થઇ ગઇ છે કે એમાં માન્યતા રાખવી એ લગભગ અસામાન્ય થઇ પડયું છે. અને છતાં જીવનમાં હરપળે એવા પ્રસંગો બનતા જ જાય છે જે કાલ્પનિક પ્રસંગો કરતાં વધુ આશ્ચર્યજનક છે. એવો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગ અમેરિકન 'રીડર્સ ડાઇજેસ્ટ'માં આપવામાં આવ્યો છે તે અહીં આપું છું.

૧૯૪૮ ના જાન્યુઆરીની દશમી તારીખે જન્મે હંગેરિયન મારસેલ સ્ટર્નબર્ગર પોતાને કામે સીધો નહિ જતાં એક માંદા મિત્રને જોવા આડફાટો ગયો તેને ઘણા માણસો એમ માનશે કે એ તો માત્ર અકસ્માતોની પરંપરાની સાંકળમાં એક અકસ્માત માત્ર હતો. જ્યારે બીજા ઘણા એમ માનશે કે એટલા બધા અકસ્માતો એમ બનેજ નહિ; એમાં તો ઊંડો દૈવી સંકેત હોવો જોઇએ. જેને જેમ માનવું હોય એમ. માને પણ ખરી હકીકત આ પ્રમાણે છે:

ન્યુયોર્કમાં છબી પાડવાનો ધંધો કરનાર આ સ્ટર્નબર્ગર તેના એક પરા લૉંગ ચાઇલેંડમાં રહેતો હતો. તેનું વય પચાસ વર્ષનું હતું. માથે વાળ સફેદ થઇ ગયા હતા. નિર્દોષ આંખમાં એક પ્રકારનું સ્મિત વસી રહ્યું હતું અને પોતાના વતનના નૃત્યકારોની જેમ તે ઉલ્લાસથી નાચ્યું નાચ્યુંજ થઇ રહેતો હતો. એનામાં નિયમિતતા અને વ્યવસ્થા ખૂબ હતાં જેને લઇને તે અમુક જ રીતે પોતાનું દૈનિક જીવન ગુજારતો. રોજ લૉંગ ચાઇ લૅંડથી તે ૯.૦૯ની ટ્રેન પકડીને વૂડ સાઇડ જતો અને ત્યાંથી 'સબવે' ટ્રેનમાં ન્યુયૉર્ક પહોંચી જતો.

વર્ષો સુધી એકધારા આમ ગયા પછી, દસમી જાન્યુઆરીએ તે ૯.૦૯ની ટ્રેનમાં નીકળ્યો પણ વચમાંજ તેણે પોતાનું મન ફેરવ્યું અને બ્રુકલીનમાં લૅઝલૉ વિકટર નામનો તેનો એક મિત્ર રહેતો હતો અને માંદો હતો તેને મળવા જવાનો તેણે વિચાર કરી નાખ્યો.

પાછળથી તેણે આ બાબતમાં કહેલું કે 'શા માટે મેં આવો વિચાર કર્યો તે હજી મને સમજાતું નથી; કારણ કે હું સાંજે ઘેર પાછા વળતી વખતે વધારે સારી રીતે મારા મિત્રને ત્યાં જઇ શકત. પણ મને ત્યારે ને ત્યારે જ મળવા જવાનું મન થયું.' આથી ઓઝોન પાર્ક સ્ટેશને તે ઉતરી પડયો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સબવે' ને માર્ગે બ્રુકલિન જવા ઉપડયો. મિત્રને ત્યાં બપોર સુધી રહ્યો અને પછી પોતાની ઑફિસે જવા મેનહેરન જતી 'સબવે'માં બેઠો.

કારમાં ખૂબ ભીડ હતી અને બેસવાની જગ્યા મળે તેમ લાગતું ન હતું પણ જેવો તે ચડયો તેવોજ એક માણસ ઉતરવા ઉભો થયો અને સ્ટર્નબર્ગર એની સીટ ઉપર બેસી ગયો. ન્યુયૉર્કમાં તે ઘણા વખતથી રહેતો હતો એટલે અજાણ્યા માણસની સાથે તેને વાત કરવાની ટેવ રહી હતી નહિ 'પણ મારો ધંધો ફોટોગ્રાફરનો હોવાથી મને બીજા માણસોના ચહેરા જોવાની ટેવ પડી ગઇ છે,' તેણે પાછળથી જણાવ્યું હતું. 'આથી મારી ડાબી બાજુએ બેઠેલ પુરુષનો ચહેરો મેં ધ્યાનથી જોયો. તેનું વય લગભગ ત્રીસેકનું હતું અને જાણે તેને કિસ્મતે કોઇ કારી ઘા કર્યો હોય તેમ તેના ચહેરા ઉપરથી જણાતું હતું. તે માણસ એક હંગેરિયન છાપું વાંચતો હતો અને મેં એને સહસા હંગેરિયનમાં જ પૂછયું કે 'હું છાપામાં નજર નાખું ?' ચેલો માણસ હંગેરિયનમાં કોઇ એને પૂછે એ જાણીને આશ્ચર્યચકિત્ થઈ ગયો છતાં એણે વિનયથી કહ્યું કે 'તમેજ હમણાં વાંચોને ! હું તો પછી વાંચીશ.' રસ્તામાં અડધો કલાક હાથ ઉપર હતો એ દરમ્યાન અમારે ખૂબ વાતો થઇ. એનું નામ પૅસકીન હતું. લડાઈ શરુ થઇ ત્યારે તે કાયદાનો વિદ્યાર્થી હતો અને લડાઇમાં તેને લેબર બટાલિયનમાં યુક્રેન મોકલવામાં આવ્યો. પાછળથી રશિયનોએ એને કેદી તરીકે પકડયો અને મૃત્યુ પામેલા જર્મનોને દાટવાના કામમાં તેને મૂકયો.

'લડાઇ પછી, સેંકડો માઇલ પગે ચાલીને, પૂર્વ હંગરીમાં આવેલ તેના પોતાના શહેર ડેબ્રેસનમાં પહોંચ્યો. ડેબ્રેસનથી હું પરિચિત હતો એટલે અમે થોડીવાર એ શહેર સંબધી વાત કરી. એટલે તેણે પોતાની આખી વાત કહી. જે ફ્લેટમાં પોતાનાં બાપ, મા, બહેનો અને ભાઇઓ રહેતા હતા તે ફ્લેટમાં તેણે અજાણ્યા માણસોને રહેતાં જોયાં. પછી જ્યાં પોતે અને પોતાની સ્ત્રી રહેતાં ત્યાં ગયો. ત્યાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજાણ્યાં માણસો જ હતાં: એમાંનાં કોઇએ એના કુટુંબ વિશે સાંભળ્યું ન હતું.

બિચારો પૅસ્કીન નિરાશ થઇને જતો હતો ત્યાં એક નાનો છોકરો 'કાકા પૅસ્ટીન, કાકા પેસ્ટીન' કહીને તેની પાછળ દોડયો. એ છોકરો એના એક જૂના પડોશીનો હતો. આ ઉપરથી તે છોકરા સાથે તે એને ઘેર ગયો અને ત્યાં ઘણી ઘણી વાતો થઇ. પેલાં પાડોશીઓએ એને કહ્યું કે, 'ભાઇ, તારા આખા કુટુંબને તેમજ તારી બેરીને તો નાઝીઓ ઑશ્વિટઝ લઇ ગયા હતા અને અમે જાણીએ છીએ ત્યાંસુધી તો એ બધાં જ મરણ પામ્યાં છે.'

'નાઝીઓની ભયંકર 'કૉન્સેન્ટ્રેશન' કેંપોમાં ઓશ્વિટઝ બહુ ભયંકર હતું એટલે પૅસ્કીને તો બધી જ આશા છોડી દીધી. પોતાનું વતન તો હવે એને સ્મશાનભૂમિ જેવું જ લાગતું હતું એટલે થોડા દિવસ રહીને તેણે પાછી પગપાળા મુસાફરી શરુ કરી અને હાડમારી વેઠયા પછી આખરે તે પૅરિસ પહોંચ્યો. હું એને મળ્યો તે પહેલાં માત્ર ત્રણ માસ પહેલાં, ૧૯૪૭ ના ઑક્ટોબરમાં તે અમેરિકા આવી પહોંચ્યો હતો.

આ બધી વાત એ કરી રહ્યો હતો ત્યારે મને થયા કરતું હતું કે આ વાત મેં અગાઉ સાંભળી છે. અચાનક મને તેનું કારણ સમજાયું. અમુક મિત્રોને ત્યાં હું એક જુવાન સ્ત્રીને મળ્યો હતો–તે પણ ડેન્ઝસનની જ હતી ત્યાંથી તેને અને તેનાં સગાંવહાલાને ઑશ્વિટઝનાં કોનસેન્ટ્રેશન કેંપમાં પૂરવામાં આવ્યાં હતાં, તેના સિવાય બીજાં બધાં મરણ પામ્યાં પછી આ સ્ત્રીને એક જર્મન દારૂગોળાના કારખાનામાં કામ કરવા માટે મોકલવામાં આવી હતી. ત્યાંથી ૧૪૪૬માં તેને અમેરિકા મોકલવામાં આવી હતી. મને એની કહાણીથી એટલી બધી લાગણી થઇ હતી કે મેં એ સ્ત્રીનું નામ અને ઠેકાણું લઇ લીધા હતાં, તેમજ તેનો ટેલીફોનનંબર પણ લખી રાખ્યો હતો. તે વખતે મને એટલો જ વિચાર હતો કે અવારનવાર એને મારે ત્યાં આમંત્રણ આપી એના જીવનની અરણ્યવત્ ભયંકરતા દૂર કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ બે વચ્ચે કોઇપણ જાતનો સંબંધ હોય એમ હું માની શકયો નહિ છતાં ઊતરતી વખતે મેં શાંત સ્વરે પૂછ્યું કે 'ભાઈ, તમારૂં નામ બેલા છે ?' ઉત્તરમાં; 'હા, પણ તમે કેવી રીતે જાણ્યું ?'

'મેં મારાં ગજવાં ફંફોળ્યાં અને સરનામાની ચોપડી શોધી કાઢી. મેં એને ફરીથી પૂછ્યું: 'તમારી સ્ત્રીનું નામ માર્યા છે ?'

'હા હા' કહેતાં તો તે લગભગ બેભાન થઈ ગયો.

'મેં એને હાથ પકડીને ટ્રેનમાંથી નીચે ઉતાર્યો અને ટેલીફોન બૂથમાં લઈ ગયો. સામેથી જવાબ મળતાં જાણે યુગ વહી ગઇ હોય તેમ લાગ્યું. પાછળથી મને જણાયેલું કે ફોન તો એ માર્યાની રૂમ પાસેજ હતો પણ કોઈપણ વેળા તે ઊઠીને લેવા જતી નહતી ! કારણ કે તેને ફોન કરે એવી કોઇ ઓળખાણ નહતી ! આ વખતે તેણે લીધો કારણ કે બીજું કોઇ માણસ ત્યાં હાજર હતું નહિ !

આખરે જ્યારે તે ફોન પર આવી ત્યારે મેં તેને તેના પતિનું વર્ણન આપવા જણાવ્યું. તેને બહુ આશ્ચર્ય થયું પણ વર્ણન આપ્યું ખરૂં ! ડેપ્રેસનમાં ક્યાં રહેતી હતી તે વિશે પૂછ્યું અને તેનો પણ તેણે જવાબ આપ્યો. એ મળતાં મેં પેલા માણસને પૂછ્યું તો એ જ જગ્યાએ પોતે પણ રહેતો હતો, પણ જવાબ દેતાં દેતાં તો એ ઊર્મિથી ઘોળી પૂણી જેવો થઇ ગયો.

'ભાઇ, શાંત થા. તારા જીવનમાં અત્યારે કાંઈ દૈવી ચમત્કાર થવાનો લાગે છે.' મેં કહ્યું લે: 'આ ટેલીફોન અને તારી પત્ની જોડે વાત કર.'

એણે વાત કરી. એની પત્ની જ એ જુવાન સ્ત્રી નીકળી. એ એવી સ્થિતિમાં હતો કે એનાથી વધુ વાતચીત ફોન ઉપર થઇ શકે તેમ નહતું એથી પછી પાછો ફોન મેં જ લીધો અને એનો પતિ એને મળવા હમણાં જ આવે છે એમ કહ્યું.

'એના ધણીને ટેક્સીમાં બેસાડી મોકલી આપ્યો. એ બે જણાં એટલાં આનંદથી અને આશ્ચર્યથી અશાંત થઇ ગયાં હતાં કે પહેલી મુલાકાતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું થયું તે એ બંનેને યાદજ નથી. સ્ત્રી તો પછી પણ જ્યારે એનો પતિ બહાર જાય ત્યારે પાછો આવે ત્યાંસુધી ચિંતામાં જ રહે છે પણ પુરુષને તો શ્રદ્ધા છે કે, 'હશે, અમને કોઇ મોટી આફત પડવાની નથી કારણ કે પ્રભુએ જ અમારૂં પુનર્મિલન કરાવ્યું તો હવે એમાં વિઘ્ન આવેજ કેમ ?'

આ પ્રમાણે વિરલ પ્રસંગ બની ગયો. સ્ટર્નબર્ગરે પોતાનો વિચાર બદલીને મિત્રને ત્યાં જવાનું ઠરાવ્યું ન હોત તો આ પુનર્મિલન શક્ય જ નહતું. જેને જેમ માનવું હોય તેમ માને: કે આ તે માત્ર સુખદ અકસ્માત હતો કે ઇશ્વરી સંકેત ?

—૨૪—

હાંકતાં હાંકતાં

કલ્પના કરતાં પણ સત્ય વધુ અદ્‌ભુત છે એ ચવાઈ ગયેલ ઉક્તિ છે છતાં જીવન જોઇએ છીએ ત્યારે એ ઉક્તિ વારંવાર સાંભરી આવે છે. અમેરિકાના—યુનાઇટેડ સ્ટેટસના પાટનગર ન્યુયોર્કમાં ટેકસી ભાડે ફેરવનાર એક ડ્રાઇવરના અનુભવોમાંથી અહીં બે-ત્રણ અનુભવ આપ્યા છે. જે વાંચ્યાથી જણાશે કે જીવનમાં ડગલે અને પગલે નવલ-નવલિકાની વસ્તુ મળી આવે એમ છે, જોઇએ છે માત્ર તે પારખવાની જીવનદૃષ્ટિ.

'છેલ્લાં ત્રીસ વર્ષથી હું ન્યુયોર્કમાં ટેકસી ચલાવું છું અને હજી પણ એ ધંધો છોડી દેવા હું તૈયાર નથી, કારણ કે એમાં બેઠે બેઠે મને જીવનમાંથી કાંઇ કાંઈ પ્રસંગો જડતા રહે છે. એક રાતે ૨-૩૦ કલાકે એક માણસે મને બૂમ મારી અટકાવ્યો. તેનું મોં ઊર્મિઓથી તરડાઇ ગયેલું હતું અને તેની પાસે એક મોટો કોથળો હતો. મેં કશો પણ વિચાર કર્યા વગર કાર ઊભી રાખી. પેલો માણસ એમાં ચડી બેઠો અને તેણે મને કહ્યું: 'કાર સીટી આઇલેંડ તરફ હાંક.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સીટી આઈલેંડમાં ક્યાં?' મેં પૂછ્યું.

'તે હું તને બતાવીશ.' ટ્રંકમાં તેણે જવાબ આપ્યો. માર્ગમાં મેં એને વાતે ચડાવવાનું ઘણું કર્યું પણ એ તો એક સિગરેટ પૂરી થાય એટલે બીજી પીધે રાખતો હતો અને પેલો કોથળો રત્નોથી ભર્યો હોય તેમ પકડી રાખતો હતો. મને એ કોથળો મૂંઝવવા લાગ્યો. આખરે મેં એને કહ્યું. 'જુઓ મીસ્ટર, મને મામલો ઠીક નથી લાગતો. તમે ઉતરી જાઓ અને બીજી ટેક્સી કરી લ્યો.'

જવાબમાં માત્ર તેણે એટલું જ કહ્યું: 'કાંઇ ગભરાતો નહિ. હું સારી જેવી રકમ આપીશ.'

આથી મેં તો મારી ટેક્સી તરત ઊંધી દિશામાં વાળી એટલે તરત જ બે પોલીસોએ મારી ગાડી ઉભી રખાવી અને મને પકડ્યો. મેં એમને ખુલાસો કર્યો, 'આ ભાઇ પોતાની પાસે એક કોથળો રાખીને બેઠો છે. કોથળામાં કાંઇક છે પણ એ ખુલાસો કરતો નથી.'

પોલીસોએ તરત એને ટેક્સીમાંથી ઊતાર્યો અને કોથળામાં શું છે એમ પૂછ્યું. પેલો માણસ નાનું બાળક રડી પડે એમ રડી પડયો અને કોથળો ઉઘાડી બતાવ્યું. તેમાં એક મરી ગયેલો કુતરો હતો. વધારે ખુલાસો પૂછતાં પેલા માણસે રડતાં રડતાં જવાબ આપ્યો કે 'હું અને આ મારે કૂતરો બાર બાર વર્ષ સાથે હતાં. એક પળ પણ અમે છૂટા પડયા ન હતા. હવે એ મરણ પામ્યો છે ત્યારે મને એમ થયું કે જે જગ્યાએ અમે એ બારે વર્ષ ફરવા જતા હતા તે જગ્યાએ જ હું એને દાટું.'

ખુલાસો સાંભળીને મને તો મરવા જેવું લાગ્યું. હું કેટલો હલકટ દેખાયો એનું મને ત્યારે ભાન થયું. એક બીજો અનુભવ કહું:

'સાંજ હતી. આકાશ કાળું ઘનઘોર હતું. વરસાદ ધીમો ધીમો પણ એક સરખો પડતો જતો હતો. ગ્રાન્ડ સેન્ટ્રલ આગળથી એક જોડાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને બૂબ પાડી અને કારમાં બેઠાં. સ્ત્રી મધ્યમ વયની હતી છતાં સુંદર હતી અને તેણે ભૂરો 'રેનકોટ' પહેર્યો હતો. પુરૂષે સોંઘો સૂટ પહેર્યો હતો પણ રેનકોટ તેની કને નહોતો. તેના ચહેરા ઉપર કડવાસ અને નિરાશા હતાં. તેના સામાનમાં બે સૂટકેસ હતાં જેના ઉપર મેક્સીકોનાં ગામનાં લેબલ હતાં. સ્ત્રીએ મને બુકલીનનું સરનામું આપ્યું.

'આપણે ત્યાં જઇને શું કરવાનાં ?' પુરૂષે ઊર્મિ વગરના અવાજે પૂછ્યું.

'મને એમ લાગ્યું કે જૂની જગ્યા તો છોડી જ દેવી. એટલે આપણે નવે ઘેર જઇએ છીએ.' હું મારી આરસીમાંથી સ્ત્રીના મુખના હાવભાવ જોતો હતો. પોતાના જવાબની પુરુષ ઉપર શી અસર થશે એ જાણવા એ બહુ ઉત્સુક હોય એમ જણાતું હતું. અને સાથે સાથે તેના શબ્દેશબ્દમાં ધણી પ્રત્યે વહાલ ઊભરાતું હતું.

'ઉંહ, ગમે ત્યાં જઇએને, પડોશીઓ વાતો કર્યા વિના રહેવાના નહિ.' પુરુષ ધૂરકીને બોલ્યો. 'નાહકના ધમપછાડા છે. જીંદગી સુધી એ તો ચોંટી જ રહેવાનું. શા માટે મને વળગી રહેવાના યત્ન કરે છે ?'

'જો, જો, હું એકલી એવી ઝુરતી હતી ! અને તમે ક્યારે છૂટીને આવો અને આપણે નવી જીંદગી શરૂ કરીએ તેની વાટ જોતી હું પ્રભુને પ્રાર્થતી હતી. અને તમારે માટે નોકરી પણ તૈયાર છે. હું જ્યાં નોકરી કરૂં છું ત્યાં જ મેં શેઠને વાત કરી છે અને એમણે હા પણ પાડી છે.'

'ભલે હા પાડી હોય. જ્યારે એને ખબર પડશે કે હું દસ વર્ષ જેલમાં હતો ત્યારે મને લાત મારીને કાઢી મૂકશે.' પુરૂષ ધૂરકીને બોલ્યો.

'નહિ, તમે એમ નહિ બોલો. હિંમત નહિ ખુઓ.' સ્ત્રી બોલી.

'ભલા ભગવાન ! પણ છોકરાંઓ જાણે તો ? તેઓ જાણે છે ? નાનાંને તો મેં જોયું પણ નથી' પુરુષ બોલ્યો.

'નથી જાણતાં. અને શા માટે જાણવું જોઇએ ! તમારામાં તેમને શ્રદ્ધા છે. તમે મેક્સિકો ગયા છો એમ જ મેં તેમને કહેલું છે' સ્ત્રી બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છોકરાંઓ !' આ શબ્દ બોલતાં બોલતાં પુરૂષ પીગળ્યો હોય એમ જણાયું. 'જીમ તો પંદરનો થયો હશે. અને બેટી બારની.'

'હા અને જીમ તો ક્લાસમાં પહેલો જ નંબર રાખે છે. વળી ફૂટબોલની ટીમમાં પણ છે. છોકરાઓમાં બહુ જ પ્રિય છે. ને નાનો તો પૂરા દસ વર્ષનો છે પણ એવડો મોટો લાગે છે !' સ્ત્રીએ કહ્યું. આટલું કહેતાં તે રડી પડી. ડ્રુસકે ડ્રુસકે તે બોલી, 'બનાવટી કાગળો વંચાવી વંચાવીને મેં વર્ષો વિતાડયાં.'

'તે હું પણ સ્વર્ગનું સુખ ભોગવતો ન હતો.' પુરૂષે સહસા ક્રોધથી કહ્યું, પણ પછી તરત જ પત્નીને વાંસે હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, 'માફ કરજે હું, પણ દસ વર્ષ સખત જેલ એ જેવી તેવી સજા નથી.'

એટલામાં એમનું બુકલીનનું ઘર આવી પહોંચ્યું. માર્ગો ચોખ્ખા હતા, ચંદ્ર મોટો અને ઝળહળતો હતો. નાના કુટિર જેવો એમનો બંગલો નાના કંપાઉંડમાં સરસ લાગતો હતો.

બંને કારમાંથી ઊતર્યાં. 'મને જરા મદદ કરશો ?' પુરૂષે મને કહ્યું. હું એના કહ્યા વિના પણ કરત જ કારણ કે મારે એ કુટુંબનું પુનર્મિલન જોવું હતું. અમે ત્રણે ખંડમાં દાખલ થયાં એટલે ત્રણે છોકરાં ઊભાં થઇ ગયાં અને મા તરફ જોવા લાગ્યાં. 'વેલકમ હોમ, પપ્પા,' ત્રણે બોલી ઊઠયાં. તેમનાં મોં ઉપર સ્મિત ફરકતું હતું.

'પિતાએ કૂદીને ત્રણેને બાથમાં લઇ લીધાં. તેની આંખમાંથી આંસુ દડદડ પડયે જતાં હતાં. સ્ત્રી જરાક આઘે ઊભી ઊભી ધીમું ધીમું રડતી હતી.

'હું ધીમે પગલે બહાર નીકળતો હતો ત્યારે ત્રણમાંથી એક છોકરૂં બોલી ઊઠયું, 'પપ્પા ! હવે નિરાંત થઇ. અમને પણ બીજાં છોકરાંઓની પેઠે અમારા પપ્પા મળ્યા.'

મારા ધંધામાં આવાં આવાં માણસો મને મળી જાય છે એથી જ મને એમાં રસ છે અને આજ ત્રીસ વર્ષ થયાં છતાં છોડવો ગમતો નથી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિતજીની છબી

અમે ત્રણ-ચાર મિત્રો સાંજે કોટમાં ટહેલતા હતા એટલામાં કોઇને કૉફી પીવાનું મન થયું. બીજાએ હા પાડી એટલે એક કૉફી હાઉસમાં અમે ઘૂસ્યા. હું, મગનલાલ અને સુશીલ ત્રણે તો એકેકને સારી રીતે ઓળખતા હતા પણ ચોથો સનમુખ અમારી ટોળીનો ન ગણી શકાય એવો હતો. એને મગનલાલ સારી રીતે પીછાણતા હતા પણ હું અને સુશીલ માત્ર નામથી જ જાણતા હતા. અમે ચાર કૉફીહાઉસમાં દાખલ થયા કે તરત જ સનમુખ અચકાઇ ગયો. એણે પોતાની સામે ભીંત ઉપર ટગર ટગર જોયા કર્યું અને પછી 'સાહેબજી મગનભાઇ, સાહેબજી, મહેરબાનો, આજે હું નહિ આવી શકું. મારે કામ છે. વળી પછી મળીશું.' એટલું કહીને પાછો ફરીને તે ચાલ્યો જ ગયો!

મને અને સુશીલને આથી આશ્ચર્ય થયું. આમ અચાનક રેસ્ટોરામાં આવીને પાછા સહસા ચાલ્યા જવાનું નિષ્પ્રયોજન તો હોય જ નહિ. ત્યારે એ સનમુખને શું વાંકું પડ્યું? અમે ક્ષણભર તો ન બોલ્યા. ત્રણે એક ખાલી ટેબલ જોઇને ખુરશી ખેંચીને બેઠા. પછી મારાથી ન રહેવાયું, મેં પૂછ્યું: 'મગનભાઇ! માફ કરજો, પણ તમારા દોસ્ત સનમુખને શું થયું તે આમ અચાનક એ ચાલ્યો ગયો?'

'એમાં તમારે જરા પણ માઠું લગાડવાની જરૂર નથી.' મગનભાઇએ હસીને કહ્યું.

'અમારે માઠું લગાડવાનો સવાલ નથી,' મેં કહ્યું; 'મને તો કૂતૂહલ થાય છે એથી પૂછ્યું. દાખલ થતાં સુધી એની આવવાની મરજી હતી અને પછી જ કેમ એ નાઠો?'

'નાઠો?' મગનભાઇએ પૂછ્યું.

'ત્યારે બીજું શું? નાઠો જ કહેવાય.' સુશીલે મને ટેકો આપ્યો, 'કોઇ લેણદારને દીઠો કે પ્રેમપંથમાં હરીફને જોયો, કે એના હૃદયના ફૂકડા કરનાર કોઈ વજ્રસમી યુવતી જોઈ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ ત્રણમાંથી કશું નહોતું.' કારણ જરા વિચિત્ર છે. પણ જાણ્યા પછી તમે પણ કહેશો કે એ સ્વાભાવિક છે.' મગનભાઈએ કહ્યું.

'પણ ત્યારે કહી નાખોને, આમ સુંદર નવલિકા લખતા હો, એવો ઉપાડ શા માટે કરો છો?' મેં કહ્યું.

'આપણે વખત ગાળવા તો આવ્યા છીએ. પછી સારૂં વસ્તુ મળ્યું તો એને ઉતાવળથી વેડફી મારવું? હું કહું છું. આ સિગારેટ તો સળગાવો.' અમને સિગરેટો આપતા અને પોતે એક સળગાવતાં મગનભાઈ બોલ્યા.

'હા, હા, એમ કરો. આખરે પત્રકાર રહ્યા કેની એટલે જાત ઉપર જવાના જ.' સુશીલ બોલ્યો.

'જાણે વાત એવી બની કે આ સનમુખ છે તો ખાસ્સો ભણેલો-ગણેલો પણ મુંબઈ જેવાં મોટાં શહેરમાં રહેવાની એને ટેવ નહિ. પોતાને ગામ બેઠો બેઠો બધે અરજીઓ નાખ્યા કરતો હશે. આખરે મુંબઈથી તેને એક અરજીનો જવાબ મળ્યો. આવીને એ મારે ત્યાં જ ઊતર્યો હતો. મુલાકાતનો ટાઈમ સાંજે સાડાપાંચનો આપ્યો અને એ તો અજાણ્યો. મેં એને સવારના લઈ જઇ ને ઑફિસનું મકાન બતાવેલું. પછી પાછો એ સાંજે વખતસર ત્યાં પહોંચ્યો. ઑફિસ મોટી હતી એટલે તેના બરનું મકાન પણ આલીશાન હતું.

'મેનેજરની ઑફીસ ઠેઠ ચોથે માળે હતી. અને સાડાપાંચ પછી માત્ર મોટા અમલદારો માટે જ લિફ્ટ ચાલે! સનમુખ એક દાદરો ચઢતો ગયો. સાડાપાંચે ઑફિસ બંધ થાય એટલે ઇસ્કૂલમાંથી છોકરા છૂટે તે પ્રમાણે અગણિત કલાર્કો હો હો કરતા અને હાહાહીહી કરતા નીચે ઊતરતા હતા. શિયાળાનો વખત એથી એટલી વારમાં પણ અંધારૂ થતું જતું હતું અને ઑફિસની અંદર બહુ ઝાંખું જણાતું હતું.

આ પ્રમાણે લગભગ જેમ ઘેટાનાં મોટાં ટોળામાં દરેક ઘેટું સરખું જ લાગે તેમ દરેક કલાર્ક સરખો જ જણાતો દાદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતરતો જતો હતો અને સનમુખ ચિત્તમાં વધારે ને વધારે વિહ્વળ થતો દાદર ચઢતો જતો હતો. આખરે ચોથો માળ આવ્યો. આટલા દાદર આવી મનોવૃતિમાં ચઢવાથી સનમુખનો દમ ઘુંટાતો હતો. ઉપર જઇને એકાદ પટાવાળાને પૂછતાં તેણે આંગળીથી મેનેજરની રૂમનું બારણું બતાવ્યું. સનમુખની ગભરાયેલી આંખે એવાં અસંખ્ય બારણાં જોયાં. એ બધાં બારણાં એકસરખાં હતાં. બારણા ઉપર ચોડેલી નાની તખ્તીઓ જોવાનું સનમુખને સૂઝેલું જ નહિ.

સનમુખે બારણાને ટકોરા માર્યા અને સહેજ ઉઘાડયું. અંદર એક મોટું ટેબલ અને ટેબલની પાછળ એક ખુરસી ઉપર મેનેજર જેમ ધનુર્વિદ્યાની પરીક્ષા લેતી વેળા શુક્રાચાર્યે અરજુનને પૂછેલું ત્યારે એણે જવાબ દીધેલો કે મેં તો જે પક્ષીની આંખને આંટવાનું છે તે પક્ષીની આંખ જ જોઇ છે તે પ્રમાણે સનમુખે માત્ર પેલા મેનેજરને જ જોયો. પાંચસાત મિનીટ–કે પછી બે ત્રણ મિનીટ જ થઈ હશે અને મેનેજરને સનમુખ પસંદ પડી ગયો. તમેય કબૂલ કરશો કે જોવામાં સનમુખ કાંઈ ખોટો નથી. મેનેજરે કહ્યું કે 'હું તમને રાખી લઉં છું. આવતી કાલે જરા વહેલા આવજો. ઑફિસ ટાઈમ તો સાડદસનો છે. આવીને જરા જોતા થજો. ચાલો, હું તમને તમારી રૂમ બતાવી દઉં.' આમ કહીને મેનેજરે બહાર આવીને ત્યાંથી સામેની રૂમનુ બારણું ઉઘાડીને રૂમ બતાવી ત્યાં પણ તેવું જ મોટું ટેબલ જોયું. પણ કોણ જાણે શાથી સનમુખની નજર ટેબલની પડખેની ભીંત ઉપર ટાંગેલી પંડિત નહેરૂની મોટી છબી ઉપર પડી.

મેનેજરે બહાર નીકળતાં કહ્યું: 'જુઓ ને, અમારો જૂનો માણસ બહુ આળસુ હતો અને એણે કયું જ કામ કર્યું ન હતું: તમે નવા છો એટલે એ જૂનાં કામમાં તમારૂં ધ્યાન નહિ પડે. માટે એમ કરજો કે આવીને ટેબલમાં જેટલાં જૂનાં કાગળીયાં હોય તે બધાંને જનરલ ડીપાર્ટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેંટમાં મી. માણેકશાહને મોકલાવી દેજો. પછી નવું કામ આવે ત્યારથી જ જોવા માંડજો. એટલામાં તો અહીં તમારી સાથે કામ કરનારા બીજા આવી પહોંચશે જેઓ તમને સમજણ પાડશે. ચાલો, સાહેબજી, વિશ યુ ગુડ લક,'! આટલું કહીને ત્વરિત ગતિએ મેનેજર ચાલ્યો ગયો. સન-મુખે એ ગયા પછી પાછું બારણું ખોલ્યું. વળી પાછું, પેલું મોટું ટેબલ, ટેબલ પાછળ ખુરશી અને ટેબલ પડખેની ભીંત પર ટાંગેલી પંડિતજીની મોટી છબી એટલું જોયાં. બારણું બંધ કર્યું અને સનમુખ ચાર દાદર ઊતરવા માટે 'ફૉયર' તરફ વળ્યો. આ વખતે તો દીવા પણ બધા હોલવાઈ ગયેલા અને અંધારૂં જ થઈ ગયેલું, 'ફૉયર' તરફ જતાં જતાં એની નજરે રૂમો અને બારણાં એકસરખાં જણાયાં.

ઘેર આવીને એણે પોતાની નીમણૂંકની વાત કરી અને બીજે દિવસે નવેક વાગ્યે તો એ ઑફિસ પહોંચી ગયો હશે. એટલો વહેલો ઘેરથી નીકળ્યો. અલબત્ત, ઑફિસમાં એવે સમયે રડયાખડયા હમાલ સિવાય હોય જ કોણ? ઉપલે માળે એ ગયો અને સરખી રૂમ અને સરખાં બારણાંની હાર વચ્ચે એ આગળ ચાલ્યો. ક્ષણભર એને એમ થયું કે પોતાની રૂમનું બારણું એને જડશે કેમ? પણ યુવાન રહ્યો એટલે આત્મશ્રદ્ધા પણ ખરી જ. એણે પોતાની રૂમ આવી એમ ધારીને બારણું ઉઘાડયું. ત્યાં તરત જ પેલું ટેબલ, પાછળ ખુરશી અને પડખે પંડિતજીની મોટી છબી જોયાં. તરત એણે અંદર જઇને એક ખીંટી હતી તેના ઉપર પોતાનો કોટ ભેરવી દીધો. અને ટોપી ટાંગી દીધી. ખુરશી ઉપર મનમાં ભગવાનનું નામ દઇને બેઠો અને તેણે મેનેજરે કહેલું તે પ્રમાણે પેલાં ટેબલનાં ખાનાં એક પછી એક જોવા માંડયાં. તેમાંથી જેટલાં કાગળીયાં હતાં તેટલાં બધાં કાઢી લઇને એક મોટું બંડલ કરીને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બાજુ ટેબલ ઉપર મૂકયું અને થોડી વારે બહાર નીકળીને, એક હમાલ ફરતો હતો તેને એ બંડલ આપીને મી. માણેકચાહના જનરલ ડીપાર્ટમેંટના ટેબલ ઉપર મૂકી આવવાનું કહ્યું.

'પછી પાછો સનમુખ જઇને ખુરશી ઉપર બેઠો અને ટેબલ ઉપર તે દિવસે આવેલ કાગળો પડયા હતા તે વારાફરતી તેણે ઉઘાડવા માંડયા અને વાંચવા માંડયા. આ કામ કરવામાં તે એટલો તલ્લીન થઇ ગયેલો કે વખત કયાં ગયો તેની પણ એને સમજણ પડી નહિ અને કયારે મેનેજર એની રૂમનું બારણું ઉઘાડી પોતાના ટેબલ આગળ આવીને ઊભો રહ્યો તેની પણ એને શુદ્ધિ રહી નહિ.

'આવતાંની સાથે જ મેનેજરે તો ઘુમરાયેલા વાઘની પેઠે ત્રાડ મારી 'આ શું ? એવકૂફ ? મારી જગ્યાએ આવીને કંપનીની ટપાલ ફોડવા માંડી છે ! તું કરે છે શું ? અને—અને આ શું ? ખાનામાંથી મારાં મહત્વનાં, ખાનગી, ઉપયોગી કાગળીયાં કયાં મૂકયાં ?'

'સનમુખ તો આ ત્રાડથી ગભરાઇ જ ગયો. તતપપ થઇ જઇને તેણે કહ્યું કે 'સાહેબ' તમે જ મને વહેલા આવીને કામ કરવાનું કહેલું તે પ્રમાણે હું નવ વાગતાનો આવ્યો છું અને બધાં જૂનાં કાગળીયાં માણેકચાહને મોકલાવી આપ્યા છે.'

'પેલો મેનેજર ક્ષણભર સ્તબ્ધ બની ગયો પણ એણે પાછી બૂમ પાડી' 'પણ એવકૂફ, આ તો મારો રૂમ છે. તારી રૂમ અને મારી રૂમ વચ્ચેનો ફેર જ તને નહિ જણાયો ? અહીંથી અત્યારે ને અત્યારે ચાલ્યો જા. હું તને પોલીસને સોંપત પણ એમ નથી કરતો. અનાડી, અકકલ વગરનો, ઉદ્દત !'

'સનમુખ ઊઠયો. તેણે ટોપી માથે મૂકી, કોટ પહેર્યો અને બહાર ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં એને કાંઇક અદમનીય ઉર્મિ થઇ આવી એથી એણે જતાં જતાં વળી એક રૂમનું બારણું ઉઘાડીને અંદર જોયું. ત્યાં પણ પેલીજ જાતનું ટેબલ, પાછી ખુરશી અને પડયે પંડિતજીની છબી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એણે રાત્રે ઘેર આવીને અમને બધી વાત કહી. આપણે ત્યાં મોટી ઑફીસોમાં એકસરખી રૂમો, એક સરખાં ફરનીચર તો જાણે સામાન્ય થઇ પડયાં છે પણ આ કંપનીને કોણ જાણે શાથી પંડિતજીની છબીઓનો મોહ લાગેલો તે દરેક રૂમમાં એમની એક છબી મૂકાવી દીધેલી! હજી સનમુખને બીજી નોકરી મળી નથી. એટલે સ્વાભાવિક રીતે જ પંડિતજીની છબીને એ સ્વસ્થતાથી જોઇ શકતો નથી! બિચારો સનમુખ!' મગનભાઇએ પંડિત નહેરૂની મોટી છબી ભણી દૃષ્ટિપાત નાખતાં, હસતાં હસતાં કહ્યું અને વાર્તા પૂરી કરી.

—૨૬—

કમબખ્તી

'તમે વાંચો છો તે નવલકથાનાં પાનાં કેટલાં છે?' હું એક નાના રેસ્ટોરાંમાં બેસી ચહા અને બટાટા પૌંઆને ઇનસાફ આપતો હતો તેવામાં મારાં ટેબલ ઉપરજ પોતાની ચાહનો ઓરડર આપતાં એક ગૃહસ્થ બોલ્યા.

'એકસો સાઠ પાનાં. પણ તમે એ સવાલ કેમ પૂછયો? તમે પણ લેખક છો? મને વાતો કરવાનો કંટાળો નથી એટલે આનંદથી પુછું છું.'

'હું એક રીતે ગણો તો લેખક છું અને બીજી રીતે ગણો તો લેખક છું. પણ એ વાત જાણે પછી. તમે પોતે લેખક છો?'

'હા, મેં પણ બેએક નવલો લખી છે ખરી પણ હજી છપાઇ નથી. પ્રસિદ્ધકર્તાઓ હમણાં તો છાપાખાના અને કાગળ બંનેની બૂમ મારે છે ને.' મેં કહ્યું.

'એ તમે લખેલ નવલોની કેટલીક લંબાઇ હશે?' પેલાએ પૂછ્યું.

'તમને લંબાઈ ઉપરજ કેમ આવું આકર્ષણ છે?' હું બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે લોકો માત્ર લખી જાણો છો. આપણા ઘણાખરા પ્રસિદ્ધકર્ત્તા જે આપો તે છપાવી જાણે છે. પણ એ વિશે કોઇએ શાસ્ત્રીય અભ્યાસ કર્યો જણાતો નથી, એથીજ મારા પ્રસિદ્ધકર્ત્તા મારી કદર કરે છે.' એ બોલ્યો.

'પણ નવલકથાનો આધાર એના પોત ઉપર, એની વસ્તુ ઉપર હોય ને કાંઇ થોડો એનો આધાર લંબાઇ ઉપર હોય છે?' મેં કહ્યું.

'અરે ભાઇ! પોત, વસ્તુ, શૈલી, પાત્રાલેખન વગેરે ઉપર ચર્ચા કરવાનું વિદ્વાન્ વિવેચકોને સોંપી દો. પુસ્તકની નકલ કેમ વધારે ખપે એ પ્રશ્ન જ પ્રસિદ્ધકર્ત્તાઓને તો મહત્વનો છે.' એ બોલ્યો.

'પણ ટૂંકી નવલો ન ખપે? લાંબી જ ખપે? અને એમ તો નાનીની કિંમત ઓછી અને મોટીની કિંમત વધારે એમ પણ હોય ને?' મેં કહ્યું.

'હારે ભાઇ, એની કોણ ના કહે છે! પણ તમે એક વાચકને દુકાનેથી પુસ્તક ખરીદતાં જોયો છે? લાયબ્રેરીમાંથી એને ચોપડી લેતાં જોયો છે? કોઇનાં ખાનગી પુસ્તકાલયમાંથી ચોપડી પસંદ કરતાં દીઠો છે?' પેલા માણસે પૂછ્યું.

'ના, ખાસ ધ્યાન આપ્યું નથી પણ એમાં મોટી કઇ વિશિષ્ટતા છે?' હું બોલ્યો.

'એટલી જ કે સોમાંથી પંચાણું માણસો કદ જોઇનેજ ચોપડી લે છે, પછી ભલે તે જાહેર પુસ્તકાલયમાંથી હોય કે ખાનગી ઘરમાંથી હોય કે દુકાનેથી હોય. વેચાતી લેવી હોય તો બે રૂપિયા વધુ આપતાં એનો જીવ ખચકાશે નહિ. અને મફત જ લેવાની હોય તો તો જાણે સવાલ જ નથી. સામાન્ય રીતે એમનું માનસ જ એવું હોય કે ચોપડીમાં લખાણ વધુ ઊંચા પ્રકારનું હોય! આ માનવીની નિર્બલતા ઉપર જ મારે અને મારા પ્રસિદ્ધકર્ત્તાનો આધાર છે, અને પરિણામ ઉપરથી પણ હું ખાતરીથી કહી શકું છું કે એક માણસને કોઈ નવલ વાંચવી હોય તો તે સામાન્ય રીતે મોટાં કદની નવલ વધુ પસંદ કરશે.' પેલો બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિચાર કરતાં મને એમ લાગે છે કે તમે સાચા હશો. પણ હવે તમે લેખક છો કે નહિ એ સવાલનો ઉત્તર આપોને.' મેં કહ્યું.

'આટલી વાત તમે જાણી એટલે હવે હું કેવા પ્રકારનો લેખક છું એ તમે સમજી શકશો. નાની નવલ કરતાં મોટી નવલ વધારે ખપે છે એ વાત તમે માન્ય રાખો પછી અમે માત્ર મોટી–એટલે કે ચારસો પાનાંથી વધારે પાનાંની નવલો જ છપાવીએ છીએ એ વાત તમે સમજી શકશો. હવે ધારો કે અમારી પાસે નવલની હસ્તપ્રત આવી, અને એ કદમાં નાની હોય. જો લખનાર મશહૂર નહિ હોય તો તો અમે એને ચોખ્ખું કહી દઇએ કે 'ભાઇ, આટલું લંબાણ નહિ ચાલે. અમારે તો એથી દોઢી કે ડબલ સાઈઝ જોઇએ. તમે કરી આપશો કે અમે કરી લઇએ?' બિચારો નવો લેખક તરત કહેશે કે તમે કરી લેજોને. લેખક સુપ્રસિદ્ધ હોય તો અમારે જરા કળમાં કહેવું પડે. પણ મોટી ચોપડીની કિંમત મોટી અને રોયલ્ટીના દસ ટકા કિંમત ઉપર જ આપતા હોય એટલે આખરે તો એ પણ હા પાડે.' પેલો બોલ્યો.

'હા, પણ પછી શું?' મેં પૂછ્યું.

'પછી એ લંબાઇ કરી આપવાનું કામ મારું! પહેલાં પહેલાં એ કામ મને જરા અઘરૂં લાગ્યું હતું. પણ હવે તો એ કામ એવું હાથ પર ચડી ગયું છે કે હાથ થાકે ત્યારે જ અટકાય; બાકી તો ચોવીસે કલાક લખ્યા જ કરૂં અને ગમે તે વાર્તા દોઢી, બમણી કે ત્રણ ગણી પણ કરી શકું છું.' પેલાએ કહ્યું.

'તમે તો ગજબ કર્યો! પણ–પણ એમ બને કેમ?' મારાથી બોલી જવાયું.

'હું તમને બરાબર સમજાવું. એક વાર કિસબ જાણ્યા પછી એ સહેલું છે.' પેલો બોલ્યો. 'એક લેખકે આ પ્રમાણે લખ્યું હોય—

'ખંડમાં શાંતિ હતી. એટલામાં બારણા બહાર કોઈ શ્વાસ લેતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેમ જણાયું. મનમોહને એકદમ બત્તી હોલવી નાખી અને જેવું પેલું માનવી ખંડમાં દાખલ થતું જણાયું કે એ દિશા તરફ રીવોલ્વર ફોડી. પ્રકાશની ગતિથી ગોળી વછૂટી પણ ઉત્તરમાં મીઠું અટ્ટહાસ્ય સંભળાયું. 'કોણ ? મેના !' આટલું બોલીને એણે બત્તી કરી. તેની સમક્ષ એક રૂપવતી યુવતી ઊભી હતી. 'હા આશ, ઠીક થયું કે હું નેમ ચૂકી ગયો. તને ગોળી વાગી હોત તો !'

'હવે આ પરિચ્છેદને વધારીને હું આ પ્રમાણે લખું છું :'

'અંધારા ખંડમાં ગાઢ શાંતિ હતી. ઘેરાં આકાશામાંથી તારા વૃન્દમાં હોય છે તેવી અથવા તો એકલ ઉભેલા ગિરિ અનુભવે છે તેવી શાંતિ ત્યાં પ્રસરી રહી હતી. એટલામાં તો બારણા બહાર કોઇનો મંદ મંદ છતાં ગંભીર શ્વાસોચ્છ્વાસ જાણે ધૂંટેલાં અત્તરનો ઝરો હોય તેવો મારે ડાબે કાને અફળાયો. એ શ્વાસ એક ખંડના ચેલા ચોકનાં સામાં પાટિયાનાં બનેલાં અને એકઝી મેન્યુફેકચરીંગ કંપનીનાં સુંદર નીકલના આગળાવાળાં અને રૂપાંના ગીલ્ટવાળા હેન્ડલ (જે કાળાં નહિ પડે તેની દસ વર્ષની ગેરંટી આપવામાં આવશે.) થી વિભૂષિત બારણા તરફથી આવતો શ્રીયુત મનમોહનદાસ ભગવાનદાસ કાપડિયા, બી. એ., એલ. એલ. બી. (જે યુવાન યુનિવરસિટી કોરમાં તાલીમ લઇ આવ્યો હતો) જેને મિત્રો મનમોહન કહેતા—એના તરફ આવ્યો. મનમોહને એક ક્ષણમાં વિચાર કરી લીધો અને મહાત્મા ગાંધી રોડ ઉપર આવેલ વિકટર એન્ડ કંપનીને ત્યાં તૈયાર કરાવેલ ગરમ પાટલૂનના ગજવામાંથી તેણે એક નાની ૪૫૫ કલેવરની કાટ ચડે નહિ એવાં સ્ટીલની (એની કિંમતમાં આવી કોઇ રીવોલ્વર મળે જ નહિ) રીવોલ્વર કાઢી અને બીજે હાથે ક્રોમીઅમ પ્લેઇટેડ સ્વિચને ઉંચી કરી ૨૨૦ વોલ્ટના વીજળીના પ્રવાહને રપ કેન્ડલ પાવરના બલ્બમાંથી વહેતો અટકાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે સમજી ગયાને? એણે બત્તી હોલવી એટલા શબ્દોમાંથી મેં આટલું લખ્યું. હવે આગળ જોઇએ;—

'વીજળીનો પ્રવાહ અટકયો કે તરત પેલી રીવોલ્વર જે બ્રિટિશ તરી, ખૂસ્કી અને હવાઇ લશ્કરમાં વાપરવામાં આવે છે તેનો ઘોડો દાબ્યો. લશ્કરી તાલીમ લીધેલી તે વેળા એને નિશાન તાકવામાં પહેલું ઇનામ મળ્યું હતું એટલે એની તો ખાતરી હતી કે એની નેમ ખાલી નહિ જાય. પ્રકાશના વેગથી એમાંથી વછૂટેલી ગોળી હવામાં ગઇ. અલબત, અહીં કહી દેવું જોઇએ કે પ્રિય વાંચકો! પ્રકાશની ગતી એક સેકેન્ડના ૧૮૩.૩૨૫ માઇલ ગણાય છે જ્યારે ગોળીની ગતિ એનાથી એક લક્ષ ગણી ઓછી ગણાય છે તરત જ સામેથી ત્યાં ઉભેલ માનવીના મોંના 'લેરીકસ' અને 'ફેરીક'સ'ની અમુક ક્રિયાને લઇને જેને આપણે 'અટ્ટહાસ્ય' કહીએ છીએ તેવો અવાજ સંભળાયો. એ અવાજ મનમોહનદાસ ભગવાનદાસ કાપડિયા, બી. એ. એલ. એલ. બી. એ તરત પારખ્યો અને તે બોલી ઉઠયો: 'મેના!' બોલીને તરત તેને હાથ ક્રોમીઅમ પ્લેઇટેડ સ્વિચ ઉપર ગયો. અને તેને નીચી કરીને ૨૨૦ વોલ્ટના વીજળી પ્રવાહને ૨૫ કેન્ડલ પાવરના બલ્બમાં ચાલું કર્યો.

'એના પ્રકાશમાં એણે એક યુવતીને પોતાની સામે આશરે સાડાચાર ફીટ દૂર ઉભેલી જોઇ. તેણે રેશમી લાલ ચૂંદડી, સ્લીવલેસ બાંયવાળું સાટીનનું બ્લાઉઝ અને ઉંચી એડીનાં (પ્લેટફોર્મ) શૂઝ પહેર્યાં હતાં.

'જો આ પુસ્તક છપાતાં ઢીલ થશે તો આ વર્ણનમાં ફેશન પ્રમાણે થોડો ફેરફાર કરી નાખીશ, સમજ્યા ને? ચુંદડીને બદલે અમેરિકન રેશમી છાપેલી સાડી કે પછી મલબારી રેશમી લુગડું, અરધી સાદી બાંયવાળું બ્લાઉઝ અને સાથે બનાવેલ ચામડાંનાં પડાણી ચંપલ કે એવું કંઇક મૂકી દઇશ. તમે સમજ્યા ને?' પેલાએ પૂછ્યું.

'હા, હું સમજ્યો.' લગભગ બહેબાકળા થઇને મેં જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ મને આમાં એક નુકશાન થયું છે. મને આવું લાંબુ લખવાની ખરાબ ટેવ પડી ગઇ છે.' પેલો બોલ્યો: 'અત્રે જાણે વાતની વાત એમ છે કે મને એક સિગારેટ આપતાં તેણે કહ્યું; 'મારે મારી બેરીને એક તાર મૂકવો છે કે હું પરમ દિવસે એને ગામ જવાનો હતો તે નહિ જઇ શકું. પણ પાંચ દિવસ પછી જઈ શકીશ. આટલું લખવા માટે મેં પહેલાં લગભગ પોણી બસો શબ્દ લખ્યા. ઓછા કરતાં કરતાં, ચાર પાંચ કલાકની મહેનત પછી હું પોણોસો શબ્દમાં એ લખી શક્યો છું! તમે કૃપા કરીને મને આઠ–દસ શબ્દમાં એ લખી આપો તો મોટી મહેરબાની થાય!'

—૨૭—

લેખિકાનો પતિ

છેલ્લા આઠ–નવ માસ શોભન બહુ માંદો રહ્યો. મારે ઘરકામ ગમે તેમ પતાવીને એના બિછાના પાસે ને પાસે જ રહેવું પડતું હતું. પરિણામે એ સમયમાં મેં બહુ ઓછું લખ્યું હતું–હું બહુ ઓછું લખી શકી હતી. શોભનની અશક્તિ વધતી જતી હતી. હું જરા આઘી જાઉં કે એ અકળાતો, ગભરાતો, મૂંઝાતો.

એક વખત મારો એ પતિ તદ્દન સ્વાશ્રયી હતો. નાનામાં નાનું કામ જાતે જ કરી લેતો. હવે તેને આવી અસહાય્ય અવસ્થામાં જોઇને મને બહુ લાગી આવતું. પલંગ ઉપર તકિયાને અઢેલીને એ થોડી વાર બેસતો. પછી થાકી જાય એટલે એ પાછો સૂઇ જતો. હજી હું એને એવી રીતે બેઠેલો નીરખી શકું છું. પાયજામો અને પહેરણ પહેરીને એ બેઠો હોય, એના અશક્ત હાથ વડે એ પોતાનાં કાળાં વાળનાં જુલફાં સરખાં કરીને કહેતો હોય: 'વનલતા! મારા અભ્યાસખંડમાં મારે ઘણું ઠેકાણે કરવાનું છે. અચાનક આમ મંદવાડ આવશે એમ હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતો ધારતો. નહિ તો હું બધું ગોઠવી દેત. ત્યાં ઘણું અસ્તવ્યસ્ત પડ્યું છે.'

પોતાની નોકરી અને થોડું ઘણું ઘરનું કામ કરીને એ પરવારતો કે તરત એ પોતાની નાની ઓરડીમાં ભરાઈ જતો. આટલાં વર્ષે પણ મને ખાસ ખબર નહોતી પડી કે એ ત્યાં શું કરતો હતો. એને વિજળીના કામનો શૉખ હતો એટલે મને એમ હતું કે એ રેડિયો લઇને માથાફૂટ કર્યા કરતો હશે. કે પછી ઘડિયાળો દુરસ્ત પણ કરતો હોય! આવું મેં કાંઇક ધારેલું.

મેં એને મે ત્રણ વાર કહેલું કે 'તને એટલી ચિંતા થતી હોય તો હું એક દિવસ વખત કાઢીને ઓરડી સાફ કરી આવું.' પણ એમ કરવા દેવાની એ સાફ ના પાડતો, 'ના ના, તું ન જતી. હું જ જરા સારો થઈશ એટલે જઈશ.'

પણ એ બિચારો ત્યાં ન જ જઇ શકયો! મેં અગાઉ કહ્યું તેમ હું એ દિવસોમાં બહુ થોડું લખી શકી. માંડ બેએક નવલિકા મેં લખી હશે અને એક નવલકથા મેં લખવી શરૂ કરેલી તે મેં એના મંદવાડમાં પૂરી કરેલી. એ નવલ માટે હમેશ મને શોભન કહેતો: 'એ તો વનલતાની ઉત્તમોત્તમ કૃતિ થવાની છે.'

બીજા પતિઓની પેઠે, એક વાર પરણી ગયા એટલે પત્નીઓએ તો રસોડામાં અને ઘરમમાં જ ગૂથાઇ રહેવું જોઇએ એવું એ નહતો માનતો. એ તો મારાં લખાણમાં ખૂબ ખૂબ રસ લેતો. હું નવલિકા લખી રહું પછી રાતે એને વાંચી સંભળાવતી. બહુ ધ્યાનથી સાંભળ્યા પછી એ ઘણીવાર મને સૂચનાઓ આપતો અને એ બધી ય સૂચનાઓ મારી કૃતિને વધારે સારી બનાવતી એમ મારે કહેવું જોઇએ. એથી એકાદ-બે વેળા મેં અર્ધ ગંભીરાઇથી એને કહેલું પણ ખરૂં: 'શોભન! તું કેમ કાંઇ લખવાનો યત્ન નથી કરતો? તું ઇચ્છા કરે તો ખરેખર લખી શકે એમ મને લાગે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જવાબમાં એ હસતો, પોતાનાં કાળાં જુલફાં હાથથી ફેંદતો અને પછી આંખનું મટકું મારીને બોલતો: 'ઘરમાં એક 'જીનિયસ' હોય, એ ન સમાય. અને પાછું તારી કીર્તિમાં હું ભાગીઓ થાઉં તે પણ તને નહિ ગમે, ખરૂંને ?'

એ વખતે મને સમજણ નહોતી પડતી કે શોભન સાચું કહેતો હતો કે માત્ર મશ્કરી કરતો હતો. પણ હું વાત આગળ ચલાવતી નહિ; કારણ કે મારા મનમાં મને એમ લાગતું કે એના કહેવામાં સત્યાંશ હતો. ખરો! શોભન મારાં સર્જનો સાંભળે, થોડાં સુચનો કરે એ મને ગમતું પણ એ પોતે કડક વિવેચન કરે એ હું નહોતી ઇચ્છતી. તેમજ પોતે નવલ અને નવલિકાઓ લખે તો પછી મારી કૃતિઓ વાંચવા જેટલી એને ફુરસદ ન મળે એ પણ હું માનતી હતી. હવે એટલું કબૂલી લેવામાં હું કશો વાંધો જોતી નથી.

જે દિવસે મેં મારી એ નવલનુ છેવટનું પ્રકરણ શોભનને વાંચી સંભળાવ્યું તે દિવસ હું કદી ભૂલી શકીશ ખરી? એક આરામખુરશીમાં મેં એને બેસાડયો હતો. હું એના પગ આગળ જમીન ઉપર જ બેઠી હતી. સપ્ટેમ્બર માસ ચાલતો હતો. છેલ્લા વરસાદની ગાજવીજ અને ઝડી ચાલતી હતી.

એ પ્રકરણ માટે મને લગભગ મગરૂરી થઇ આવી હતી. શોભનને વાંચી સંભળાવતાં મને આનંદ પણ ખૂબ થયો રોજના કરતાં તે દિવસે એની તબીયત ઠીક લાગતી હતી. વચમાં ટીકા કર્યા વગર, એકદમ શાંત ચિત્તે તે સાંભળતો હતો. તેનું માથું તકિયામાં–પોચા તકિયામાં લગભગ દટાઇ ગયું હતું. તેના અતિશય પાતળા થઇ ગયેલા હાથ તેણે ખુરશીના હાથા ઉપર ટેકવ્યા હતા.

સંધ્યા થતી જતી હતી. મારા શબ્દોના ધ્વનિથી અને મારાં સર્જનથી હું ખુશ થતી હતી. મારા મનમાં વિચાર આવ્યો કે 'આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃતિ મારૂં ઉત્તમોત્તમ સર્જન છે.' શોભન પણ એમ ધારે એવું હું ઇચ્છતી હતી.

ઝાંખા થતા જતા પ્રકાશમાં મેં છેલ્લાં વાકયો વાંચ્યાં. પ્રત બાજુએ મૂકી દીધી અને શોભનનો અભિપ્રાય સાંભળવા હું તલ્પી રહી. એ વખાણશે જ એવી મારી ખાતરી હતી. મેં રાહ જોઇ, થોડી રાહ જોઇ પણ શોભન બોલ્યો નહિ. તે શાંત હતો, સ્થિર હતો, અતિ શાંત હતો, અતિ સ્થિર હતો. મારા હૃદયમાં મને કાંઇક સુચન થયું. હું એકદમ ઊભી થઇ ગઇ. વીજળીની બત્તી કરી અને પાછું મેં શોભન સામે જોયું.

શોભન મૃત્યુ પામ્યો હતો! હું છેલ્લા શબ્દો વાંચતી હતી તે વેળા તે શાંતિથી મરણ પામ્યો હતો. તેની આંખો બંધ હતી. જાણે કે ઊંઘી ગયો હોયને એમ જ લાગતું. પણ મેં અગાઉ કદી પણ નહિ જોયેલ એવો વિકાર મેં એના ચહેરા ઉપર જોયો; એના ખૂબસૂરત મોંના એક ખૂણામાં મેં કટાક્ષભાવ રમી રહેલો જોયો.

ત્રણ ચાર માસ એમના એમ ચાલ્યા ગયા. પછી મને લખવાની ઇચ્છા થઇ આવી. સાથે સાથે સાંભળ્યું કે શોભનની નાની ઓરડીમાં મેં એના મૃત્યું પછી કોઇને જ જવા દીધું ન હતું એટલે હું જાતે જઇને એ સાફ કરૂં. એના પોતાના શબ્દો 'ત્યાં ઘણું અસ્તવ્યસ્ત પડ્યું છે. હું જાતે જ ગોઠવી દેત' મને યાદ આવ્યા. હું એ સર્વ વ્યવસ્થિત કરીને મારૂં લેખનકાર્ય ત્યાં જ કરૂં તો મને અમુક પ્રકારની શાંતિ મળશે એમ મને લાગ્યું, કે એ નાની ઓરડીમાં એણે પોતાના ટૂંક જીવનના ઘણા કલાકો ખૂબ આનંદમાં ગાળ્યા હતા.

આ ઉપરથી હું ઓરડીને બારણે વાસેલાં તાળાંની ચાવી લઇને ત્યાં ગઇ અને મેં ઓરડી ઉઘાડી. ચારે તરફ ધૂળ અને જાળાં જામી ગયાં હતાં. એનાં નાનકડાં ટેબલ અને ખુરશી ઉપર બહુ ધૂળ હતી. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂળ ને જાળાં મેં ઝપાટાબંધ સાફ કરી નાખ્યાં. પણ કઈ ચીજો અસ્તવ્યસ્ત પડી હતી તે મને સમજાયું નહિ. આખી ઓરડી અતિશય વ્યવસ્થિત રીતે ગોઠવેલી હતી. રેડિયોના છૂટા ભાગ અને જૂની સમારવાની ઘડિયાળો ત્યાં વેરવિખેર પડી હશે એમ હું ધારતી હતી પણ તેમાંનું કશું મને ત્યાં જણાયું નહિ! એક વસ્તુ પણ ત્યાં ખોટી જગ્યાએ પડી નહોતી. આથી આશ્ચર્ય પામતી હું સાફ કર્યે જતી હતી ત્યાં ટેબલ પાસે પડેલી એક લંબચોરસ લાકડાંની પેટી મારા જોવામાં આવી. એના ઉપરની ધૂળ અને જાળાં પણ દૂર કર્યાં. પછી મને તે ઊઘાડવાની ઇચ્છા થઇ આવી. એને તાળું હતું પણ શોભનના ફૂંચીના ઝૂંમખામાં જ એની ફૂંચી જડી. મેં એનાથી તાળું ઊઘાડયું અને પેટી ખોલી. એમાં કઇ વસ્તુ મેં જોવાની ધારી હતી તે હું કહી શકતી નથી, પણ મેં બહાર નહિ જોયા તે રેડિયોના છૂટા ભાગ, બેચાર ઘડિયાળના ડબા અને એવું જ કાંઈ એમાં પડયું હશે એમ મેં ધારેલું. ખરેખર અંદરથી નીકળ્યું તે જોવાની તો મેં સ્વપ્ને પણ આશા નહિ રાખેલી. પેટીમાં શોભનના પોતાના ઝીણા અને સુંદર હસ્તાક્ષરોમાં લખાયેલ થોકડાના થોકડા કાગળોનાં બંડલો હતાં!

એ બંડલો મેં કાઢવા માંડયાં. પહેલાં જ બંડલ ઉપર લખ્યું હતું: 'તૂટેલા તાર: એક નવલ: લેખક: શોભન દેસાઇ.' આવી છ સાત નવલો નીકળી. તેમની નીચે ચાળીસ–પચાસ ટૂંકી વાર્તા–નવલિકાઓનાં બંડલો નિકળ્યાં એ વાર્તાઓમાંથી થોડીએકનાં નામ મેં વાંચ્યાં: હું અને તું,' 'કિસ્મતને ખોળે,' 'સાગરતીર,' 'ભૂલાં પડેલાં,' 'ખોવાયેલ સપનું.' એકદા કરેલ કચરામાં જ બેસી જઈને મેં એમાંની ત્રણેક વાત ત્યાં ને ત્યાં વાંચી નાખી.

વાંચી રહ્યા પછી મેં એમને બીજાંની સાથે મૂકી. મૂકતાં મૂકતાં મારા હૃદયમાં કાંઇક વિચિત્ર ઊર્મિઓ થઇ આવી. મંદવાડને લઇને કંપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો હોય એવું મને થઈ ગયું, જાણે કઠણ જમીન છે એમ ધારીને પગ મૂકવા ગઈ હોઉં અને પગ નીચે સરી જતી રેતી આવી હોયને! બીજી વાતો તો ગમે તેવી હોય પણ જે બે-ત્રણ વાત મેં ત્યાં વાંચી તે બધી ય ઉત્તમ કક્ષાની હતી એમાં મને કશો શક ન હતો. હું પોતે એ કક્ષાની લેખિકા નથી એ વાત ખરી પણ હું ઉત્તમ સાહિત્ય પીછાણી તો શકું છું જ. જે ક્ષુદ્ર કૃતિઓ વિશે હું આટલી મગરૂર હતી અને આ સર્જન સાથે સરખાવતાં જે કેવળ નિર્માલ્ય હતી તેનો વિચાર કરતાં મારી આંખમાં આંસુ ઊભરાયાં.

'અરે શોભન!' હું વેદનાથી મોટેથી બોલી ઊઠી, 'શોભન, તેં આવું કર્યું? તેં મને કહ્યું કેમ નહિ? શા માટે? શા માટે?'

અને હું રડી પડી. નાનાં ટેબલને અઢેલીને હું ખૂબ રડી. હૈયું હળવું થયું એટલે આ બધી કૃતિઓનું શું કરવું એનો વિચાર આવ્યો. દિવસોના દિવસો મેં વિચાર કર્યો. પહેલાં તો મને થયું કે એની તમામ કૃતિઓનો હું નાશ કરૂં. એવી જ એની ઇચ્છા હોત એવું માનવાનો યત્ન પણ મેં કરી જોયો. પણ અંતે તેમ મેં નહિ કર્યું-હું નહિ કરી શકી. એને બદલે મેં એક નવલકથા લઇને તેની નકલ ઊતારી એક પ્રસિદ્ધ કર્તાને આપી. તેણે તો આવી અણમોલ તક મળતાં એને ઝડપીજ લીધી.

તે પછીની વાત તો તમે સૌ જાણો છો. એ પહેલી નવલના એક વર્ષમાં ત્રણ આવૃત્તિ થઈ. સિનેમાવાળાઓએ એ ઉપર ફિલ્મ કરી અને નાટકવાળાઓએ એના ઉપરથી નાટક લખ્યું અને તે ઘણું વખણાયું પણ ખરૂં. જોતજોતામાં શોભનનાં બધાં સર્જનો પ્રસિદ્ધ થઇ ગયાં. શોભન દેસાઇનું નામ લોકોને મોઢે થઇ ગયું. એ કૃતિઓ વિશે અનેક વિવેચકો લેખો લખવા મંડી પડયા. બીજા પ્રાંતોની ભાષામાં એનાં ભાષાંતરો, અનુવાદો, ભાવાનુવાદો વગેરે પણ રજા લઇને અને રજા વગર થયાં. એના મુકાબલામાં મારૂં નામ-હું હમણાંની બહુ લખતી નથી-તો સોમાભાગ જેટલું પણ જાણીતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વર્ષની શરૂઆતમાં 'શોભન દેસાઈ'ની કૃતિઓની એક નવી આકર્ષક આવૃત્તિ કાઢવાનો પ્રસિદ્ધકર્તાઓએ નિશ્ચય કર્યો અને તેને માટે મને તેમણે લખ્યું: 'આ આવૃત્તિનાં દરેક દરેક પુસ્તક આગળ નાની પ્રસ્તાવના તમે લખી આપશો તો માત્ર અમે જ નહિ પણ વાચકોની આલમ પણ તમારી ઋણી રહેશે; કારણ કે એકલા સર્જક તરીકે જ નહિ પણ માનવી તરીકે પણ તમે શોભન દેસાઈ વિશે જેટલું ચોક્કસ લખી શકો તેટલું બીજું કોઈ લખી શકે એમ નથી.

—૨૮—

ભૂલકણી

સર મંગળદાસના ભવ્ય બંગલાના એક ભવ્યતર ખંડમાં લેડી ધનવંતા મંગળદાસ અને તેની બહેન ચંચળબહેન નમતે બપોરે એટલે કે લગભગ ચારેક વાગે અંગ્રેજી ઢબે ચાહ લેતાં બેઠાં હતાં. ચાહ લેતાં લેતાં વાતે ચડ્યાં હતા.

'ચંચળ, તમે બધાં મને ભૂલકણી કહીને વગોવ્યા કરો છો પણ તમે બધાં ધારો છો એટલી હું ભૂલકણી નથી.' કાંઇક હસતાં હસતાં લેડી ધનવંતાએ કહ્યું.

'હવે બહેન, એ વિશેની વાતમાં પડવા જેવું જ નથી.' ચંચળે પણ સામે હસીને જવાબ આપ્યો. 'તમે એટલાં ભૂલકણાં છો કે એને માટે તો નવો શબ્દ જ શોધવો જોઇએ.'

'હવે જા જા. હા, કોઈક વખત હું ભૂલી જાઉં છું ખરી,' ધનવંતા બોલી. 'પણ એમ તો સર સાહેબ પણ ભૂલી જાય છે, તું પણ ભૂલી જાય છે તારો વર પણ ભૂલી જતો હશે.'

'અમે કોઇક વખત ભૂલી જઇએ છીએ તે વાત ખરી છે, પણ તમારાં ભૂલકણાપણાથી તો હદ આવી ગઈ.' ચંચળે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે રાખ, રાખ. એવું છે જ નહિ.' ધનવંતાએ જવાબ આપ્યો. 'લે, આજની જ વાત કરને, સવારે સાડા નવેકે ઘરમાંથી નીકળી હતી. મારે જેટલાં કામ કરવાનાં હતાં તેટલાં મેં મારી ડાયરીની મદદ વગર કે કોઇને પણ પૂછ્યા વગર કર્યાં છે. અરે, તેં મને આપેલા રંગ પ્રમાણેનું બ્લાઉઝનું કપડું પણ હું લેવા ગઇ'તી.'

'તમે લઇ આવ્યાં ? ત્યારે અત્યાર લગી એ તો બોલતાં જ ન હતાં. લાવો આપો.' ચંચળ બોલી.

'અરે, તું તો બહુ અધીરી, બાઇ ! હું રેશમી કાપડની દુકાને સંભારીને ગઇ'તી પણ ત્યાં મને યાદ આવ્યું કે હું રંગનો ટુકડો ઘેર ભૂલી ગઇ છું એટલે પાછી આવી.' ધનવંતા બોલી.

'ચાલો, તમે મને કહો છો કે હું તો ભૂલતી જ નથી.' હસીને ચંચળે કહ્યું.

'પણ હવે એ વાત તે કઇ મોટી અગત્યની હતી જે ? હું જે કહું છું તે તો મહત્વની વાત હોય તેને માટે કહું છું.' ધનવંતા બોલી.

'ચાલો એમ રાખો. તમે જરા પણ ભૂલકણા નથી, બસ.' ચંચળે કહ્યું. 'ત્યારે હવે મારાં બ્લાઉઝના કકડાનું તો પાછું થાય ત્યારે ખરું. પણ તમારી ભત્રીજી ચિત્રાને તો મેં ઘણા દિવસથી જોઇ નથી. કાંઇ બહારગામ ગઇ છે ?'

'કોણ ચિત્રા ? ચિત્રા !' ધનવંતાના મોં ઉપર અર્ધ ચિંતા, અર્ધ આશ્ચર્યની ઊર્મિ પ્રસરી રહી. 'ચિત્રા–ચિત્રા બહાર તો નથી જ ગઇ. મને બરાબર યાદ છે કે એ આજ સવાર સુધી તો હતી જ. પણ–પણ તું જાણે છે કે ચિત્રા ક્યાં છે ?'

'ના, ખરેખર હું જાણતી નથી. પણ તમે પણ જાણતાં નથી ?' હસવું કે ભય બતાવવો એની સમજણ ન પડતાં ચંચળે કહ્યું. 'મેં તો એને નહિ જોઇ તેથી સાધારણ રીતે જ પૂછ્યું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ ત્યારે એ જાય કયાં?' ધનવંતા બોલી.

'સિનેમા–બિનેમામાં તો નથી ગઇ?' ચંચળે પૂછ્યું.

'ના ના, કદાપિ નહિ. મને પૂછ્યા વગર તો ન જ જાય. પણ ઘણુંખરૂં તો એકલી પણ નથી જતી.' થોડીવાર ઊંડા વિચારમાં પડી ગયા પછી ધનવંતા બોલી, 'પણ પણ, હવે યાદ આવે છે. હું એને મારી સાથેજ લઇ ગઇ હતી. તો પછી એ જાય કયાં? કદાચ હું એને કોઇ ઠેકાણે ભૂલી તો નહિ આવી હોઉં?'

'તમે યાદ તો કરો. કયાં ભૂલીને આવો?' ચંચળ હવે જરા ગભરાઇ હતી તેણે કહ્યું.

'એક તો એ બિચારી અહીંથી અજાણી છે અને તદ્દન ભોળી છે. હું કોઈ ઠેકાણે ગઇ હોઉં ત્યાંએ છૂટી પડી હોય અને હું કારમાં બેસીને આવી હોઉં, એમ પણ બને.' ધનવંતા પણ ગભરાતી જતી હતી.

'તમે પહેલાં કયાં ગયાં હતાં?' ચંચળે પૂછ્યું.

'પહેલાં? હા, પહેલાં તો હું પેલી સરોજિની દેસાઇને ત્યાં ગયેલી. એ મને બરાબર યાદ છે. મને એને ફોન કરવા દે.' ધનવંતા આટલું બોલીને સરોજિનીને ફોન કરવા ઉઠી. સરોજિનિ ફોન ઉપર આવી અને એને ધનવંતાએ પૂછ્યું કે 'તમે ચિત્રા જોઈ છે?' સામેથી જવાબ મળ્યો કે 'ચિત્રા ત્રણ વખત જોઈ છે. હવે એની એ ફિલ્મ ચોથી વાર જોવાનું મન નથી, માટે માફ કરજો.' પાછું ધનવંતાએ કહ્યું કે 'એ ફિલ્મ ચિત્રાની વાત નથી પણ ભત્રીજી ચિત્રાનો સવાલ છે.' જવાબમાં સરોજનીએ ઉત્તર વાળ્યો કે 'તમે આવ્યાં ત્યારે હું તમને મળેલી જ નહિ. મારી નણંદ તમને મળેલાં. અને એ રીતે ભત્રીજીઓને ભલે કાકીઓ બીજાંને ત્યાં રોકી જાય. પણ બીજાં આવા વખતમાં જુવાન છોકરીઓને કદી રાખે જ નહિ. માટે આવા આવા સવાલ પૂછતાં નહિ.'

આવા જવાબથી ધનવંતા છેડાઇ અને ચંચળને એણે કહ્યું. 'કેટલાંકો એમ ધારે છે કે જેમાં તેમાં મશ્કરી કરી એટલે બસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે હોંશિયાર ! સીધો જવાબ આપવાનો હતો કે ચિત્રા ત્યાં છે કે નહિ ?'

'પણ બહેન, તમને એટલું પણ યાદ નહોતું કે તમને સરોજિની મળેલી કે નહિ !' ચંચળે કહ્યું.

'હવે એ મળી હોત તો શી વાત વળી જવાની હતી ! એવું કાંઇ જરૂરનું હોય તો હું ભૂલી જ નહિ જાઉંને !' ધનવંતા બોલી, 'પણ ચાલો હવે એ તો પતી ગયું. પછી હું તારે માટે પેલું કપડું લેવા રેશમી કાપડવાળાને ત્યાં ગયેલી. લાવ એને ત્યાં ફોન કરી જોઉં.'

'પણ શું કરશો અને શું કહેશો ? કે તમે તમારી ભત્રીજી ભૂલી ગયાં છો !' ચંચળે કહ્યું.

'તે કેમ એમ ન પૂછાય ! તું પણ વધુ પડતી ડાહી છો તો !' આટલું કહીને રેશમી કાપડની દુકાનવાળાને ત્યાં એમણે ફોન કરી જોયો. પેલો દુકાનવાળો જરા અજબ તો થઇ ગયો પણ મોટું ઘરાક રહ્યું એટલે વિવેકથી એણે ના પાડી દીધી કે કોઇ પણ માણસને એઓ પોતાની દુકાને ભૂલ્યાં નથી.

'પછી તમે ક્યાં ગયાં હતાં ?' ચંચળે પૂછ્યું.

'એ જ હું યાદ કરૂં છું ને, પણ તું વચમાં બોલે છે એટલે કડી તૂટી જાય છે. જોની ત્યાંથી કે ત્યાર પહેલાં હું પેલાં ગોમતીબહેનને ત્યાં ગઇ હતી લાવ, એને પૂછી જોઉં.' ધનવંતા બોલી.

'કયા ગોમતીબહેન' ચંચળે પૂછ્યું.

'કેમ વળી કયા ? પેલા જમનાદાસ ત્રિભોવનદાસનાં વહુ.' ધનવંતા બોલી.

'પણ તે તો હમણા વિલાયત ગયાં છે.' ચંચળે કહ્યું

'કોણે કહ્યું ? ગયાં હોય તો આવી ગયાં હશે.' ધનવંતાએ જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે બહેન ગપ નહિ મારો. હજી એક મહિનો રહીને એ આવવાનાં છે. આજે સવારે જ એની છોકરીએ મને કહેલું.' ચંચળે કહ્યું.

'તો એમ હશે. બીજા બાર માસ રહીને પછી આવે તોયે હું ક્યાં લુખું ખાઉં છું એના વિના?' ધનવંતા બોલી.

'તે હું ક્યાં કહું છું! પણ આ તો તમે ગોમતીબેનનું નામ દીધું એટલે મારે બોલવું પડ્યું.' ચંચળે કહ્યું.

'તો ચાલની બહેન, ગોમતીબહેન પડ્યાં ચૂલામાં. હું કોઇ બીજાને ત્યાં ગઇ હોઇશ. એમને હું ફોન કરી જોઉં.' ધનવંતાએ જવાબ દીધો.

'હા. પણ એ બીજાં નામ યાદ આવ્યા વિના ફોન કઈ રીતે કરવાનાં હતાં?' ચંચળે પૂછ્યું.

'તારે શોધવામાં મદદ કરવી નથી અને નાહકની મુશ્કેલીઓ ઉભી કર્યા કરવી છે.' ધનવંતા બોલી.

'એના કરતાં એમ કરોને કે મોટર ડ્રાઇવરને જ પૂછો કે ચિત્રા તમારી સાથે બહાર ફરવા આવેલી કે નહિ? અને આવેલી હોય તો પાછી આવશે કે નહિ!' ચંચળ બોલી.

'હા હા હા!' આનંદથી ધનવંતા બોલી ઊઠી. 'ખરેખર ચંચળ તારાં નામ પ્રમાણે જ તું ચંચળ, ચતુર, ચાલાક અને ચાંપલી છે હોં. તેં બરાબર સુઝાડ્યું.' આટલું કહીને ધનવંતાએ ઘંટડી મારી નોકરને બોલાવ્યો. નોકરને કહીને ડ્રાઇવરને તેડી મંગાવ્યો. ઘરમાં તો બધાં લેઢી ધનવંતા મંગળદાસની પ્રકૃતી જાણી ગયેલાં એટલે એમને ગમે તેવા સવાલોથી નવાઇ નહોતી લાગતી. ડ્રાઇવરે હિંમતથી અને ખાતરીથી કહ્યું કે ચિત્રા બહાર જતી વખતે પણ સાથે જ હતી. તેમ જ આવતી વખતે પણ સાથે જ હતી.

'જોયું કેની! એટલે હવે મારે ટેલીફોન કરવાની પંચાતી તો રહી જ નહિ.' ધનવંતાએ ખુશ થતાં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ એમાં ખુશ થવા જેવું છે શું? ચિત્રા તો હજી જડી જ નથી ને! તમને જરા પણ ફિકર નથી?'

ચંચળે પૂછ્યું: 'તું પણ ઠીક છે! તે શું ચિત્રાને કોઈ બદમાશો ઉઠાવી ગયા છે તે મને ફિકર થાય? આ તો મેં એને કોઇક ઠેકાણે મૂકી દીધી છે અને હવે હું ભૂલી ગઇ છું, એટલું જ. મને વહેલુંમોડું યાદ આવ્યા વગર રહેવાનું જ નથી ને!' ધનવંતા બોલી: 'જોતી, પેલાં મારાં લવંગિયાં ખોવાઇ ગયાં હતાં તે મને છ મહિને બરાબર જડયાં હતાં. મેં જ એમને સાચવીને મૂકયાં હતાં.'

'પણ તમે શું બોલો છો! તે શું ચિત્રાને તમે કોઇક ઠેકાણે સાચવીને મૂકી છે અને છ મહિને પણ તમને હાથ લાગશે?' ચંચળે ચીઢવાઇને કહ્યું.

'એમ તું ઉશ્કેરાઇને મને ઉશ્કેરાવે છે એટલે મને યાદ આવતું હોય તો પણ ન આવે.' ધનવંતાએ કહ્યું.

'બહેન, મને તો ફિકર થવા માંડી છે એટલે કહું છું.' ચંચળે કહ્યું.

'તે તું તો જાણે એમ જ બોલે છે કે હું ચિત્રાને સ્મશાનમાં પૂરી આવી હોઉં! હું તો એને કોઈક ઠેકાણે ભૂલી આવી છું. એમાં આટલી ફિકર કરવાની શાની હોય!' હવે ધનવંતા ચિંતા પણ થઇ ગઇ હતી અને ગુસ્સે પણ થઇ હતી તે બોલી.

બે બહેનો વચ્ચે ચકમક ઝરત અને વાત વધી પડત એટલામાં નોકરડી ચાહનો સામાન લઇ જવા આવી. તે સામાન લઈ જતી હતી એટલામાં ધનવંતાએ એને પૂછ્યું, 'અલી! ચિત્રાનું શું થયું? નોકરડી પહેલાં તો જરા અજબ થઈ પણ પછી એણે સ્વસ્થતાથી કહ્યું, 'કેમ શું થયું? તમે એને જમી રહ્યા પછી કહેલું કે મગનબહેનની તબિયત સારી નથી તે એમની પાસે બેસજે. તે એ ત્યાં બેઠાં છે. હમણાંજ હું ચાહ અને નાસ્તો એમને માટે લઇ ગઇ હતી. હું એમને બોલાવું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મગનફોઇ પાસે બેઠી ? હા, મને હવે સાંભર્યું. મેં જ એને ફોઇબાની પાસે બેસવાનું કહેલું. ના, મારે એનું કાંઇ કામ નથી.' ધનવંતાએ છૂટકારાનો દમ ખેંચતાં કહ્યું અને નોકરડી ગઇ પછી પોતાની બહેનને કહ્યું. 'જોયું કેની ! કાંઇ એમ એ ચિત્રા ખોવાઈ જવાની હતી ! અને મને હમણાં નહિ તો પછી તો યાદ આવત જ. એમ કાંઈ હું એવી ભૂલકણી થોડી છું ?'

—૨૯—

:: ખોટો ગભરાટ ::

વનલીલા ઘરમાં દાખલ થઇ ત્યારે એના મોં ઉપર એક પ્રકારનો આનંદ પ્રસરી રહ્યો હતો. લગભગ મરણ પામેલી આશા પાછી સંજીવન થઈ હોય અને આનંદ થતો હોય તેવો આનંદ એ હતો. એને પાંતરીસેક વર્ષ થયાં હતાં. કોઇ પણ કાળે એ ખૂબસુરત હોય તેમ તો જણાતું જ ન હતું અને અત્યારે તો એ સાવ ફીક્કી અને ધોળી પૂણી જેવી હતી. માત્ર આ આનંદને લઇને એક પ્રકારની સુંદરતાથી તે અત્યારે દીપી ઊઠી હતી.

આગલાં બારણાં બંધ કરીને તે આગલા ખંડમાં દાખલ થઇ એટલે ત્યાંની પરિચિત વસ્તુઓ ઉપર તેની આંખ ફરી ગઇ. એક તરફ જૂનો સોફા, બીજી તરફ બે ત્રણ તેવી જ ખુરશીઓ, એક બાજુ લખવાનું ટેબલ અને પાસે એક બૂક-કેસ. વચમાં નાનો હીંચકો. એ બધી વસ્તુઓ જૂની હતી છતાં સાફ હતી. એટલે ગૃહિણી તરીકે વનલીલાની ચોકસાઇ અને વ્યવસ્થા જણાઈ આવતાં હતાં. એ આગલા ઓરડામાં જ વનલીલા હતી. એટલામાં બાજુના ઓરડાનું બારણું ઊઘડ્યું અને જયવંતે આગલા ઓરડામાં પગ દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનલીલાનો પતિ જયવંત ચાલીસેકની વયનો, સુદૃઢ બાંધાનો, આકર્ષક આકૃતિનો અને તંદુરસ્તીથી ઊભરાતો પુરુષ હતો. બંનેની નજર મળી એટલે જયવંતે પૂછ્યું: 'કેમ? તું ક્યાં હતી? મને કહ્યું પણ ન હતું!'

'મેં પહેલેથી વિચાર જ કરી રાખ્યો હતો કે આવીને પછી કહેવું.' વનલીલાના અવાજમાં એ જ આનંદ તરવરતો હતો.

આ આનંદ જયવંતથી છૂપો રહી શક્યો નહિ. છૂપો રાખવાનું કારણ પણ ન હતું, પણ એનું કારણ શોધવા જયવંતે કાંઈક ચિંતાથી અને કાંઈક ઉત્સુકતાથી વનલીલા સામી મીટ માંડી. 'પણ–પણ ક્યાં ગઈ હતી? શું કરવા ગઈ હતી? કહે તો ખરી!' તેણે પાછું પૂછ્યું.

'હું અમસ્તી જરા બહાર ગઈ એમાં આટલી અધીરાઇ શા માટે? હું બહાર ન જ જાઉં? ન જ જઇ શકું?' સ્નેહભરી મશ્કરીમાં પતિની ઉત્સુકતાને ટટળાવતી પત્ની બોલી

'એમ તું મારા સવાલનો જવાબ ઉડાવ નહિ. તારૂં મોં જ જુદું લાગે છે. તું ક્યાં ગઇ હતી?' પતિએ ફરીથી પૂછ્યું.

'એમ તમે ગભરાઇ નહિ જાઓ. બધું બરાબર છે. સૌ સારૂં જેનું છેવટ સારૂં.' આટલું બોલતાં બોલતાં પત્નીથી હસી પડાયું.

'તું–તું દાક્તરને ત્યાં જઈ આવી? કોઈ મોટા દાક્તરને ત્યાં?' ઉત્સુકતા, અધીરાઇ, ચિંતા વગેરેને અંકુશમાં રાખવા જયવંતથી ઓઠ ભીડાઈ ગયા હતા. ભીડાયેલ હોઠે, લગભગ અસ્પષ્ટ અવાજે તે બોલ્યો:

'ના રે ના–તમે એમ શાથી માન્યું?' વનલીલા સ્મિત કરતી કરતી બોલી.

'હું આંધળો નથી, જોઈ શકું છું.' પતિના અવાજમાં જરા કર્કશતા હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું એટલી બધી માંદી હતી. લાગતી હતી? દાક્તરને ત્યાં નહિ પણ હું મોટા સરજનને ત્યાં ગઇ હતી. તમે બહુ ફીકર કરતા હતા?' પત્નીના અવાજમાં કોમળતા ભરી હતી.

'ઓહ!'

'પણ હવે બધું બરાબર છે.' વનલીલા બોલી.

'બરાબર છે?' જયવંતે વિચિત્ર રીતે પૂછ્યું.

'હા, મને ભય હતો એવું કશું જ નથી. એ માત્ર ખોટો ગભરાટ જ હતો. કદાચ તમે પણ એવા ભ્રમમાં પડયા હશો એ માત્ર સામાન્ય કારણને લઇને જરા પેટમાં દુઃખતું હતું. હું તો ખરેખર ગભરાઇ ગઈ હતી. અને તમે પણ ગભરાયા તો હશો જ.' પત્નીએ વ્હાલથી ખુલાસો કર્યો.

'હું...હું...' જયંવતના અવાજમાં કંપ હતો. પત્નીના મુખ સામે જોતાં જોતાં તે ઘણો ઊર્મિલ થઇ ગયો. ઊર્મિલતા શાંત કરવાનો યત્ન કરતાં બોલ્યો, 'એકલી શા માટે ગઇ? મને કહ્યું પણ નહિ?'

'મારે તમને નાહકની ચિંતા કરાવવી ન હતી. અને તમને પણ વહેમ તો પડયો જ હતો એ હું જાણી ગઈ હતી.'

'તારી તબિયત વિષે હું જાણું નહિ એમ બને જ કેમ?' જયવંતે કહ્યું.

'તમારો મારા પ્રત્યેનો પ્રેમ જોઇને હું કેટલો આનંદ અનુભવું છું! આજે જાણે મને સ્વર્ગ મળ્યું હોય તેમ જણાયું છે.' વનલીલા બોલી.

'પણ–પણ વનલીલા! જરા બરાબર ખુલાસો તો કર.' જયવંતે વળી પાછું પૂછ્યું. એના અવાજમાં અકળામણ હતી.

'આથી વધુ ખુલાસો શો કરૂં? સરજને મને સાફ હસતાં હસતાં કહી દીધું કે તને ભયંકર રોગ છે એમ કયા બેવકૂફે કહ્યું? ખાલી ખોટો ગભરાટ જ છે.' વનલીલાએ જવાબ આપ્યો: 'પણ હવે હું જરા લુગડાં બદલીને વાળુની તૈયારી કરૂં.' આટલું બોલીને વનલીલા લુગડાં બદલવા બીજા ખંડમાં ગઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના ગયા પછી જયવંત થોડી વાર જતી પત્નીને જોઈ રહ્યો. પછી હોઠ પીસ્યા અને પછી અમુક નિશ્ચય કરતાં વિચિત્ર રીતે હસ્યો.

રાતના વાળુ થઈ ગયું. જયવંતે પોતાને થોડુંક લખવાનું કામ છે એમ કહ્યાથી વનલીલા સુવા ગઇ. દાક્તરને ત્યાં જવાથી શ્રમ પણ જણાતો હતો એટલે એ પતિ પાસે બેઠી નહિ.

એના ગયા પછી જયવંતે ટેબલ આગળ બેસીને ચીઠ્ઠી લખી નાખી:

'વહાલી, પ્રિયતમે,

માફ કરજે. આ છેલ્લી જ વેળા આ સંબોધન કરવાની છૂટ લઉં છું. આજે વનલીલા એક મોટા સરજન પાસે એકલી જઇ આવી. સરજને ખાતરીથી કહ્યું કે એનો રોગ માત્ર ખોટો ગભરાટ હતો. આપણે ધારતાં હતાં તેવું કશું જ ન હતું. ગેરકાયદેસર સંબંધ રાખવા તું કદી તૈયાર થાય નહિ એ હું જાણું છું એટલે એ વિશે વધારે વિચાર કરવો એ મૂર્ખાઇ છે અને આ પરિસ્થિતિમાં હવે મને અન્ય માર્ગ સૂઝતો નથી, માટે છેલ્લી સલામ !

જયવંત."

તેણે ચીઠ્ઠીને ખીડી અને પાકીટ ઉપર સીરનામું કર્યું. ટિકીટ ચોડી. ઘરની સામેના ટપાલના થાભલામાં પાકીટ નાખવા જવાનો તેણે વિચાર કર્યો, પણ તેનું મન બદલાયું તેણે દવાનું નાનું કબાટ ખોલીને એક નાની શીશી કાઢી અને તેમાંથી પાંચ-છ ટીકડીઓ મોંમાં મૂકી દીધી અને પછી ઊઠીને બહાર જવાનું કર્યું, પણ માત્ર ત્રણેક જ પગલાં ચાલ્યો હશે ત્યાં તેને લથડિયાં આવવા માંડ્યાં. મગજ શૂન્ય થતું જતું હોય એમ જણાયું, એકદમ ભયંકર ઊંઘે તેને ઘેરી લીધો હોય તેમ લાગ્યું. જયવંતે આની સામે થવાનો બહુ યત્ન કર્યો. કાગળ ટપાલમાં નાખવો જ જોઇએ એમ તેના મને બહુ બહુ કહ્યું, પણ સર્વ મિથ્યા. તેને આંકડી જેવું આવ્યું, મોંમાં જરાતરા ફીણ આવ્યાં અને પાકીટ હાથમાં જ મજબૂત ખીડાઇ ગયું અને જયવંતનું શરીર સ્થિર થઇ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ તે જ સમયે કોલાબા ઉપરના એક ફ્લેટમાં પેલો નામાંકિત સરજન પોતાની પત્ની સાથે બેઠો બેઠો ગપ્પાં મારતો હતો.

'આજે કાંઈ જાણવા જેવા કેસ આવ્યા હતા?' 'પત્નીએ અમસ્તું સ્વાભાવિક રીતે પૂછ્યું.

'ખાસ તો કશું નહોતું. બે ઓપરેશન કર્યાં; એક ફત્તેહમંદ થયું, પણ બીજું મને એવું લાગતું નથી. બિચારો વૃદ્ધ આદમી બચે તેવું જણાતું નથી. છતાં એ કદાચ બચી પણ જાય. હું મારાથી બનતું કરૂં છું અને ક્રીશ પણ...'

'પણ શું? 'પત્નીએ પૂછ્યું.

એ વૃદ્ધે યત્ન તો કર્યો હતો. પણ એક જુવાન સ્ત્રી આવી હતી તેણે તો અત્યાર સુધી કશું જ કર્યું નહોતું. તેણે અને તેના ધણીએ માત્ર એક સામાન્ય દાકતરની સલાહ લઈને દવા લીધા કરેલી.' સરજન બોલ્યો.

'તે-તેનું શું?' પત્નીએ પૂછ્યું.

'તે બિચારી છેલ્લી ઘડીએ મને પૂછવા આવી હતી. કોઇ રીતે હવે એ બચી શકે તેમ નથી અને એ વાતની એને જરા પણ ખબર ન હતી. એટલે મને તો દયા આવી. મેં એને ખાતરી આપી કે એને કશું ધાસ્તી જેવું છે જ નહિ. એટલે એ તો એવી ખુશ થઇ કે મને પણ ક્ષણભર આંચકો લાગી ગયો. એ ખુશ થતી થતી ચાલી ગઈ.'

'પણ એ નહિ જ બચે?' પત્નીએ સવાલ કર્યો.

'બચવાનો સવાલ જ નથી. બહુમાં બહુ એક અઠવાડિયું તે ભાગ્યે કાઢે. પણ ઘણુંખરૂં તો ત્રણેક દિવસમાં જ તે ખલાસ થઇ જશે. એના કેસમાં એક ટકો પણ આશા રાખવી એ ફોગટ છે.' સરજને કહ્યું.

'બિચારી!' પત્ની બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશોક ઉપાય

મુંબઇથી સાંજે સાંતાક્રુઝ જાદવરાય આવ્યા. તે વખતે સાંતાક્રુઝમાં આટલી બધી વસ્તી ન હતી. ચાર–પાંચ હજારની ગણાતી. રાતના આઠ વાગે તો બધું સૂનસાન થઇ જતું. જાદવરાયનો બંગલો પણ ખાસ વસ્તીમાં ન હતો. ઘરમાં પગ મૂકતાંની સાથે જ તેમણે પોતાની પત્ની મંગળાને કહ્યું; 'આજે તો આપણે ત્યાં ચીમનલાલ અત્યારે જમવા આવવાના છે.'

'હેં ! પણ કાલે તો એમની ચૂંટણી છે ને !' મંગળાએ અજબ થઇને પૂછ્યું.

'તેથી જ તો, ચૂંટણીની ધમાલમાં એમણે પોતાની તબીયતની પણ દરકાર રાખી નથી. છેલ્લા દોઢ–બે મહિનાથી આખો દિવસ એની એ વાત. એટલે મેં એમને અહીં આવવાનું, જમવાનું અને પછી રાત રહેવાનું કહ્યું છે. કાલે સવારે વહેલા મુંબઇ ઉપડી જશે.' જાદવરાયે બધો ખુલાસો કરી નાખ્યો.

'એ સારૂં કર્યું. કેટલા વખતથી આવું આવું કહ્યા કરતા હતા પણ આવતા ન હતા.' મંગળાબ્હેને સંતોષ વ્યક્ત કર્યો. 'પણ ત્યારે સાથે સાથે એમના વહુને પણ કહી જ દેવું હતું ને.'

'અરે ભલી ! એમ તે કેમ બને ? અત્યારે એમને ત્યાં તો જાણે દીકરાના લગ્ન હોય એવો ધમાલ છે. કાંઇ કેટલાં માણસો એમને ત્યાં જમે છે, અને રહે છે. વળી ત્યાં તો કામ કરનારા આજે આખી રાત કામની ધમાલ કરશે. એ બધું કોને ભરોસે છોડીને ગંગાબ્હેન અહીં આવે !' જાદવરાયે કહ્યું.

'હા, એ વાત સાચી.' પત્નીએ જવાબ આપ્યો.

'પણ જો આપણે ચૂંટણી વિષે એક હરફ પણ કાઢવો નહિ અને એમને કાઢવા દેવો નહિ તોજ એમને આરામ મળશે.' જાદવરાયે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હાસ્તો એ તો આપણે જરૂર કરશું પણ જમીને મોડેથી રાતે સૂવા જશે ત્યારે એના વિચાર કરતાં એમને કેમ અટકાવશું ? પત્નીએ શક બતાવ્યો.

'એનો તો હવે આપણે શો ઉપાય કરી શકીએ ? કશોક ઉપાય કર્યો હોત તો ઠીક થાત પણ મને તો જડતો નથી.' જાદવરાયે પ્રશ્નને ત્યાંજ અટકાવ્યો. વાત બંધ થઇ. પણ આ વાત થતી હતી તે વેળા તેમની ભત્રીજી લીના એક ખૂણામાં બેઠી બેઠી વાંચતી હતી તેણે આ સાંભળીને કહ્યું—પણ મનમાંજ કહ્યું કે 'કશોક ઉપાય જરૂર શોધી કાઢીશ.' રાતે પણ ચીમનકાકાને ચૂંટણીનો વિચાર નહિ કરવા દઉં.'

ચીમનલાલ બેરિસ્ટર થઇ આવ્યા હતા. પણ એથી એમને કાયદાનું જરા પણ જ્ઞાન હતું એમ માનવાને કશું કારણ નથી. બાપનો પૈસો સારો હતો એટલે કાયદાના જ્ઞાનની તો શું પણ બીજા વિષયોના જ્ઞાનની ઉણપ પણ એમને સાલતી ન હતી. થોડો સમય તો એમણે પોતાનું જીવન બહુ શાંત રીતે ગાળ્યું હતું. પણ હમણા હમણા તેમને જાહેર-જીવનમાં પડવા અનેક મિત્રોએ ઉશ્કેર્યા હતા અને તેમાં તેમને પડવાનું નક્કી પણ કર્યું હતું. જાદવરાય જેવા પ્રમાણિક મિત્રોને આ ઠીક નહોતું લાગ્યું, પણ બીજાના આગ્રહ આગળ એમનું કાંઈ ચાલે તેમ ન હતું. એટલે એમને ચીમનલાલની આ નવી પ્રવૃત્તિને અપનાવી લીધી હતી. બાકી એમના જેવા મિત્રો તો એમજ માનતા હતા કે જમણો કરવાં અને પત્તાં રમવાં એ બે કાર્યો જ ચીમનલાલ માટે યોગ્ય હતાં. નવે માર્ગે પ્રયાણ કરવાનું કર્યું એથી પણ ચીમનલાલ અને જાદવરાય વચ્ચેની ગાઢ દોસ્તીમાં જરા પણ ખલેલ નહોતી આવી.

રાત પડી. ચીમનલાલ આવ્યા. અલક મલકનાં ગપ્પાં ચાલ્યાં. ચીમનલાલે ચૂંટણીની બાબત વાત કરવાને ઘણા યત્ન કર્યા પણ જાદવરાય તથા તેની પત્નીએ તેમને ફાવવા દીધા નહિ. જમ્યા પછી પણ કલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કલાક વાતચીતો થઈ એમાં પણ પેલાં ઘણી ઘણીયાણીયે ચૂંટણીના વિષયને વર્જ્ય જ ગણ્યો. આખરે બધાં સૂવાં ગયાં.

ચીમનલાલ પોતાના ઓરડામાં ગયા ત્યારે એણે જોયું કે એના ઓરડાના બધાં બારી બારણાં સ્પષ્ટ બંધ હતાં. શિયાળો હતો એટલે ખાસ જરૂર પડે એમ તો હતું જ નહિ પણ ચીમનલાલને સાથે સાથે એમ પણ લાગ્યું કે પરાંમાં રાતના ચોર લૂંટારાની ધાસ્તી હશે એટલે આમ રાતે બંધ કરી દેવામાં આવતું હશે. એટલે એમને બંધ બારીઓ ઉઘાડવાની તસ્દી લીધી નહિ. સ્વભાવિક રીતે જ એમણે પોતાની હેન્ડબેગમાંથી ચૂંટણીનાં અમુક કાગળીયાં કાઢયાં અને આ ભાગમાંથી આટલા મત મળવા જોઇએ, પેલા વિભાગમાંથી આટલા તો મળશે જ વગેરે ચૂંટણીને સમયે ઉમેદવારો કરે છે એ પ્રમાણે આંકડા માંડવા માંડયા. એક વખત આંકડા માંડે તો પોતાના આખા વિભાગમાં મતદારો હતા એના કરતાં પણ વધારે સંખ્યામાં મતો પોતાને માટે પોતે નોંધી દીધા હતા. એમ જણાય ! તો વળી બીજી ગણતરીમાં, પોતાનું ડીપોઝીટ પણ જશે એમ સાફ જણાઈ જાય !

આમ કદાચ આખી રાત ચીમનલાલ ગણત અને જાદવરાય અને મંગળાબહેનની મહેનત છૂટી પડત. પણ એટલામાં બારણું ધીમે રહીને ઠોકાયું. ચીમનલાલે ઉઘાડયું એટલે જાદવરાયની ભત્રીજી અંદર દાખલ થઈ. તે ઘણી જ ગભરાઇ ગયેલી દશામાં જણાતી હતી. તેની સાથે એક નાનો કૂતરો, એક નાનું વાંદરૂં અને એક કાકાકૌવો પણ હતાં. ચીમનલાલ આ વિચિત્ર દૃશ્ય જોઇને કાંઇક પૂછે તે પહેલાં તો ભત્રીજી લીનાએ બારણું અંદરથી બંધ કરીને કૂતરાને, વાંદરાને અને કાકાકૌવાને મહેમાનના ઓરડામાં છોડી મૂકયાં. પોતે હાંફતી હાંફતી એક ખુરશી પર બેસી ગઇ અને ધ્રુજતે સાદે બોલી: 'ચીમનકાકા ! આજની રાત આ ત્રણને તમારા રૂમમાં રહેવા દેજો, બીજે કોઇ ઠેકાણે અત્યારે હું એમને રાખી શકું એમ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ છે શું? લીના! અને આ ત્રણને શા માટે તું મારા ઓરડામાં લઇ આવી છે?' ચીમનલાલે પૂછ્યું.

'શું કહું, ભાઇશાબ! બહાર તો ગજબ થઈ ગયો છે.' લીનાએ ગભરાતાં અકળાતાં કહ્યું.

'પણ બોલ તો ખરી?' ચીમનલાલે કહ્યું.

'ખાડીની બારી તૂટી ગઇ છે અને એને લીધે પાણીનાં પૂર આવ્યાં છે. એ તો ઠીક છે કે આપણા બંગલાની પ્લીન્થ ઉંચી છે બાકીતો ઘરમાં બબ્બે ફીટ પાણી થઇ જાત. આપણાં આસપાસ રસ્તા નીચાણમાં છે ત્યાં ખાસ્સું દોઢ મથોડું પાણી છે.' લીનાએ જવાબ દીધો.

'પણ એમાં આ ત્રણને અહીં લાવવાની જરૂર?' ચીમનલાલે સ્વાર્થથી દોરાઇને પૂછ્યું.

'ત્યારે આ બિચારાં કયાં જાય? એક એક ઓરડામાં બૈરાં અને મરદો ખાચોખીચ ભરાઇ ગયાં છે. અહીં પણ એવોતો ઘસારો કરત પણ અમે એમને અટકાવ્યાં.' લીના બોલી. આ પ્રમાણે સંવાદ ચાલતો હતો એ વખતે કૂતરાએ પલંગનો કબજો લઇ લીધો હતો અને વાદરાએ પલંગની મચ્છરદાનીના ઉંચા દાંડા ઉપર બેસીને કૂતરાએ અટકચાળું કરવાનું પણ શરૂ કરી દીધું હતું. કાકોકૌવો ઘડિકમાં આમ ઉડતો ઘડિકમાં તેમ ઉડતો વાંદરા અને કૂતરાને ચાંચ મારવાનો યત્ન કરતો હતો.

'એટલાં બધાં બૈરાં અને મરદો શા માટે અહીં ભરાયાં છે?' ચીમનલાલે પૂછ્યું.

'એ બિરાદરોને થોડીજ ખબર હતી કે આમ ઓચીંતાં પાણી ચઢશે. એટલે બહાર રસ્તા ઉપર જ ફસાઇ ગયેલાં એટલે જ્યાં જેને ફાવ્યું ત્યાં ચઢી ગયાં. આવે વખતે આપણાથી ના પણ કેમ પડાય!' લીના બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, એમ તો કેમ થાય? પણ ત્યારે હું પણ મદદ કરવા જાઉં!' ચીમનલાલે વિવેક વાપર્યો.

'ચીમનકાકા, તમને તરતાં આવડે છે? અને તે પણ ઘણું સારૂં?' લીનાએ પૂછ્યું.

'ના નાં, તરતાં તો કોઇક વખત હજીરા ને ડુમસમાં મિત્રો જોડે દરિયે નહાવા ગયેલો—' ચીમનલાલે કહ્યું.

'ત્યારે એ વિચાર માંડી જ વાળજો. આજે તો ભલભલા તારા ડૂબી ગયા.' લીનાએ ગંભીરાઇથી કહ્યું.

'હેં! શું કહે છે? જાન-માલની પણ ખુવારી થઈ?' ચીમનલાલે અજબ થઈ જઈને પૂછ્યું.

'ત્યારે શું આ તે કાંઇ મજાક મસ્કરીની વાત છે! પચાસ-ચોણોસો જેટલાં ઢોર તો અત્યાર સુધીમાં ગયાં જ હશે અને આપણી બારી આગળથી માળીએ નવ માણસનાં મૂડદાં ગણ્યાં અને નોકરડીએ છ ગણ્યાં. પછી કદાચ એ એકજ હશે. અથવા એકાદ બે મૂડદાં જ હોય અને વમળને લીધે આપણા બંગલાની આસપાસ તર્યા કરતાં હોય!' લીનાએ કહ્યું.

'ગજબ થઇ ગયો પણ ત્યારે મારે કરવું શું?' ચીમનલાલે કમકમાટ અનુભવતાં કહ્યું: 'હું વળી આજે જ અહીં ક્યાં સૂવા આવ્યો!'

'તમે અહીં આવ્યાં એ તો જાણે નસીબની વાત છે. બાકી મારૂં માનો તો કશું પણ કર્યા વગર તમે તમારે સૂઇ જાઓ. સવાર પડવાને હવે બાકી પણ શું છે? પણ જો એટલામાં બારી ઉઘાડતા નહિ.' લીનાએ કહ્યું. 'કેમ કેમ?' ચીમનલાલે પૂછ્યું.

'કેમ કેમ શું પૂછો છો? આ વાંદરૂં, કૂતરૂં અને કાકાકૌઓ ત્રણે જણ બારીમાંથી જરૂર બહાર જાય એટલે ડૂબી જ મરે. એ ત્રણ જણ મળીને અમારે તો ખાસ્સી ત્રણસો ચારસોની ઉઠે. લો, સાહેબજી.' લીનાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું કહીને બહાર જવા ઉભી થઇ. પેલાં ત્રણેએ એટલામાં તો ત્યાં સારી રીતે જમાવી દીધી હતી. એટલે કચવાઈને ચીમનલાલે છેલ્લો યત્ન કરી જોયો 'પણ લીના, કાલે તો મારે ચૂંટણી છે. આ ત્રણ સાથે મારાથી સૂવાશે જ કેમ ?'

'પણ હું શું કરૂં, ભાઇશાબ ! મારો તો બંને બાજુથી મરો છે. જાદવકાકા અને મંગળાકાકીએ મને કહ્યું કે આ ત્રણને ચીમનકાકાના રૂમમાં મૂકી આવ. તમે એથી ઉલટું જ બોલો છો, અને ખરૂં પૂછો તો, ભાઇશાબ, ત્યાં મારા નામની બૂમાબૂમ થઇ રહી હશે, આટલાં સાણસોને મસાલાવાળી ચાહ પાવાની છે મારે તો.' આટલું કહીને બારણું દઈને લીના ચાલી ગઈ.

બે પ્રાણી અને એક પક્ષીની ત્રિપુટીને તો જાણે એક દિવસની ખરૂં જોતાં એક રાતની ખૂબ તોફાન કરવાની છૂટ મળી ગઈ હોય એમ લાગતું હતું. ચીમનકાકાને પલંગ ઉપર તો સહીસલામતી લાગી જ નહિ એટલે એક આરામ ખુરશી ઉપર આડા પડયા પણ આ ત્રણની ધમાચકડી અને બહારનું આવું ભયાનક વાતાવરણ એ બેમાંથી મુક્ત થવાય શી રીતે અને ઊંઘ આવે શી રીતે ? જેમ તેમ વખત પસાર કર્યો જરા તરા આંખ મળી હશે એટલામાં બારણું ઉઘડયું અને નોકર અંદર દાખલ થયો. 'અરે સાહેબ ! આ સૂલતાન કુતરો, આ વાંદરૂં અને આ કાકાકૌવો આપની પાસે કેમ ?' નોકર આટલું બોલ્યો એટલામાં તો પેલાં ત્રણે જણે છેલ્લો પોતાપોતાની લાક્ષણિક રીતિએ હર્ષનાદ કર્યો ને બહાર ચાલ્યાં ગયાં.

ચીમનલાલ જવાબ દેવાને અશક્ત હતા એટલે નોકરે પૂછ્યું "સાહેબ, ચાહ લાવું ? કારણ કે આપને મુંબઇ પાછા વહેલા જવાનું છે ને ?'

આનો જવાબ માત્ર 'હા લાવ' એટલો દઈને ચીમનલાલ થોડીવાર વિચારમાં પડી ગયા, પછી કાંઈ ઉત્તર મળ્યો હોય, કોયડો ઉકલ્યો હોય તેમ તેમણે બે બારી ઉઘાડી નાખી. બહાર પૂરતી તો શું પણ થોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીના છાંટાની પણ નિશાની નહતી. ચીમનલાલના હૈયાંનો કોયડો ઉકલી ગયો. ઉતાવળમાં ચાહ પીને ચીમનલાલ ઠીકઠાક થઇને ગાડીમાં બેસવા ગયા ત્યાં લીનાએ વિનયથી નમન કર્યું.

'આટલું જુઠું ? તમે કોલેજીયન થઇને ?' દાંત કચકચાવી બીજાં સાંભળે નહિ તેમ ચીમનલાલે કહ્યું.

'શું કરૂં ભાઇશાબ ! મારો તો બંને તરફથી મારો. જાદવકાકા અને મંગળાકાકીએ કહેલું કે કશાક પણ ઉપાયથી ચીમનકાકાને ચૂંટણીના વિચાર ન આવવા દેવા. મેં મારી બુદ્ધિએ સૂઝાડ્યું તે કર્યું !' બહુ જ વિનયથી લીનાએ કહ્યું. 'નમસ્તે, ચીમનકાકા, તમને ફત્તેહ ઇચ્છું છું !'

'બહુ થયું, થેંકસ !' આટલું કહીને ચીમનલાલે વિદાય લીધી.

—૩૧—

કરણી તેવી પાર ઉતરણી

શિરસ્તા મુજબ હું નવેંબરના આરંભમાં માથેરાન ગયો હતો. ઘણાં માણસો જ્યારે માર્ચ, એપ્રિલ અને મેમાં માથેરાન જવાનું પસંદ કરે છે ત્યારે મને ત્યાં ગોઠતું નથી. દરેકેદરેક હોટલમાં ઊભા રહેવાની જગ્યા હોતી નથી. એકેક રૂમમાં કીડીની પેઠે માણસોને રહેવું અને સૂવું પડે છે. ફરવા જઇએ ત્યારે પણ જ્યાં જાઓ ત્યાં માણસોનાં ટોળેટોળાં તમારી સાથે લગભગ અથડાયા કરતાં હોય. વધારે પૈસા આપવા અને આમ હેરાન થવું એ મારા સ્વભાવને પ્રતિકૂળ છે. વળી હું જ્યારથી બહુ ચાલી શકતો નથી ત્યારથી તો મને આવા પ્રકારની, માણસોની ભીડથી અકળામણ થાય છે. રાતે પણ બાર–એક વાગ્યા સુધી દરેક હોટલમાં હોહા ચાલ્યા જ કરતી હોય ! એટલે હું તો નવેંબરમાં જ માથેરાન જાઉં છું અને ત્યાં મારી પ્રિય હોટલમાં ઉતરૂં છું. તે વખતે પૈસા પણ ઘણા ઓછા આપવા પડે છે અને જુદી રૂમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસા નહિ ખરચો તોપણ તમને સ્વતંત્ર રૂમ મળી જ રહે છે. જ્યાં ફરો ત્યાં એકાંતની શાંતિ તમને સહજ મળે છે અને વળી હોટલના માણસોને પણ ફુરસદ ઘણી હોય, તેમ જ મને તો એ બધાં ઓળખી રહ્યાં હોય, એટલે આપણી ખાતરબરદાસ્ત પણ સારી જ થાય.

એ પ્રમાણે હું નવેંબરના આરંભમાં ત્યાં પહોંચ્યો હતો. હું ગયો ત્યારે મારા સિવાય એ હોટલમાં બીજા બે ત્રણ મુસાફર આવ્યા. એક હતા. ત્રણેક દિવસ રહીને બીજા બે જણ આવ્યા. એક રૂમમાં હું એકલો રહ્યો હતો. આગળના બે ત્રણ માણસો એક મોટા ખંડમાં રહેતા હતા; જ્યારે નવા આવનાર બે માણસોએ એક અલાયદી રૂમ લીધી હતી. સામાન્ય રીતે આવી ટ્રિપ ઉપર આવનાર માણસો શાંત કરતાં વાતોડિયા વધારે હોય છે અને તે પ્રમાણે આગળ આવેલા બે ત્રણ જણા વાતોડિયા જ હતા. પણ નવા આવેલા બે, અમારામાંથી કોઇ જોકે ખાસ બોલતા જ નહિ, જમતી વખતે પણ અમારાથી એ લોકો જુદા બેસતા. એમના આવ્યા પછી ત્રણેક દિવસે તો મને ખબર પડી કે એ બંને સગા કાકાભત્રીજો થતા હતા. જ્યારે જુઓ ત્યારે એ બે જણ સાથે ને સાથે. જાણે ખાનગીમાં વાતો કરતા હોય તે પ્રમાણે વાતો કર્યા કરતા હતા. લગભગ ગુસપુસ કરતા હતા. એમ કહીએ તો પણ ચાલે. અને એઓ ફરવા જતા તે પણ બીજાથી છૂટા જતા. બળાત્કારે એમને બોલાવી એમની જોડે ઓળખાણ કરવાની અમારી કોઇની વૃત્તિ ન હતી. એટલે અમે પણ તેમની સાથે બહુ પરિચય કરવાનો યત્ન કર્યો નહિ.

મારી તબિયતને અનુકૂળ આવે તેમ હું થોડુંક ચાલીને પછી બેસીને કુંદરતનું સૌંદર્ય જોતો હતો. જોકે એ સૌંદર્ય પણ મારે માટે નવું ન હતું; કારણ કે મને માંદા પડ્યાંને તો ત્રણ વર્ષ જ થયેલાં. અને હું માથેરાન તો વર્ષોથી જતો એટલે ત્યાંનાં એકએક પૉઇન્ટ તો શું પણ એ પૉઇન્ટોથી ઊંડીઊંડી ખીણોમાં જઇને આવવાનો પણ મને તો મહાવરો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોટલનાં નોકરચાકરો આ વાત જાણતા હતા એટલે નવા આવનારને આવી બાબતમાં કાંઇ મુશ્કેલી હોય તો મારૂં નામ તેઓ સૂચવતા.

આ પ્રમાણે પેલા બે કાકાભત્રીજાને પણ એ નોકરોએ જ વાત કરી હશે. ગમે તે હો પણ ત્રણ દિવસ પછી અચાનક સાંજે પેલા બંને મારી પાસે આવ્યા અને મને અમુક જગ્યાએથી ખીણમાંથી ઉતરીએ તો કેવું એમ પૂછ્યું. પૂછનાર કાકો હતો. મેં એમને એમ સાફ કહ્યું કે એ જગ્યા ઊતરવા માટે બહુ સારી નથી. છતાં ઊતરવું જ હોય તો સવારે ઊતરવાનું રાખ્યું હોય તો સારું. આમ હું વાત કરતો હતો એટલામાં પેલો જુવાન ભત્રીજો જરા દૂર જઇને ઊભો અને કાકાએ મને કહ્યું: 'હું તો તમારું માનીને સવારે જાત પણ આ જુવાન આવતી કાલે મુંબઇ ચાલ્યો જવા માગે છે એટલે એને આજે જ જવું છે. એમ તો હું પણ છેક અહીંનો અજાણ્યો નથી. પણ અમે બહુ અંધારું નહિ થવા દઇએ તો ?'

'પણ આજે તો સવારથી જ જરાં ધુમ્મસ પણ છે.' મેં કહ્યું.

'અરે ? હવે એમાં શું થઈ જવાનું હતું,' આટલું કહીને કાકો મને સાહેબજી કરી ચાલ્યો ગયો. અમારી વાત ભત્રીજાએ સાંભળી જ ન હતી; કારણકે કાકો મારી સાથે વાત કરવા ઊભો કે તરત જ એ તો જરા દૂર જઇને ઊભો રહ્યો હતો. એ બંને ગયા પછી મેં હોટલના નોકરને પૂછ્યું તો જણાયું કે કાકાનું નામ શામલાલ હતું અને ભત્રીજાનું નામ હતું કૈલાસનાથ.

નોકરને મેં પેલા બે ક્યાં જવાના હતા તે વિશે પૂછ્યું એટલે તેણે પણ જરા મોં તો મચકોડ્યું: 'નાહકનાં જોખમ ખેડવામાં લોકોને શી મજા આવતી હશે ?' એટલું કહી એ પોતાને કામે ચાલ્યો ગયો.

ત્રણેક કલાક વીતી ગયા. ઘોર અંધકાર સર્વત્ર પ્રસરી રહ્યો. હું અને બીજા માણસો જમ્યા પણ ખરા. જમી રહીને અમે પાછા આગલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરંડામાં આવતા હતા એટલામાં શામલાલ અતિશય અકળ યેલી, ગભરા યેલી ને ઊશ્કેરાયેલી સ્થિતિમાં આવી. પહોંચ્યો.

'અરેરે! મારી કયાં આવી અવળી મતિ થઇ! હાય, હાય, મુંબઇ જઇને એની માને હું શો જવાબ દઇશ?' આટલું કહી એ તો ઢગલો થઇને ત્યાં બેસી ગયો. ધીમેધીમે અમને ખબર પડી કે શામલાલ અને એનો ભત્રીજો પેલી ખીણમાં ઊતરતા હતા, તેવામાં ભત્રીજા કૈલાસનો પગ સરી ગયો અને તે ખીણમાં સરકી ગયો. લાંબા વખત સુધી કાકાએ ત્યાં શોધ કરી પણ ભત્રીજાનો પત્તો ન જ લાગ્યો.

'પણ હું એમ જ પીને બેસનાર નથી. એને માટે હું જોખમદાર ગણાઉં; કારણ કે એ મારી સાથે આવ્યો હતો.' કાકાએ કહ્યું. 'એટલે અહીંથી થોડા માણસો લઇ હું પાછો જાઉં છું. ભલે આખી રાત શોધમાં ગાળવી પડે.'

અમે એને આગ્રહ કરીને થોડું દૂધ અને નાસ્તો કરાવ્યો અને આઠેક માણસોને દોરડાં ને ફાનસો તેમજ વીજળીની ટોર્ચ આપી એની સાથે રવાના કર્યા.

વળી બે કલાક વીતી ગયા. હું અને હોટલનો મેનેજર—બે જણા વરંડામાં પેલા લોકોની રાહ જોતા બેસી રહ્યા હતા. બીજા બધા તો શામલાલ જોડે જ ગયા હતા. ધીમેધીમે આઘેથી ફાનસો જણાયાં અને અમને શક હતો તેમ એક માણસને ઊંચકીને લઇ આવતા હતા.

પાસે આવ્યા અને પેલા માણસને એ લોકોએ જમીન ઉપર જ મૂક્યો એટલે અમે જાણી ગયા કે બિચારો મૃત્યુ જ પામ્યો છે. પણ મેં મોં જોવા માટે તો શામલાલ જ ન જણાયો. 'શામલાલભાઇ કયાં છે?' મેં તરત પેલા માણસને પૂછ્યું.

'આ રહ્યા!' આટલું કહીને પેલા મૃત દેહ ઉપરથી કપડું ખસેડી એક જણાએ મને તેનું મોં બતાવ્યું. 'અમે બધા જતા હતા અને સૌથી મોખરે આ ભાઇ ચાલતા હતા. રસ્તો કઠણ આવ્યો ત્યારે આ અનુભવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરોએ એમને ઘણું કહ્યું કે 'એમનામાંથી કોઇને આગળ જવા દો.' પણ આમણે તો એ સાંભળ્યું જ નહિ. એટલામાં એમનો પગ ખસી ગયો અને તે લગભગ પંદરેક ફૂટ નીચે પડ્યા. પણ પડ્યા તે શિલા ઉપર જ પડ્યા એટલે ખોપરી ફાટી ગઇ.'

'પણ ત્યારે ભત્રીજાનું શબ હાથ લાગ્યું જ નહિ?' મેં પૂછ્યું

'ના જી, હાથ તો નથી લાગ્યું. પણ આ હોનારત થઇ એટલે અમે પાછા ફર્યા. હવે એમને શોધવા પાછા જઇશું'

'કેટલાકોએ સવાર સુધી જવાનું મોકૂફ રાખવા કહ્યું પણ બીજાઓએ કહ્યું: 'એમ તો ઠીક નહિ સવાર સુધીમાં જનાવરો શરીરને રહેવા જ દે નહિ. માટે અત્યારે યત્ન તો કરવો જ.'

આ સૂચના પણ વાજબી હતી એટલે આખરે બધાએ પાછા જવું એમ ઠર્યું. ત્યાં તો એક માણસ લથડિયાં ખાતો, માથે સફેદ કપડું વીંટાળેલો ત્યાં આવી પહોંચ્યો. પ્રકાશમાં આવતાં જ અમે તેને ઓળખ્યો. એ તો હતો ભત્રીજો કૈલાસનાથ!

અમે હજી તો એને પૂછીએ છીએ એટલામાં જ એણે બૂમ પાડી: 'પેલો હરામખોર, દુષ્ટ કાકો ક્યાં?'

અમે આશ્ચર્યથી પૂછ્યું: 'હરામખોર કાકો!'

'ત્યારે બીજું શું? મને જાણી જોઇને ધક્કો માર્યો અને ઊંડી ખીણમાં ગબડાવી દીધો. એ તો સારું થયું કે હું એક ઝાડની ડાળીઓમાં પડયો અને ગબડતો બચ્યો. પણ મને માથામાં જખમ થયો હશે એથી બેભાન થઇ ગયો હોઇશ. ભાનમાં આવ્યો ત્યારે માંડમાંડ ઉપર આવ્યો. હું અહીંનો ભોમિયો નહિ એટલે જાઉં પણ ક્યાં! પણ એ છે ક્યાં?'

'પણ–પણ એમ કરવાનું કાંઇ કારણ?' અમે પૂછ્યું.

'કારણમાં બીજું શું હોય? પૈસા! હું મરું તો મારો પૈસો એને જ જાય એમ હતું–પણ એ છે ક્યાં?' કૈલાસે ઉશ્કેરાઇને કહ્યું.

'આ રહ્યા?' આટલું કહી એક માણસે પેલા મૃત દેહના મોં ઉપરથી કપડું ખસેડયું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમાં શ્રીમતી નીરૂપારોય સવાલના
જવાબ આપે છે. ગુજરાતનું
સૌથી સસ્તું છતાં શ્રેષ્ઠ સફ.

દર મહિનાની ૧ લીએ પ્રગટ થાય છે.

છબી

વાર્ષિક:
રૂ. ૧॥

તંત્રી:- અમર ઝવેરી.

નમૂના માટે
૨॥ આનાની
ટિકિટો બીડો

છૂટક
૨
આના

છબી કાર્યાલય. ૬૬, મોરમા સ્ટ્રીટ, મુંબઈ ૩.

આફ્રિકા માટે વાર્ષિક લવાજમ શિ. ત્રણ.

"છબી" એક વખત અવશ્ય નીરખો.

છબી તમારા ગામના એજન્ટ પાસેથી મળશે.
છબી એ. એચ. વ્હીલરના રેલ્વે સ્ટોલ પર મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

30 DEC 1967
2684/9

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગ્રંથ કર્તા

ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા

જન્મ: ૨૦મી ઓકટોબર ૧૮૯૦

પ્રતિભાવંત પિતા ને 'સતી' સમાં માતાને ખોળે જન્મી, કાઠી ખમીર વચ્ચે બાળપણ વીતાવ્યું. આઠ વરસની ઉંમરે એક અકસ્માત આવ્યો અને જિંદગીભરની બિમારી મૂકતો ગયો. પણ વિષમાંથી યે અમૃત ઝરે તેમ એ બિમારીએ ધનસુખલાલને સાહિત્યકાર સર્જ્યા.

અઢાર વર્ષની ઊગતી જીવનવસંતમાં જ એમણે સાહિત્ય-સાધનાનાં બી વાવ્યાં. વચમાં ઘણાં વિઘ્ન આવ્યાં. ઈજનેરી પરીક્ષા આપીને ઇજનેર બન્યા. કૉમર્સમાં ગયા ને ઇન્કમટેક્સ ઓફીસર થતા રહી ગયા. પણ જે બી વવાયું હતું તે સમર્થ હતું. જીવનના કડવા-મીઠા ઝંઝાવાતોમાં એ મ્હોરતું જ ગયું ને આજે તો મા ગુર્જરીનો ખોળો નવરંગી ફાલથી ભરાઇ ગયો છે.

જીવનનાં હળવાં ને ગંભીર-સાહિત્ય, સંગીત, ચિત્રકળા, રંગભૂમિ વગેરે તમામ ક્ષેત્રોમાં એમણે સિદ્ધિ દાખવી છે, છતાં ય એમની સંસ્કાર સાધના આજે ય સાઠ વર્ષે પણ એકધારી સમુજ્જવલ રહી છે. ઈ. સ. ૧૯૪૦ ના રણજીતરામ સુવર્ણ ચન્દ્રક એમને મળ્યો અને એ જ વર્ષમાં એમનો વનપ્રવેશ ઉજવાયો.

જીવનનાં દર્દમાંથી, બિમારીને બિછાનેથી ને ગંભીર મનો-મંથનોમાંથી સાહિત્ય અને સંસ્કારક્ષેત્રે ચિરંતન અર્પણ કરનાર શ્રી. ધનુભાઇએ ગુજરાતનાં હૈયાંને હસાવ્યાં છે જીવનની કરુણતમ ભાવનાઓના રંગદર્શી નેપથ્યમાં તિરોહિત ન થતાં વાસ્તવિકતાના જીવનમાં એમણે પ્રેમાળ હેતભીનાં અમર પાદચિહ્નો મૂક્યાં છે.

આપણે ઇચ્છીએ કે ગંભીર ગુજરાતને તેઓ હજી વધુને વધુ હાસ્ય અર્પે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

જેકેટ પ્રિન્ટર્સ: એમ. વાડીલાલ એન્ડ કું. મુંબઇ ૨.